જેથી દરેક શખ્સ એને શીખવામાં લાગતો નથી. તથા એનું સમજવું ગણીત વિદ્યા ઉપર અટકેલું છે. તથા એક વારેસનો હિસ્સો બીજા સાથે કેવી રીતે નીકળે છે જે ઉપર પૂરતું ધ્યાન નહીં આપવાથી ભૂલાવો આવે છે. માટે હજરતે ફરમાવ્યું, "તે (ફરાએજ) પ્રથમ ભૂલાવાશે" અને દુન્યાની આખરમાં લોકો દીન તરફથી બે ખબર થઇ બુરા ચલણોમાં પડશે જેથી અલ્લાહની મોટી નવાજીશ ઇલમની ઉડી જશે માટે હજરતે ચેતવણી તરીકે ફરમાવ્યું "મારી ઉમ્મતમાંથી પ્રથમ તે (ફરાએજ) ખેંચી લેવાશે" અને તે ખેંચી લેવાનું રૂપ આ છે કે તેના જાણનાર રહેશે નહીં.

બીજી હદીસમાં છે કે રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "તમો ફરાએજ ને શીખો અને તે લોકોને શીખવો કારણ કે હું એક પુરૂષ કબજે થનાર (મરણ પામનાર) છું. અને એ ઇલમ વહેલો કબજે થનાર છે. અને ફીતના (તુફાન) પ્રગટ થનાર છે. તે એટલાં સુધી કે બે પુરૂષ હિસ્સા વારસામાં મત ફેર પડશે તો તેઓનો ફેસલો કરનાર કોઇ મળશે નહીં. હાકેમ. અને એક રિવાયતમાં છે કે "તમો ફરાએજ અને કુરઆનને શીખો. કારણ કે હું કબજે થનાર (વફાત પામનાર) છું." તિરમિઝી. આ હદીસથી જણાય છે કે રસૂલ્લાહ (સલ) આ ઇલમને શીખવાની ઘણી તાકીદ કરતા હતા. અને એ ઇલમ આપનાથીજ જાણી શકાય છે. અને જ્યાં સુધી એ ઇલમ રહે એના ઉપરજ ચાલવાનું છે.

જૌહરે નૈયેરામાં એક હદીસ છે. હજરતે (સલ) ફરમાવ્યું કે "બચીત અલ્લાહ તઆલાએ તમારા વારસાની વહેંચણી કોઇ ફિરસ્તા મોકર્રબને કે કોઇ નબી મુરસલને સોંપી નથી પણ અમારા પરવરદિગારે તેનું બયાન કરવું પોતા માટે રાખ્યું છે. તો તેણે સારી રીતે ખુલ્લી વહેંચણી કરી છે. તમો જાણી લ્યો કે વારેસ માટે વસીયત નથી." આ હદીસથી જણાય છે કે વારસાની વહેંચણીમાં કોઇ માણસને દખલ દેવાનો નથી. અલ્લાહે જે રીતે વારસાની વહેંચણી કરી તે પ્રમાણેજ ચાલવાનું છે. સુન્ની શીઆ વગેરે ઇસ્લામના દરેક ટોળાવાળા એક મતે છે કે અલ્લાહે જે વારસો ઠેરવેલો છે તેમાં કોઇને ફેરફાર કરવાનો કે સુધારો કરવાનો ઇખતીયાર નથી. એજ માટે ઇબને ઓમર (રદી)ની મોકુફ હદીસમાં છે કે "જેવી રીતે તમો કુરઆન પઢાવો છો તે પ્રમાણે ફરાએજ શીખવો." કે જેથી એની સંભાળ સારી રીતે રહે અને કોઇ બેદીન પોતાની સત્તા કે અખત્યાર ચલાવી શકે નહીં. એ વગર બીજી ઘણી હદીસો તથા સહાબાના વચનો શરહ તરતીબ શરહ રહબીયા વગેરેમાં છે.

હવે વારસા વિષે કુરઆન શરીફ કેવા શબ્દો વાપરે છે તે તપાસીએ.

કુરઆન સૂરા નિસા રોકુઅ (પારેઆ ૪) ન.૦ ૨ માં વારસનું મોટું બયાન છે. અને સૂરા નિસાની છેવટની આયતમાં તથા સૂરા અનફાલની છેવટની આયતમાં વારસાનું બયાન છે. એમાં બયાન થયલા સઘળા મસલા આ કિતાબમાં આવી ગયા છે. માટે તે મસલા નહીં લખતાં તેમાં વપરાયલા શબ્દો અત્રે લખવા અગત્યના જાણું છું:—

સૂરા નિસાના બીજા રોકુઅની શરૂ "યુસીકોમુ-લ્લાહો ફી ઔલાદે કુમ" (અલ્લાહ તમને ઔલાદ વિષે વસીયત કરે છે) થી કરી છે. એમાં જે વસીયતનો શબ્દ છે તેના એવા અર્થ નીકળે છે કે ઔલાદ વિષે જે જાણ થવાની તમને અગત્ય છે તેના તરફ અલ્લાહ તમને પોહોંચાડે છે. અથવા ઔલાદ વિષે અલ્લાહ તમારાપર ફરજ પાડે છે. અથવા અલ્લાહ તમારેથી ઔલાદ વિષે સ્થાપના (કરાર) કરે છે. આથી એ કાયદા ઉપર ચાલવાની ઘણી તાકીદ નીકળે છે. ફરી કેટલીક વહેંચણી કરી એજ આયતની છેવટમાં કહે છે "તમારા બાપો તથા તમારા દીકરાઓ એઓમના લાભ કરવામાં કોણ તમારી નજદીક છે એ તમો જાણતા નથી. ખોદા તરફથી ફરજ પાડેલું છે (અથવા અલ્લાહ તરફનો કરાર છે.) બચીત અલ્લાહ જાણનાર છે ડહાપણ (હિકમત) વાળો છે" આ વાક્યમાં ખોદાના હુકમ ઉપર ચાલી તેના બતાવેલા કાયદા પ્રમાણે વારસો વહેંચવાની

ઘણીજ તાકીદ નીકળે છે. એ આયતમાં અલ્લાહે ઓલાદના હિસ્સા તથા મા બાપના હિસ્સા વર્ણવ્યા અને તે હિસ્સા વત્તા ઓછા છે, કોઇને વધુ અપાયું છે અને કોઇને ઓછુ અપાયું છે અને માણસની અકલ તે ઓછા વત્તા થવાને જાણી શકતી નથી જેથી તેના દિલમાં એમ આવે કે આ વહેંચણી સિવાય બીજી રીતે વહેંચણી થાત તો ઠીક થાત. વધુ લાભકારક થાત વગેરે એ સ્વભાવીક વાત છે. માટે કહેવાયું કે તમારી બુદ્ધિ તમારા લાભને પૂરેપૂરી જાણી શકતી નથી કદી તમો એક વસ્તુને તમારે માટે લાભકારક સમજો છો અને તે આખ્ખું નુકસાનકારકજ નીકળે છે અને કદી તમો એક ચીજને નુકસાનકારક જાણો છો અને ખુલ્લી રીતે લાભકારક નીકળે છે. પણ અલ્લાહ તો અદ્રશ્ય (ગાએબ) વસ્તુ જાણકાર છે દરેક વસ્તુના પરિણામને જાણનાર છે અને સાથે ડહાપણવાળો પણ છે તેનું કોઇ કામ હિકમતથી કોરૂં નથી. અને જે હકીમ (ડહાપણવાળો) હોય છે તે હિકમતનીજ આજ્ઞા કરે છે માટે તમારી અકલ જે રીતે વહેંચણી કરવા કહે તે પર નહીં ચાલતાં અલ્લાહનીજ વહેંચણી ઉપર ચાલવાનું છે, તેમાંજ લાભ સમાયલો છે. આટલી વાતથી પૂરતી રીતે અલ્લાહની વહેંચણી ઉપર ચાલવા ચેતવણી થઇ છતાં વધારે ભાર મૂકીને કહે છે "ખુદા તરફથી ફરજ પાડેલું છે" એટલે એ કાયદા ઉપર ચાલવા સિવાય છુટકો રહ્યો નથી. એ પછી બીજા કેટલાક કાયદા બયાન કરી છેવટમાં કહે છે. "અલ્લાહ તરફની વસીયત છે અને અલ્લાહ જાણનાર છે કોપે ધીમો (હલીમ) છે" એમાં ફરીથી એ કાયદાઓ પર ચાલવાની તાકીદ કરે છે કે અલ્લાહ તરફની વસીયત છે. એટલે અલ્લાહનો કરાર છે તેના ફરજ પાડેલા કાયદા છે અને એ એવા કાયદા છે કે જેનું જાણવું અને તે પર ચાલવું તમને અગત્યનું છે "અને જાણનાર છે" એટલે તેણે કાયદા બાંધ્યા છે તે પોતાના ઇલમ (જ્ઞાન)થી બાંધ્યા છે તેમાં જરાએ ખામી નથી. તેમજ જે શખ્સ એ કાયદા ઉપર ચાલી ઇનસાફ કરશે અથવા જુલમ કરશે તે તેની જાણમા છે જરૂર શિક્ષા કરશે ફરી કોઇ એમ જાણે કે જો એ કાયદાઓ વિરૂદ્ધ ચાલવામાં ખોદા તરફથી સજા થતી હોય તો ઘણાએ વિરૂદ્ધ કરે છે તેઓને શિક્ષા કેમ થતી નથી, માટે કહેવાયું "કોપે ધીમો છે" એટલે જલદી સજા નહીં થવાથી ભૂલાવામાં રહેવું નહીં. તેની આદત કોપે ધીમો રહેવાની છે. જ્યારે તે શિક્ષા કરશે ગુસ્સે થશે, ત્યારે ઠેકાણું લાગવાનું નહીં. એ પછી કહે છે "આ અલ્લાહની હદો (સીમા) છે. અને જે કોઇ અલ્લાહની તથા તેના રસૂલની તાબેદારી કરે છે તેને એવી જંનતોમાં લઇ જશે કે જેની નીચે નેહેરો વહે છે તેમાં હમેશ રહેવાના. અને એજ મોટી મતલબ મેળવવી છે. અને જે કોઇ અલ્લાહની તથા તેના રસૂલની નાફરમાની કરે છે અને તેની હદોથી આગળ ચાલે છે તેને તે અગ્નિમાં નાખશે, હમેશ તેમાં રહેશે, અને તેને માટે ધિક્કારવાળો અજાબ (દુઃખ) છે." આ આયતમાં ખુલ્લી રીતે ઉત્તેજન અપાયું છે તથા ડરાવ્યા છે કે જેથી વારસાના કાયદાઓ ઉપર ચલાવવાની ઘણીજ તાકીદ પ્રગટ થાય છે તે વિષે વધુ લખવાની કશી જરૂરત નથી. પણ એની શરૂમાં છે "આ અલ્લાહની હદો છે" એને સમજવું જોઇએ. હદ એટલે સીમ તથા છેડો. ઘરની હદ મિલ્કતની હદ ગામની હદ સરહદ હદનો છેડો વગેરે શબ્દો આપણી રાત દિવસની બોલચાલમાં વપરાય છે. અને હદ બાંધવાનો મતલબ આજ થાય છે કે એકનું હક અથવા મિલક બીજાના હક અથવા મિલકની સાથે ભેળાય નહીં. દરેક પોતાની હદમાં રહે. તો આ જગ્યા હદમાં રહેવાની આ મતલબ થશે કે દરેક પોતાનુંજ હક લે પોતાના વારસાથી જરા આગળ વધે નહીં. દાખલા તરીકે મરનારની માત્ર દીકરીઓજ હોય તો મરનારનો ભાઇ પણ વારેસ થાય છે ફરી તે સગો હોય કે સાવકો હોય. હવે દીકરીને મરનારના માલથી પોતાના હિસ્સા કરતાં એક પૈસા વધારે લેવી અથવા ઘરના અસબાબમાંથી એક ચમચી પોતાના વારસાથી વધુ લેવી દુરસ્ત નથી. કાકો કેવો? મારા બાપનો માલ છે વગેરે શબ્દો બોલવા નકામાં છે. દીકરીના વારસાની એક હદ છે તેમજ તેના ભાઇના વારસાની પણ હદ છે. દરેકે પોતાની હદમાં રહેવાનું છે. અને મરનારનો માલ એ તેના પછી મરનારનો રહ્યો નથી પણ વારેસોનો છે. એટલે દરેક વારેસ પોતાનો હિસ્સો લેવામાં બીજા વારેસના જેવોજ છે.

કેટલાંક પુરૂષ સ્ત્રીઓની ટેવ હોય છે કે તેઓ પારકાના માલને અડકતાં નથી. ચોરીની ઘણી એબ જાણે છે પણ તેઓના સગાંમાંથી કોઇ મરે છે અને તેના વારેસોમાંથી એ પણ વારેસ હોય તો ફરી તેના માલમાંથી જે હાથ ચઢે તેને ઉપાડવામાં જરાએ અચકાતાં નથી. વિશેષ કરી જો તે મરનાર નપુત્રું હોય ફરી તો તેના સગાંમાંથી જેઓને કંઇ પણ વારસો લાગતો નહીં હોય તેવા પણ તેના માલ ઉપર હાથ લાંબો કરે છે. પણ ખરૂં જોતાં ચોરીથી કોઇ પણ રીતે એ કામ ઓછું નથી. એ કામ પણ અલ્લાહની હદ ઓળંગ્યા સરખું છે.

જો મરનારે કંઇ વકફ કર્યું હોય અને તે ઇસ્લામી કાયદા પ્રમાણે થયું નહીં હોય અને તેના વારેસો સઘળા મોટા હોય અને તેઓ કાયદા સર બહાલ રાખી શકતા હોએ અને તેને બહાલ રાખે તો ઠીક છે, પણ તેવા વકફ કરનારના વારેસ નાના યતીમો હોય છતાં તે કાયદા વિરૂદ્ધ વકફને ચાલુ રાખવું તે પણ યતીમોનું હક્ક મારવું છે અને અલ્લાહની હદને વટી જવું છે. એવા વકફને તોડી વારસો વહેંચવો જરૂર છે. ત્યાં એવો ખ્યાલ કરવો કે મૈયતને સવાબ પોહોંચશે એ ભૂલ ભર્યું છે. વકફ કરનારને સવાબ તો કાયદા સર વકફ કીધાથીજ થાય છે પણ જ્યારે કાયદા સર નહીં થયું તો તે વારેસોનો માલ છે. એવી જગ્યા સવાબ પોહોંચવાના ભૂલાવામાં રહી વારેસોનું હક્ક ડુબાવી અલ્લાહની હદ તોડવી થાય છે. એજ પ્રમાણે શરીઅતના કાયદા પ્રમાણે વકફ થયું હોય પણ કોર્ટના કોઇ કાયદાથી કે કોઇ અમલદારના મત પ્રમાણે તે વકફ તુટતું હોય તો તેને તોડી વારસો વહેંચી લેવો એ પણ ખોદાની હદ તોડવામાં દાખલ છે. કાયદા વિરૂદ્ધ વસીયતને ચાલુ કરવાનું પણ એજ પરિણામ છે તેથી બચવું જોઇએ.

એવીજ રીતે ઘણી જગ્યામાં અને વિશેષ કરી સૂરત જીલ્લામાં ઘણા લોકોની એવી આદત થઇ ગઇ છે કે જ્યારે કોઇ મરે તો તેનો સઘળો માલ તેણીની ધણિયાણીના કબજામાં રહે છે અને તે મૈયતના નાના બાળકો હોય છતાં તે મૈયત પાછળ ખેરાતમાં અથવા દુન્યાની રસમ પ્રમાણે નાત જમાણવામાં મહિને છ મહિને તે વારસાના માલથી ખરચ કરવામાં આવે છે. તેમ તે બાળકોમાંથી કોઇની શાદી કે કંઇ કાર આવે છે તો તેમાં પણ તેજ ભાગ્યા માલથી તે વિધવા ખરચતી જાય છે. એ પણ અલ્લાહની હદ ઓળંગવું છે. તે વિધવા પોતેજ ગુનાહમાં પડે છે એટલુંજ નહીં પણ સાથે જાણી બુજીને જમનારા સઘળા લોકોને પણ ગુનહગાર કરે છે. તે બાઇને જોઇએ કે જે ખેરાત કરવી હોય અથવા શરીઅતના કાયદા પ્રમાણે જે જમણ કરવું હોય તે પોતાના હિસ્સાથી કરે. અને યતીમો ઉપર તો તેઓની જરૂરત જોગુજ તેઓના ખાણા પીણામાં કપડામાં ખરચ કરે વધુ ખરચ કરી શકતી નથી.

મુસલમાન ગમે તેટલો ગુનેહગાર હોય છતાં તેને માટે હમેશની દોજખ નથી. ખોદા ચાહે તો તેને માફ કરે અથવા તેના ગુનહના પ્રમાણમાં સજા કરે પણ કાફેરો માટે હમેશની દોજખ છે. અને અલ્લાહની હદ તોડનાર વિષે હમેશની જહંનમ કુરઆનમાં કહેવાઇ છે તેના ખોલાસામાં તફસીરે કબીરમાં છે કે હદ તોડવી બે રીતે થાય છે એક એકે તે કાયદાને માને તે પર ચાલવું ફરજ જાણે પણ ચાલે નહીં. આ શખ્સ ગુનેહગાર થાય છે. અને ચોરી કરવાથી કોઇનો માલ ખાઇ જવાથી જેમ પાપી બને છે તેમ પાપી બને છે. બીજું એકે એ કાયદાને માને નહીં અથવા તેમાં ભૂલ ગણે તથા એ આયતમાં બયાન થઇલા વારસાને પસંદ કરે નહીં તો તે કાફેર થાય છે તેને માટે હમેશની જહંનમ છે. આથી તમો સમજી શકશો કે જે લોકો બેહેનનો અથવા દીકરીનો વારસો શરીઅત પ્રમાણે માને છે પણ આપતા નથી જેમકે સૂરત જીલ્લાના ઘણા ગામોમાં એવો રિવાજ છે તેઓ પારકાનું હક્ક ખાઇ જનાર છે અને ગુનેહગાર છે. પણ બીજા કેટલાક લોકો છોકરીનો કે બેહેનનો હિસ્સો વારસા તરીકે માનતા નથી એટલુંજ નહીં પણ ખુલ્લી રીતે હિન્દુ લૉ પસંદ કરે છે અથવા બીજી કોઇ રીતે કુરઆનના વર્ણાયેલા વારસાનો નકાર કરે છે તેઓ મુરતદ છે ઇસ્લામ છોડનાર છે. ખોદા મુસલમાનોને બચાવો.

અલ્લાહે વારેસોમાંથી જેના જેટલા હિસ્સા નિયમિત કર્યાં છે તેની પૂરતી રીતે હિકમત અને ડહાપણ તો તેજ જાણનાર છે માણસ જાતની અકલ ત્યાં સૂધી પોહોંચી શકતી નથી. છતાં એ હિસ્સાઓની હિકમત (ડહાપણ) વિદ્વાનોએ પોતાની શોધથી પ્રગટ કરી છે. તેમાંથી માત્ર દીકરીઓ વિષેનું લખાણ અતરે ઉતારૂં છું. કેટલાક લોકોની શંકા છે કે ઓલાદપણામાં દીકરો દીકરી સરખાં છે, એમ છતાં દીકરીઓ બહાર નીકળનારી નથી. તેઓમાં અકલ ઓછી હોય છે જેથી તે ઠગાઇ જાય માટે તેનો હિસ્સો દીકરાથી વધુ નહીં તો સરખો તો થવોજ જોઇએ. તેનો જવાબ કે દીકરીનો ખરચ ઓછો છે તેનો ખરચ તેના પતીને માથે છે પણ દીકરાનો ખરચ ઘણો છે તેને જેમ પોતાનો ખરચ છે તેમ તેની ધણિયાણીનો પણ ખરચ છે. અને જેને ખરચ વધુ તેને માલની ગરજ વધુ. માટે તેને બેવડો હિસ્સો આપવો અકલને માફક છે. વળી પુરૂષની સ્થીતી સ્ત્રીથી અકલમાં, દેહઅંગ (ખિલકત)માં, અને દીની હુદ્દામાં સંપૂર્ણ છે. પુરૂષ કાજી બનવાની ઇમામ બનવાની લાયકાત ધરાવે છે તેમ તેની સાક્ષી બે સ્ત્રીની સાક્ષી બરાબર છે પણ સ્ત્રીમાં એ લીયાકત હોતી નથી. અને બે સ્ત્રીની ગવાહી એક ગણાય છે માટે પુરૂષને ઇનામ વધુ મળવુંજ જોઇએ. વળી સ્ત્રીમાં અકલ ઓછી હોવા છતાં કામાતુર (શહવતવાળી) ઘણી હોય છે. હવે માલનો વધારો પણ સાથે લાગે તો ફસાદ વધુ વધે. માટે તેણીને અડધો હિસ્સો આપવોજ મુનાસેબ છે. વળી પુરૂષ અકલમાં વધુ હોવાથી તે દીન દુન્યાની નેક નામીમાં ખરચ કરશે અને લોકોમાં તેનું બેસવું ઉઠવું ઘણું હોવાથી તે એ વિષે શકિત પણ ધરાવે છે. તેથી તે બેવાઓની યતીમોની ખબરગીરી પણ કરશે. લોકોપયોગી કામો પણ તેનાથી વધુ થશે. માટે તે વધુ આપવાને પાત્ર છે. વળી તફસીરે કબીરમાં છે કે હજરત જઅફરે સાદિક (રદી)ને આ બાબતની પૂછ થઇ તેના જવાબમાં તેમણે ફરમાવ્યું કે હવ્વા (અલે)એ ઘઉંની એક મુઠી લીધી અને ખાધી. અને બીજી એક મુઠી લીધી તેને છૂપાવી. ફરી એક મુઠી લીધી તે આદમ (અલે)ને આપી. જ્યારે તેણીએ પોતાના હિસ્સાને બેવડો કર્યો તો અલ્લાહે તે મામલાને ફેરવી કાઢયો અને પુરૂષના બે હિસ્સા અને સ્ત્રીનો એક પ્રમાણે વહેંચણી ઠેરવી. વળી અરબસ્તાનના મૂર્તિ પૂજકો દીકરી, બેહેનને છેક ઘટાડી તદ્દન હિસ્સો આપતા નહોતા અને ખ્રીસ્તીઓ તેઓને વધારી દીકરાની બરાબર ગણતા હતા. આ બંને માર્ગ વધારવાના ઘટાડવાના છોડી ઇસ્લામે વચલો માર્ગ સ્વીકાર્યો છે જે તદ્દન ઇન્સાફજ છે. ખોદા એ વિષે વધુ જાણનાર છે. અને તેની હિકમતમાં તે માહિયતગાર છે.

સગો ભાઇ સગી બેહેન, તથા સાવકો ભાઇ અને સાવકી બેહેનમાં પણ એજ કાયદો છે કે ભાઇને બે હિસ્સા બેહેનને એક હિસ્સો. તેમ ધણિ ધણિયાણીમાં પણ એજ કાયદો છે. ધણીને અડધો અથવા ચતુર્થાંશ મળે છે પણ ધણિયાણીને ચતુર્થાંશ અથવા અષ્ટમાંશ મળે છે. ઓલાદ નહીં હોએ અને મરનારના મા બાપ હોય ત્યાં પણ એજ કાયદો છે કે માને એક તૃતીયાંશ અને બાપને બે તૃતીયાંશ.

ઇસ્લામી વારસાની મુસલમાનો પ્રશંસા કરે એ કંઇ તાજુબ નથી પણ પારકા ધર્મનો વિદ્વાન મી૦ મીઅનાટન જે હિન્દુ, મુસલમાન, અને અંગ્રેજી કાયદાનો જાણનાર પ્રશંસા કરે તે વધુ ધ્યાન ખેંચનાર છે. તેવણ લખે છે કે " સ્વભાવિક રીતે જે લોકો સાથે અમને મોહબ્બત (પ્રીતિ) થઇ શકે છે તેઓનાં હકોની પૂરતી રીતે સંભાળ આ (ઇસ્લામી) કાયદાઓમાં હસ્તિ ધરાવે છે. અને બીજો કોઇ કાયદો કે જેમાં એથી વધુ અદલ ઇન્સાફ સમાએલા હોય તે ધ્યાનમાં આવવા મુશ્કેલ છે." વાંચો શરઅ મોહમ્મદી ઉર્દુ ભાગ ૧ લો પૃષ્ટ ૩૭૧ મુન્શી મોહમ્મદ હોસેન બી. એ. હાઇકોર્ટ પ્લીડર સાહેબની રચેલી.

ઇસ્લામી કાયદા પ્રમાણે ગુલામીપણું વારસો લેતાં અટકાવે છે તેમ મરનારનું દીન (ધર્મ) જુદું હોય અને વારેસનું દીન જુદું હોય તે પણ અટકાવ કરે છે. વાંચો ફરાએજ પૃષ્ટ ૫ કલમ ૧૨

એજ માટે હજરત અલી (રદી) ને અબુ તાલિબના માલથી વારસો મળેલો નહીં. આ મસલામાં ઇસ્લામી કાયદાવાળા સઘળા એકમતે છે. પણ સર આર. કે. વિલસન સાહેબની ડાયજસ્ટ ઇંગ્લો મોહમ્મડન લૉ ઉર્દુના કલમ ૨૬૯ની નોટથી જણાય છે કે ગુલામી ધંધાના રોકાણુનો કાયદો સને ૧૮૪૩ની રૂએ વારસાની રોકાણ ગુલામીને સરકારે કાઢી નાખી છે. વાંચો ૩ મુંબઇ ૪૪૨ તેમ વારેસનું મરનારના ધર્મથી જુદા ધર્મનું થવું જે રોકાણ કરતા હતું તેને એકટ સને ૧૮૫૦થી કાઢી નાખ્યું છે. અને જુદા ધર્મનો હોય છતાં વારેસ ઠરવે છે. તેમ શરઅ મોહમ્મદી ભાગ ૧ લો. પૃષ્ટ ૪૧૬થી પણ જણાય છે કે એકટ ના. ૨૧ સને ૧૮૫૦ પ્રમાણે ઇસ્લામ છોડનાર શખ્સ મુસલમાનનો વારેસ થઇ શકે છે. આ ઇસ્લામી બે કાયદા સરકારે કાઢી નાખ્યા એ અફસોસ જેવું છે. અને ઇસ્લામ છોડનાર (મુરતદ) મુસલમાન મરનારનો વારેસ નથી. આ કાયદો સરકારે રદ્દ કર્યો જેથી મુસલમાનોને અને વિશેષ કરી સૂરત જીલ્લાના મુસલમાનોને ઘણું ખમવું પડે છે. એ લોકોના લાખો રૂપીઆ એ કાયદો રદ્દ કર્યાથી જતા રહ્યા છે. * અને લાખો જશે એવો ડર છે. જ્યારે કોઇ મુસલમાન ઇસ્લામ છોડવા નીકળે છે. (ખોદાની પનાહ) અને તે જાણે છે કે ઇસ્લામ છોડવાથી મારો હિસ્સો ઇસ્લામી કાયદા પ્રમાણે રહ્યો નથી છતાં તે મુરતદ્દ થાય છે તો તેને તે વારસાની દરકાર નથી તેને તે હિસ્સો જોઇતો નથી એ ખુલ્લું છે, તો ફરી શા માટે તેને વારસો આપાવાએ? કદાચ પાદરીઓએ એવો વિચાર બાંધ્યો હશે કે ઇસ્લામ છોડવાથી વારસો નહીં મળે એ કાયદો રહેશે તો લોકો ખ્રીસ્તી ધર્મમાં આવતા અટકશે અને તેથી એ કાયદામાં સુધારો કરવાની કોઇ ધર્માધ્યક્ષની સુચનાથી એ કાયદો રદ્દ થયો હશે. પણ એ કાયદાના રદ્દ કરવાથી પાદરીઓને કાંઇ લાભ થયો હોય એ મારી જાણમાં નથી. વળી શરઅ મોહમ્મદી મુનશી મોહમ્મદ હોસેન બી. એ. હાય કોર્ટ પલીડર સાહેબની રચેલી ઉર્દુના પૃષ્ટ ૪૧૬થી જણાય છે કે એક શખ્સે ઇસ્લામ છોડી બીજો ધર્મ સ્વીકાર્યો ફરી તેની ઓલાદ થઇ અને ઓલાદને પોતાનો ધર્મ શીખવ્યો અને તે મરી ગયો. એ પછી કોઇ મુસલમાન એનું સગું મરે તો તેનો વારેસ એકટ ના. ૨૧ સને ૧૮૫૦ પ્રમાણે પણ ઇસલામ તજનારની ઓલાદ થઇ શકતી નથી. આથી તો ખુલ્લી રીતે ઇસ્લામ તજનાર સાથે જાહેર રીતે મેહેરબાની કરવી જણાય છે અને તે ઇસ્લામ છોડતો વારસાની ખાતર નહીં અટકે એવું સિધ્ધ થાય છે. પણ મુસલમાની વારસાનો એક કાયદો રદ્દ કરવો એથી ખરા મુસલમાનોનું દીલ દુઃખે એમાં જરાએ શક નથી. માટે મારી નમ્રતાપૂર્વક સરકારથી અરજ છે કે ઇસ્લામી કાયદાને જ બહાલ રાખે અને પોતાના સૂધારાને રદ્દ કરે કે જેથી મુસલમાનો ખુશી થાય. અને મુસલમાન આ-ગેવાનોથી પણ મારી અરજ છે કે તેઓ એ કાયદો ફેરવાવવાની બનતી કોશીશ કરે. મોટા મોટા લોકો મોટા જથ્થામાં જ્યારે પોતાનો અવાજ સરકારના કાન ઉપર નાખશે અને મુસલમાન ઓનરેબલો તે વિષે સવાલ ઉઠાવશે તો સરકાર જરૂર સાંભળશે. ઇસ્લામી કાયદા પ્રમાણે ઓલાદ ઉપર વકફ થઇ શકે છે એટલુંજ નહીં પણ હજરત મોહમ્મદ (સલ)ના વખતથી એવો વકફ થતો આવ્યો છે. એ વિષેના ઘણા દાખલા અમીરઅલીએ તથા બીજાઓએ આપ્યા છે. એવા વકફનો કાયદો સરકારે રદ્દ કર્યો છે. જેના વિષે હાલ વખતમાં અલીગઢ વગેરે સ્થળોથી ઘણી કોશીશ થાય છે કે ઇસ્લામી કાયદો બહાલ રહેવો જોઇએ. ખોદા કરેને એઓ પોતાની કોશીષમાં ફતેહમંદ થાય. પણ આ વારસાના કાયદાના રદ્દ થવા વિષે કોઇએ ફર્યાદ કરી હોએ એ મારી જાણમાં નથી. અને જુઓ તો વકફના કાયદા કરતાં આ વારસાના ઇસ્લામી કાયદાને બહાલ રખાવવાની ઘણી જરૂર છે. ઓલાદ ઉપર અગર કોઇ શખ્સ વકફ નહીં કરી શકયો તો માત્ર તે પોતાની નેમમાં નીષ્ફળ ગયો એટલું થયું, પણ તેનો માલ જતો રહેતો નથી તેજ ઓલાદના હિસ્સામાં આવશે. પણ ઇસ્લામી વારસાનો કાયદો રદ્દ

---

* બ્રહ્મદેશમાં કેટલાક મુસલમાનો બ્રહ્મા ન્યાતની કંનીયા પરણ્યા અને તેણીએ ઇસ્લામ છોડયું અને કોઇક ઓલાદે ઇસ્લામ છોડયું અને પાછા બ્રહ્મ ધર્મમાં ગયાં અને મુસલમાનોના વારેસ થયા. ગુ. મો.

થવાથી મુસલમાનોની દોલત કાફરોને મળે છે. નહીં હક્કદારના હક્કદાર થાય છે. ઇસ્લામ તજવાને ઉત્તેજન મળે છે. માટે એ વિષે જરૂર કોશીષ થવી જોઇએ અને સરકારના કાને અવાજ નાખવો જોઇએ.

ગુલામી વારસો લેતાં અટકાવે છે. તેથી કરીને કોઇ ગોલામ આજાદ મરનારના માલનો વારેસ થતો નથી. આ ઇસ્લામી કાયદાને સરકારે રદ્દ કર્યો છે એથી મુસલમાનોને કંઇ નુકસાની થઇ નથી કારણ કે હિન્દુસ્તાનમાં ગુલામી નથી. તેમ ગુલામીમાં કોઇ હિન્દુસ્તાનમાં લવાતો નથી. પણ બનવાજોગ છે કે કોઇ ગુલામ હિન્દુસ્તાનમાં આજાદ થઇ આવ્યો હોય અને તેનો બાપ અથવા ભાઇ ઇસ્લામી રાજ્યમાં ગુલામીમાં હોય ત્યાં અંગ્રેજ સરકારની સત્તા નથી કે તેને આજાદ કરે. તો એમ થયું કે એક ગુલામ ગુલામીપણામાં રહે છતાં તે ઇસ્લામી કાયદા વિરૂદ્ધ વારેસ થાય. અને તે પોતે તો બીજાનો તાબેદાર છે તેના હાથમાં જે કંઇ હોય તે બીજાના હાથમાં જનાર છે તો તે વારસો નકામો પારકા શખ્સના એટલે તે ગુલામના માલિકના હાથમાં જશે કે જે મરનારથી કંઇ સગાઇ ધરાવતો નથી. માટે આ ઇસ્લામી કાયદો પણ રદ નહીં થવો જોઇએ.

વારસાના શબ્દ ઉપરથી ઇલમની ફઝીલત પણ અતરે લખવી મોનાસેબ જણાય છે. એક શખ્સના સઘળાં સગાં વારેસ થતાં નથી પણ જે નજદીકના હોય છે અથવા જેને શરીઅતે નજદીક ગણ્યાં હશે તેજ વારેસ થાય છે. અને બીજાઓ મહરૂમ રહે છે. જ્યારે આ સમજી ગયા તો રસૂલુલ્લાહના ફરમાનને વાંચો. હજરતે (સલ) ફરમાવ્યું છે કે "ઓલમા (દીની ઇલમ જાણનાર) પેગમ્બરોના વારેસ છે" બીજી રિવાયતમાં છે કે "ઓલમા જમીનના ચિરાગ છે અને પેગમ્બરોના ખલીફા છે તથા મારા વારેસ છે તથા સઘળા પેગમ્બરોના વારેસ છે" આ બંને હદીસો જામેસગીરમાં છે. આથી ઓલમાની ઘણી ફઝીલત સિદ્ધ થાય છે ઇમલ શીખવાનું ઘણું ઉત્તેજન આ હદીસમાં સમાઇલું છે. અને ઇશારાની રૂએ સૈયદોને કહેવાયું કે તમને સગાઇ છે તેની સાથે ઇલમ શીખશો તો વારેસ જેવા સગા ગણાશો. નહીં તો દૂરના નહીં વારસો મળે તેવા સગા છો. આ ઉપરથી બહરૂરરાએક જીલદ ૮ પૃષ્ટ ૫૫૬માં છે કે બુઢા જાહેલ કરતાં જુવાન આલેમને આગળ થવું દુરૂસ્ત છે. કેમકે તે તેનાથી બુજરગી ધરાવે છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે શું જેઓ ઇલમ રાખે છે અને જેઓ ઇલમ રાખતા નથી બંને બરાબર છે? એજ માટે (સૈયદ હાજર હોય એટલુંજ નહીં પણ ગાદીવાળો કે સુજ્જાદો સૈયદ હોય છતાં) નમાઝમાં એજ આગળ કરવામાં આવે (એટલે એનુંજ હક્ક આગળ થવાનું, ઇમામ બનાવાનું) છે. અને કુરઆનમાં ઓલુલ અમરની તાબેદારી કરવાનું જે ફરમાન છે તેથી મતલબ સહી મત પ્રમાણે ઓલમા છે. અને જેની તાબેદારી કરવામાં આવે તે શરીયતની રૂએ આગેવાન તથા શ્રેષ્ઠ છે." રદ્દે મોહતાર જી. ૫. પૃષ્ટ ૭૩૮માં પણ એને મળતું મજમુન છે અને તેમાં બુઢ્ઢા જાહેલની જગ્યા ખુલ્લો શબ્દ કોરેશીનો પણ લગાડ્યો છે. અને ફતાવા રમલીને † આધારે વધુ એમ પણ છે કે મોલવી છતાં બીજા કોઇને સરનશીન થવું હરામ છે" નમાઝ જે રૂકને ઇસ્લામ છે તથા ઇમાનથી બીજે દરજે છે તેમાં જ્યારે બીજા કોઇનું હક્ક નથી કે મોલવી છતાં ઇમામ બને તો બીજી જાતની જગ્યામાં કેમ એ શ્રેષ્ઠ નહીં રહે. વળી ઉપલી હદીસથી જણાય છે કે આલિમ જેમ હઝરતનો વારેસ છે તેમ બીજા તમામ પેગમ્બરોનો પણ વારેસ છે. પણ સૈયદમાં તો માત્ર રસૂલુલ્લાનીજ સગાઇ છે એજ કારણથી હનફી મજહબવાળા આ મત ઉપર છે કે

---

† ફતાવા રમલી એનું બીજું નામ ફતાવા ખૈરીયા પણ છે. ફતાવા હામેદીયાની સાથે મિસરમાં એ ફતાવા છપાયો છે તેની જી. ૨ પૃષ્ટ ૩૬૧-૩માં ઘણા લંબાણથી એ મસલો છે. એમાં આ પણ છે "અલ્લાહ કહે છે કે જેઓને ઇલમ અપાયો છે તેઓના દરજા અલ્લાહ બોલંદ કરે છે. (સૂરા મોજાદલા ૫૮;૧૧) તો જે કોઇ એને હલકો ગણશે તેને ખોદા જહંનમમાં નાખશે." ફ્રુ મો.

દીકરી બીજા કુટુમમાં નિકાહ કરે તો તેના કુટુમવાળાઓને નિકાહ તોડવાનો અખત્યાર છે; પણ જો કોઇ સૈયદની દીકરી હલકા કુલમાં નિકાહ કરે અને તેનો પતી આલિમ હોય તો તેઓને નિકાહ તોડવાનો હક્ક નથી. જેમ કે રદે મોહતારમાં છે. પણ આલિમને પણ પોતાના ચાલચલણ સારાં રાખવાં જોઇએ. રસૂલુલ્લાહે (સલ) જ્યારે તેને જમીનનો ચિરાગ કહ્યો તો તેનાથી રોશનીનાજ કામ થવા જોઇએ. વળી દીકરો બાપ જેવાં સારાં ચલણ નહીં અખત્યાર કરે તો તે કપુત કહેવાય છે તો રસૂલ્લાહ (સલ)નો એટલુંજ નહીં પણ બીજા પેગમ્બરોનો વારેસ થાએ અને નબળી ચાલ હોય તો તેને માટે કપુત થી પણ ચઢતો શબ્દ થવો જોઇએ. કઅબ (રદી)ની હદીસમાં છે "કહેવામાં આવ્યું કે ઇલમવાળા કોણ છે તો તેવણે ફરમાવ્યું કે જેઓ પોતાની જાણ પ્રમાણે અમલ કરે છે." મજમઉલ બેહારનો તકમેલો પૃષ્ટ ૧૨૭.

સૂરા નિસાના બીજા રોકુઅમાં અલ્લાહે વારસો બયાન કર્યો તેમાં ત્રણ જગ્યા વારસા લેવા વિષે કહે છે "વસીયત પછી અથવા દેણ પછી" આમાં પૂરતી રીતે તાકીદ કરી છે કે વારસો લેનારનું હક્ક આ બંને પછી છે, પ્રથમ કરજ અદા કરવાનું છે કરજ છતાં વારસો છેજ નહીં. તો કરજ છતાં વારસો વહેંચવો તે પારકાનું હક્ક મારવું છે. અને બીજા દરજામાં વસીયત છે. કરજ પછી જે બચે તેમાંથી ત્રીજા ભાગ સુધીની વસીયત દુરૂસ્ત છે. અને તે પણ વારેસો સિવાય બીજા માટે થવી જોઇએ. વારેસને માટે વસીયત દુરૂસ્ત નથી. હવે જો કોઇએ વારેસને વસીયત કરી હોય અથવા તૃતીયાંશથી વધુ હોય અને સઘળા વારેસો તેને કબૂલ રાખે તો પણ તે વસીયત દુરૂસ્ત થાય છે. પણ આ દુરૂસ્ત થવું ખરૂ જોતાં વારેસોનીજ મેહેરબાનીથી છે. તેઓનું હક્ક હતું કે તે વસીયત કબૂલ નહીં રાખતે, તો ફરી એને કેમ મળતે. વળી કુરઆન શરીફમાં વારસાને વસીયત અથવા દેણ પછી કહ્યું એમાં વસીયતનો શબ્દ પ્રથમ કહેવાયો છે અને જુઓ તો દેણ પ્રથમ અદા કરવાનું છે. હજરત અલી (રદી)થી રિવાયત છે. તેવણે કહ્યું કે "તમો વસીયતને દેણથી પ્રથમ વાંચો છો પણ રસૂલુલ્લાહે વસીયતથી પ્રથમ દેણ અદા કર્યું છે." તેથી વધે તો વસીયત અદા કરવાની છે. તો તેનું કારણ આ છે કે દેણ લીધેલા રૂપીયાના કે કોઇ વસ્તુના બદલામાં થાય છે. તેને અદા કરવામાં વારેસને અડચણ પડતી નથી. કોઇ એકજ હરામખાવ હશે કે વારસો લેવા તયાર થાય અને મરનારનું દેણ નહીં આપે. પણ વસીયત તો દેણથી ઉલટી છે એટલે કોઇ વસ્તુને બદલે આપવાની નથી. માટે તેનું કાઢવું વારેસોને ઘણું અઘરૂ લાગે છે. જેથી દેણથી પ્રથમ અલ્લાહે વસીયતને બયાન કરી તેને અદા કરવાની તરગીબ આપી અને કાઢવા માટે ઉત્તેજન આપ્યું. એટલુંજ નહી પણ શબ્દ "ઔ"* વસીયત અને દેણની વચ્ચે રાખી ચેતવણી કરી કે બંનેનું અદા કરવું સરખી રીતે વાજેબ છે. વલી વારેસના હિસ્સા જેવી રીતે દેણથી પાછળ છે તેવીજ રીતે વસીયતથી પણ પાછળ છે. જો કોઇએ વસીયત કરી હોય તો તેની વસીયત તૃતીયાંશની પૂરી કર્યા પછી વારેસને વારસો મળે છે માટે દેણના બયાન સાથે વસીયતને અલ્લાહે બયાન કરી. પણ વસીયત એવી વસ્તુ છે કે તેને વારસા સાથે એક તરેહનો સંબંધ છે તે એકે જો તૃતીયાંશની વસીયત થઇ હોય તો તે દેણ અદા કરવા પછી તૃતીયાંશ અપાએ છે તો દેણના વધઘટના પ્રમાણમાં વારસાને માફક વસીયતમાં વધઘટ થાય છે દાખલા તરીકે જો મરનારના કફન દફન પછી સો રૂપીયા હોએ અને કરજ ચાલીસનું હોય તો કરજ અદા કરવા પછી સાઠ રહેશે તેનું તૃતીયાંશ વીસ વસીયતમાં મળશે. તેમ જો છનુંનું કરજ હશે તો

---

* "ઔ" નો અર્થ ગુજરાતીમાં "અથવા" થાય છે. એ અનેક અર્થોમાં આવે છે તેમાંથી એક આ છે કે જે બે વસ્તુની વચ્ચે આવે તેને એક બાબતમાં સરખા કરે. અને આ જગ્યા વાજેબ પણામાં સરખી કરી છે. ગુ. મો.

વસીયતમાં બે રૂપીયા મલશે તો સિદ્ધ થયું કે વારસાની માફક વસીયતમાં વધારો ઘટારો થાય છે. જેવી રીતે દેણુથી વારસો પાછળ છે તે અદા કર્યા વગર વારસો લેવો દુરૂસ્ત નથી તેમ વસીયતથી પણ પાછળ છે વસીયત અદા કર્યા વગર વારસો લેવો દુરૂસત નથી. માટે અલ્લાહે વસીયતને દેણુથી પેહેલા અને વારસા અને દેણુની વચ્ચે રાખા. સુબહાન-લ્લાહ અલ્લાહનું કલામ અજબ હિકમત વાળું છે.

વારસાનું બયાન કર્યા પછી અલ્લાહ ફરમાવે છે. "નુકસાન પોહોંચાડનાર થાઓ નહીં" એટલે તમારી વસીયત તથા કરજનો ઇકરાર વારેસને નુકસાની પોહોંચાડવા થાએ નહીં. એ નુકસાની પોહોંચાડવી કેટલીક રીતે થાય છે (૧) તૃતીયાંશથી વધુની વસીયત કરે. (૨) સઘળા માલનો અથવા થોડા માલનો કોઇને માટે ઇકરાર કરે કે આ માલ તેનો છે. (૩) પોતા ઉપર વારસો ડુબાવવા કોઇના લેહેણાનો ફોકટમાં ઇકરાર કરે. (૪) કોઇના ઉપર તેનું લેહેણું હતું તેને માટે ઇકરાર કરે કે મને તે મળી ગયું છે. (૫) સોંગી કીંમતે કોઇ વસ્તુ વેચી નાખે (૬) ઘણીજ મોંઘી ખરીદ કરે આ મતલબથી કે વારેસને માલ મળે નહીં. અને (૭) તૃતીયાંશની કોઈને વસીયત કરે. આ મતલબથી કે વારેસનું હક્ક જે ઓછું થયું તે ખરૂં. આવી નુકસાની પોહોંચાડવાથી મુસલમાનોએ બચવું જોઇએ. નસાઇમાં ઇબને અબ્બાસ (રદી)થી રિવાયત છે. હજરતે (સલ) ફરમાવ્યું કે "વસીયતની રૂએ નુકસાની પોહોંચાડવી કબીરા ગુનાહમાંથી છે." મરવાનો વખત એ માણસનો છેલ્લો વખત છે એ વખતમાં દુન્યાને તજવાનું છે અને ખોદા તરફ દિલ લગાડવાનું છે એવા વખતમાં વસીયતની રૂએ નુકસાન પોહોંચાડવું એ કમ્બખતીની નિશાની છે. એવાજ મામલા વિષે રસૂલુલ્લાહ (સલ) ફરમાવે છે. "જેણે પોતાના વારેસના વારસાને કાપ્યો તો કિયામતને દિવસ અલ્લાહ તેના વારસાને જંનતથી કાપશે" તિરમિજી. બીજી હદીસમાં છે. રસૂલુલ્લાહે ફરમાવ્યું "ખચીત એક પુરૂષ સિન્તેર વર્ષ સારાં કામ કર્યો જાય છે અને જ્યારે તે વસીયત કરે છે તો તે તેમાં જુલમ કરે છે તો બુરા અમલ ઉપર તેનો ખાતેમા થાય છે જેથી તે જહંનમમાં જાય છે. અને એક પુરૂષ સિન્તેર વર્ષ બુરા લોકોના કામ કર્યો જાય છે ફરી તે પોતાની વસીયતમા અદલ કરે છે તો તેનો ખાતેમા ખૈરની સાથે થાય છે જેથી તે જંનતમાં જાય છે" અહમદ. ઇબને માજા. એ વગર બીજી હદીસો પણ છે માટે એવા કામથી બચવું જોઇએ. હા, જીન્દગીમાં તંદરૂસ્તી સાથે પોતાનો સઘળો માલ કોઇ ખેશીને અથવા પારકાને આપીજ દીએ અને પોતાનો કંઇ લગાવ નહીં રાખે તો તે મુખત્યાર છે તે ગુનેહગાર નથી.

વસીયત ચાર તરેહની થાય છે. (૧) કોઇ શખ્સને માથે લોકોનું દેણુ હોય અથવા નમાઝ રોજાનો ફિદયો હોય અથવા જકાત આપવાની રહી ગઇ હોય અથવા ફરજ હજ નહીં થઇ હોય તો એ વિષે મરનારે વસીયત કરવી ફરજ છે. ફરી લોકોના લેહેણામાં તેના સઘળા માલથી અપાય પણ ખોદાના ફરજ વાજેબના અદા કરવાની વસીયત ત્રીજા માલથી અદા થાય. (૨) મરનાર પાસે એટલો પૈસો હોય કે તેના વારેસોની જરૂરત પૂરી થતાં વધુ હોય તો કંઈ સારાં કામો માટે અથવા કોઇ ખેશ ગરીબ માટે અથવા કોઇ ગની માટે આવા ઇરાદાથી કે તે ઇલમવાળો છે અથવા ઘણો પરહેઝગાર છે અથવા ઘણી ઓલાદવાળો છે તો મુસ્તહબ છે. એવીજ રીતે કોઇ બદ ચલણ હોય પણ તેના વિષે એવી ધારના થતી હોય કે જો તેને માલ મળશે તો સુધરી જશે તો તેવા માણસ માટે પણ વસીયત કરવી મુસ્તહબ છે (૩) ઉપર વર્ણાયલા ઇરાદા વગર તવંગર માટે વસીયત કરવી મોબાહ છે. અને (૪) ઉપર બયાન થયલા વિચાર સિવાય કોઇ બદ ચલણ માટે વસીયત કરવી મકરૂહ છે. જો થોડો પૈસો હોય કે વારેસોની જરૂરતે પુરો પડે નહીં તો એ વેળા વસીયત નહીં કરવી બેહતર છે.

હવે ફરાએજ વિષે બે બોલ લખવા ચાહું છું. આ કિતાબને મેં કોઇ ખાસ કિતાબથી તરજુમો કરી નથી. પણ જુદી જુદી કિતાબોથી ચુંટીને લખી છે. અને ઘણું કરીને એમાં

વપરાયલા મસલા જે કિતાબથી મેં લખ્યા છે તેનું નામ સાથે લખી દીધું છે. અને કેટલાક મસલામાં વિદ્વાનોમાં મતફેર છે પણ મોટી મોટી કીતાબોમાં જે વાત ઉપર ફતવો કહેવાયો છે અથવા તેને "સહીહ" મત કહેવાયો છે તેજ મત મેં લખ્યો છે. જેથી અજાણ માણસોને અડચણ પડે નહીં.

મસલો લખવામાં વિદ્વાનોના સંકેત (ઇસતેલાહ)ને ગુજરાતીમાં તરજુમો કર્યો નથી. પણ તેજ નામ રહેવા દીધાં છે. જેમકે અસબા, જવીલ ફોરૂજ, જવીલ અરહામ, ઓલ, રદ્દ, મોનાસખહ વગેરે. કારણકે એ ઇલમ જ્યારે ગુજરાતીમાં છેજ નહીં તો સંકેતને મળતા શબ્દ ગુજરાતીમાં મળી આવે નહીં અને તરજુમો કરી નવા શબ્દો ઘડેલા પણ યાદ કરવા પડે માટે અસલ શબ્દોજ યાદ કરવા ઠીક છે. એક તો તે સહેલા પડશે. અને બીજું જો કોઇ બાબતમાં નહીં સમજ પડશે તો તે શબ્દને આધારે સેહેલાઇથી મૌલવીને પૂછી શકશે. પણ તે શબ્દોના તરજુમા કરવામાં એ વાત રહેતી નથી.

શીખનારને સેહેલ થાય માટે મેં દરેક બાબત ઉપર અનેક દાખલા લખ્યા છે. તેમાં ઘણા દાખલા તો એવા છે કે તેવો મસલો કાઢવાની કદી પણ જરૂરત પડતી નથી પણ મહાવરો વધારવા માટે તેવા દાખલા લખ્યા છે. અંગ્રેજીમાં પણ ફરાએજ કેટલાકોએ લખી છે છતાં વકીલો સારી રીતે મસલો કાઢી શકતા નથી. અને ત્રણ ચાર બતનનો મોનાસખહતો ઘણાઓથી નીકળતોજ નથી. અને આખર પોતાના અસીલોને મૌલવીઓ પાસે મોકલી પોતાનું કામ કાઢે છે. તેનું કારણ પણ મારી જાણ પ્રમાણે દાખલાનીજ ખામી છે. જેથી હું હિમ્મતથી કહી શકું છું કે આ મારી કિતાબે એ વિદ્યાને ઘણી સહેલી કરી છે. વિશેષ કરી જવીલ અરહામના મસલા કે જેમાં સિરાજી પઢાવનાર કેટલાક મૌલવીઓને પણ મુશકેલી નડે છે તે મુશકેલી આ કિતાબમાં દુર કરવાની ઘણી કોશીશ કીધી છે. એટલે કેટલાક મૌલવીઓને પણ આ કિતાબ લાભકારક થશે. અને વકીલ મુખત્યારો સહેલાઇથી પોતાનું કામ કાઢી શકશે.

આ કિતાબ ઘણી સહેલ કરી છે એની આ મતલબ છે કે એમાં વર્ણાયલા મસલા જલદી સમજમાં આવે છે તથા દાખલાઓની મદદથી કંઇ મુશકેલી નડતી નથી. તેમ કેટલીક જગ્યા ચેતવણીઓથી પણ સારી રીતે વાકેફ કરવામાં આવ્યા છે. પણ કોઇ આળસ કરી બયાન કરેલા કાયદા યાદ નહીં રાખશે અને આ કિતાબથી કામ લેવા માંગશે અથવા વચ્ચેથી વાંચશે તો તેને એ કિતાબ કશો લાભ આપશે નહીં. એટલુંજ નહીં અંજાણ માણસ વચેથી વાંચશે તો જરાએ સમજાશે નહીં. જો શરૂથી વંચાશે અને કાયદા યાદ હશે તોજ લાભકારક છે.

આ ઇલમ જેમ દીનના મસલાથી જાણીતા કરે છે તેમ એની સાથે ગણીત લાગવાથી મગજ શકિતને પણ સારી રીતે ખીલવે છે. અને જેમ અરસમીટીક તથા જોમેટરી જેહેન (મગજ શકિત) ખોલવાને અને સાફ કરવાને ઉપયોગી છે તેથી આ વિદ્યા કંઇ ઓછી નથી. એજ માટે જો મુસલમાનો ઇસ્લામી મદરસામાં ચોથા પાંચમાં ધોરણમાં આ કિતાબને અથવા એવી બીજી કોઇ કિતાબ બનાવી શીખવશે તો ઇસ્લામી કાયદા તેઓ શીખશે અને તેની સાથે તેઓની હુશયારી પણ વધશે. મારી કિતાબો ગુજરાતી રાહે નજાત તથા માલાબુદ મિન્હો કેટલીક જગ્યા છોકરાઓને ભણાવવામાં આવે છે તેમ અલ્લાહ કરે આ પણ ભણાવાય.

આ કિતાબને આધારે ફરાએજ વિદ્યા શીખી કોઇ જવાબ આપે તો તેને જરૂર છે કે મસલો પૂછનારથી સવાલની ઘણી તહકીક કરે. સામાન્ય લોક મરનારાઓના અનુક્રમમાં ઘણી ભૂલ કરે છે. જ્યારે કોઇ શખ્સને સવાલ કરનાર મૈયત બતાવે અને તેના સગાં બતાવે ફરી કહે કે તે પછી ફલાણો મર્યો તો જવાબ આપનારે બીજાં સગાંઓને તફસીલવાર કહેવા કે આ સઘળા પણ જીવતાં હતાં અથવા એમાંથી પણ કોઇ મર્યું છે? આથી ફરક નીકળી આવે છે. કેટલાકો મસલો પૂછતી વખતે જે જીવતાં

વારેસ હોય તે બયાન કરે છે અને બાપના વારેસ જે બાપ પછી મરી ગયાં તેને બતાવતા નથી. આથી પણ ઘણી ભૂલ થાય છે. જ્યારે કોઈ મૈયતની માત્ર બેહેનોજ બતાવે અથવા દીકરીઓજ બતાવે ત્યાં ઘણો વિચાર કરવાનો છે કે તેને કોઇ અસબા છે કે નહીં એથી ઘણું કરીને અસબા નીકળી આવે છે. સાધારણ લોકો બાપના કાકાની ઓલાદ અથવા પરદાદા કે પરદાદાના બાપની ઓલાદને વારેસ ગણતા નથી. એથી પણ ભૂલ થાય છે. તેમ મરનારની નાની કે દાદી છે કે નહીં તે પણ જરૂર પુછવું. એક શખ્સ મૈયતનો નવાસો થાય છે તેમ તે પોત્ર પણ થાય છે. હવે જો તેને નવાસો જાહેર કરે અને પોત્ર છે એ નહીં કહેતો તેથી પણ જવાબ આપવામાં ગલતી થાય છે. તેમ એક શખ્સ મરનારીનો ખાવિન્દ થાય છે તે તેના કાકાનો છોકરો પણ થાય છે. જો આ બંને બાબતો બયાન નહીં થઇ હશે તો ઘણી વાર ભૂલ આવે છે. તેમ મરનારની ઓરત જણવાની છે કે નહીં તે પણ પૂછવું જોઇએ. સાધારણ લોકો હમેલ વારેસ થાય છે તે જાણતા નથી. એ મસલો બતાવનારની ચાલાકી તથા અનુભવથી જણાય છે

મસલાનો જવાબ આવી રીતે લખે. પૃષ્ટ ૪૮ માં લખાયલા મોનાસખહનો જવાબ—રોકીયાના મરવા પછી તેના કફન દફન કર્યાં પછી જે માલ રહ્યા હોય તેમાંથી તેનું દેણ અદા કર્યા પછી જે બચે તેમાંથી તેની તૃતીયાંત સુધાની વસીયત અદા કર્યા બાદ જે માલ હોય તે એકસો અઠાવીસ ભાગ ઉપર વહેંચાશે. જેમાંથી હલીમાને આઠ, અમરને સોળ, રહીમાને આઠ, રકીબાને બાર, ખાલિદને ચોવીસ, અબ્દુલ્લાહને ચોવીસ, અબદુર રહમાનને અરાઢ, અબદુર રહીમને નવ અને એવીજ રીતે અબદુલ કરીમને નવ ભાગ મળે છે. આવીજ રીતે ફરાએજની કિતાબોમાં છે. આ સાથે જવાબ આપનાર પોતાની સહી કરે.

જાહેર ખબર.

તોહફતુલ હિન્દ નામની જગત જાણીતી કિતાબ જે ઉર્દૂમાં એક લાખથી વધુ બહાર પડી ચુકી છે તેનો તરજુમો ગુજરાતીમાં એક વાર છપાઇ ખપી ગયો છે તેની બીજી આવૃત્તી સુધારા વધારા સાથે છપાવા શરૂ થઇ છે.



નિયમિત હિસ્સા.

ફરાએજ.

ઘણા મેહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

જે વસ્તુઓ વારસાથી પ્રથમ છે.

૧ વારસાથી પ્રથમ ચાર વસ્તુ છે (૧) મૈયતનું કફન આપવું * દરમ્યાની રીતનું એટલે નવણી કીંમતનું અને નહલકી કીંમતનું. હવે એ હલકું ભારી મૈયતની હાલત ઉપર છે તે પોતાની જિન્દગીમાં વાર તહેવારે ઈદમાં એક તરેહના પહેરતો ઘરમાં દરરોજ એક તરેહના પહેરતો અને દોસ્ત આશનાઓમાં કેથે જતો ત્યારે એક તરેહના પહેરતો એ સઘળામાં દરમ્યાનું છે.

૨ દફનની તૈયારી જેમ કે નહવડાવનારની મજદુરી તખતાનું જનાઝાનું ભાડુ અથવા તેને ઉપાડવાની મજદુરી કબર ખોદાઈ વગેરે.

* દુર્રે મુખતાર, બહર, શરીરીયા વગેરેમાં છે કે ધણિઆણીનું કફન ધણી ઉપર છે. એજ વાતપર ફતવો છે. ગુ. મો.

ખોલાસો.

મૈયતની પાછળ કુરઆન પઢનાર કેટલીક જગ્યા બેસાડવામાં આવે છે તેમ તહલીલો પઢાવાય છે. ત્રણ દહાડા અથવા ત્રીજે ચોથે દિવસે મૈયત પાછલ ખાણું કરવામાં આવે છે તે આ બે કલમોમાં દાખલ નથી. જો કોઇ વારેસ અથવા પારકો આદમી સઘળા વારેસોની વગર રજાએ કરશો તો તે પોતાને જુમ્મે કરનાર છે. દુર્રે મુખતારનો હાશયો શામી. આ બે કલમોના કામો પ્રથમ કરવાના છે એની આ મતલબ છે કે જો મૈયત આટલુંજ છોડીને જાય કે તેથી તેનું કફન દફનજ થઇ રહે તો એ કામો પ્રથમ થશે અને માગનાર કે વારેસને કંઇ મળશે નહીં. અને જો વધારે છોડીને મર્યો હોય તો આ ખરચ બાદ કર્યા પછી જે બચે તેમાં માગનારનું કરજ લાગુ પડે છે. શામી વગેરે. વળી આ યાદ રાખવાનું છે કે આ બે કલમોમાં લખેલી વસ્તુઓ પ્રથમ ક્યારે થશે કે મૈયતે છોડેલા માલની સાથે કોઇનું હક્ક લાગેલું ન હોય ત્યારે. નહીં તો તેનું હક્ક અદા કરવું પ્રથગ છે. દાખલ તરીકે મૈયતે કોઇ વસ્તુ ગીરો મુકી હતી અને તે વગર બીજું તેનું કંઇ નથી. તો તે ચીજ વેચી પ્રથમ ગીરો રાખનારનું કરજ આપે ફરી બચે તેમાંથી કફન દફન કરવાનું છે. એવીજ રીતે મૈયતનો ફક્ત એક ગુલામ હતો જેણે મરનારની ઝિન્દગીમાં એવો કોઇ ગુનોહ કર્યો કે તેનો દંડ આપવો લાગુ પડયો તો તે ગુલામ વેચી પ્રથમ તે દંડ અપાશે ફરી બચે તો કફન દફનમાં ખરચાશે. એવીજ રીતે મૈયતે કોઇ ચીજ ખરીદી પણ તેની કીંમત આપી નહીં શકયાથી તે ચીજ વેચનારે રોકી રાખી હોય અને એની પાસે બીજું કંઇ નથી તો તે ખરીદેલી ચીજ વેચાય અને પ્રથમ વેચનારની કીંમત અપાય ફરી જો કંઇ બચે તો તેમાંથી કફન દફન થાય. એવીજ રીતે મરનારે પોતાના ગુલામને વેપાર કરવાનો હુકમ આપેલો જેથી તેને માથે દેણુ થયું અને મરનાર પાસે એ ગુલામ વગર બીજું કંઈ નથી તો તે ગુલામ વેચાય અને પ્રથમ તે દેણુ અપાય ફરી બચે તો તેથી કફન દફન થાય. શરીફીયા.

૩ ફરી કરજ અદા કરાય. ફરી તે ગમે તેનું હોય. લેણદેણથી આપવાનું જેવું કરજ છે તેવુંજ મરનારની સ્ત્રીની મોહોરનું દેણ પણ કરજ છે.

ખોલાસો.

વારસાથી કરજ અદા કરવું પ્રથમ છે એની આ મતલબ છે કે જો કરજ અદા કરતાં કંઇ બચે તોજ વારેસનું હક્ક લાગુ પડે છે નહીં તો સઘળો માલ માગનારાઓનો છે. જો કરજ માગનાર ઘણાં હોય અને છોડેલો માલ તેઓના લેણા જેટલો નહીં હોય તો જે કંઇ હોય તેમાં સઘળા માગનાર હિસ્સા રસદી એટલે દરેક કરજના પ્રમાણમાં હિસ્સા પડતો લયે. ત્રીરાસીથી તે હિસ્સા સારી રીતે જણાય છે. કોઇ ખાસ કરજ માગનારનું તેમાં હકક નથી પણ સઘળા સરખા છે. જો કોઇ વારેસ એકને આપવા રાજી થાય તો તેની કશી ગણતરી નથી.

૪ ફરી જે બચે તેની તેહાઇ (તૃતીયાંશ) થી વસીયત અદા કરાય ફરી જે બચે તે માલ વારેસનો છે.

ખોલાશા.

માણસ તંદરૂસ્તીમાં સઘળો માલ આપવાનો અખત્યાર રાખે છે. પણ મૃત્ય બીમારીમાં વારેસોનું હકક તેના માલ ઉપર લાગુ પડે છે જેથી તે સઘળો માલ આપી શકતો નથી. શરીઅતે મોહમ્મદીયાએ તે બીમારની વાતનો જેમ પૂરો ઇતબાર કર્યો નથી તેમ તદન નકામી પણ ગણી નથી. જ્યાં સુધી તેમાં જીવ છે તે તે માલનો માલિક છે. એટલે બીમારનો પણ ખ્યાલ રાખ્યો છે તેમ વારેસોનો પણ ખ્યાલ રાખ્યો છે. તે એક તૃતીયાંશ સુધી વસીયત કરી શકે.

વારસા બાબતના મુળ કાયદા.

૫ વારેસ કરવું લાચારીનું છે એમાં મરનાર માલિકનો કશો અખત્યાર નથી તથા તેની નૈયત ઉપર અટકેલું નથી કે તે જેને ચાહે તેને આપે અને જેને ચાહે નહીં આપે. જો મરનારે નિશ્ચય કર્યું હોય કે ફલાણા વારેસને મારા માલ મિલકતથી કંઇ મળે નહીં તો એ વ્યર્થ છે. હા જો

તેણે પોતાના આ વિચારને પોતાની ઝિન્દગીમાં તંદુરસ્તી તથા અકલ હુશયારી સાથે પુરો કર્યો હોય અને પોતાની જાયદાદને કોઇ એક વારેસને કે કોઈ પારકાને વેચી નાખી હોય અથવા બખ્શીશ કરી હોય તો તે ફલાણાને કંઇ મળશે નહીં. મતલબ કે કોઇ પણ વારેસને આક કરવો (વારસાથી બાતેલ કરવો) ફરી તે મોંથી કહ્યું હોય અથવા દસ્તાવેઝ કર્યો હોય દુરૂસ્ત નથી. કારણ કે વારેસ કરવું તેના અખત્યારનું નથી.

૬ વારેસોમાં નાના મોટા થવાથી હિસ્સામાં વધારે ઓછો થતો નથી. એટલે જો કોઇના બે છોકરા કે બે ભાઇ હોય એક નાનો અને બીજો મોટો તો તે બંનેને સરખા હિસ્સા મળશે.

૭ જો અનેક વારેસો મયત સાથે એકજ તરેહની સગાઇ રાખે છે પણ તેઓ બીજી કોઇ રીતથી જુદા પડતા હોય તો એથી તેઓના હિસ્સામાં ફેર પડતો નથી.

ખોલાસો.

દાખલા તરીકે એક શખ્સ મર્યો તેના બે છોકરા એક બાયડીથી છે. અને એક છોકરો બીજી બાયડીથી છે તો આ ત્રણે સરખા ભાગ લેશે. કારણ કે ત્રણે મરનારના છોકરા થવામાં સરખા છે. તેઓની મા જૂદી થવાને એમાં કશો દખલ નથી. એવીજ રીતે જો કોઇ મરનારીના બે છોકરા એક પતિથી થયા હોય અને એક છોકરો બીજા પતિથી થયો હોય તો એ ત્રણે માનો હિસ્સો લેવામાં સરખા છે. કારણ કે મરનારીના તો ત્રણે છોકરા સરખા છે. બાપ જૂદા થવાને એમાં કશો દખલ નથી. એવીજ રીતે એક મરનારના ચાર ભત્રીજા હોય એક ભાઇના ત્રણ છોકરા અને બીજા ભાઇનો એક છોકરો તો એ ચારે સરખા વારેસ છે. એમ નથી કે એક ભાઇના ત્રણ છોકરા એક ભાગ લયે અને બીજા ભાઇનો એક છોકરો એક ભાગ લયે.

૮ નિકાહને લીધે ધણી ધણિયાણીમાં એક બીજાના મરવાથી વારેસ થવાની લયાકત ઉત્પન્ન થાય છે. પણ જો તેઓમાં નિકાહ પેહેલાં કંઇ સગાઇ નહીં હોય તો ધણી તથા તેનું ખાનદાન ધણિયાણીના ખાનદાનથી પારકા સરખા છે. એવીજ રીતે ધણિયાણી તથા તેનું ખાનદાન ધણીના ખાનદાનથી પારકા સરખા છે. હા જો એઓના નિકાહ સગામાં થયા હોય તો તે સગાઇ જેવી નિકાહ પેહેલાં હતી તેવી નિકાહ પછી પણ રહે છે. અને તે સગાઇને લીધે વારેસ થઇ શકશે.

ખોલાસો.

જો કોઇ શખ્સ મરે અને તેની સાવકી મા (બાપની બીજી ધણિઆણી) હોય તો તે તેની મા કહેવાવાથી વારેસ થવાની નહીં. એવીજ તરેહ એક સ્ત્રી મરી અને તેનો સાવકો છોકરો (ધણીની બીજી બાયડીનો છોકરો) હોય તો તે તેણીનો છોકરો કહેવાવાથી વારેસ થાય નહીં. કારણ કે તે છોકરો ધણીના ખાનદાનથી છે તેની સાથે નિકાહને લીધે કશી સગાઇ નથી. હા, જો એ ધણી ધણિયાણીમાં સગાઇ હોય દાખલા તરીકે બંને કાકા કાકાનાં હતાં અને તેઓમાં નિકાહ થયો તો ધણીનો બાપ કાકો, તથા ધણીનો ભાઇ કાકાનો છોકરો, ધણીનો છોકરો તે કાકાનો પોત્ર થશે જેથી એઓમાંનો દરેક અસબાની રૂએ વારેસ છે. ફરી અસબાના કાયદા પ્રમાણે વારેસ થશે. મતલબ કે નિકાહને લીધે જે સંબંધ થાય છે એથી માત્ર ધણી ધણિયાણીનો વારેસ થાય છે. અને ધણિયાણી ધણીની વારેસ થાય છે. બીજું કોઇ વારેસ થતું નથી.

૯ આઠ સ્ત્રી જેઓનું વર્ણન આગળ આવશે * તે સિવાય કોઇ પણ નજદીકની સગાઇની સ્ત્રી ગમે તેટલા દૂરની સગાઇના અસબાના હોતાં કદી વારેસ થશે નહીં.

ખોલાસો.

દાખલા તરીકે નવાસી જે નજદીકની સગી છે તે પરદાદાના ભાઇનો પોત્ર જે ઘણો દૂરનો સગો છે તેના હોતાં વારેસ થતી નથી. કારણ કે એ નવાસી તે આઠ સ્ત્રીઓમાંથી નથી.

* ધણીઆણિ, મા, નાની પરનાની કે દાદી પરદાદી, સગી બેહેન, સાવકી (બાપ જણી) બેહેન કોઠારી (મા જણી) બેહેન, દીકરી, પોત્રી કે પરપોત્રી. ગુ. મો.

વારસોનું અનુક્રમ (તરતીબ)

૯ હિસ્સો લેવામાં ત્રણ ટોળાં વારસોના મોટાં છે. જવીલ ફોરૂજ (નિયમિત હિસ્સો લેનાર), અસબા અને જવીલ અરહામ.

ચેતવણી આ વખતમાં વારસો લેનાર મજકુર ત્રણ ટોળાંમાંનાજ હોય છે જેથી આ કિતાબમાં તે ત્રણે ટોળાંનું વર્ણન થશે. પણ એ વગર બીજા વારસો પણ છે અને તેઓમાં તરતીબ (અનુક્રમ) છે. માટે ઇસલામી કાયદાથી જાણીતા થાય એવી ગરજથી તે સઘળાઓને અનુક્રમે લખું છું:—

૧૦ જવીલ ફોરૂજ એટલે નિયમિત હિસ્સો લેનારને પ્રથમ વારસો આપવામાં આવે. જવીલ ફોરૂજ તે ટોળાને કહે છે કે જેઓનો હિસ્સો કુરઆનમાં નિયમિત હોય. ફરી અસબા નસબી એટલે સગાઇની રૂએ જે અસબા હોય તેને અપાય. અસબા તે દરેક શખ્સને કહે છે કે જે જવીલ ફોરૂજના હિસ્સા લેવા પછી જે બચે તે લેવે અને જો જવીલ ફોરૂજ ન હોય તો સઘળો માલ લેવે. ફરી અસબા સબબીને અપાય. અસબા સબબી તેને કહે છે કે જે મૈયતને આઝાદ કરનાર હોય. તો અસબા નસબી નહીં હોવાથી એને મળે છે. અને એને મૌલલ અતાકા પણ કહે છે. આઝાદ કરનાર પુરૂષ હોય કે સ્ત્રી હોય જે આઝાદ કરે તે અસબા સબબી છે. ફરી આઝાદ કરનારના અસબાને કે જે પુરૂષજ હોય છે, તેઓને અસબાની તરતીબ * પ્રમાણે અપાય. ફરી જો એઓ નહીં હોય તો જવીલ ફોરૂજને તેઓના હિસ્સો આપતાં જે રહ્યું તે સગાઇને લીધે જે જવીલ ફોરૂજ હોય † તેઓને ફરીથી તેઓના હિસ્સાના પ્રમાણમાં અપાય. ફરી જવીલ અરહામને અપાય. જવીલ અરહામ તે સગાંઓને કહે છે કે જેઓનો નિયમિત હિસ્સો ન હોય તથા તેઓ અસબા પણ ન હોય. ફરી મૌલલ મોવાલાતને અપાય. મૌલલ મોવાલાત તે શખ્સને કહે છે કે તેને કોઇ શખ્સ કહે કે તું મારો મૌલા છે જ્યારે હું મરૂં તો તું મારો વારસો લઇશ અને જો મારાથી એવો કોઇ ગુનાહ થાય કે જેથી દિયતે આકિલા (સગાઓને આપવો પડે તે દંડ) લાગુ પડે તો તું આપીશ. ફરી મૈયતે કોઇના વિષે પોતાના સગાનો છોકરો કે છોકરી થવાનો ઇકરાર કર્યો હોય અને તે સગો નકાર કરતો હોય તથા એના એકરાર વગર કોઇ પુરાવાથી તે સગાની ઓલાદ થવું સિધ્ધ થયું નહીં હોય અને એ ઇકિરાર કરનાર મરતાં સુધી ઇકરાર ઉપર રહ્યો હોય એને મોકર્ર લહુ કહે છે, તેને અપાય. ફરી સઘળા માલની જેને વસીયત કરી હોય તેને અપાય. ફરી બૈતુલ માલમાં અપાય. એટલે ઇસ્લામી હોકુમતની ત્રીજોરીમાં અપાય. જેમકે સહીક મખતુમ, ઇલમુલ ફરાએજ વગેરેમાં છે.

ચેતવણી અરબીમાં અસબા પઠ્ઠાને કહે છે જે માંસની સાથે રહે છે. પણ શરીઅતના સંકેત (ઇસ્તલાહ) માં તે શખ્સને કહે છે કે હાડ માંસમાં ભેગો હોય અને જેને ગુજરાતી મહાવરામાં લોહી કહે છે જેના એબદાર થવાથી ખાનદાનમાં એબ લાગે, પણ શરીઅતમાં ઓલાદ બાપની ગણાય છે માટે બેહેન દીકરી વગેરે સ્ત્રીની ઓલાદ અસબા નથી. કારણ કે તે ઓલાદ તેઓના ખાવિન્દની છે. અને મુળ વારેસ અસબાજ છે માટે દીકરો અસબા હર્યો જવીલ ફોરૂજ થયો નહીં. આ વખતમાં મામા માસીનાઓ સાથે સાસરવાઓ સાથે અસબા કરતાં ઘણો મિલાપ હોય છે, જેથી કાકાના પોત્રને નવાસીના મુકાબલામાં વારેસ સમજવું મુશકેલ લાગે છે. પણ ખરૂં જોતાં કાકાનો પોત્ર તેજ પાસેનો છે કેમકે તે ખાનદાનનો છે અને નવાસી બીજાના ટોળાની છે. વળી મરનારે જો કંઇ એવો ગુનાહ કર્યો હતે કે જેથી દિયતે આકિલા લાગુ પડે તો કાકાનો પોત્ર ભરવા લાગતે નવાસી લાગતે નહીં. મતલબ કે રિવાજમાં અસબાપણાનું હક ઓછું થયું છે પણ એથી શરીઅત

---

* અસબાની તરતીબ અસબાના બયાનમાં વાંચો ગુ. મો.

† જેમ અસબા બે તરેહના હોય છે નસબી અને સબબી તેમ જવીલ ફોરૂજ પણ બે તરેહના છે નસબી અને સબબી. ધાણી, ધણિયાણી એ જવીલ ફોરૂજ સબબી છે. એટલે નિકાહને લીધે જવીલ ફોરૂજ થયા છે અને એઓ સિવાય સઘળા નસબી છે. એટલે સગાઇને લીધે જવીલ ફોરૂજ થયા છે. ગુ. મો.

પ્રમાણેના અસબાના વારસામાં કશી નુકશાની નથી,

૧૧ એક શખ્સ એકી વખતે જવીલ ફેરૂજમાંથી પણ થઇ શકે છે. અને અસબા પણ થઇ શકે છે. દાખલા તરીકે એક શખ્સ પોતાના કાકાની છોકરી સાથે પરણ્યો હોય અને તે ઓરત મરે તો તેનો નિયમિત હિસ્સો પણ લેશે અને તેણીના બીજા જવીલ ફેરોજનો હિસ્સો આપતાં કંઇ બચી રહેશે તો પોતાના અસબા પણાને લીધે પણ લેશે. એવીજ રીતે એક સ્ત્રીં મરે અને તેના ત્રણ કાકાના છોકરા હોય તેમાનો એક કાકાનો છોકરો તેનો કોહારો (માજણો)* ભાઇ પણ હોય. તો જવીલ ફરૂજ પ્રમાણે પણ નિયમિત હિસ્સો લેશે અને બીજા ભાયોની સાથે અસબા પણ થશે. એવીજ રીતે એક પુરૂષ બે તરેહનો અસબો પણ થઇ શકે છે જેમ કે કોઇ શખ્સ ગુલામ હોય અને તેના કાકાએ તેને ખરીદી આજાદ કર્યો હોય અથવા એની મિલકમાં આવી આજાદ થયો હોય તો આ કાકા તેનો અસબા નસબી પણ છે અને અસબા સબબી પણ છે. રહીકે મખતુમ. એવીજ રીતે એક શખ્સ બે તરેહથી જવીલ ફેરૂજ પણ થઇ શકે છે. અને તે બંને રીતે હિસ્સા લેશે. જેમકે કોઈ પારસીએ પોતાની માની સાથે નિકાહ કર્યો હોય † અને એક છોકરી થઇ હોય ફરી તે મરી જાય તે પછી તે સ્ત્રી મરી જાય તો આ છોકરી તેણીની જેમ છોકરી છે તેમ તેણીની પોત્રી પણ છે માટે એને અડધો છોકરી પણાનો અને ષ-ષ્ટમાંશ પોત્રી પણાનો મળી બે તૃતીયાંશ મળશે. રહીકે મખતુમ. મુલતકલ અબહર. વગેરે.

વારેસ થવાથી રોકાણ કરનાર.

૧૨ વારેસ થવાથી રોકાણ કરનાર પાંચ વસ્તું છે (૧) ગુલામીપણું ફરી તે સમ્પૂર્ણન હોય કે અપૂર્ણન હોય. (૨) તે કતલ છે કે જેને લીધે કેસાસ (ખુનને બદલે ખુન) અથવા કફારો લાગુ પડતો હોય. એટલે જાણી બુજીને વારેસે માર્યો હોય અથવા જાણી બુજીને મારવાનો શક થતો હોય. અથવા ભૂલમાં માર્યો હોય. (૩) વારેસ તથા મરનારના ધર્મો જુદા જુદા હોય. જેમકે એમાંનો એક મુસલમાન હોય અને બીજો ખ્રાસ્તી કે યહુદી કે હિન્દુ હોય. (૪) ખાસ કાફેરોના વારસા વિષે મરનાર અને વારેસ બંને જુદા જુદા રાજ્યના હોય અને તે બંને રાજ્યમાં આપસમાં વિરૂદ્ધતા હોય. (૫)મી મુરતદ થવું એટલે ઇસલામી ધર્મ છોડવો. રહીકે મખતુમ

ચેતવણી એ પાંચ વગર બીજા રોકાણો પણ છે અને તે સર્વ માન્ય થયા છે પણ તેને સઘળા વારસાની કિતાબો વાળા લખતા નથી. કારણ કે તે યા તો હમેશ થનાર નથી અથવા વારેસ થવાના કારણ કે શરત ત્યાં હોતાં નથી તે આ છે (૬)ઠી નબુવવત એ વારેસ થવાથી સગાંઓને રોકનાર છે. (૭)મી મરનારાઓના આગળ પાછળ મરવાથી અજાણ થવું જેમકે મા બાપ દીકરા દીકરી વગેરે એક ઘરમાં હોય અને ઘર પડયાથી તેમાં સાથે સઘળાં દબાઇ મરે અથવા એક વહાણમાં હોય અને તે સઘળાં ડુબી મરે એવીજ રીતે એક ઘરમાં સઘળાં સાથે ફુકાઇ જાય. તો તેમાનું કોઇ એક બીજાનું વારેસ થશે નહીં. (૮)મી વારેસ વિષે અજ્ઞાનતા. એ વિષે દુર્રે મુખતાર, રહીકે મખતુમ વગેરેમાં ઘણા રૂપ લખાયા છે તેમાંથી એક આ છે કે એક સ્ત્રી પોતાના બચ્ચાની સાથે બીજા કોઇ ના બચ્ચાને ધવરાવતી હોય ફરી તે મરીજાય

---

* એક સ્ત્રીએ પ્રથમ એક પુરૂષથી નિકાહ કર્યો હોય અને એક છોકરો થયો અને તેની બીજી બાયડીથી બે છોકરા હોય ફરી તે પુરૂષના મરવા પછી તેના ભાઇ સાથે નિકાય કર્યો હોય અને એક છોકરી થઇ હોય. તો આ છોકરો જેમ કાકાનો છોકરો છે તેમ મા જણ્યો પણ છે. ગુ. મો.

† હિદાયા, દુર્રે મુખતાર, આલમ ગીરીયા, રહીકે મખતુમ વગેરેથી જણાય છે કે પ્રથમ પારસીઓ પોતાની મા, બહેન, દીકરી પોત્રી સાથે પરણતા હતા. હાલ જે એબ જાણવામાં આવે છે તે ઇસલામના પ્રતાપથી છે. અને આઠ દશ વર્ષ થયા હશે કે મુંબઇમાં એક પારસી પોતાની ફોઇ સાથે પરણ્યો છે. ગુ. મો.

અને તેણીનું કયું બચ્ચું છે અને પારકાનું કયું છે તે અમે જાણી શકતા નહીં હોય તો તે બે બચ્ચાંમાંથી કોઇ પણ તેણીનું વારેસ થશે નહીં. (૨) એક પુરૂષે કંટાલીને પોતાના બચ્ચાને રાત્રે કોઇ મસજીદમાં મુકયું હોય ફરી તે પસ્તાવો કરી તેને લેવા આવે અને ત્યાં બે બાળક હોય અને તે પોતાના બચ્ચાને ઓળખી શકે નહીં ફરી તે પુરૂષ મરે તો આ બે બાળકોમાંથી કોઇ પણ તેનો વારેસ થશે નહી. (૩) એક આઝાદ સ્ત્રી બીજી લોંડી બંને રાત્રે એકએક બાળક જણી અને એકનું બાળક બીજાથી ઓળખાયું નહીં તો તેમાંનું કોઇ આઝાદ સ્ત્રીના માલથી વારેસ થશે નહીં. અને તે બંને આજાદ ગણાશે. (૪) એક પુરૂષનું બાળક તથા કોઇની એક લોંડીનું બાળક એક દાઇને ત્યાં ધવરાવવા આપ્યાં અને તે બંને ભેલાય ગયા જેથી ઓળખાયાં નહીં. તો તેમાંનું કોઈ પુરૂષના વારેસ થશે નહીં. અને તે બંને આઝાદ ગણાશે. એવીજ રીતે (૫) એક મુસલમાનનું બાળક એક દાઇને ત્યાં હોય અને ત્યાં એક ખ્રીસ્તીનું બાળક પણ હોય અને એક બીજાથી ઓળખાઇ નહીં. ફરી તેઓ મોટા થાય તો તે બંને પોતાના બાપોથી વારેસ થશે નહીં અને તે બંને મુસલમાન ગણાશે.

નિયમિત હિસ્સા લેનારનું બયાન.

૧૩ નિયમિત હિસ્સા લેનાર બાર શખ્સો છે જેમાંથી ચાર પુરૂષ છે. (૧) બાપ (૨) દાદો પરદાદો (બાપનો બાપ, બાપના બાપનો બાપ વગેરે) (૩) મા જણ્યો. (કોઠારો) ભાઇ (એટલે મા એક અને બાપ જૂદા હોય તે) (૪) ખાવિન્દ. અને આઠ સ્ત્રી છે (૧) ધણિયાણી (૨) દીકરી (૩) પોત્રી કે પરપોત્રી કે તેથી પણ નીચેની (૪) સગી બેહેન (૫) સાવકી (બાપ જણી) બેહેન (૬) મા જણી (કોઠારી) બેહેન (૭) મા અને (૮) જદ્દા સહીહા એટલે નાની તથા દાદી. પણ જે નાની કે દાદીની વચ્ચે જદે ફાસેદ આવે તે એમાં દાખલ નથી. સિરાજી.

ખોલાસો.

જદે ફાસેદ તે નાનાને કહે છે કે મૈયત સાથે તેની સગાઇ થવામાં વચ્ચે સ્ત્રી આવે જેમ કે નાનો નાનાનો બાપ વગેરે કે મૈયત સાથે તેની સગાઇમાં મા વચ્ચે છે. એવીજ રીતે નાનીનો બાપ તથા દાદીનો બાપ એ પણ જદે ફાસેદ છે કારણ કે મૈયત સાથે તેની સગાઇમાં વચ્ચે નાની તથા દાદી આવી છે. હવે એ જદે ફાસેદની મા કે નાની વારેસ થાય નહીં કારણ કે તેણીની મૈયત સાથની સગાઇમાં એ વચ્ચે આવે છે. અને નાનીની મા નાનીની નાની તેમજ દાદીની મા દાદીની નાની વારેસ થાય છે.

૧૪ નિયમિત હિસ્સા કુરઆન શરીફમાં છ છે (૧) અડધો $\frac{1}{2}$ (૨) ચતુર્થાંશ $\frac{1}{4}$ (ચોથો) (૩) અષ્ટમાંશ $\frac{1}{8}$ (આઠમો) (૪) બે તૃતીયાંશ $\frac{2}{3}$ (બે તેહાઇ) (૫) એક તૃતીયાંશ $\frac{1}{3}$ (એક તેહાઇ) અને (૬) ષષ્ટમાંશ $\frac{1}{6}$ (છઠ્ઠો ભાગ) સિરાજી. શરીફ મખતુમ વગેરે.

પુરૂષો.

૧૫ બાપની ત્રણ હાલત છે. (૧) જ્યારે મરનારને દીકરો પોત્ર કે એથી નીચેનો પરપોત્ર વગેરે હોય ત્યારે તે માત્ર નિયમિત હિસ્સો ષષ્ટમાંશજ લેનાર છે (૨) જ્યારે તેને દીકરી કે પોત્રી કે તેથી પણ નીચેની પરપોત્રી વગેરે હોય તો તેને નિયમિત હિસ્સો ષષ્ટમાંશ પણ મળે છે અને અસબા પણ થાય છે. એટલે પોતાનો નિયમિત હિસ્સો તથા બીજાઓના નિયમિત હિસ્સા આપ્યા બાદ જે બચશે તે પણ લેશે. અને (૩) જ્યારે તેને દીકરો દીકરી કે પોત્ર પોત્રી કે એથી નીચેના પરપોત્ર કે પરપોત્રી વગેરે ન હોય ત્યારે તે અસબાજ છે.

૧૬ દાદો કે પરદાદો એની ચાર હાલત છે. ત્રણતો બાપનાજ જેવી અને ચોથી આ કે તે બાપના હોતાં અભાગ્યો (મહરૂમ) થાય છે. એવીજ રીતે પરદાદો દાદાના હોતાં અભાગ્યો થાય છે. સિરાજી.

ખોલાસો.

અરબીમાં જદનો શબ્દ નાના તથા દાદા બંને ઉપર બોલાય છે આ જગ્યા જે જદનો શબ્દ વપરાયો છે તે તે છે કે મૈયત સાથની

તેની સગાઇમાં મા આવે નહીં. તો દાદો પરદાદો એનો બાપ એનો દાદો વગેરે ઉપરના સર્વ જદમાં દાખલ થશે અને નાનો નાનાનો બાપ નાનીનો બાપ એમાં દાખલ થશે નહીં. કેમકે તેઓની સગાઇમાં વચ્ચે મા આવે છે. સિરાજી.

૧૭ માજણો ભાઇ (કોઠારો અખયારી) એની ત્રણ હાલત છે. (૧) એકને માટે ષષ્ટમાંસ છે. (૨) એકથી વધુ હોય તો તેઓને તૃતીયાંશ છે. એવો ભાઇ તથા એવી બેહેન હિસ્સો લેવામાં સરખાં હોય છે. અને (૩) દીકરો દીકરી, પૌત્ર પૌત્રી અગર જો નીચેના દરજાના હોય તેઓના હોવાં તથા બાપ કે દાદો હોતાં એઓ અભાગ્યાં થાય છે.

ખોલાસો.

કોઠારા ભાઇ બેહેન હિસ્સો લેવામાં સરખાં છે. એટલે જો કોઇ શખ્સ મરે અને તેની એક માજણી બેહેન હોય અને એક માજણો ભાઇ હોય તો તેઓને એક તૃતીયાંશ મળશે અને ફરી તે તૃતીયાંશને બંને સરખો વેહેંચી લેશે. દરેક ષષ્ટમાંશ લેશે. જો એવી બે બેહેનો હોય અથવા એવા બે ભાયો હોય તો પણ એજ પ્રમાણે મળશે. ત્રણ ચાર કે વધુનો પણ એજ હાલ છે. જો એકજ એવો ભાઇ હોય કે એવી એકજ બેહેન હોય તો તેને એક ષષ્ટામાંશ મળશે. મતલબ કે માજણામાં નરનારીનો કંઇ ફેર નથી. એજ માટે માજણી બેહેનનું વર્ણન સ્ત્રીઓના બયાનમાં થશે નહીં. આ કાયદો ખાસ એઓનેજ માટે છે નહીં તો બીજાઓમાં બેહેનથી ભાઇને બેવડો મળે છે.

૧૮ **ખાવિન્દ** એની બેહાલત છે (૧) છોકરો છોકરી કે છોકરાનો છોકરો છોકરી અગર જો નીચેના દરજાના હોય એમાંના કોઇના હોવાથી ચતુર્થાંશ મળે છે અને (૨) જો એઓમાંનું કોઇ નહોય તો અડધો ભાગ મળે છે. સિરાજી.

ખોલાસો.

કુરઆન શરીફમાં કહેવાયું છે "જો તે ધણિયાણીઓની ઓલાદ નહીં હોય તો તમને અડધો માલ છે" આથી જણાયું કે મરનારની ઓલાદ જોવાનું છે ફરી તે આ ધણીથી થઇ હોય અથવા આગળા ધણીથી થઇ હોય. જ્યારે ઓલાદ હશે તો ચતુર્થાંશ અને નહીં હશે તો અડધો મળશે. હવે જો મરનારીને બીલકુલ ઓલાદ થઇ નહોય અથવા થઇ હોય પણ તેણીના મૃત્યુ વેળા રહી નહીં હોય અને ખાવિન્દને બીજી સ્ત્રીથી ઓલાદ હોય તો એ ઓલાદ એને અડધો હિસ્સો લેતાં અટકાવ કરશે નહીં. કારણ કે એ મરનારીની ઓલાદ નથી. વળી રહીકે મખતુમમાં છે કે મરનારીનો નવાસો કે નવાસી હોય તો તે પણ અડધો માલ લેતાં રોકાણ કરે નહીં.

સ્ત્રીઓ.

૧૯ **ધણિયાણી** એની બે હાલત છે. (૧) દીકરો દીકરી કે પૌત્ર પૌત્રી અગર જો નીચેના દરજાના હોય, એમાંનું કોઇ હોવાથી અષ્ટામાંશ મળશે અને (૨) જો એમાંનું કોઇ નહોય તો ચતુર્થાંશ મળશે. સિરાજી.

ખોલાસો.

ના. ૧૮ ના ખોલાસા પ્રમાણે અહીં પણ સમજવું કે મરનાર પુરૂષની ઓલાદ છે કે નહીં. ફરી તે આ ધણિયાણીથી હોય કે બીજીથી હોય જો હશે તો એને આઠમો ભાગ મળશે અને જો નહીં હશે તો ચતુર્થાંશ મળશે. હવે જો સ્ત્રીને આગલા પુરૂષથી ઓલાદ હોય અને આ મરનારથી ઓલાદ નહીં હોય તો તેણીને ચતુર્થાંશ મળશે. એવીજ રીતે જો મરદને ઓલાદ હોય અને ધણિયાણીને નહીં હોય તો એથી એને ચતુર્થાંશ મળશે નહીં પણ આઠમો ભાગ મળશે. વળી પુરૂષ ચાર સ્ત્રી કરી શકે છે તો એક કે એકથી વધુ ચાર સૂધી જેટલી હોય તે આ ચતુર્થાંશમાં કે અષ્ટમાંશમાં ભેગી છે. રાખેલી બાયડીનો કે ચાર જીવતી છતાં પાંચમી નિકાહનીનો કંઇ વારસો નથી. કારણ કે તે નિકાહની ગણતરી નથી. અને તેણીની મેહર તે કરજના કાયદામાં છે. એટલે તે લીધાથી હિસ્સો લેવામાં કશી અડચણ નથી. વળી મરનારની ધણિયાણી, એટલે તેના મરતી વેળા તેણીનું નિકાહમાં રહેવું જોઇએ. જો તે બીજા નિકાહ કરે તો તેથી તેના હિસ્સામાં કશી નુકસાની નથી.

તેણીને તેનો પૂરો હિસ્સો આપવો જોઇએ.

૨૦ **છોકરી** એની ત્રણ હાલત છે (૧) એકને અડધો છે. (૨) બે કે બેથી વધુને બે તૃતીયાંશ છે. અને [૩] છોકરાની સાથે નરને બે નારી જેટલું છે. તે તેણીઓને અસબા કરે છે. જેથી તેઓનો નિયમિત હિસ્સો રહેશે નહીં. સિરાજી.


ખોલાસો.

જો બે છોકરા અને ત્રણ છોકરી હોય તો નરને નારીથી બેવડું મળે છે તે પ્રમાણે બે છોકરાના ચાર ભાગ અને ત્રણ છોકરીના ત્રણ ભાગ મળી સાત ભાગ ઉપર વેહેંચાશે. જો એક છોકરો ને એક છોકરી હોય તો છોકરાના બે અને છોકરીનો એક મળી ત્રણ ભાગ ઉપર વેહેંચાશે. એવીજ રીતે હિસાબ કરી લેવું. છોકરો છોકરી જે લખાયાં તેની મતલબ મૈયતનાં છોકરા છોકરી છે. એટલે જો કોઇ પુરૂષ મરે અને તેની એક બાયડીથી છોકરો હોય અને બીજીથી છોકરી હોય તો તે છોકરો છોકરી આપસમાં સાવકા ભાઇ બેહેન થવાના પણ મરનાર ના તો પોતાનાજ છોકરાં છે એટલે હિસ્સો લેવામાં કલમ ૨૦ પ્રમાણેજ વેહેંચાશે. એવીજ રીતે જો એક સ્ત્રી મરે અને તેના એક ધણીથી એક છોકરો હોય અને બીજા ધણીથી છોકરી હોય તો તે છોકરો છોકરી આપસમાં કોહારા [અખયાફી] ભાઇ બેહેન છે પણ મરનારીના તો પોતાનાજ છોકરાં છે. એટલે હિસ્સો લેવામાં કલમ ૨૦ પ્રમાણેજ વેહેંચાશે મતલબ કે મૈયતની સગાઇનો ખ્યાલ રાખવાનો છે.

૨૧ **પોત્રી** એની છ હાલત છે ત્રણ તો દીકરીનાજ જેવી એટલે (૧) એક પોત્રીને અડધો (૨) બે કે બેથી વધુને બે તૃતીયાંશ અને (૩) પોતાના દરજાનો અથવા નીચેના દરજાનો એટલે પોત્ર કે પરપોત્ર હોય તો તે તેણીઓને અસબા કરે છે. નરને બે નારી જેટલું છે, તેઓનો નિયમિત હિસ્સો રહેશે નહી. (૪) એક છોકરીની સાથે પોત્રી અથવા પોત્રીઓને એક ષષ્ટમાંશ મળશે (૫) બે છોકરીઓ હોય તો પોત્રી કે પોત્રીઓને કંઇ મળશે નહીં. પણ જો પોત્રી કે પરપોત્રીઓની સાથે પોત્ર હોય ફરી તે તેઓના દરજાનો હોય અથવા નીચેના દરજાનો હોય એટલે પોત્ર હોય કે પરપોત્ર હોય તો તે તેણીઓને અસબા કરશે. એટલે બે છોકરીઓનો હિસ્સો બેતૃતીયાંશ આપ્યા બાદ જે રહેશે તે પોત્ર પોત્રીમાં નરને બે અને નારીને એકના કાયદા પ્રમાણે વેહેંચાશે અને (૬) છોકરો છતાં પોત્રીઓને કંઇ મળશે નહીં. સિરાજી.

ખોલાસો.

પોત્રી શબ્દથી માત્ર દીકરાની દીકરી સમજવી નહીં પણ પોત્રની દીકરી પરપોત્રી પણ એજ કાયદામાં છે પોત્રી નહીં હોય તો પરપોત્રી પોત્રીની જગ્યાએ છે. તેની સાગળી હાલતો તે પરપોત્રીની છે. અને દીકરી નહીં હોય અને પોત્રી તથા પરપોત્રી હોય તો પોત્રી દીકરીની જગ્યા અને પરપોત્રી પોત્રની જગ્યા સમજવી. એવીજ રીતે જેમ પોત્રીને દીકરો છતાં કંઇ મળતું નથી તેમ પોત્ર છતા પરપોત્રીને કંઇ મળતું નથી. આ જગ્યા સમજુતી માટે સિરાજી, શરીફી, આલમગીરી યા, દુર્રે મુખતારમાં એક કોઠો લખાયો છે તે અતરે ઉતારૂં છું. (સમજુતી પૃ. ૯ ની નોટમાં)



આ ઝાડમાં ** પ્રથમ છોકરાની ઓલાદમાં ના. ૧ની પોત્રીના દરજ્જામાં કોઇ નથી. અને પ્રથમ છોકરાની ઓલાદમાં ના. ૨ ની પોત્રીના દરજ્જામાં બીજા છોકરાની ઓલાદની ના. ૧ ની પોત્રી છે અને પ્રથમ છોકારાની ઓલાદમાં ના. ૩ની પોત્રીના દરજ્જામાં બીજા છોકરાની ઓલાદની ના. ૨ની તથા ત્રીજા છોકરાની ઓલાદની ના. ૧ની પોત્રીઓ છે. અને બીજા છોકરાની ઓલાદની ના. ૩ની પોત્રીના દરજ્જામાં ના. ૩ના છોકરાની ઓલાદની ના. ૨ની પોત્રી છે. અને ના. ૩ના છોકરાની ઓલાદની ના. ૩ ની પોત્રીના દરજ્જામાં કોઇ નથી. હવે ના. ૧ ના છોકરાની ઓલાદની ના. ૧ની પોત્રીના દરજ્જામાં કોઇ નહીં હોવાથી તે છોકરીને ઠેકાણે હોવાથી તેને અડધો મલશે. અને એજ છોકરાની ઓલાદની ના. ૨ની તથા તેના દરજ્જાની ના. ૨ ના છોકરાની ઓલાદની ના. ૧ ની પોત્રીને ષષ્ટમાંશ મળશે. અને એથી નીચેની છ પોત્રીઓને કંઇ મળશે નહીં. પણ જો એઓમાં કોઇ છોકરો હોય તો તે પોતાના દરજ્જાનીને તથા પોતાથી ઉપરની ને અસબા કરશે. અને એક તૃતીયાંશ બચેલો તેઓ આપસમાં વહેંચી લેશે. પુરૂષને બે સ્ત્રી જેટલું એ પ્રમાણે લેશે. દાખલા તરીકે જો ના. ૨ ના છોકરાની ઓલાદમાં ના. ૨ની છોકરીનો ભાઇ હશે તો તે પ્રથમ છોકરાની ના. ૩ ની છોકરીને તથા પોતાની બેહેનને તથા ત્રીજા છોકરાની ઓલાદની ના. ૧ની પોત્રીને અસબા કરશે અને તે બાકી રહેલો તૃતીયાંશને પાંચ ભાગે વહેંચશે. બે તે પોત્ર લેશે અને એક એક તે ત્રણે પોતરીઓ લેશે. અને જો ત્રીજા છોકરાની ઓલાદની ના. ૨ની પોત્રીની સાથે પોત્ર હશે તો તે પોતાની બેહેનને તથા બીજા છોકરાની ઓલાદની ના. ૩ની પોત્રીને તથા ઉપર વર્ણાયલી ત્રણ પોત્રીઓને અસબા કરશે, એટલે તે બાકી રહેલો એક તૃતીયાંશ સાત ભાગે વહેંચાશે. એક એક પાંચ પોત્રીને અને બે પોત્રને. એ મસલો જરા વિચાર શકિત વાપરવાથી સારી રીતે સમજમાં આવે છે. તથા એથી જેહેન તેજ થાય છે. (હોશયારી આવે છે) માટે જોએ સિરાજ, શરીફીયા, રદ્દી- કે મખતુમમાં એ મસલાનું નામ "તશબીબ" અપાયું છે. આ જગ્યા પોત્રીઓનો મસલો (હિસ્સો) કાઢવામાં એક ધોકો આવે છે. તે એ કે જો કોઇ મૈયત એક દીકરી, એક પોત્રી અને બે પોત્ર મુકી જાય તો પોત્રીને કયો હિસ્સો મળે? દીકરીની સાથે પોત્રીને ષષ્ટમાંશ મળે છે, તે આપીએ કે પોત્રાઓ સાથે એને અસબા કરીએ. અસબા કરવામાં ઘણું ઓછું મળે છે અને ષષ્ટમાંશ આપવામાં તેને ઘણું મળે છે એનો ખોલાસો આલમગીરીયામાં છે કે તે પોત્રી અસબા થશે. દીકરીની સાથે પોત્રીને ષષ્ટમાંશ ત્યારે મળે છે કે જ્યારે તેના દરજ્જાનો પોત્ર નહીં હોય.

૨૧ **સગી બેહેનો** એની પાંચ હાલતો છે (૧) એકને માટે અડધો છે (૨) બે કે તેથી વધુને બે તૃતીયાંશ છે (૩) સગા ભાઇની સાથે નરને બે નારી જેટલું છે. તેની સાથે એ બેહેનો અસબા થશે (૪) છોકરી અથવા પોત્રી સાથે સગી બેહેનો અસબા બને છે સિરાજી. ફરી તે એક બેહેન હોય અથવા ઘણી હોય તેમજ એક દીકરી કે પોત્રી હોય અથવા ઘણી હોય દોએસેરાજ. અને (૫) દીકરો, પોત્ર અગર એ નીચેના દરજ્જાનો હોય, બાપ અને દાદો હોતાં બેહેનો અભાગ્યણ થાય છે. સિરાજી.

** ઝાડની સમજુતી "મૈ"ની સાથે લીટી બંચેલી છે એને મૈયત સમજવું એના ત્રણ છોકરા હતા તે બાપની સામે મરેલા. પેહેલા છોકરાને એક છોકરો અને એક છોકરી થઇ ફરી તે છોકરાને એક છોકરો અને એક છોકરી થઇ ફરી તે છોકરાને એક છોકરી થઇ. બીજા છોકરાને એક છોકરો થયો ફરી તે છોકરાને એક છોકરો અને એક છોકરી થઇ. ફરી તે છોકરાને એક છોકરો તથા એક છોકરી થઇ ફરી તે છોકરાને એક છોકરી થઇ. ત્રીજા છોકરાને એક છોકરો થયો ફરી તે છોકરાને એક છોકરો થયો. ફરી તે છોકરાને એક છોકરો તથા એક છોકરી થઇ ફરી તે છોકરાને એક છોકરો તથા એક છોકરી થઇ ફરી તે છોકરાને એક છોકરી થઇ. ઝાડમાં "રો"થી મતલબ છોકરો છે અને "રી"થી મતલબ છોકરી છે. ગુ. મો.

ચેતવણી આ જગ્યા પણ મસલો બતાવનારને ધોકો થાય છે. તે એ કે જો કોઇ મૈયત એક દીકરી, એક પોત્રી અને એક બેહેન છોડે તો પોત્રીને હિસ્સો મળે કે નહીં ? કલમ ૨૧ પ્રમાણે દીકરીની સાથે બેહેન અસબા થાય છે એટલે દીકરીનો હિસ્સો આપતાં જે બચે તે બેહેન લ્યે, કારણ કે તે અસબા થાય છે અને પોત્રી અભાગ્યણ રહે. પણ તેમ નથી. ચોથી હાલતમાં વર્ણાયું છે કે જેવી રીતે દીકરીની સાથે બેહેન અસબા થાય છે તેમ પોત્રીની સાથે પણ અસબા થાય છે. એટલે એ બંને નિયમિત હિસ્સો લેનારી છે. અને કલમ ૨૦ માં લખી ગયા છીએ કે એક દીકરી સાથે પોત્રીને છઠ્ઠો હિસ્સો મળશે. તે પ્રમાણે આ મસલામાં દીકરીને અડધો, પોત્રીને છઠ્ઠો અને બાકીનો માલ બેહેનને મળશે. શરીફીયા. બોખારી શરીફ વગેરેમાં હજરત અબ્દુલ્લાહ બીન મસઉદ (રદી) નો પણ ફેસલો એવોજ રીતનો છે. વળી બીજો ધોકો આ પણ થાય છે કે બેહેન તો દીકરીને લીધે અસબા છે એને "અસબા મઅલગૈર" કહે છે. અને ભાઇ તો હંમેશ પોતે અસબા છે ફરી તે સગો હોય કે બાપ જણ્યો હોય. હવે મરનાર જો એક દીકરી, એક સગી બેહેન અને સાવકો ભાઇ છોડે તો દીકરીને અડધો અને સાવકા ભાઇને બાકીનો મળવો જોઇએ અસબાની રૂએ, અને બેહેન અભાગ્યણ થવી જોઇએ. પણ તેમ નથી. અડધો દીકરીને મળશે અને બાકીનો સગી બેહેનને મળશે. રદીક મખતુમ. કારણ કે માબાપ જણ્યો અસબા તે બાપ જણ્યા અસબાથી શ્રેષ્ઠ છે. સગાઇમાં મજબુતાઇને લીધે. આ કાયદો હંમેશ ધ્યાનમાં રાખવાનો છે. સગાઇમાં મજબુતાઇવાળો એટલે માબાપ જણ્યો અસબા બાપ જણ્યા અસબાને વારસો લેતાં અટકાવે છે.

૨૩ **બાપજણી (અલ્લાતી) બેહેનની** સાત હાલતો છે. (૧) એકને અર્ધો છે (૨) બે કે તેથી વધુને બે તૃતીયાંશ છે. આ બંને હાલતો સગી બેહેન નહીં હોવાથી છે. (૩) એક સગી બેહેનની સાથે એક ષષ્ટમાંશ છે. (૪) બે સગી બેહેનો હોવાથી વારસો મળતો નથી પણ (૫) તેણીની સાથે બાપજણ્યો ભાઇ હોય તો તે તેણીઓને અસબા બનાવે છે જેથી બંને સગી બેહેનોના બે તૃતીયાંશ લીધા બાદ જે બચે તે પુરૂષને બે સ્ત્રીના જેટલુંના કાયદા પ્રમાણે બાપજણી બેહેન તથા બાપ જણ્યો ભાઇ વહેંચી લ્યે. (૬) દીકરીઓ અથવા પોત્રીઓ સાથે એઓ પણ અસબા થાય છે. અને (૭) દીકરો, પોત્ર અગર એ નીચેના દરજાનો હોય જેમકે પોત્રનો દીકરો, તથા બાપ, દાદો, માબાપ જણ્યો (સહોદર) ભાઇ, અને દીકરી અથવા પોત્રી સાથે સગી બેહેન અસબા બની હોય તે, એઓના હોતા આ બેહેનો અભાગ્યણ થાય છે. સિરાજી.

ચેતવણી જો એક દીકરીની સાથે બેહેન હોય તો તે તેણીની સાથે અસબા થાય છે. પણ જો તેણીનાજ દરજાના ભાઇ હોય એટલે જો આ બેહેન સગી હોય અને એની સાથે સગો ભાઇ હોય અથવા જો આ બેહેન સાવકી હોય અને એની સાથે સાવકો ભાઇ હોય તો તે દીકરીની સાથે અસબા થશે નહીં, પણ તેનો ભાઇ એને અસબા કરશે. એટલે દીકરીનો હિસ્સો આપતાં જે રહેશે તે આ ભાઇ બેહેન પુરૂપને બે સ્ત્રી જેટલુંના કાયદા પ્રમાણે વેહેંચી લેશે. દાખલા તરીકે જો કોઇ મૈયતની એક દીકરી, એક બેહેન અને બેહેનના દરજાનો ભાઇ હોય તો દીકરીને અર્ધો મળશે, અને બાકીનો તે ભાઇ બેહેન વહેંચી લેશે. જો બેહેન દીકરી સાથે અસબા થઇ હોત તો ભાઇને કંઇ મળતે નહીં, પણ તેમ નથી. સરખા દરજાના પોતાના ભાઇની સાથે બેહેન અસબાજ થાય છે. રદીક મખતુમ. આથી તમો સમજી શકશો કે જો એક સગી બેહેન, એક સાવકી બેહેન, (બાપ જણી) અને એક સાવકો ભાઇ હોય તો સાવકી બેહેન એક સગી બેહેન સાથે ષષ્ટમાંશ લે છે તે કાયદો રહેતો નથી પણ પોતાના ભાઇ સાથે અસબા થશે.

૨૪ **મા એની ત્રણ હાલત છે** (૧) દીકરો કે દીકરી અથવા પોત્ર કે પોત્રી અગર જો નીચેનાં દરજાનાં હોય જેમકે પોત્રનો દીકરો કે દીકરી હોય અથવા કોઇપણ તરેહનાં એટલે માબાપ જણ્યાં

અથવા બાપ જણ્યાં અથવા મા જણ્યાં બે ભાઇ કે બે બેહેન અથવા એક ભાઇ અને એક બેહેન હોય અથવા બેથી વધુ હોય તો ષષ્ટમાંશ છે. (૨) જો એમાનું કોઇ ન હોય અને મરનારીનો બાપ તથા ખાવિન્દ પણ નહોય અથવા મરનારનો બાપ તથા ધણિયાણી નહીં હોય તો સઘળા માલનો એક તૃતીયાંશ છે. પણ (૩) જો મરનારનો માત્ર બાપ અને ધણિયાણી હોય અથવા મરનારીનો માત્ર બાપ અને ખાવિન્દ હોય તો ધણી અથવા ધણિયાણીને આપતાં જે બચે તેનો તૃતીયાશ મળશે. સિરાજી વગેરે.

ખોલાસો.

મરનારીનો જો માત્ર ખાવિન્દ, બાપ અને મા હશે તો ખાવિન્દને અડધો માલ મળશે અને બાકીનો અડધો માલ તેનો તૃતીયાંશ એટલે પુરા માલનો છઠ્ઠો હિસ્સો તે માને મળશે. અને બાપ અસબા છે જેથી તેને બચેલાના બે તૃતીયાંશ જે પુરા માલનો તૃતીયાંશ છે તે મળશે. એવીજ રીતે જો મરનારનો બાપ, ધણિયાણી અને મા હોય તો ધણિયાણીને ઓલાદ નહીં હોવાથી ચતુર્થાંશ આપ્યા બાદ જે બચે તેનો તૃતીયાંશ એટલે પૂરા માલનો ચતુર્થાંશ માને મળશે. અને બાપ અસબા છે જેથી તેને બચેલાના બે તૃતીયાંશ જે પૂરા માલનો અડધો છે તે મળશે.

૨૫ **દાદી તથા નાનીની** બે હાલત છે. તેને એક ષષ્ટમાંશ મળે છે. એકલી દાદી હોય તો તેને ષષ્ટમાંશ મળશે તેમ એકલી નાની હશે તો તેણીને ષષ્ટમાંશ મળશે. અને જો બંને હશે તો એક ષષ્ટમાંશને વહેંચી લેશે. અને (૨) માના હોવાથી નાની તથા દાદી બંને અભાગ્યણુ થાય છે. એવીજ રીતે બાપના હોવાથી દાદી માત્ર અભાગ્યણુ થાય છે. તથા દાદાના હોવાથી તેના દરજાની દાદી વારેસ થાય છે પણ ઉપરની દાદી એટલે પરદાદી તથા પરદાદાની મા વારેસ થતી નથી. અને નજદીકના દરજાની નાની અથવા દાદી આઘેના દરજાની નાની તથા દાદીને વારસો લેતાં અટકાવ કરે છે. સિરાજી.

ખોલાસો.

વારસો લેનારી સ્ત્રીમાં ૮ સ્ત્રી ગણી છે તેનો આધાર આટલા ઉપરજ છે કે નાની તથા દાદી બંનેને અરબીમાં જદ્દા કહે છે જેથી તેને એક ગણી છે. નહીં તો ૯ સ્ત્રી વારેસ થાય છે. વારસો લેવામાં દાદી કરતાં નાની વધારે મજબુત છે. કારણ કે તેને માત્ર મૈયતની મા વારસો લેતાં રોકાણ કરે છે, પણ દાદીને તો મૈયતની મા જેમ રોકાણ કરે છે તેમ તેનો બાપ તથા તેનો દાદો પણ રોકાણ કરે છે. એટલે પરદાદી (દાદાની મા) જેમ બાપના હોવાથી અભાગ્ય છે તેમ દાદાના હોવાથી પણ અભાગ્ય છે. વળી નાનીની મતલબ માની માજ નથી પણ નાનાની મા, નાનીની નાની ફરી તે ગમે તેટલે દરજ્જે જાય તે સઘળી એમાં દાખલ છે. પણ ના. ૧૩ ના ખોલાસામાં હું લખી આવ્યો છું કે નાનો જદે ફાસેદ છે. એટલે તે જે નાનીની સગાઇમાં વચ્ચે આવશે તે નાનીને વારસો મળશે નહીં. દાખલા તરીકે નાનાની મા, નાનાની નાની વગેરે નાનાના વચ્ચે આવ્યાથી અભાગ્યણુ છે. એવીજ તરેહ દાદાની મતલબ બાપનીજ મા નથી પણ દાદીની મા, દાદીની નાની ફરી તે ગમે તેટલે દરજજે જાય તે સઘળી એમાં દાખલ છે. એવીજ રીતે દાદાની મા દાદાની નાની વગેરે પણ એમાં દાખલ છે. તેમ પરદાદાની મા પરદાદાની નાની વગેરે પણ એમાં દાખલ છે. જો નાનો વચ્ચે આવશે તો ઉપરની દાદી વારસો લેતાં રોકાશે. દાખલા તરીકે દાદાની નાની તથા દાદાની પર નાની વારેસ છે પણ દાદાના નાનાની મા વારેસ નથી. આ સઘળી નાનીયો તથા દાદીઓ માટે આટલું ધ્યાનમાં રાખવું અવસ્ય છે કે પાસેની નાની તથા દાદી આઘેની નાની તથા દાદીને રોકાણ કરનાર છે. આથી તમો સમજયા હશો કે એક મૈયતની નાની તથા દાદી બેથી વધુ પણ વારેસ થઇ શકે છે. દાખલા તરીકે નાનીની મા તથા દાદીની મા તથા દાદાની મા મલી ત્રણ થઇ, અને એ ત્રણે સરખા દરજાનની છે. હવે જો એક પેઢી ઉપર ચાલો તો નાનીની નાની, દાદીની

નાની, દાદાની નાની તથા પરદાદાની મા મળી ચાર થઇ. અને એ સઘળી મૈયતથી પાંચમે દરજ્જે સરખી છે. એવીજ રીતે દરએક પેઢીએ એક એક બાપ તરફથી વધતી જશે. ખજાનતુલ મુફતીન તથા શરહકન્જ એની. અને મા તરફથી તો ગમે તટલી પેઢી વધે માત્ર એકજ વારેસ થાય છે.

૧ **ચેતવણી** સઘળા જવીલ ફ્રુરૂજ (નિયમિત હિસ્સા લેનાર)ના હિસ્સા પૂરા વર્ણાંયા છે. એ સઘળાઓને જે હિસ્સો અડધો કે ચતુર્થાંશ કે તૃતીયાંશ વગેરે અપાઓ છે તે સઘળા માલનો અડધો કે ચતુર્થાંશ કે તૃતીયાંશ વગેરે સમજવું. પણ કલમ ૨૪ માં માની ત્રીજી હાલત માત્ર એવી છે કે જેમાં નિયમિત હિસ્સો લેનારનો હિસ્સો બાદ જે બચે તેનો તૃતીયાંશ છે એ વાત ખુબ ધ્યાનમાં રાખવી જોઇએ.

૨ **ચેતવણી** મારા વાંચકો તમે નિયમિત હિસ્સાવાળાઓના હિસ્સા વાંચ્યા છે પણ આ વિદ્યામાં એ હિસ્સાઓને સારી રીતે યાદ રાખવું અગત્યનું છે કારણ કે એના જાણવા ઉપરજ વારેસોના વારસા જાણવાનું કામ અટકેલું છે. માટે તે હિસ્સાઓને બીજી રીતે પણ બયાન કરૂં છું કે જેથી તે સારી રીતે સમજમાં આવે તથા હ્રદયમાં જમી જાય.

અર્ધો ½ એ પાંચ શખ્સોને મળે છે (૧) દીકરીને (૨) પોત્રીને જ્યારે દીકરી નહીં હોય ત્યારે. (૩) સગી બેહેન (સહોદર)ને (૪) બાપ જણી (અલ્લાતી) બેહેનને જ્યારે સગી બેહેન નહીં હોય ત્યારે તથા બેહેનો એકલી હોય તેમની સાથે તેઓના ભાયો કે મરનારની છોકરી નહીં હોય ત્યારે. (૫) ખાવિન્દને જ્યારે મરનારીની ઓલાદ નહીં હોય ત્યારે.

ચતુર્થાંશ ¼ એ બે શખ્સોને મળે છે (૧) ખાવિન્દને જ્યારે મરનારીની ઓલાદ હોય ત્યારે. અને (૨) બાયડી અથવા બાયડીઓને જ્યારે મરનારની ઓલાદ નહીં હોય ત્યારે.

અષ્ટમાંશ ⅛ એ માત્ર એક બાયડીને અથવા અનેક બાયડીને મળે છે જ્યારે મરનારની ઓલાદ હોય ત્યારે.

બે તૃતીયાંશ ⅔ એ ચાર શખ્સોને મળે છે (૧) બે દીકરીને (૨) બે પોત્રીને જ્યારે દીકરી ન હોય ત્યારે (૩) બે સગી બેહેનને (૪) બે બાપ જણી બેહેનને જ્યારે સગી બેહેન (સહોદર) ન હોય ત્યારે. એમાં બે અને બેથી વધુ ત્રણ ચાર પાંચ વગેરે સઘળી બેને બરાબર છે. એટલે જેમ બેને બે તૃતીયાંશ મળે છે તેમ તેથી વધુને પણ બે તૃતીયાંશજ મળે છે.

એક તૃતીયાંશ (⅓) બે શખ્સોને મળે છે. (૧) માની ઓલાદ કોઠારા ભાઈ બેહેનને, જ્યારે તે એકથી વધુ હોય ત્યારે. એમાં નર નારી સરખાં છે જેટલાં હોય તે સઘળાં તૃતીયાંશને વહેંચી લીયે. (૨) માને જ્યારે મરનારની ઓલાદ તથા બે ભાઇ કે બે બેહેન અથવા એક ભાઇ ને એક બેહેન નહીં હોય ત્યારે. ફરી તે ભાઇ બેહેનો સગાં (સહોદર) હોય અથવા સાવકાં હોય અથવા કોઠારાં હોય. તેઓને વારસો મળતો હોય અથવા નહીં મળતો હોય. અને એ મરનારીના માત્ર મા બાપ અને ખાવિન્દજ હોય બીજું કોઇ વારેસ ન હોય તો ખાવિન્દનો અડધો હિસ્સો આપ્યા બાદ જે રહે તેનો તૃતીયાંશ મળે છે. એવીજ રીતે જો મરનારના માત્ર માબાપ અને બાયડીજ હોય ફરી તે બાયડી એક હોય કે ઘણી હોય તો તેણીનો ચતુર્થાંશ હિસ્સો આપ્યા બાદ જે રહે તેનો તૃતીયાંશ મળે છે. પણ એ તૃતીયાંશ ખરૂ જોતાં ખાવિન્દના હિસ્સા બાદ ષષ્ટમાંશ છે અને બાયડીના હિસ્સા બાદ ચતુર્થાંશ છે.

ષષ્ટમાંશ (⅙) સાત જણાને મળે છે. (૧) માને જ્યારે મરનારની ઓલાદ હોય અથવા બે ભાઇ કે બે બેહેન કે એક ભાઈ ને એક બેહેન હોય ત્યારે. (૨) માની ઓલાદ કોઠારો ભાઇ કે બેહેનને જ્યારે તે એક હોય ત્યારે. (૩) બાપને જ્યારે મરનારની ઓલાદ હોય ત્યારે (૪) દાદાને જ્યારે મરનારની ઓલાદ હોય અને બાપ ન હોય ત્યારે. (૫) નાનીને અથવા દાદીને. અને જો બંને હોય તો બંને વચ્ચે તે ષષ્ટમાંશ છે (૬) એક પોત્રી કે અનેક પોત્રીઓને જ્યારે મરનારની

એક દીકરી હોય ત્યારે. પરપોત્રીનો પણ એજ કાયદો છે. એટલે એક કે અનેક પરપોત્રીને ષષ્ટમાંશ મળે છે. જ્યારે મરનારની એક દીકરી અથવા દીકરી નહીં હોય અને એક પોત્રી હોય ત્યારે. અને (૭) સાવકી [બાપજણી] બ્હેનને અગર જો અનેક હોય જ્યારે સગી બ્હેન એક હોય ત્યારે.

અસબાનું વર્ણન.

૨૬ અસબા તે દરેક શખ્સ છે કે નિયમિત હિસ્સાવાળાઓથી જે બચે તે લ્યે અને જો નિયમિત હિસ્સાવાળા નહીં હોય તો સઘળો માલ લ્યે. સિરાજી. દુરેં મુખતાર. રહીક મખતુમ વગેરે.

૨૭ અસબા ચાર છે. સગાઇની રૂએ અસબાની ત્રણ તરેહ છે (૧) અસબા બેનફસિહી [પોતે અસબા] (૨) અસબા બેગૈરેહી [બીજાને લીધે અસબા] અને (૩) અસબ મઅગૈરેહી (બીજાની સાથે અસબા) સિરાજી. અને (૪) કારણની રૂએ એક અસબા છે. (અસબા સબબી) જેને મૌલલ અતાકા કહે છે. સિરાજી.

ખોલાસો.

ખરૂં જોતાં મુળ અસબા તો અસબા બેનફસિહીજ છે. અને બીજા જે છે તે યાતો બીજાને તોફેલે અસબા છે. અથવા કોઇ કારણસર અસબા થયો છે. એજ માટે જ્યારે અસબા શબ્દનું વ્યાખ્યાન કરવામાં આવે છે તો અસબા બેનફસિહીજ વર્ણાય છે. વળી નસબની રૂએ જે અસબા છે તેમાંજ અસબા બેગૈરિહી અને અસબા મઅગૈરિહી થાય છે, અને અસબા સબબીમાં આ બે જાતી થતી નથી. અને અસબા બેગૈરિહી ને અસબા બિલગૈર પણ કહે છે. અને અસબા મઅગૈરિહીને અસબા મઅલગૈર પણ કહે છે. વળી જવીલ ફોરૂજમાં ચાર પુરૂષ છે તેમાંથી માજણો ભાઇ કદી અસબા થતો નથી તેમ ખાવિન્દ પણ ખાવિન્દપણાની રૂએ કદી અસબા થતો નથી. હા, જો તે કાકાનો છોકરો હોય તો એથી પોતાનો ખાવિન્દપણાનો હિસ્સો લઇ અસબા થશે. અને જવીલ ફોરૂજમાં આઠ સ્ત્રી છે તેમાંથી ધણિઆણી, મા, નાની–દાદી, અને માજણી (અખયાફી) બ્હેન કદી કોઇ પણ જાતીની સગાઇની રૂએ અસબા થતાં નથી.

૨૮ અસબા બેનફસિહી તે દરેક પુરૂષ છે કે મૈયત તરફની તેની સગાઇમાં સ્ત્રી વચ્ચે આવી નહીં હોય દુરેં મુખતાર. સિરાજી. રહીક મખતુમ વગેરે.

ખોલાસો.

“ સગાઇમાં સ્ત્રી વચ્ચે આવી નહીં હોય ” કહેવાથી મા જણો ભાઇ નીકળી ગયો, કારણ કે તેની સગાઇમાં મા વચ્ચે છે પણ જો તે મા જણો ભાઇ કાકાનો છોકરો પણ થતો હોય તો મા જણા ભાઇની રૂએ નહીં પણ કાકાનો છોકરો થવાથી તે અસબા છે. નિયમિત હિસ્સો પોતાનો લીધા પછી અસબાપણાથી પણ લેશે.

૨૯ અસબા બેનફસિહનું અનુક્રમ આવી રીતે છે. [૧] મૈયતની શાખા એટલે દીકરા, પોત્રા, પરપોત્રા વગેરે ગમે તેટલે દરજાનો નીચેનો હોય. [૨] મૈયતની મુળ એટલે બાપ, દાદો, પર દાદો વગેરે ગમે તેટલે દરજજે ઉંચાણમાં હોય. [૩] બાપની શાખા એટલે ભાયો, ભત્રીજા, ભત્રીજાના છોકરા વગેરે ગમે તેટલે દરજજે નીચાણમાં હોય. અને [૪] દાદાની શાખા એટલે કાકા, કાકાના દીકરા, વગેરે ગમે તેટલે નીચે દરજજેના હોય. સિરાજી,

ખોલાસો.

આ અનુક્રમની આ મતલબ છે કે ના. ૧ નો અસબા હશે તો ના. ૨ નો કે ના. ૩ નો કે ના. ૪ નો કોઇ અસબાપણાથી લેશે નહીં. હા, ના. ૨ નો બાપ કે દાદો જવીલ ફોરૂજ હોવાથી પોતાનો હિસ્સો લેશે. એવીજ રીતે ના. ૨ ના અસબાની આગળ ના. ૩ ના. ૪ નો અસબા અસબાપણાથી કંઇ લેશે નહીં. હા, જો તેમાં જવીલ ફોરૂજની રૂએ વારેસ થતો હશે તો તે લેશે. દાખલા તરીકે મરનારીનો દીકરો છતાં કાકાના દીકરાનું અસબાપણું નકામું છે પણ જો તેણીનો એ ખાવિન્દ થતો હોય તો તે ખાવિન્દપણાની રૂએ પોતાનો હિસ્સો લેશે.

૩૦ અસબા બેનફસિહીના તરતીબવાર (અનુક્રમે) ચાર જાતી નીકળે છે તેમાં નજદીકીવાળો દૂરવાળાને અસબાપણાથી વારસો લેતાં અટકાવ કરે છે. સિરાજી.

ખોલાસો.

દીકરો છતાં પોત્ર લેશે નહીં તેમ પોત્ર છતાં પરપોત્ર અસબા ગણાશે નહીં. એવીજ રીતે બાપ છતાં દાદાને મળશે નહીં તથા દાદો છતાં પરદાદાને મળશે નહીં. એવીજ રીતે ભાઇ છતાં ભત્રીજો અભાગ્ય છે તથા ભત્રીજો છતાં ભત્રીજાનો દીકરો અભાગ્ય છે. એવીજ રીતે કાકાની આગળ કાકાનો દીકરો તથા કાકાના દીકરાની આગળ કાકાનો પોત્ર અસબાપણાથી વારિસ થશે નહીં.

૩૧ સગાઇમાં મજબુતાઇવાળો બીજા કરતાં શ્રેષ્ઠ ગણાશે.

ખોલાસો.

એટલે બે સગાઇવાળો અસબા એક સગાઇ વાળાથી ચઢયાતો છે. દાખલા તરીકે સગો ભાઇ (સહોદરી) બાપ જણ્યા ભાઇથી શ્રેષ્ઠ છે એના છતાં તેને મળે નહીં. એવીજ રીતે સગા કાકા આગળ બાપ જણ્યો કાકો અભાગ્ય થાય છે. એવીજ રીતે બાપના કાકાને સમજો.

૩૨ અસબા બેગૈરિહી તે છે કે જે પોતે નિયમિત હિસ્સાવાળી હોય તે કોઇ પોતાના દરજાવાળા અથવા પોતાથી નીચેવાળા અસબાને લીધે અસબા થઇ હોય.

ખોલાસો.

એવી ચાર ઓરતો છે. સિરાજી. દિકરીઓ, પોત્રીઓ, સગી બેહેનો, અને સાવકી બેહેનો. એઓ પોતાના ભાઇને લીધે અસબા થાય છે. જેમકે એઓની હાલતોમાં વર્ણાયું છે. પોત્રી જેમ પોતાના ભાઇથી અસબા થાય છે તેમ પોતાના દરજાવાળા અથવા તેની નીચેવાળા પુરૂષથી પણ અસબા થાય છે દાખલા તરીકે પોત્રની દીકરી જેમ પોતાના ભાઇથી અસબા થાય છે તેમ જો તે નહીં હોય તો પોતાના કાકાના દીકરાથી પણ અસબા થશે. એવીજ રીતે તે પોતાના કાકાના પોત્રથી કે પોતાના ભાઇના દીકરાથી પણ અસબા થશે કે જેઓ એનાથી નીચેના દરજાના છે. જેમકે પોત્રીઓની હાલતમાં ખુલ્લું વર્ણાયું છે. અને "જે પોતે નિયમિત હિસ્સાવાળી હોય" કહેવાથી ફોઇ નીકળી ગઇ તે પોતાના ભાઇથી અસબા થતી નથી. કારણ કે ફોઇ નિયમિત હિસ્સો લેનારીઓમાંથી નથી. એવીજ રીતે ભત્રીજી પણ નીકળી ગઇ. તે નિયમિત હિસ્સો લેનારી નહીં હોવાથી પોતાના ભાઇથી અસબા થતી નથી.

૩૩ અસબા મઅગૈરિહી તે નિયમિત હિસ્સો લેનારી છે કે જે દીકરી અથવા પોત્રી સાથે અસબા બને. રહીકે મખતુમ.

ખોલાસો.

એ માત્ર બેહેનોજ થાય છે ફરી તે સગી હોય કે સાવકી હોય. દીકરીઓની સાથે અસબા થાય છે. જેમકે એઓની હાલતોમાં વર્ણાયું છે. પણ જેમ અસબા બેનફ્સિહીમાં વર્ણાયું તેમ આમાં પણ સગાઇમાં મજબુતાઈવાળી બીજાથી શ્રેષ્ઠ રહે છે. એટલે દીકરીઓની સાથે સગી બેહેન અસબા થાય છે તે નહીં હોય તો ફરી સાવકી બેહેન અસબા થાય છે. કારણ કે સગી બેહેન મા બાપ બંને તરફથી સગાઇ રાખે છે, અને સાવકી બેહેન માત્ર બાપ તરફથીજ સગાઇ રાખે છે. અને માજણી બેહેન અસબા થતી નથી. કારણ કે તે ઓલાદ હોવાથી મહરૂમ [અભાગ્યણ] થાય છે. જેથી તે નિયમિત હિસ્સાવાળી નથી. એવીજ રીતે તેનો ભાઇ અસબા નથી કે તે અસબાને લીધે અસબા બને. મઝકુર બયાનથી જણાયું હશે કે અસબા બેગૈરિહી અને અસબા મઅગૈરિહી બંને સ્ત્રીઓજ થાય છે પુરૂષ થતા નથી. અને એ બંનેમાં ફેર આ છે કે અસબા બેગૈરિહીમાં સાથ વાળો અસબા હોય છે જેમ કે ભાઇ વગેરે. અને અસબા મઅગૈરિહીમાં સાથ વાળી સ્ત્રી હોય છે અને તે અસબા થતી નથી.

૧ ચેતવણી જો કોઇ જગ્યા એવી હોય કે ત્યાં એક સ્ત્રી અસબા બેગૈરિહી પણ થતી હોય અને અસબા મઅગૈરિહી પણ થતી હોય તો અસબા બેગૈરિહીની ગણતરી કરવી અને અસબા મઅગૈરિહી છેજ નહીં તેમ જાણવું. દાખલા તરીકે મૈયતની એક દીકરી, એક બેહેન, અને તેજ દરજાનો ભાઇ હોય. એટલે સગી બેહેન તથા સગો ભાઇ હોય અથવા સાવકી બેહેન તથા સાવકો ભાઇ હોય તો આ બેહેન કલમ ૩૨

પ્રમાણે અસબા બેગૈરિહી થશે અને કલમ ૩૩ પ્રમાણે અસબા મઅગૈરિહી થશે નહીં. જો એને અસબા મઅગૈરિહીં ગણીએ તો ભાઇ અભાગ્ય થાય છે માટે એને અસબા બેગૈરિહી ગણીશું. એટલે ભાઇને લીધે અસબા બની ફરી દીકરીને હિસ્સો આપતાં જે બચે તે ત્રણ ભાગે વેહેંચાશે એક બેહેનને અને બે ભાઇને. અને જો ભાઇ તે દરજ્જાનો નહી હોય જેમકે બેહેન સગી હોય અને ભાઈ સાવકો હોય તો દીકરીનો હિસ્સો આપ્યા બાદ જે રહેશે તે સગી બેહેન લેશે. કારણ કે તે મા બાપ બંને તરફની સગાઈની હોવાને લીધે તે શ્રેષ્ઠ છે અને સાવકો ભાઇ અભાગ્ય રહેશે. રહીંકે મખતુમ.

૨ ચેતવણી અસબા થવાની તાસીર ધણી તરેહપર હોય છે. કદી મુળ હિસ્સો લેવામાં અસર કરે છે. દાખલા તરીકે જો કોઇ મૈયતની બે છોકરી, એક પોત્ર અને એક પોત્રી હોય તો બંને છોકરીઓને બેતૃતીયાંશ મળશે અને એક તૃતીયાંશના ત્રણ ભાગ કરી બે પોત્રને અને એક પોત્રીને મળશે.

મૈ મ० ૩. તા० ૯.

દીકરી. ૨	પોત્ર. ૧	પોત્રી. ૧
૬ દર. ૩	૨	૧

આ જગ્યા પોત્રને લીધે પોત્રી અસબા થઇ છે અને તેથીજ વારસો મળ્યો છે. જો પોત્ર નહીં હોત તો પોત્રી અભાગ્યણુ થતે. અને કદી તે નુંકસાનીની અસર કરે છે. દાખલા તરીકે મૈયતનો એક દીકરો અને એક દીકરી હોય તો આ દીકરાને બેતૃતીયાંશ અને દીકરીને એક તૃતીયાંશ મળશે.

મૈ મ. ૩

દીકરો ૧	દીકરી ૧
૨	૧

આ જગ્યા દીકરાને લીધે દીકરી અસબા થઇ છે એથી એને નુકસાન થયું. જો દીકરાની જગ્યા બીજી પણ દીકરીજ હતે તો સરખે ભાગે વહેંચાતે અને એને અડધો માલ મલતે. અને કદી તેની અસરથી અભાગ્ય થાય છે. દાખલા તરીકે મૈયતની એક દીકરી, ખાવિન્દ, મા, બાપ, પોત્ર, તથા પોત્રી હોય તો દીકરીને અર્ધો ખાવિન્દને ચતુર્થાંશ, માને ષષ્ટમાંશ બાપને ષષ્ટમાંશ અને પોત્ર તથા પોત્રી અભાગ્ય થશે. અને છેદ સંકોચાયાથી તેને ૧૨ ની જગ્ય ૧૩ કરી દરેકમાંથી જરા કમી કર્યો છે.*

મૈ મ० ૧૨ ઔ० ૧૩

ધણી	દીકરી. ૧	મા	બાપ	પોત્ર. ૧	પોત્રી. ૧
૩	૬	૨	૨	०	०

આ જગ્યા પોત્રને લીધે પોત્રી અસબા થઇ છે અને તેથી તે અભાગ્યણુ થઇ છે. જો પોત્ર ન હોત અને અસબા નહીં થઇ હોત તો દીકરીની સાથે ષષ્ટમાંશ તેણીને મળતે. અને છેદ સંકોચાયાથી ૧૨ ની જગ્યા ૧૫ કરી દરેકમાંથી જરા કમી થતે તે આવી રીતે.

મૈ મ० ૧૨ ઔ० ૧૫

ધણી	દીકરી. ૧	પોત્રી. ૧	મા.	બાપ
૩	૬	૨	૨	૨

આ જગ્યા એક મશહૂર (પ્રખયાત) મસલો લખી જણાવું છું. આ મસલાને દુર્રે મુખતારમાં "મસલા મુશતરકા"નું નામ અપાયું છે. અને રહીંકે મખતુમમાં "મુશતરકા, હિમારીયા, હજરીયા અને યમ્મીયા"નાં નામો અપાયાં છે. તે આવી રીતે કે મૈયતનો ધણી, મા, માજણા બે ભાયો અને એક સગો ભાઇ હોય તો ધણીને અડધા માને ષષ્ટમાંશ અને માજણા બંને ભાયોને એક તૃતીયાંશ મળશે અને સગા ભાઇને અસબા હોવાને લીધે કંઇ મળશે નહીં કારણ કે નિયમિત હિસ્સાઓ આપતાં કંઇ બચ્યું નથી.

મૈ મ० ૬

ધણી	મા	માજણાભાઇ ૨	સગોભાઇ
૩	૧	૨ દર. ૧	०

અને કદી અસબાપણાથી વધારા ઘટારાની કંઇ અસર પડતી નથી જેમકે મૈયતની એક છોકરી એક પોત્રી અને એક પોત્ર હોય તો દીકરીને

* આ કમી કરવાને ઔલ કહે છે. ઔલનું વર્ણન આગળ આવે છે. ગુ. મો.

અડધા અને પોત્રી તથા પોત્ર વચ્ચે અડધા એટલે પુરૂષને સ્ત્રીથી બેવડા પ્રમાણે તે અડધા ત્રણ ભાગે વેહેંચાશે અડધાના બે તૃતીયાંશ પોત્રને અને એક તૃતીયાંશ પોત્રીને.

મ	મ૦ ૨	તા૦ ૬
દીકરી	પોત્ર	પોત્રી
૩	૨	૧

હવે જો પોત્ર નહીં હતે તો એ પોત્રીને દીકરી સાથે છઠ્ઠો ભાગજ મળતે.

૩૪ મૌલલ આતાકા એટલે આજાદ કરનારો આ છેલ્લો અસબા છે અને આ સબબી કહેવાય છે. સિરાજી.

ખોલાસો.

જ્યારે અસબા નસબી ત્રણે તરેહમાંના કોઇ નહીં હશે તો નિયમિત હિસ્સો લેનારાઓનો હિસ્સો આપવા બાદ જે રહેશે તે મૌલલ આતાકા લેશે. હવે તે આજાદ કરનાર પુરૂષ હોય કે સ્ત્રી હોય દરેકને મળશે, અને જો આજાદ કરનાર અનેક હોય તો અનેકને મળશે.

૩૫ આજાદ કરનાર પોતે નહીં હોય તો આજાદ કરનારના અસબા અનુક્રમે અસબા ગણાશે.

ખોલાસો.

એટલે જો આજાદ કરનાર નહીં હોય તો તેની શાખા દીકરો પોત્ર, પરપોત્ર અગર જો નીચેને દરજ્જાનો હોય, તે અસબા ગણાશે જો તે નહીં હોય તો આજાદ કરનારની મુળ બાપ, દાદો, પરદાદો અગર જો ઉપરના દરજ્જાનો હોય, તે અસબા ગણાશે જો તે નહીં હોય તો બાપની શાખા ભાઇ, ભતરીજો, ભતરીજાનો છોકરો અગર જો નીચેના દરજ્જાનો હોય તે અસબા ગણાશે જો તે નહીં હોય તો દાદાની શાખા કાકો, કાકાનો દીકરો, કાકાનો પોત્ર અગર જો નીચેના દરજ્જાનો હોય, તે અસબા ગણાશે મતલબ કે અસબા બેનફસિહીના વર્ણનમાં જે અનુક્રમ છે તેજ અયાં પણ છે. અને જેમ નજદીકનો દૂરવાળાને તથા સગાઇમાં મજબુતાઇવાળો બીજાને ત્યાં રોકાણ કરે છે તેમ અયાં પણ છે.

૩૬ જો આજાદ કરનાર અનેક હોય તો તેઓ પોતાના આજાદ કરવાના પ્રમાણમાં અસબા પણાનો લાભ લેશે. સિરાજી દુર્રે મુખતાર.

ખોલાસો.

આ કાયદા ઉપર સિરાજીમાં એક દાખલો છે તે અત્રે લખવો પ્રસંગોપાત લાગે છે. એક પુરૂષની ત્રણ દીકરી હોય અને પોતે ગુલામીમાં હોય તેને ખરીદવામાં મોટી દીકરીએ ત્રીસ રૂપીયા આપ્યા અને નાનીએ વીશ રૂપીયા આપ્યા અને પચાસ રૂપીયામાં તેને ખરીદયો તો દીકરીઓની મિલકતમાં આવ્યાથી તે આજાદ થઈ ગયો. તે પછી કેટલીક મુદતે તે મર્યો અને આ ત્રણ દીકરી વગર બીજું કોઇ વારેસ નહીં હોય તો તેના માલમાંથી બે તૃતીયાંશ ત્રણે દીકરીઓને મળશે, અને એક તૃતીયાંશ પાંચ ભાગે વહેંચાશે ત્રણ પંચમાંશ મોટીને અને બે પંચમાંશ નાનીને મળશે.

મૈ	મ૦ ૩	તા૦ ૪૫
મોટી દીકરી	મજલી દીકરી	નાની દીકરી
૧૯	૧૦	૧૬

બે તૃતીયાંશ ત્રણ દીકરી ઉપર પૂર્ણાંકથી વહેંચાતા નથી તેમ એક તૃતીયાંશ પાંચ ઉપર * પૂર્ણાંક વહેંચાતા નથી. જેથી ત્રણને પાંચમાં ગુણી તેને ત્રણમાં ગુણ્યા † તો પીસતાલીસ થયા. તેમાંથી બે તૃતીયાંશ ત્રીસ ત્રણ દીકરીને આપ્યા તો દરેકને દશ દશ આવ્યા. અને એક તૃતીયાંશ પંદરને પાંચ ભાગ ઉપર વહેંચાથી ત્રણપંચમાંશના નવ મોટીને અને બેપંચમાંશના છ નાનીને મળી ઓગણીશ મોટીને દશ મજલીને અને સોળ નાનીને મળે છે.

---

* એક તૃતીયાંશમાં બંને દીકરીઓ ખરીદવાને લીધે વારેસ થઇ છે, અને ખરીદવામાં એકના વીશ અને બીજીના ત્રીસ છે માટે વીસવાળીના બે ભાગ અને ત્રીસ વાળીના ત્રણ ભાગ મળી પાંચ ભાગ થયા. ગુ. મો.

† આ ગુણવાનો કાયદો તસહીહના વર્ણનમાં આવશે. ગુ. મો.

હજબ એટલે અટકાવનું વર્ણન.

૩૭ હાજેબ એટલે અટકાવ કરનાર તે શખ્સ છે કે જે વારેસને નિયમિત હિસ્સો લેતાં અથવા ઘણો હિસ્સો લેતાં અટકાવ કરે. તનવીરૂસ સિરાજ, આથી તમો સમજી શકશો કે અટકાવ બે તરેહના છે (૧) હજબે નુકસાન એટલે ઘણો હિસ્સો લેતાં અટકાવ કરી બીજો થોડો હિસ્સો લેવા દેવો. અને (૨) હજબે હિરમાન એટલે માત્ર હિસ્સો લેતાં અટકાવ કરવો જેથી તે વારેસ અભાગ્ય થાય.

૩૮ હજબે નુકસાન પાચ શખ્સો માટે છે (૧) ધણી (૨) ધણિયાણી (૩) મા (૪) પોત્રી અને (૫) બાપજણી બેહેન. જેનું વર્ણન આગળ આવી ગયું છે. સિરાજી.

ખોલાસો.

ધણીને અડધો છે પણ મરનારીને દીકરો દીકરી વગેરે હોય તો તે એને અડધો લેતાં અટકાવ કરી ચતુર્થાંશ અપાવે છે. એવીજ રીતે ધણિયાણીને ચતુર્થાંશ છે. પણ મરનારનો દીકરો દીકરી વગેરે તેણીને ચતુર્થાંશ લેતાં અટકાવ કરી અષ્ટમાંશ અપાવે છે. માને તૃતીયાંશ છે પણ મરનારનો દીકરો દીકરી પોત્ર પોત્રી અગર જો નીચેના દરજ્જાના હોય તે તથા બે ભાઇ કે બે બેહેન કે એક ભાઇને એક બેહેન તેણીને તૃતીયાંશ લેતાં અટકાવે છે, અને છઠો હિસ્સો અપાવે છે. અને બાપજણી બેહેનનો હિસ્સો અડધો છે પણ સગી બેહેન તેણીને અડધો લેતાં અટકાવે છે અને છઠો હિસ્સો અપાવે છે. શેખુલ ઇસ્લામ. શરીફીયા.

૩૯ છ શખ્સોને હજબે હિરમાન લાગુ પડતું નથી. એટલે છ શખ્સોને હિસ્સો કંઇ પણ નહીં મળે એ થઇ શકતું નથી. (૧) ધણી (૨) ધણિયાણી (૩) દીકરો (૪) દીકરી (૫) બાપ અને (૬) મા. સિરાજી. રહીક મખતુમ.

૪૦ હજબે હિરમાન જેઓને લાગુ પડે છે તે માટે બે કાયદા છે. પેહેલો કાયદો જે શખ્સ બીજા શખ્સને લીધે મૈયતથી સગાઇ રાખતો હોય તો તે શખ્સ તે બીજા શખ્સના હોતાં વારેસ થશે નહીં. પણ એ કાયદામાં માની ઓલાદ દાખલ નથી.

ખોલાસો.

પોત્ર બાપને લીધે દાદાથી સગાઇ રાખે છે અને દાદો બાપને લીધે પોત્રથી સગાઇ રાખે છે. અનેનાની માને લીધે સગાઇ રાખે છે. અને દાદી બાપને લીધે સગાઇ રાખે છે. માટે એઓ હજબે હિરમાનમાં દાખલ છે. પણ માની ઓલાદ એમાં દાખલ નથી એટલે જો કોઇ શખ્સ મરે તેનો મા જણો ભાઇ કે બેહેન હોય તો આ કાયદા પ્રમાણે તે માને લીધે સગું હોવાથી તેને વારસો મળવો નહીં જોઇએ પણ એક ખાસ શખ્સને આ કાયદાથી જુદો કહાડયો છે કે તે માના હોવા છતાં વારેસ થશે.

૪૧ બીજો કાયદો એક જાતના વારેસોમાં નજદીકવાળું આધેવાળાને વારસો લેતાં અટકાવશે. જેમકે દીકરો છતાં પોત્ર અટકે છે. પોત્ર છતાં પરપોત્ર અટકે છે. ભાઇ છતાં ભતરીજો અટકે છે મા છતાં નાની તથા દાદી અટકે છે એવીજ રીતે બીજાઓને સમજવું.

ખોલાસો.

"એક જાતના વારેસો" કહેતા પોત્રી અને પરપોત્રનો દીકરો એ કાયદામાં નથી. પોત્રી છતાં પરપોત્રનો દીકરો વારેસ થશે અગરજો તે ઘણે દૂરનો છે પણ તે જૂદી જાતનો હોવાથી તે આ કાયદામાં દાખલ નથી.

૪૨ કલમ ૧૨ પ્રમાણે જે શખ્સ વારસો લેતાં રોકાયો હોય તે બીજાને વારસો લેતાં અટકાવ કરતો નથી પણ વારેસો લેતાં અટકેલો (મહજુબ) બીજાને અટકાવ કરે છે.

ખોલાસો.

૧૨મી કલમ પ્રમાણે રોકાયલો જેમકે ગુલામ, કાફેર, મૈયતને કતલકાર જેમ પોતે વારેસ નથી તેમ બીજાને વારસો લેતાં અટકાવ કરતો નથી. દાખલા તરીકે એક શખ્સે પોતાના બાપને મારી નાંખ્યો જેથી તે વારેસ રહ્યો નથી પણ જો મરનારનો પોત્ર હોય અથવા ભાઇ હોય તો તે આ-નાવારસા દીકરાને લીધે વારસો લેતાં અટકશે નહીં અને તે પોત્ર વારસો લેશે. અને પોત્ર નહીં હશે અને ભાઇ હશે તો ભાઇ વારેસ થશે. એવીજ

રીતે બે ભાયો મુસલમાન થયા હોય અને તેઓનો બાપ મુસલમાન થયો નહીં હોય એવામાં તે બે ભાયોમાંથી એક ભાઇ મર્યો હોય તો તેનો બાપ વરિસ થશે નહીં તેમ ભાઇને વારસો લેતાં અટકાવશે નહીં. એવીજ રીતે બીજાઓને સમજો. પણ ૪૦–૪૧મી કલમ પ્રમાણે વારસો લેતા અટકેલો શખ્સ બીજાનો અટકાવ કરે છે. દાખલા તરીકે દાદી બાપની સામે વારસો લેતાં અટકેલી છતાં નાનીની માને વારસો લેતાં અટકાવે છે. કેમકે તે આધેની છે. એવીજ રીતે મૈયતનો બાપ, મા અને બે ભાયો હોય તો ભાયો બાપને લીધે વારસો લેતાં અટકે છે છતાં માને એક તૃતીયાંશ લેતાં અટકાવી છઠ્ઠો હિસ્સો અપાવે છે. ૧૨મી કલમ પ્રમાણે રોકાયલામાં અને ૪૦–૪૧મા કાયદા પ્રમાણે અટકેલામાં ફરક આ છે કે ૧૨મી કલમ પ્રમાણે રોકાણ કરનારી ચારે વસ્તુ તે રોકાયલા શખ્સોમાં છે જેથી તેઓમાં વારસ થવાની લાયકાત રહેતી નથી. જેથી તે નહીં હોવા સરખો છે. પણ એથી ઉલટો ૩૯–૪૦મી કલમ પ્રમાણે અટકેલો છે કે તેનામાં વારસ થવાની પુરતી લીયાકત છે, પણ બહારથી અટકાવ આવ્યો છે જેથી તેની યોગ્યતામાં ફેર નથી. જેમ સૂર્ય વાદળાથી ઢંકાય છે એથી માત્ર તેની રોશની અટકે છે પણ તેની જાતી રોશનીમાં ફેર નથી ને વાદળ મટે કે તરત રોશની પડવાની.

મખરજોનું વર્ણન.

આ પ્રકરણનું વર્ણન માત્ર અપુર્ણાંક નહીં જાણનાર માટે છે. જે શખ્સ સારી રીતે છેદ (મખરજ) સમજી શકે તથા લઘુતમ સાધારણ ભાજ્ય (જુઅજઆફે અકલ્લ) ઓળખી શકે તેને આ પ્રકરણની કશી જરૂરત નથી. એજ માટે ઘણી કિતાબોમાં આ પ્રકરણ લખાયો નથી.

૪૩ પ્રથમ હું લખી આવ્યો છું કે નિયમિત હિસ્સા કુરઆનમાં છ છે. (૧) અરધો (૨) ચતુર્થાંશ (૩) અષ્ટમાંશ (૪) બેતૃતીયાંશ (૫) તૃતીયાંશ અને (૬) ષષ્ટમાંશ, એમ બે જાતી છે. આગલા ત્રણ એક જાતી છે. અને પાછલા ત્રણ બીજી જાતી છે. કારણ કે આગલા ત્રણમાં અડધાને અડધા કરો તો ચતુર્થાંશ થાય છે. અને ચતુર્થાંશને અડધો કરો તો અષ્ટમાંશ થાય છે. વહે એથી ઉલટું અષ્ટમાંશને બેવડો કરો તો ચતુર્થાંશ થાય છે. અને ચતુર્થાંશને બેવડો કરો તો અડધો થાય છે. એવીજ રીતે પાછલા ત્રણમાં બે તૃતીયાંશને અડધા કરો તો એક તૃતીયાંશ થશે અને એક તૃતીયાંશને અડધા કરો તો ષષ્ટમાંશ થશે. હવે એથી ઉલટું ષષ્ટમાંશને બેવડો કરો તો એક તૃતીયાંશ થશે અને એક તૃતીયાંશને બેવડો કરો તો બે તૃતીયાંશ થશે. આ ખુલ્લું છે. જરા પણ વિચાર કર્યાથી સારી રીતે સમજમાં આવશે.

૪૨ કોઇ મૈયતનો વારસો વહેંચવામાં આ છ નિયામત હિસ્સામાંથી માત્ર એકજ હોય તો જો અડધો હોય તો તેનું છેદ બે છે. પણ એ સિવાયના પાંચમાંથી કોઇ એક હોય તો તેનું છેદ તેના મળતા નામનું છે. એટલે જો ચતુર્થાંશ હોય તો તેનું છેદ ચાર છે અને જો અષ્ટમાંશ હોય તો તેનું છેદ અષ્ટ (આઠ) છે અને જો બે તૃતીયાંશ હોય તો તેનું છેદ ત્રણ છે. અને જો એક તૃતીયાંશ હોય તો તેનું છેદ પણ ત્રણ છે. અને જો ષષ્ટમાંશ હોય તો તેનું છેદ ષષ્ટ (છ) છે.

ઉદાહરણ મૈયતની એક દીકરી અને ભાઇ હોય તો એમાં નિયમિત હિસ્સો લેનાર માત્ર દીકરી છે અને તેને અડધો મળે છે અને ભાઇ અસબા છે માટે આ મસલો બેથી થશે. એક દીકરીને અને એક ભાઇને મળશે. અને મૈયતનો ધણી અને એક દીકરો હોય તો એમાં નિયમિત હિસ્સો લેનાર માત્ર ધણી છે અને તેને દીકરો હોવાથી ચતુર્થાંશ મળે છે અને દીકરો અસબા છે માટે આ મસલો ચારથી થશે. અને જો મૈયતની એક સ્ત્રી અને એક દીકરો હોય તો એમાં નિયમિત હિસ્સો લેનાર માત્ર ધણીયાણી છે અને તેને દીકરો હોવાથી અષ્ટમાંસ મળે છે અને દીકરો અસબ છે, માટે આ મસલો આઠથી થશે. અને જો મૈયતની બે દીકરી તથા ભાઇ હોય તો એમાં નિયમિત હિસ્સો લેનાર બે દીકરી

છે અને તેઓને બે તૃતીયાંશ મળે છે અને ભાઇ અસબા છે માટે આ મસલો ત્રણથી થશે. અને જો મૈયતની મા હોય અને એક ભાઈ હોય એમાં નિયમિત હિસ્સો લેનારી મા છે અને તેણીને એક તૃતીયાંશ મળે છે અને ભાઇ અસબા છે માટે આ મસલો ત્રણથી થશે. અને જો મૈયતની મા હોય અને એક દીકરો હોય તો એમાં નિયમિત હિસ્સો લેનાર મા છે અને તેને દીકરો હોવાથી ષષ્ટમાંશ મળે છે અને દીકરો અસબા છે માટે આ મસલો છથી થશે.

૪૫ મૈયતનો હિસ્સો વહેંચતાં આગળા ત્રણ નિયમિત હિસ્સામાંથી હિસ્સા લેનાર બે કે ત્રણ હોય અથવા પાછલા ત્રણ નિયમિત હિસ્સામાંથી બે કે ત્રણ હિસ્સા લેનાર હોય તો તેમાં જે અવ્યવ (જુજ) નું છેદ હશે તેજ છેદ તેના બેવડાનું તથા બેવડાના બેવડાનું પણ થશે. અથવા જે મોટું છેદ હશે તે નાના છેદોને પણ પોતામાં જગ્યા આપશે. દાખલા તરીકે આઠ એ જેવી રીતે અષ્ટમાંશનું છેદ છે તેમ એની સાથના ચતુર્થાંશ તથા અરધાનું પણ છેદ છે. એવીજ રીતે જો બીજી જાતીના નિયમિત હિસ્સામાંથી બે કે ત્રણ હિસ્સા લેનાર હોય તો તેમાં જે અવ્યવનું છેદ હશે તેજ છેદ તેના બેવડાનું તથા બેવડાના બેવડાનું પણ થશે. અથવા જે મોટું છેદ હશે તે નાના છેદને પણ પોતામાં જગ્યા આપશે દાખલા તરીકે છ એ જેવી રીતે ષષ્ટમાંશનું છેદ છે તેમ એની સાથના તૃતીયાંશનું પણ છેદ છે.

ઉદાહરણ મૈયતને એક દીકરી, એક ધણિયાણી અને એક ભાઇ હોય તો ધણિયાણીને અષ્ટમાંશ મળશે અને દીકરીને અરધા મળશે. અને બાકીનો ભાઇને.

મૈ મ૦ ૮

ધણિયાણી	દીકરી	ભાઇ
૧	૪	૩

આ જગ્યા નિયમિત હિસ્સા અડધા અને અષ્ટમાંશ ભેગા થયા અને અષ્ટમાંશ એ અડધાનું અવ્યવ છે. તથા એનું છેદ અડધાના છેદથી મોટું છે માટે એ બંનેનું છેદ આઠ થયું. અને જો મૈયતને એક દીકરી, ધણી, અને ભાઇ હોય તો ધણી ને ચતુર્થાંશ અને દીકરીને અડધા અને બાકીનો ભાઇને મળશે.

મૈ મ૦ ૪

ધણી	દીકરી	ભાઇ
૧	૨	૧

આ જગ્યા નિયમિત હિસ્સા ચતુર્થાંશ અને અડધા ભેગા થાય છે. અને ચતુર્થાંશ એ અડધાનું અવ્યવ છે. તથા એનું છેદ અડધાના છેદથી મોટું છે માટે આ બંનેનું છેદ ચાર થયું. અને ચતુર્થાંશ અને અષ્ટમાંશ એ ભેગા આવી શકતા નથી માટે તેનો દાખલો લખ્યો નથી, અને બીજી જાતીના દાખલા વિષે સમજો કે મૈયતની મા તથા બે મા જણી બેહેન તથા એક સગો ભાઇ હોય તો માને એક ષષ્ટમાંશ, મા જણી બેહેનોને તૃતીયાંશ અને બાકીનો સગા ભાઇને મળશે.

મૈ મ૦ ૬

મા	મા જણી ૨	સગોભાઇ ૧
૧	૨	૩

આ જગ્યા નિયમિત હિસ્સા એક ષષ્ટમાંશ અને એક તૃતીયાંશ ભેગા થયા છે. અને ષષ્ટમાંશ એ તૃતીયાંશનું અવ્યવ છે તથા એનું છેદ તૃતીયાંશના છેદથી મોટું છે માટે આ બંનેનું છેદ છ થયું. અને જો મૈયતને મા તથા બે સગી બહેન તથા એક બાપ જણો ભાઇ હોય તો માને ષષ્ટમાંશ, બે સગી બેહેનને બે તૃતીયાંશ. અને બાકીનો બાપ જણા ભાઇને મળશે.

મૈ મ૦ ૬

મા.	સગીબેહેન. ૨	બાપજણો ભાઇ. ૧
૧	૪	૧

આ જગ્યા નિયમિત હિસ્સા એક ષષ્ટમાંશ અને બે તૃતીયાંશ ભેગા થયા અને ષષ્ટમાંશ એ બે તૃતીયાંશનું અવ્યવ છે તથા એનું છેદ બે તૃતીયાંશના છેદથી મોટું છે માટે આ બંનેનું છેદ છ થયું. અને જો મૈયતને બે સગી બહેન તથા બે માજણી બેહેન તથા એક કાકો હોય તો બે સગી બેહેનને બે તૃતીયાંશ અને બે માજણી બેહેનને એક

તૃતીયાંશ મળશે અને કંઇ નહીં બચવાથી કાકો અભાગ્યો થશે.

મૈ મ. ૩

સગી બેહેન. ૨	માજણી. ૨	કાકો. ૧
૨	૧	૦

આ જગ્યા બે તૃતીયાંશ અને એક તૃતીયાંશ ભેગા થયા અને બંનેનું છેદ ત્રણજ છે જેથી ત્રણ લખ્યા. અને જો મૈયતની મા બે સગી બેહેન અને બે માજણી બેહેન હોય તો માને ષષ્ટમાંશ, બે સગી બેહેનને બે તૃતીયાંશ અને બે માજણી બેહેનને એક તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૭

મા.	સગી બહેનો ૨	માજણી ૨
૧	૪	૨

આ જગ્યા એક ષષ્ટમાંશ, બે તૃતીયાંશ અને એક તૃતીયાંશ ભેગા થયા અને એક ષષ્ટમાંશ એ તૃતીયાંશનું અવ્યવ છે તથા એનું છેદ તે તૃતીયાંશના છેદથી મોટું છે માટે આ ત્રણેનું છેદ છ થયું. અને સઘળાઓને હિસ્સો આપતાં છેદ સંકોચાયું જેથી તેનો ઓલ * સાત કર્યો છે.

૪૬ અને જયારે આગળી જાતીમાંનો અડધો બીજી જાતીના સઘળા સાથે અથવા તેમાંના કોઇ સાથે ભેગો થાય તો મસલો (છેદ) છ થશે. અને જો ચતુર્થાંશ બીજી જાતીના સઘળા સાથે અથવા તેમાંના કોઇ સાથે ભેગો થાય તો મસલો બાર થશે. અને જો અષ્ટમાંશ બીજી જાતીના સઘળા સાથે અથવા તેમાંના કોઇ સાથે ભેગો થાય તો મસલો ચોવીશ થશે.

ઉદાહરણ જો મૈયતનો ધણી, મા, અને બે સગા ભાઇ હોય તો ધણીને અડધો માને ષષ્ટામાંશ અને બાકીનો સગા ભાઇઓને મળશે.

મૈ મ૦ ૬

ધણી.	મા.	સગો ભાઇ. ૨
૩	૧	૨

આ જગ્યા અડધો બીજી જાતીના ષષ્ટમાંશ સાથે ભેગો થયો તો છથી મસલો થયો. અને જો મૈયતનો ધણી, બે માજણી બેહેન અને એક સગો ભાઇ હોય તો ધણીને અડધો માજણી બેહેનોને તૃતીયાંશ અને બાકીનો સગા ભાઇને મળશે.

મૈ મ૦ ૬

ધણી.	માજણી બેહેન. ૨	સગો ભાઇ. ૧
૩	૨	૧

આ જગ્યા અડધો બીજી જાતીના એક તૃતીયાંશ સાથે ભેગો થયો તો છ થી મસલો થયો. અને જો મૈયતનો ધણી બે સગી બેહેન અને એક બાપજણો ભાઇ હોય તો ધણીને અડધો સગી બેહેનોને બે તૃતીયાંશ મળશે અને ભાઇ અભાગ્યો રહેશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૭

ધણી.	સગી બહેનો ૨	બાપજણો ભાઇ.
૩	૪	૦

આ જગ્યા અડધો બે તૃતીયાંશ સાથે ભેગો થયો તો છ થી મસલો થયો. અને સઘળાઓને આપતાં છેદ સંકોચાયું જેથી તેનો ઓલ સાત કર્યો. અને નિયમિત હિસ્સા આપતાં કંઇ નહીં રહ્યો જેથી ભાઇ અભાગ્ય થયો. અને જો મૈયતનો ધણી, મા, સગી બે બેહેન, અને માજણા બે ભાઇ હોય તો ધણીને અડધો માને છઠો સગી બેહેનોને બે તૃતીયાંશ અને માજણા બંને ભાયોને એક તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૧૦

ધણી.	મા.	સગી બેહેન ૨	માજણા ભાઇ ૨
૩	૧	૪	૨

આ જગ્યા અડધો બીજી જાતીના સઘળા સાથે ભેગો થયો છે તો છ થી મસલો થયો. અને છેદ સંકોચાયાથી તેનો ઓલ દશ થયો. અને જો મૈયતની ધણિયાણી, મા, અને એક સગો ભાઇ હશે તો ધણિયાણીને ચતુર્થાંશ, માને તૃતીયાંશ અને બાકીનો ભાઇને મળશે.

મૈ મ૦ ૧૨

ધણિયાણી ૧	મા.	સ. ભાઇ ૧
૩	૪	૫

આ જગ્યા ચતુર્થાંશ બીજી જાતીના તૃતીયાંશ સાથે ભેગો થયો તો બારથી મસલો થયો. અને જો

* ઓલોનું વર્ણન આગળા પ્રકરણમાં છે. ગુ. મો.

મૈયતની ધણિયાણી અને બે સગી બેહેન અને એક કાકો હશે તો ધણિયાણીને ચતુર્થાંશ બે સગી બેહેનને બે તૃતીયાંશ અને બાકીનો કાકાને મળશે.

મૈ મ૦ ૧૨

ધણિયાણી	સગી બેહેન. ૨	કાકો ૧
૩	૮	૧

આ જગ્યા ચતુર્થાંશ બીજી જાતીના બે તૃતીયાંશ સાથે ભેગો થયો તો બારથી મસલો થયો. અને જો મૈયતની ધણિયાણી માજણો એક ભાઇ અને એક સગો ભાઇ હોય તો ધણિયાણીને ચતુર્થાંશ, માજણા ભાઇને ષષ્ટમાંશ અને બાકીનો સગા ભાઇને મળશે.

મૈ મ૦ ૧૨

ધણિયાણી. ૧	માજણો ભાઇ. ૧	સગોભાઇ. ૧
૩	૨	૭

આ જગ્યા ચતુર્થાંશ ષષ્ટમાંશ સાથે ભેગો થયો તો બારથી મસલો થયો. અને જો મૈયતની ધણિયાણી, મા અને બે સગી બેહેન હોય તો ધણિયાણીને ચતુર્થાંશ, માને ષષ્ટમાંશ, અને બે સગી બેહેનને બે તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૧૨ ઓ. ૧૩

ધણિયાણી	મા.	સગી બહેનો. ૨
૩	૨	૮

આ જગ્યા ચતુર્થાંશ બીજી જાતીના બે તૃતીયાંશ તથા ષષ્ટમાંશ સાથે ભેગો થયો તો મસલો બારથી થયો. અને છેદ સંકોચાયાથી તેનો ઓલ તેર થયો છે. અને જો મૈયતની ધણિયાણી, મા, બે સગી બેહેન તથા બે માજણી બેહેન હોય તો ધણિયાણીને ચતુર્થાંશ, માને ષષ્ટમાંશ સગી બહેનોને બે તૃતીયાંશ અને માજણીઓને એક તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૭

ધણિયાણી.	મા.	સગી. ૨	માજણી ૨
૩	૨	૮	૪

આ જગ્યા ચતુર્થાંશ બીજી જાતીના સઘળા સાથે ભેગો થયો છે તો મસલો બારથી થયો. અને છેદ સંકોચાયાથી તેનો ઓલ સત્તર થયો. અને જો મૈયતને ધણિયાણી, બે દીકરી અને ભાઇ હોય તો ધણિયાણીને એક અષ્ટમાંશ બે દીકરીને બે તૃતીયાંશ અને બચેલો ભાઇને મળશે.

મૈ મ૦ ૨૪

ધણિયાણી	બે દીકરી	ભાઇ
૩	૧૬	૫

આ જગ્યા એક અષ્ટમાંશ બે તૃતીયાંશ સાથે ભેગો થયો તો મસલો ચોવીસથી થયો. અને જો મૈયતની ધણિયાણી બે દીકરી મા અને એક કાકો હોય તો ધણિયાણીને અષ્ટમાંશ દીકરીઓને બે તૃતીયાંશ અને માને એક ષષ્ટમાંશ મળશે. અને બચેલો એક ભાઇને મળશે.

મૈ મ૦ ૨૪

ધણિયાણી	દીકરી. ૨	મા.	કાકો. ૧
૩	૧૬	૪	૧

આ જગ્યા અષ્ટમાંશ બીજી જાતીના બે તૃતીયાંશ અને એક ષષ્ટમાંશ સાથે ભેગો થયો તો મસલો ચોવીસથી થયો. અને ષષ્ટમાંશ બીજી જાતીના સઘળા એટલે એક તૃતીયાંશ બે તૃતીયાંશ અને એક ષષ્ટમાંષ સાથે હનફી મજહબ પ્રમાણે ભેગો થઇ શકતો નથી. માટે તે દાખલો લખ્યો નથી.

ચેતવણી મસલા માટે છેદ કાઢવા ઉપર મસલાનું કામ અટકે છે. માટે મેં દાખલા આપવામાં ઘણી લંબાણ કરી છે. આ દાખલાઓને જોતાં તમને જણાયું હશે કે મુળ મસલો ૨,૩,૪,૬,૮,૧૨, અને ૨૪ થીજ થાય છે તો અસલ મસલા સાત થયા. હવે કાંઇ પણ મસલાનું કામ પડે તો તેમાં પ્રથમ આ વિચારવાનું છે કે કોને કયો ભાગ મળે છે અને કોને કયો. ફરી આ સાતમાંથી દરેક ઉપર વિચાર દોડાવવો કે આ સાતમાંથી નાનામાં નાનો કયો મસલો છે કે જેથી તે ભાગો પુરા નીકળી શકે છે. તો તરત જણાઈ આવશે. અને કલમ ૪૫,૪૬ની કંઇ જરૂર પડશે નહીં. મુળ મસલા સાતજ છે ફરી એ સિવાય બીજી કાંઇ સંખ્યાથી સમલો થયો હોય તો તે વારેસોની ગણતરીનો મસલો છે નિયમિત નથી. દાખલા તરીકે કોઇ મૈયતના માત્ર દશ છોકરા હોય તો મસલો દશથી થશે અથવા ત્રણ દીકરા અને ચાર દીકરી હોય તો

દીકરે બે દીકરીના ગણતરીમાં છે માટે દશ દીકરી થઇ અને મસલો દશથી થયો. એવીજ રીતે ઓલ તથા રદથી વધારે ઓછી સંખ્યાથી મસલો થાય છે જેના કાયદા આગળ આવે છે. પણ મુળ મસલા તો સાતજ છે

ઓલનું વર્ણન.

૪૭ નિયમિત હિસ્સાઓના છેદમાં જ્યારે તંગી પડે (સંકોચાય) ત્યારે તેમાં હિસ્સાને વધારવું એ ઓલ છે. સિરાજી. દુર્રે મુખતાર. રદ્દીકે મખતુમ.

૪૮ નિયમિત હિસ્સાના છેદો સાત છે ૨, ૩, ૪, ૬, ૮, ૧૨, અને ૨૪ ખજાનતુલ મુફ્તીન. રદ્દીકે મખતુમ.

૪૯ એમાંથી ચાર ૨, ૩, ૪, અને ૮ છેદનો ઓલ થતો નથી. અને છનો ઓલ દશ સુધી કદી એકી અને કદી બેકીનો થાય છે. અને બારનો ઓલ સત્તર સુધી માત્ર એકીનો થાય છે અને ૨૪નો ઓલ માત્ર એકજ સત્તાવીસ થાય છે. સિરાજી. રદ્દીકે મખતુમ.

ઉદાહરણ જો મૈયતનો ધણી, બે સગી બેહેન અને એક સાવકો ભાઇ હોય તો ધણીને અડધો સગી બેહેનોને બે તૃતીયાંશ મળશે. અને સાવકો ભાઇ અભાગ્યો રહેશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૭

ધણી	સગી બેહેન. ૨	સાવકો ભાઇ. ૧
૩	૪	૦

આ જગ્યા મસલો છથી થયો પણ છેદ સંકોચાયાથી ઓલ સાત થયો છે. અને જો મૈયતનો ધણી, બે સગી બેહેન અને મા હોય તો ધણીને અડધો સગી બેહેનોને બે તૃતીયાંશ અને માને એક ષષ્ટમાંશ મળશે. અને કાકો અભાગ્યો રહેશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૮

ધણી	સગી બહેન. ૨	મા.	કાકો. ૧
૩	૪	૧	૦

આ જગ્યા મસલો છથી થયો પણ છેદ સંકોચાયાથી ઓલ આઠ થયો. અને જો મયતનો ધણી, બે સગી બેહેન, અને બે માજણી બેહેન અને એક પોત્ર હોય તો ધણીને અડધો સગી બેહેનોને બે તૃતીયાંશ અને માજણી બેહેનોને એક તૃતીયાંશ મળશે. અને પોત્ર અભાગ્ય રહેશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૯

ધણી	સગી બેહેન. ૨	માજણી. ૨	પોત્ર
૩	૪	૨	૦

આ જગ્યા મસલો છથી થયો છે પણ છેદ સંકોચાયાથી ઓલ નવ થયો. અને જો મૈયતનો ધણી, મા, બે સગી બેહેન અને બે કોઠારી (માજણી) બેહેન હોય તો અડધો ધણીને એક ષષ્ટમાંશ માને બે તૃતીયાંશ સગી બેહેનોને અને એક તૃતીયાંશ કોઠારી બેહેનોને મળશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૧૦

ધણી	મા.	સગી બેહેન. ૨	કોઠારી ૧.
૩	૧	૪	૨

આ જગ્યા મસલો છથી થયો છે પણ છેદ સંકોચાયાથી ઓલ દશનો થયો. અને જો મૈયતની ધણિયાણી, બે સગી બેહેન એક માજણી બેહેન અને એક કાકો હોય તો ધણિયાણીને ચતુર્થાંશ બે સગી બેહેનને બે તૃતીયાંશ અને એક માજણી બેહેનને ષષ્ટમાંશ મળશે અને કાકો અભાગ્ય રહેશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૩

ધણિયાણી.	સગી. ૨	માજણી. ૧	કાકો. ૧
૩	૮	૨	૦

આ જગ્યા મસલો બારથી થયો છે પણ છેદ સંકોચાયાથી ઓલ તેર થયો. અને જો મૈયતની ધણિયાણી, બે સગી બેહેન અને બે માજણી બેહેન હોય તો ધણિયાણીને ચતુર્થાંશ સગી બેહેનોને બે તૃતીયાંશ અને બંને માજણી બેહેનોને એક તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૫

ધણિયાણી	સગી બેહેન. ૨	માજણી. ૨
૩	૮	૪

આ જગ્યા મસલો બારથી થયો છે પણ છેદ સંકોચાયાથી ઓલ પંદર થયો. અને જો મૈયતની ધણિયાણી, મા, બે સગી બેહેન અને બે

માજણી બેહેન હોય તો ધણિયાણીને ચતુર્થાંશ માને એક ષષ્ટમાંશ, બંને સગી બેહેનોને બે તૃતીયાંશ અને બંને માજણી બેહેનોને એક તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૭

ધણિયાણી.	મા.	સગી બહેન. ૨	માજણી ૨
૩	૨	૮	૪

આ જગ્યા મસલો બારથી થયો. છે પણ છેદ સંકોચાયાથી ઓલ સત્તર થયો. અને જો મૈયતની ધણિયાણી, મા, બાપ, અને બે દીકરી હોય તો ધણિયાણીને એક અષ્ટમાંશ, માને એક ષષ્ટમાંશ, બાપને એક ષષ્ટમાંશ, અને બંને દીકરીઓને બે તૃતીયાંશ મળશે.

મૈ મ૦ ૨૪ ઓ૦ ૨૭

ધણિયાણી.	દીકરી. ૨	મા.	બાપ.
૩	૧૬	૪	૪

આ જગ્યા મસલો ચોવીસથી થયો પણ છેદ સંકોચાયાથી ઓલ સત્તાવીશ થયો. ચોવીસનો માત્ર સત્તાવીશજ ઓલ થાય છે અને આ ઓલ થયલા મસલાને સિરાજી. શરીફીયા. રદીક મખતુમ વગેરેમાં " મિન્બરીયા " નામ આપવામાં આવ્યું છે.

તસહીહનું વર્ણન.

૫૦ નાનામાં નાની સંખ્યાથી એવી રીતે હિસ્સા પાડીએ કે હિસ્સો લેનારના હિસ્સામાં અપૂર્ણાંક આવે નહી એને તસહીહ કહે છે. શરીફીયા. રદીક મખતુમ. અને જેવી રીતે આ હિસ્સા પાડવાને અને એવી સંખ્યા શોધવાને તસહીહ કહેવાય છે તેવીજ રીતે તે શોધેલી સંખ્યાને પણ તસહીહ કહેવાય છે.

ચેતવણી જે માણસ હિસાબ જાણતો હશે તેને તસહીહના કાયદા સમજવામાં જરાએ મુશકેલી નડશે નહીં. પણ જે માણસ માત્ર સરવાળો, બાદબાકી, ગુણાકાર, અને ભાગાકારને જાણતો હોય તેને આમાં લખાતી સંકેતો (ઇસ્તેલાહ) નહીં જાણવાને લીધે ગુચવાડો નડે એ નિશ્ચય છે. માટે તે સંકેત લખું છું. અને એ સંકેત અરબી ઉર્દુમાં જુદી રીતે બોલાય છે અને ગુજરાતીમાં જુદી રીતે બોલાય છે. માટે આ જગ્યા અરબી, ઉર્દુમાં બોલાતી સંકેતને તથા ગુજરાતીની સંકેતને બંનેને લખું છું. અને તસહીહના કાયદા લખીશ ત્યાં માત્ર અરબી ઉર્દુવાળી સંકેત લખીશ ફરી વાંચનાર અર્થાને આધારે ત્યાં સમજે.

એક સંખ્યાને બીજી સંખ્યા સાથે સરખાંવતાં સરખી હોય તો તેને અરબી ઉર્દુમાં તમાસોલ કહેવાય છે અને ગુજરાતીમાં સમસંખ્યા કહેવાય છે જેમકે ૧૫ અને ૧૫ અને જો એક સંખ્યા બીજી સંખ્યાથી સરખી નહીં હોય પણ તેમાંની નાની સંખ્યા મોટીને શેષ રહ્યા સિવાય ભાગે છે અથવા એમ કહો કે મોટી સંખ્યા નાની ઉપર શેષ રહ્યા વગર ભગાય છે તો તે બંને સંખ્યાને આપસમાં તદાખોલ કહેવાય છે. અને ગુજરાતીમાં નાની સંખ્યાને નિઃશેષ ભાજક અને મોટીને ભાજ્ય કહેવાય છે * જેમકે ૫ અને ૨૦ અને જો બે સંખ્યા એવી હોય કે તેમાંની એક બીજીને ભાગતાં શેષ (કસર) રહેતો હોય, પૂરી ભગાતી નહોય પણ ત્રીજી સંખ્યા તે બંનેને શેષ રહ્યા સિવાય ભાગતી હોય તો તે બંને સંખ્યાને આપસમાં તવાફોક કહે છે. અને ત્રીજી સંખ્યાને ફલાણીથી † વફક કહે છે અને ગુજરાતીમાં આ બે સંખ્યાનું નામ આપવામાં આવ્યું નથી પણ ત્રીજી સંખ્યાનું નામ દઢ ભાજક આપ્યું છે જેમકે ૩૬, ૬૦માં બારને બારથી વફક અથવા દઢભાજક કહે છે. ૧૨ના ભાગો ૨,૩,૪, અને ૬ પણ ૩૬,૬૦ને શેષ રહ્યા વગર ભાગે છે પણ એને ગુજરાતીમાં સાધારણ નિઃશેષ ભાજકનું નામ આપ્યું છે અને અરબીમાં

* અંકગણિત પૃષ્ઠ ૫૦ વાંચતા જણાય છે કે તે તમાસોલ તથા તદાખોલ બંનેને એક જાતી ગણે છે. કારણ કે તે દાખલામાં લખે છે કે ૧૮ નો નિશેષ ભાજક ૧૮,૯,૬,૩ અને ૨, છે. પણ ઉપર લખ્યા પ્રમાણે ૧૮ નો નિઃશેષ ભાજક ૯,૬,૩, અને ૨, છે અને ૧૮ તે ૧૮ ની તમાસોલ અથવા, સમસંખ્યા છે. ગુ. મો.

† એટલે તે સંખ્યાનું નામ લઇને કહેવાય છે જેમ કે બેથી તવાફોક છે ત્રણથી તવાફોક છે વગેરે. ગુ. મો.

એને બીજી તરેહ " તદાખોલ " માં નાખી છે કારણ કે બે સંખ્યા જે આપસમાં ભગાતા શેષ રહેતો હોય અને તેને ત્રીજી સંખ્યા જે શેષ રહ્યા વગર ભાગતી હોય તે બંનેને ભાગવામાં તે મોટામાં મોટી હોવી જોઇએ તોજ તેને તેથી વફ્ક અથવા દ્દઢભાજક કહેવાય છે અને તે ૩૬,૬૦ માં ૧૨ છે. અને જો બે સંખ્યા એવી હોય કે જેમ તે-માંની એક બીજાની નિઃશેષ ભાજક નહોય તેમ તે બંનેને ત્રીજી સંખ્યા પણ પૂરે પૂરી ભાગતી નહોય એટલે ૧ વગર બીજી કોઇ પણ સંખ્યા તેને ભાગે તો શેષ રહે તો તે બંનેને આપસમાં તબાયોન કહે છે જેમકે ૧૭ અને ૧૯ અને ગુજરાતીમાં એ અવિભાજ્ય કહેવાય છે. આ ચાર નિસબતો તમાસોલ, તદાખોલ, તવાફોક અને તબા-યોનને સારી રીતે સમજવી જરૂર છે. એને બીજી રીતે પણ સમજો. એક સંખ્યાને બીજી સંખ્યા ઉપર ભાગતાં તે ભગાય અને ભાગાકાર એક આવે જેમ કે ૨૨ ને ૨૨ ઉપર ભાગતાં ૧ આવે છે તો તે બંને સંખ્યાને તમાસોલ કહે છે. અને જો એક સિવાય બીજી કોઇ સંખ્યા આવે અને શેષ રહે નહીં જેમકે ૭૫ ને ૨૫ ઉપર ભાગતા ૩ આવે છે અને શેષ રહેતો નથી તો તેને તદાખોલ કહે છે. એને જો ભાગતાં કંઇ શેષ રહે તો તે શેષને ભાજક કરી બે સંખ્યામાંથી જે નાની સંખ્યા ભાજક હતી તેને ભાજ્ય કરો.† અને ભાગો જો શેષ રહ્યા સિવાય ભગાય તો ઠીક, નહીં તો ફરી જે શેષ રહ્યો હોય તેને ભાજક કરો અને બીજી વાર જેને ભાજક બનાવ્યો હતો તેને ભાજ્ય કરો. ફરી જો વગર શેષ રહે ભગાય તો ઠીક, નહીંતો એવીજ રીતે શેષને ભાજક અને છેલ્લા ભાજકને ભાજ્ય બનાવતા ચાલો. ફરી જ્યારે શુન્ય શેષ આવે ત્યારે છેલ્લો ભાજક જે છે તેનાથી વફ્ક કહે છે. અને ગુજરાતીમાં તેને દ્દઢ ભાજક કહે છે. અને એ સંખ્યાને આપસમાં તવાફોક કહે છે અને જો એક શેષ આવે તો તે બંને સંખ્યાને તબાયોન કહે છે. આ ચારે નિસબતોમાં તવાફોકની નિસબત સમજવામાં કદાપી કોઇ વાંચકને મુશ્કેલી નડે માટે અંકગણિતમાં લખેલો દાખલો અતરે ઉતારૂં છું.

```
૮૧ ) ૪૫૯ ( ૫
     ૪૦૫
     ---
     ૫૪ ) ૮૧ ( ૧
          ૫૪
          ---
          ૨૭)૫૪(૨
             ૫૪
             ---
             ૦૦
```

આ દાખલામાં ૮૧ તથા ૪૫૯માં જોવાનું છે કે આ બેમાં કયી નિસબત છે. તો ઉપર લખ્યા પ્રમાણે ૮૧ ને ભાજક અને ૪૫૯ ને ભાજ્ય બનાવી ભાગ્યા તો ૫૪ શેષ આવ્યો તેને ભાજક કરી અને પ્રથમના ભાજક ૮૧ ને ભાજ્ય બનાવી ભાગ્યા તો ૨૭ શેષ આવ્યો તેને ભાજક બનાવી અને બીજા ભાજક ૫૪ને ભાજ્ય બનાવી ભાગ્યા તો ૦ શેષ આવ્યો તો જણાયું કે ૮૧ તથા ૪૫૯માં તવાફોક છે અ-થવા એ બંનેનો દ્દઢભાજક છે. અને તે દ્દઢભા-જક ૨૭ છે. અને અરબી પ્રમાણે કહેવાય છે કે ૨૭ થી વફ્ક છે. હવે જો આ દાખલામાં ૮૧ ની જગ્યા ૮૨ હતે અને મજકુર રીત પ્રમાણે ભાગતે તો ૧ શેષ આવતે. આથી જણાય છે કે ૮૨ તથા ૪૫૯ માં તબાયોન છે એ સંખ્યાઓનો દ્દઢ ભાજક નથી.

૫૧. મસઅલો લઘુતમ ભાજ્ય (જુઅજ-આફે અકલ) થી થાય છે પણ તે આપતાં કદી અપૂર્ણાંક લાગુ પડે છે તે દૂર કરવા માટે સાત કાયદા છે ત્રણ કાયદા હિસ્સો લેનારા તથા તે-ઓના હિસ્સાઓને લગતા છે અને ચાર કાયદા હિસ્સો લેનાર બે ટોલાં અથવા બેથી વધુને લ-ગતા છે.

ખોલાસો.

બાપ, દાદો, મા, અને ધણી વગર બીજા જે-ટલા વારેસો છે તે અનેક થઇ શકે છે પણ આ ચાર એકએકજ થઇ શકે છે. એટલે દાદો પર-દાદો પરદાદાનો બાપ વગેરે અનેક થાય છે પણ વારેસ એકજ દાદો હોય છે. અને બીજા વારે-સોની ગણતરી નિયમિત નથી દીકરી વારેસ છે

† ભગાકારમાં જે સંખ્યા ઉપર ભાગીએ તેને ભાજક કહે છે અને જે સંખ્યાને ભાગીએ તેને ભાજ્ય કહે છે અને ભાગતાં જે સંખ્યા આવે તેને ભાગાકાર કહે છે. અને ભાગતાં જે બચે તેને શેષ કહે છે. અને અરબીમાં અનુક્રમે મકસુમ અલેહ, મકસુમ, ખારેજે કિસમત અને કસર કહે છે. ગુ. મે.

તે એક હોય તો તેને અડધો મળે છે, અને બે અથવા બેથી વધુ હોય તો તેણીને બે તૃતીયાંશ મળે છે. હવે જો બે છોકરી હોય તો તેણીને બે તૃતીયાંશ મળે છે એટલે દરેકને એક તૃતીયાંશ મળશે પણ એક માણસની દશ વીસ છોકરીઓ થઇ શકે છે તો તેઓમાં બે તૃતીયાંશ આપવામાં અપૂર્ણાંક લાગુ પડે છે, તેને પૂર્ણાંકમાં લાવવા માટે આ કાયદાઓનો ઉપયોગ કરવાનું છે.

૫૨ જો મૈયતના એટલાં વારેસ હોય કે તેઓના હિસ્સા પુર્ણાંકથી પોહોંચે છે તો ત્યાં ગુણાકાર (જરબ) કરવાની જરૂરત પડતી નથી. જેમકે મૈયતની મા, બાપ, અને બે દીકરીઓ હોય તો હિસ્સા પૂરા વહેંચાશે.

મૈ મ૦ ૬

મા.	બાપ.	દીકરી. ૨
૧	૧	૪ દર. ૨

આ જગ્યા બે તૃતીયાંશ ષષ્ટમાંશ સાથે ભેગા થયા અને ષષ્ટમાંશનો છેદ મોટો છે તથા એ છેદથી બે તૃતીયાંશ નીકળી શકે છે માટે તેના છેદથી મસઅલો બન્યો. એક એક મા, બાપને આપ્યા અને તેના બે તૃતીયાંશ ચાર એમ બંને છોકરીને આપ્યા એટલે દરેકને બબ્બે આવ્યા.

૫૩ મૈયતના વારસોમાં એક ટોળું એવું હોય કે તેઓના હિસ્સા તેઓપર વહેંચાતા નહીં હોય * તો જોવાનું કે તે હિસ્સાઓની સંખ્યામાં અને વારસો લેનાર ટોળાની સંખ્યામાં કયી નીસબત છે. જો તવાફોક હોય તો કયી સંખ્યાથી તવાફોક છે તે (દઢ ભાજક) શોધી તેના ઉપર ટોળાની સંખ્યાને ભાગે જે ભાગાકાર આવે તે તે સંખ્યાનો વફક છે તેને મસલાની સંખ્યા સાથે ગુણે. અને જો તે મસલામાં ઓલ હોય તો હવે તે મસલાને છોડી તે ઓલ સાથે ગુણે મસલો ખરો નીકળશે. સિરાજી વગેરે.

દાખલો જો મૈયતની મા, બાપ અને દશ દીકરી હોય તો મસલો છ થી થશે. એક મા ને એક બાપને અને ચાર દીકરીઓને મળશે. પણ ચારની સંખ્યા દશની સંખ્યા ઉપર પુર્ણાંકથી વહેંચાતી નથી. અને ચાર અને દશમાં બેથી તવાફોક છે (દઢભાજક બે છે) માટે દશને બે ઉપર ભાગતાં પાંચ આવ્યા એ પાંચને અસલ મસલો છમાં ગુણ્યા તો ત્રીસ થયા. એથી સર્વને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૬ તા૦ ૩૦

મા	બાપ	દીકરી ૧૦
૧/૫	૧/૫	૪/૨૦ દર.૨

જ્યારે મસલાની તસહીહ ૩૦ થઇ અને એ છને પાંચમાં ગુણ્યાથી થઈ છે માટે માને છથી એક મળ્યો હતો તેને પાંચમાં ગુણ્યો પાંચ થયા. એવીજ રીતે બાપને છથી એક મળ્યો હતો તેને પાંચમાં ગુણ્યો પાંચ થયા. અને દીકરીઓને ચાર મળ્યા હતા તેને પાંચમાં ગુણ્યા વીશ થયા દરેકને બે મળ્યા.

ચેતવણી આ દાખલામાં અસલ મસલો છથી થયો છે અને તેના બે તૃતીયાંશ ચાર દશ છોકરીઓ પર નહીં ભગાયા અને ચાર તથા દશમાં તવાફોક બેથી હોવાથી છોકરીઓની સંખ્યા દશ ને બે પર ભાગતાં વફક પાંચ કાઢી અસલ મસલામાં ગુણ્યા. એ માત્ર આટલાજ માટે કે આ વિદ્યામાં બંતા સુધી નાનામાં નાની સંખ્યાથી હિસ્સા અપાય છે અને એ માટે લઘુતમ સાધારણ ભાજ્ય વપરાય છે. નહીં તો જો પૂરે પૂરા દશને છમાં ગુણતે સાઠ થતે. અને સાઠના બે તૃતીયાશ ચાલીસ દાશ છોકરીઓ ઉપર ભાગતે તો દરેકને ચાર ચાર આવતે. હવે એક માલના ત્રીસ ભાગ કરી બે મળે અને સાઠ ભાગ કરી ચાર મળે એમાં કશો ફેર નથી. વળી આ મસલામાં ચાર દશ ઉપર પૂરા ભગાયા નહીં અને દશ અને ચારમાં બેથી તવાફોક છે માટે દશનો વફક લીધો પણ જો હિસ્સા લેનારાઓની સંખ્યામાં અને તેઓના હિસ્સામાં તદાખોલ હોય તોએ એજ કાયદો છે. જેમકે રદ્દીક મખતુમ વગેરેમાં છે. દાખલા તરીકે મૈયતની મા, બાપ, અને બાર દીકરી હોય તો મસલો છથી થશે એક માને એક બાપને અને ચાર દીકરીઓને મળશે. પણ ચાર બાર ઉપર વહેંચાતા નથી અને ચારમાં અને બારમાં તદા-

* મસલામાંથી જેટલા હિસ્સા વારેસોને મળે છે તે ભાજ્ય છે અને વારેસો ભાજક છે. ગુ. મો.

ઓલ છે એટલે ચાર બારથી ત્રણ વાર જાય છે માટે ત્રણ લઇ છમાં ગુણ્યા તો અરાઢ થયા એનો ષષ્ટમાંશ ત્રણ માને એવીજ રીતે ત્રણ બાપને અને બે તૃતીયાંશ બાર, બાર દીકરીને મળશે. દરેક દીકરીને એક એક.

દાખલો જો મૈયતની મા, બાપ, ધણી અને છ દીકરી હોય તો માને ષષ્ટમાંશ, બાપને ષષ્ટમાંશ, ધણીને ચતુર્થાંશ અને દીકરીઓને બે તૃતીયાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો બારથી થશે. એમાંથી બે માને બે બાપને ત્રણ ધણીને અને આઠ દીકરીઓને મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ પંદર થશે. પણ છ દીકરી ઉપર આઠ પૂર્ણાંકથી વહેંચાતા નથી. અને છમાં અને આઠમાં બેથી તવાફોક છે માટે છને બે પર ભાગતાં ત્રણ ભાગાકાર આવ્યા તેને ઓલ પંદરમાં ગુણ્યા પીસતાલીશ થયા, આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૫ તા૦ ૪૫

ધણી	મા	બાપ	દીકરી ૬
૩/૧૨	૨/૧૨	૨/૧૨	૮/૧૨ દર. ૪

જ્યારે મસલાની તસહીહ પીસતાલીસથી થઇ અને એ પંદરને ત્રણમાં ગુણ્યાથી થઇ છે માટે એ પંદરમાંથી ધણીને ત્રણ મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા નવ થયા. અને માને બે મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા છ થયા. એવીજ રીતે બાપને બે મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા છ થયા. અને દીકરીઓને આઠ મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા ચોવીસ થયા. દરેક દીકરીને ચાર મળશે. આ ઓલનો મસલો છે.

૫૪ મૈયતના વારેસામાં એક ટોળું એવું હોય કે તેઓના હિસ્સા તેઓ ઉપર ભગાતા નહીં હોય એટલે અપૂર્ણાંક લાગુ પડતો હોએ અને તેઓની સંખ્યામાં તથા તેઓના હિસ્સાની સંખ્યામાં તવાફોક નહીં હોય પણ તબાયોન હોય તો હિસ્સા લેનારાઓની સંખ્યાને અસલ મસલામાં ગુણે. અને જો તે મસલામાં ઓલ હોય તો ઓલમાં ગુણે, સિવાજી.

દાખલો જો મૈયતની મા, બાપ, અને પાંચ દીકરી હોય તો માને ષષ્ટમાંશ, બાપને ષષ્ટમાંશ, અને દીકરીઓને બે તૃતીયાંશ મળશે. અને ષષ્ટમાંશનો છેદ મોટો છે તથા તેથી તૃતીયાંશ નીકળી શકે છે માટે મસલો છથી થશે. એક માને, એવીજ રીતે એક બાપને, અને ચાર પાંચ દીકરીને મળશે. પણ ચાર પાંચ ઉપર પૂર્ણાંકથી વહેંચાતા નથી, અને ચારમાં તથા પાંચમાં તબાયોન છે માટે પાંચને મસલ મસલો છમાં ગુણ્યા ત્રીસ થયા. એથી સર્વને પુરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૬ તા૦ ૩૦

મા.	બાપ.	દીકરી ૫.
૧/૬	૧/૬	૪/૬ દર. ૪

જ્યારે મસલાની તસહીહ ત્રીસથી થઇ અને એ છને પાંચમાં ગુણ્યાથી થઇ છે માટે એમાંથી માને એક મળ્યો હતા તેને પાંચમાં ગુણ્યો પાંચ થયા. એવીજ રીતે બાપને એક મળ્યો હતો તેને પાંચમાં ગુણ્યો પાંચ થયા. અને દીકરીઓને ચાર મળ્યા હતા તેને પાંચમાં ગુણ્યા વીશ થયા. દરેક દીકરીને ચાર મળશે.

દાખલો જો મૈયતનો ધણી, મા, અને પાંચ દીકરી હોય તો ધણીને ચતુર્થાંશ માને ષષ્ટમાંશ અને દીકરીઓને બે તૃતીયાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો બારથી થશે. ત્રણ ધણીને બે માને અને આઠ દીકરીઓને મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ તેર થશે. પણ પાંચ દીકરી ઉપર આઠ પુરા વહેંચાતા નથી અને આઠમાં અને પાંચમાં તબાયોન છે માટે દીકરીઓની ગણતરી પાંચને ઓલ તેરમાં ગુણ્યા પાંસેઠ થયા, આથી સઘળાઓને પુરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૩ તા૦ ૬૫

ધણી.	મા.	દીકરી ૫
૩/૧૩	૨/૧૩	૮/૧૩ દર. ૮

જ્યારે મસલાની તસહીહ પાંસેઠથી થઇ અને એ તેરને પાંચમાં ગુણ્યાથી થઇ છે માટે તેરમાંથી ધણીને ત્રણ મળ્યા હતા તેને પાંચમાં ગુણ્યા પંદર થયા. માને બે મળ્યા હતા તેને પાંચમાં ગુણ્યા દશ થયા. અને દીકરીઓને આઠ મળ્યા હતા

તેને પાંચમાં ગુણ્યા ચાલીસ થયા. દરેક દીકરીને આઠ મળશે.

૫૫ મૈયતના વારેસોમાં બે કે બેથી વધુ ટોળાં એવાં હોય કે તેઓના હિસ્સા તેઓ ઉપર પૂરા ભગાતા નહીં હોએ અને અપૂર્ણાંક લાગુ પડે તો જોવાનું છે કે તે બંને ટોળાંઓની આપસમાં ગણતરી કેવી છે. જો બંનેમાં તમાસોલ (સમસંખ્યા) હોય તો તે તોળામાંના એક ટોળાની સંખ્યાને મુળ અસલામાં ગુણે અને જો ઓલ હોય તો ઓલમાં ગુણે. સિરાજી. રહીક મખતુમ.

દાખલો જો મૈયતની ત્રણ દીકરી, ત્રણ નાની, અને એક કાકો હોય તો દીકરીઓને બે તૃતીયાંશ, નાનીયોને એક ષષ્ટમાંશ અને બાકીનો કાકાને મળશે, અને ષષ્ટમાંશનો છેદ છ એ મોટો છેદ છે એથી તૃતીયાંશ નીકળી શકે છે. માટે મસલો છથી થશે. નાનીયોને એક, દીકરીઓને ચાર અને કાકાને બાકીનો એક મળશે. પણ દીકરીના ટોળા ઉપર તથા નાનીના ટોળા ઉપર તેઓના હિસ્સા પૂર્ણાંકથી વહેંચાતા નથી. અને બંને ટોળાની સંખ્યા સરખી છે એટલે દીકરીની પણ ત્રણ અને નાનીની પણ ત્રણ માટે એક ટોલાની ગણતરી ત્રણને અસલ મસલા છમાં ગુણ્યા તો તસહીહ અરાઢ થઇ. આથી સઘળાઓને પુરા હિસ્સા મળશે.

મૈ મ० ૬ તા० ૧૮

નાની. ૩	દીકરી. ૩	કાકો. ૧
૧/૩ દર. ૧	૧૨/૧૮ દર. ૪	૧/૩

જ્યારે મસલાની તસહીહ અરાઢથી થઇ અને એ ત્રણને છમાં ગુણ્યાથી થઇ છે માટે નાનીઓને છથી એક મળ્યો હતો તેને ત્રણમાં ગુણ્યા ત્રણ થયા દરેક નાનીને એકએક મળ્યો. અને દીકરીઓને ચાર મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા બાર થયા દરેક દીકરીને ચાર ચાર મળ્યા. અને કાકાને એક મળ્યો હતો તેને ત્રણમાં ગુણ્યો ત્રણ થયા એ કાકાને મળ્યા. જો આ જગ્યા એક કાકાને બદલે ત્રણ હતે તો ત્રણ ટોળાનો દાખલો થતે. એક ટોળું દીકરીઓનું અને એક નાનીઓનું અને એક કાકાનું. અને એમાં પણ એજ પ્રમાણે અરાઢથી તસહીહ થતે. અને જેમ નાનીઓને એક એક મળ્યો તેમ કાકાઓને પણ એક એક મળતે.

દાખલો અને જો મૈયતની છ દીકરી ત્રણ દાદી અને ત્રણ કાકા હોય તો મસલો છથી થશે ત્રણે દાદીઓને એક, છ દીકરીઓને ચાર અને બાકીનો એક કાકાઓને મળશે. પણ આ ત્રણે ટોળાં ઉપર તેઓને મળેલા હિસ્સા પૂર્ણાંકથી ભગાતા નથી. અને દીકરીઓની ગણતરીમાં અને તેઓના હિસ્સા ચારમાં બેથી તવાફોક છે. એટલે કલમ ૫૩ પ્રમાણે દીકરીઓની ગણતરીનો વફક લીધો તો ત્રણ થયા. હવે ત્રણે ટોળાં સમ સંખ્યાના થયાં. માટે એક ટોળાની ગણતરીને અસલ મસઅલા છમાં ગુણ્યા તો તસહીહ અરાઢ થઇ આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ० ૬ તા० ૧૮

દાદી. ૩	દીકરી. ૬	કાકો. ૩
૧/૩ દર ૧	૧૨/૧૮ દર ૨	૧/૩ દર ૧

આ જગ્યા મસલાની તસહીહ અરાઢથી થઇ અને એ ત્રણને છ માં ગુણ્યાથી થઇ છે માટે દાદીઓને છ માંથી એક મળ્યો હતો તેને ત્રણમાં ગુણ્યા ત્રણ થયા, દરેક દાદીને એક એક મળ્યો. અને દીકરીઓને ચાર મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા બાર થયા દરેક દીકરીને બે બે મળ્યા. અને કાકાઓને એક મળ્યો હતો તેને ત્રણમાં ગુણ્યા ત્રણ થયા દરેક કાકાને એક એક મળ્યો.

દાખલો અને જો મૈયતનો ધણી, ત્રણ દાદી અને ત્રણ સગી બેહેન હોય તો મસલો છથી થશે ત્રણ ધણીને, એક નાનીઓને, અને ચાર બેહેનોને મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ આઠ થશે. પણ દાદીઓનો હિસ્સો તથા દીકરીઓનો હિસ્સો તેઓપર વહેંચાતો નથા અપૂર્ણાંક લાગુ પડે છે. અને એ બંને ટોળાની ગણતરીમાં તમાસોલ (સમ સંખ્યા) છે માટે એકની ગણતરી લઇને ઓલ આઠમાં ગુણ્યા

તો તસહીહ ચોવીસ થઈ એથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૬ ઓ૦ ૮ તા૦ ૨૪

ધણી	દાદી ૩	સગીબેહેન ૩
૯/૨૪	૩/૨૪ દરે ૧	૧૨/૨૪ દરે ૪

આ જગ્યા મસલાની તસહીહ ચોવીશથી થઇ છે અને એ ત્રણને આઠમાં ગુણ્યાથી થઇ છે. માટે ધણીને આઠમાંથી ત્રણ હતા તેને ત્રણમાં ગુણ્યા નવ થયા એ તેનો હિસ્સો છે. અને નાનીઓને એક મળ્યો હતો તેને ત્રણમાં ગુણ્યો ત્રણ થયા દરેક નાનીને એક મળ્યો અને બેહેનોને ચાર મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યાં બાર થયા, દરેક બેહેનને ચાર મળ્યા.

વિદ્વાનોના મત પ્રમાણે જે ટોળાંઓપર તેઓના હિસ્સા પૂરા વેહેંચાતા નહીં હોય એવા વધુમાં વધુ ચાર ટોળાં થઈ શકે છે ચારનો દાખલો.

જો મૈયતની ત્રણ ધણિયાણી, ત્રણ દાદી, ત્રણ માજણા ભાઇ બેહેન, ત્રણ સગી બેહેન હોય તો ધણિયાનીને ચતુર્થાંશ, દાદીઓને એક ષષ્ટમાંશ, માજણા ભાઇ બેહેનોને એક તૃતીયાંશ, અને સગી બેહેનોને બે તૃતીયાંશ મળશે. અને ચતુર્થાંશ તૃતીયાંશ સાથે મળવાથી મસલો બારથી થશે અને છેદ સંકોચાયાથી ઓલ ૧૭ થશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૭ તા૦ ૫૧

ધણિયાણી. ૩	દાદી. ૩	માજણાં. ૩	સગી. ૩
૯/૫૧ દા. ૩	૬/૫૧ દર.૨	૧૨/૫૧ દર.૪	૨૪/૫૧ દર.૮

આમાં ત્રણ ધણિયાણીને ત્રણ મળ્યા એ તેઓપર પૂરા ભગાય છે. પણ ત્રણ દાદીઓને બે તથા ત્રણ માજણાઓને ચાર તથા ત્રણ સગી બેહેનોને આઠ મળ્યા એ તેઓપર ભગાતા નથી. અને હિસ્સા લેનારાઓની ગણતરીમાં તમાસોલ છે માટે આ ત્રણ ટોળાંમાંથી એકની ગણતરી ત્રણને લઇ સત્તરમાં ગુણ્યા એકાવન થયા આથી સર્વને પૂરા હિસ્સા મળશે. અને અપૂર્ણાંક લાગુ પડશે નહીં. અને જ્યારે આ તસહીહ સત્તરને ત્રણમાં ગુણયાથી થઈ તો સત્તરમાંથી ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા નવ થયા દરેકને ત્રણ મળશે. અને ત્રણ દાદીને બે મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા ૭ થયા દરેકને બે મળશે. અને ત્રણ માજણાંઓને ચાર મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા બાર થયા દરેકને ચાર મળશે. અને ત્રણ સગી બેહેનને આઠ મળ્યા હતા તેને ત્રણમાં ગુણ્યા ચોવીસ થયા દરેકને આઠ મળશે.

૫૬ મૈયતના વારેસોમાં બે કે બેથી વધુ ટોળાં એવાં હોય કે તેઓના હિસ્સા તેઓ ઉપર પૂરા ભગાતા નહીં હોય અને અપૂર્ણાંક લાગુ પડે અને તેઓની ગણતરીમાં તદાખોલ હોય તો હિસ્સા લેનારાઓમાં જેની સંખ્યા મોટી હોય તે સંખ્યાને મુળ મસલામાં ગુણે, અને જો તેમાં ઓલ હોય તો ઓલમાં ગુણે. સિરાજી.

દાખલો જો મૈયતની ચાર ધણિયાણી, * ત્રણ દાદી, અને બાર કાકા હોય તો ધણિયાણીઓને ચતુર્થાંશ, દાદીઓને ષષ્ટમાંશ અને બાકીનો કાકાઓને મળશે. અને ચતુર્થાંશ ષષ્ટમાંશ સાથે મળવાથી મસલો બારથી થશે. અને ચતુર્થાંશના ત્રણ ચાર ધણિયાણીને અને ષષ્ટમાંશના બે ત્રણ નાનીને અને બાકીના સાત બાર કાકાઓને મળે છે. પણ ત્રણ ચાર ઉપર પૂરા ભાગાતા નથી. અને બે ત્રણ ઉપર ભગાતા નથી તેમ સાત બાર ઉપર ભગાતા નથી. અને આ ત્રણે હિસ્સા લેનારના ટોળાંઓની સંખ્યામાં આપસમાં તદાખોલ છે એટલે બારમાં ત્રણ તથા ચાર દાખલ છે. માટે મોટી સંખ્યા બારને મુળ મસલો બારમાં ગુણ્યા એકસો ચુંબાલીસ થયા આથી સર્વને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ તા૦ ૧૪૪

ધણિયાણી. ૪	દાદી. ૩	કાકા. ૧૨
૩૬/૧૪૪ દર. ૯	૨૪/૧૪૪ દર. ૮	૮૪/૧૪૪ દર. ૭

આ જગ્યા મસલાની તસહીહ એકસો ચુંબાલીસથી થઇ અને એ બારને બારમાં ગુણ્યાથી થઇ છે માટે બારમાંથી ધણિયાણિને ત્રણ મળ્યા હતા તેને બારમાં ગુણ્યા છત્રીસ થયા દરેક ધણિયાણીને નવ

* જો ચાર ધણિયાણીની જગ્યા એક હશે તો બે ટોળાં ઉપર તેઓના હિસ્સા પૂરા નહીં ભગાવાનો દાખલો થશે. ગુ. મો.

મળ્યા, અને દાદીઓને બે મળ્યા હતા તેને બારમાં ગુણ્યા ચોવીસ થયા. દરેક દાદીને આઠ મળ્યા. અને કાકાઓને સાત મળ્યા હતા તેને બારમાં ગુણ્યા ચોરાસી થયા દરેક કાકાને સાત મળ્યા.

દાખલો જો મૈયતની ચાર ધણિઆણી, ત્રણ સગી બેહેન અને ચોવીસ દાદી હોય તો ધણિયાણીઓને ચતુર્થાંશ, સગી બેહેનોને બે તૃતીયાંશ, અને દાદીઓને ષષ્ટમાંશ મળશે. અને ચતુર્થાંશ ષષ્ટમાંશ સાથે મળવાથી મસલો બારથી થશે. અને છેદ સંકોચાયાથી ઓલ તેર થશે. ત્રણ ધણિયાણીઓને, આઠ બેહેનોને, અને બે દાદીઓને મળશે. હવે ચાર ધણિયાણી ઉપર ત્રણ પૂરા વહેંચાતા નથી અને ચારમાં અને ત્રણમાં તબાયોન છે. તેમ ત્રણ બેહેન ઉપર આઠ પૂરા વહેંચાતા નથી અને ત્રણમાં અને આઠમાં તબાયોન છે. તેમજ ચોવીસ દાદી ઉપર બે પૂરા વહેંચાતા નથી. પણ બેમાં અને ચોવીસમાં તદાખોલ છે. માટે ચોવીસને બે પર ભાગતાં બાર આવ્યા તે ધ્યાનમાં રાખ્યા. તો ત્રણ ટોળાની સંખ્યા ચાર, ત્રણ, અને બાર થઇ એઓમાં તદાખોલ છે. એટલે ચાર તથા ત્રણ બારમાં દાખલ છે. માટે મોટી સંખ્યા બાર ને ઓલ તેરમાં ગુણ્યા એકસો છપન થયા. આથી સઘળાઓને પુરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૩ તા૦ ૧૫૬

ધણિઆણી ૪	સગી બે. ૩	દાદી. ૨૪
૩૬/૧૫૬ દર ૯	૯૬/૧૫૬ દર. ૩૨	૨૪/૧૫૬ દર. ૧

આ જગ્યા મસલાની તસહીહ એકસો છપનથી થઇ અને એ તેરને બારમા ગુણ્યાથી થઇ છે. માટે તેરમાંથી ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને બારમાં ગુણ્યા છત્રીસ થયા. દરેકને નવ મળ્યા. અને સગી બેહેનોને આઠ મળ્યા હતા તેને બારમાં ગુણ્યા છન્નુ થયા દરેકને બત્રીસ મળ્યા. અને દાદીઓને બે મળ્યા હતા તેને બારમા ગુણ્યા ચોવીસ થયા. દરેકને એક મળ્યો.

દાખલો જો મૈયતની બે ધણિયાણી ત્રણ સગી બેહેન અને બાર દાદી હોય તો ધણિયાણીઓને ચતુર્થાંશ, સગી બેહેનોને બે તૃતીયાંશ, અને દાદીઓને ષષ્ટમાંશ મળશે. અને ચતુર્થાંશ એક ષષ્ટમાંશ સાથે મળવાથી મસલો બારથી થશે. ધણિયાણીઓને ત્રણ સગી બેહેનોને આઠ અને દાદીઓને બે મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ તેર થશે. હવે બે ધણિયાણી ઉપર ત્રણ પૂરા ભગાતા નથી તેમ ત્રણ સગી બેહેન ઉપર આઠ પૂરા ભગાતા નથી, એવીજ રીતે બાર દાદી ઉપર બે પૂરા ભાગાતા નથી. પણ દાદીઓની સંખ્યા બારમાં અને તેઓના હિસ્સા બેમાં તદાખોલ છે. માટે બે પર બારને ભાગતા છ આવ્યા તે લીધા તો આ જગ્યા ત્રણ ટોળાં ઉપર તેઓના હિસ્સા પૂરા ભગાતા નથી અને ત્રણે ટોળાંની સંખ્યા બે, ત્રણ, અને છ માં તદાખોલ છે માટે મોટી સંખ્યા છને તેરમાં ગુણ્યા ઇઠાતેર થયા. આથી સઘળાને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૩ તા૦ ૭૮

ધણિયાણી ૨.	સગી ૩.	દાદી ૧૨.
૧૮/૭૮ દર. ૯	૪૮/૭૮ દર. ૧૬	૧૨/૭૮ દર. ૧

આ જગ્યા મસલાની તસહીહ ઇઠાતેરથી થઇ અને એ તેરને છમાં ગુણ્યાથી થઇ છે. માટે તેરમાંથી ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને છમાં ગુણ્યા અરાઢ થયા દરેકને નવ મળ્યા. સગી બેહેનોને આઠ મળ્યા હતા. તેને છ માં ગુણ્યા ઉડતાલીસ થયા દરેકને સોળ મળ્યા, દાદીઓને બે મળ્યા હતા તેને છમાં ગુણ્યા બાર થયા. દરેકને એક મળ્યો.

૫૭ મૈયતના વારેસોમાં બે કે બેથી વધુ ટોળાં એવાં હોય કે તેઓ પર તેઓના હિસ્સા પૂરા ભગાતા નહીં હોય અને અપુર્ણાંક લાગુ પડે તો જોવાનું છે કે જો તે ટોળાંઓની સંખ્યામાં તવાફોક હોય તો એક ટોળાનો વફક કાઢી બીજાની સંખ્યામાં ગુણે ફરી જે ગુણાકાર આવે તેને ત્રીજા ટોળાની સંખ્યા સાથે જુએ જો તેમાં પણ તવાફોક હોય તો એકનો વફક કાઢી બીજામાં ગુણે અને જો તવાફોક નહીં હોય તો તે પૂરાને બીજામાં ગુણે. ફરી જે ગુણાકાર આવે તેને ચોથા ટોળા સાથે જુએ જો તે બંનેની સંખ્યામાં તવાફોક હોય તો એકનો વફક બીજામાં ગુણે અને જો તવાફોક નહીં હોય તો તે પૂરાને બીજામાં ગુણે ફરી જે ગુણાકાર આવે તેને મુળ મસલામાં ગુણે અને જો તેમાં ઓલ હોય તો ઓલમાં ગુણે. જે ગુણાકાર

આવે તે તસહીહ છે. તેથી સઘળાઓના પૂરા હિસ્સા નીકળશે.

દાખલો. જો મૈયતની છ દાદી ચાર સગી બેહેન અને ચાર કાકા હોય તો દાદીઓને ષષ્ટમાંશ, સગી બેહેનોને બેતૃતીયાંશ અને બાકીનો કાકાઓને મળે છે માટે મસલો છથી થયો. તેમાંથી દાદીઓને એક, બેહેનોને ચાર, અને કાકાઓને એક મળ્યો. આમા છ દાદી ઉપર એક પૂર્ણાંકથી વહેંચાતો નથી તેમ ચાર કાકાઓ ઉપર પણ એક વેહેંચાતો નથી અને બેહેનો ઉપર તેઓના હિસ્સા પૂરા ભગાય છે તો બે ટોળાંમાં તેઓના હિસ્સા પૂરા ભગાતા નથી. અને તેઓની સંખ્યામાં અને તેઓના હિસ્સાઓમાં તબાયોન છે માટે તે બંને ટોળાંની સંખ્યા જોઇ તો છ અને ચારમાં તવાફોક બેથી છે † માટે છનો વફક ત્રણ કાઢી* ચારમાં ગુણ્યા બાર થયા અને તે બારને અસલ મસલો છમાં ગુણ્યા બોતેર થયા. આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૬ તા૦ ૭૨

દાદી. ૬	સગી બેહેન. ૪	કાકા. ૪
૧૨ દર. ૨	૪૮ દર. ૧૨	૧૨ દર. ૩

આ જગ્યા મસલાની તસહીહ બોન્તેરથી થઇ અને એ છને બારમાં ગુણવાથી થઇ છે માટે દાદીઓને છથી એક મળ્યો હતો તેને બારમાં ગુણ્યા બાર થયા દરેકને બે મળ્યા. સગી બેહેનોને ચાર મળ્યા હતા તેને બારમાં ગુણ્યા ઉડતાલીસ થયા દરેકને બાર મળ્યા. અને કાકાઓને એક મળ્યો હતો તેને બારમાં ગુણ્યો બાર થયા દરેકને ત્રણ મળ્યા.

દાખલો જો મૈયતની ચાર ધણિયાણી આઠ દીકરી અરાઢ દાદી અને છ કાકા હોય તો ધણિયાણીઓને અષ્ટમાંશ દીકરીઓને બે તૃતીયાંશ દાદીઓને ષષ્ટમાંશ અને બાકીનો કાકાને મળે છે. એમાં અષ્ટમાંશ બીજી જાતીના હિસ્સા સાથે મળવાથી મસલો ચોવીસથી થશે. ત્રણ ધણિયાણીઓને, સોળ. દીકરીઓને, ચાર દાદીઓને, અને એક કાકાઓને મળશે. આમાં ચાર ધણિયાણી ઉપર ત્રણ પૂરા વહેંચાતાં નથી તથા અરાઢ દાદી ઉપર ચાર વહેંચાતા નથી એવીજ રીતે છ કાકા ઉપર એક વહેંચાતો નથી. આઠ દીકરી ઉપર તેઓના હિસ્સા સોળ વેહેંચાય છે. એટલે ત્રણ ટોળાં ઉપર તેઓના હિસ્સા વેહેંચાતા નથી. પણ દાદીઓની સંખ્યા અરાઢ અને તેઓના હિસ્સા ચારમાં બેથી તવાફોક છે માટે કલમ ૫૩ પ્રમાણે અરાઢને બે પર ભાગતા નવ આવ્યા. હવે ચાર, નવ અને છ સંખ્યા ભેગી થઇ. અને ચારમાં અને છ માં તવાફોક બેથી છે. ચારનો વફક બેથી છને ગુણ્યા બાર થયા. અને બારને અને નવને તવાફોક ત્રણથી છે. બારનો વફક ચારને નવમાં ગુણ્યા છત્રીસ થયા. ※ તેને મુળ મસઅલો ચોવીસ માં ગુણ્યા આઠસો ચોસેઠ થયા આથી સઘળા ઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૨૪ તા૦ ૮૬૪

ધણિયાણી ૪	દીકરી ૮	દાદી ૧૮	કાકા ૬
૧૦૮ દર ૨૭	૫૭૬ દર ૭૨	૧૪૪ દર ૮	૩૬ દર ૬

જ્યારે મસલાની તસહીહ આઠસો ચોસેઠથી થઇ અને એ ચોવીસને છત્રીસમાં ગુણ્યાથી થઇ છે માટે ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને છત્રીસમાં ગુણ્યા એકસો આઠ થયા દરેકને સત્તાવીસ મળ્યા. દીકરીઓને સોળ મળ્યા હતા તેને છત્રીશમાં ગુણ્યા પાંનસો છોતેર થયા. દરેકને બોતેર મળ્યા દાદીઓને ચાર મળ્યા હતા તેને છત્રીસમાં

† એટલે બે પર છને ભાગી શું તો ત્રણ આવશે એ છનો વફક છે અને બેપર ચારને ભાગીશું તો બે આવશે એ ચારનો વફક છે. ગુ. મો.

* જોઇએ ચારનો વફક બે કાઢી છમાં ગુણશો તોએ બાર થશે. જ્યારે બે સંખ્યામાં તવાફોક હોય તો અમે તેનું વફક લઇને બીજામાં ગુણશો એકજ તરેહ નો ગુણાકાર આવશે. ગુ. મો.

※ જોઇએ એમ કહો કે છમાં અને નવા તવાફોક ત્રણથી છે. છનો વફક બેને નવમાં ગુણ્યા અરાઢ થયાં. અને અરાઢમાં અને ચારમાં તવાફોક બેથી છે. ચારનો વફક બેને અરાઢમાં ગુણ્યા છત્રીસ થયા. જોઇએ આવી રીતે કરો કે નવ અને ચારમાં તબાયોન છે. માટે ચારને નવમાં ગુણ્યા છત્રીસ થયા. અને છ અને છત્રીસમાં તદાખોલ છે. જેથી એ છત્રીસને મસલામાં ગુણ્યા. ગુ. મો.

ગુણ્યા એકસો ચુમ્માલીસ થયા દરેકને આઠ મળ્યા. કાકાઓને એક મળ્યો હતો તેને છત્રીસમાં ગુણ્યા છત્રીસ થયા દરેકને છ મળ્યા.

દાખલો જો મૈયતની ચાર બાયડી ૧૮ દીકરી પંદર દાદી અને છ કાકા હોય તો બા. યડીઓને અષ્ટમાંશ, દીકરીઓને બે તૃતીયાંશ, દાદીઓને ષષ્ટમાંશ, અને બાકીનો કાકાઓને મળે છે. આમા અષ્ટમાંશ બીજી જાતીના હિસ્સાઓ સાથે મળવાથી મસલો ચોવીસથી થશે. ત્રણ બાયડીઓને, સોળ દીકરીઓને, ચાર દાદીઓને, અને બાકીનો એક કાકાઓને મળે છે. આ ચારે ટોળાના હિસ્સા તેઓ ઉપર પૂરા ભગાતા નથી. ધણિયાણીઓની સંખ્યા ચારમાં અને તેઓના હિસ્સા ત્રણમાં તબાયોન છે, અને દીકરીઓની સંખ્યા અઢારમાં અને તેઓના હિસ્સા સોળમાં તવાફ઼ક બેથી છે. માટે અઢારને બે પર ભાગતા નવ આવ્યા તે ધ્યાનમાં રાખ્યા. અને દાદીઓની સંખ્યા પંદરમાં અને તેઓના હિસ્સા ચારમાં તબાયોન છે. અને કાકાઓની સંખ્યા છમાં અને તેઓના હિસ્સા એકમાં તબાયોન છે. હવે ચાર, છ, નવ, અને ૧૫, સખ્યા ભેગી થઇ. અને ચાર તથા છમાં તવાફ઼ક બેથી છે માટે ચારનો વફ્ક બે લઇ છમાં ગુણ્યા બાર થયા. અને બારમાં તથા નવમાં તવાફ઼ક ત્રણથી છે એટલે બારને ત્રણપર ભાગતા ચાર આવે છે તે વફ્કને લઇ નવમાં ગુણ્યા છત્રીસ થયા. અને છત્રીસ તથા પંદરમાં તવાફ઼ક ત્રણથી છે એકનો વફ્ક લઇ બીજામાં ગુણ્યા એકસો એંસી થયા. એને અસલ મસલો ચોવીસમાં ગુણ્યા ચાર હઝાર ત્રણસો વીસ થયા આથી સઘળા વારેસોને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૨૪ તા. ૪૩૨૦

ધણિયાણી. ૪ દીકરી. ૧૮ દાદી. ૧૫ કાકા. ૬

ચ ૧/૮ હ. ૧૩૫ જ ૨/૩ હ. ૧૬૦ ઝ ૧/૬ હ. ૪૮ વ ૧/૬ હ. ૩૦

જ્યારે મસલાની તસહીહ ચાર હઝાર ત્રણસો વીસથી થઇ અને એ ચોવીસને એકસો એંસીમાં ગુણવાથી . થઇ છે તો ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા પાનસો ચાલીસ થયા, દરેકને એકસો પાંત્રીસ મળ્યા. અને દીકરીઓને સોળ મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા બે હઝાર આઠસો એંસી થયા દરેકને એકસો સાઠ મળ્યા. અને દાદીઓને ચાર મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા સાતસો વીસ થયા. દરેકને ઉડતાલીસ મળ્યા. અને કાકાઓને એક મળ્યો હતો તેને એકસો એંસીમાં ગુણ્યા એકસો એંસી થયા. દરેકને ત્રીસ મળ્યા.

દાખલો જો મૈયતની ચાર ધણિયાણી, નવ સગી બેહેન, પાંચ માજણી બેહેન. અને બાર દાદી હોય તો ધણિયાણીઓને ચતુર્થાંશ, સગી બેહેનોને બે તૃતીયાંશ, માજણી બેહેનોને એક તૃતીયાંશ, અને દાદીઓને એક ષષ્ટમાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતના ભાગો સાથે મળવાથી મસલો બારથી થશે ધણિયાણીઓને ત્રણ, સગી બેહેનોને આઠ માજણી બેહેનોને ચાર, અને દાદીઓને બે મળે છે. અને છેદ સંકોચાયાથી ઓલ સત્તર થશે. હવે ચાર ધણિયાણી ઉપર ત્રણ પૂરા વહેંચાતા નથી. અને ત્રણ તથા ચારમાં તબાયોન છે. તેમ નવ સગી બેહેનો ઉપર આઠ પૂરા વેહેંચાતા નથી અને નવ તથા આઠમાં તબાયોન છે. એવીજ રીતે પાંચ માજણી બેહેનો ઉપર ચાર પૂરા વહેંચાતા નથી અને પાંચ તથા ચારમાં તબાયોન છે. અને બાર દાદીઓ ઉપર બે પૂરા વહેંચાતા નથી. પણ બાર તથા બેમાં તદાખોલ છે એટલે બારને બે પર ભાગતા છ આવ્યા. તો હિસ્સા લેનારની ગણતરી ચાર, નવ, પાંચ અને છ ભેગી થઇ. એમાંથી ચાર અને છમાં બેથી તવાફ઼ક છે માટે એકના વફ્કને બીજામાં ગુણ્યા બાર આવ્યા. અને એ બારમાં અને નવમાં તવાફ઼ક ત્રણથી છે માટે એકનો વફ્ક લઇને બીજામાં ગુણ્યા છત્રીસ આવ્યા. અને છત્રીસમાં અને પાંચમાં તબાયોન છે માટે પાંચને છત્રીસમાં ગુણ્યા એકસો એંસી આવ્યા અને મસલાનો ઓલ સત્તરમાં ગુણ્યા તો ત્રણ હજાર સાઠ આવ્યા આથી સઘળા ભાગીદારોને પૂરા હિસ્સા મળશે

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૭ તા૦ ૩૦૬૦

ધણિયાણી ૪ સગી ૯ માજણી ૫ દાદી ૧૨

૧/૪ ૦ દ.૧૩૫ ૧/૮ ૦ દ.૧૬૦ ૭/૮ ૦ દ.૧૪૪ ૩/૮ ૦ દ.૩૦

જ્યારે મસલાની તસહીહ ત્રણ હજાર સાઠથી થઇ અને એ સત્તરને એકસો એંસીમાં ગુણ્યાથી થઇ છે માટે સત્તરમાંથી ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા પાંનસો ચાલીસ થયા દરેકને એકસો પાંત્રીસ મળ્યા. અને સગી બેહેનોને આઠ મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા એક હજાર ચારસો ચાલીસ થયા, દરેકને એકસો સાઠ મળ્યા. અને માજણી બેહેનોને ચાર મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા સાતસો વીસ થયા દરેકને એકસો ચુંમાલીસ મળ્યા. અને દાદીઓને બે મળ્યા હતા તેને એકસો એંસીમાં ગુણ્યા તો ત્રણસો સાઠ થયા દરેકને ત્રીસ મળ્યા.

૫૮ વારેસોના જે ટોળાં ઉપર તેઓના હિસ્સા પૂરા ભગાતા નહીં હોય અને તે હિસ્સા લેનારાઓની ગણતરીમાં આપસમાં તબાયોન હોય તો એક ટોળાની ગણતરી બીજાની ગણતરીમાં ગુણે ફરી તે ગુણાકારને ત્રીજા ટોળાની ગણતરીમાં ગુણે ફરી તે ગુણાકારને ચોથા ટોળાની ગણતરીમાં ગુણે ફરી જે ગુણાકાર આવે તેને મુળ મસલામાં ગુણે અને જો તે મસલામાં ઓલ હોય તો ઓલમાં ગણે. જે ગુણાકાર આવશે તેથી સઘળાઓના હિસ્સા પૂરા મળશે.

ઉદાહરણ જો મૈયતની ત્રણ સગી બેહેન એક માજણી, અને પાંચ કાકા હોય તો સગી બેહેનોને બે તૃતીયાંશ, માજણી બેહેનને એક ષષ્ટમાંશ અને બાકી કાકાઓને મળશે. અને મસલો છથી થશે. સગી બેહેનોને ચાર, મા જણી બેહેનને એક અને કાકાઓને એક મળશે. હવે ત્રણ સગી બેહેન ઉપર ચાર પુરા વહેંચાતા નથી અને ચાર તથા ત્રણમાં તબાયાન છે. તેમ પાંચ કાકાઓ પર તેઓનો એક હિસ્સો વહેંચાતો નથી અને એક તથા પાંચમાં તબાયોન છે માટે બેહેનોની ગણતરી ત્રણને કાકાઓની સંખ્યા પાંચમાં ગુણ્યા પંદર થયા અને અસલ મસલો છ માં ગુણ્યા નેવું આવ્યા આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૬ તા૦ ૯૦

સગી બેહેન ૩ માજણી. ૧ કાકા. ૫

૪/૬ ૦ દર ૨૦ ૧/૬ ૧/૬ દર. ૩

જ્યારે મસલાની તસહીહ નેવુંથી થઇ અને એ છને પંદરમાં ગુણ્યાથી થઇ છે. માટે સગી બેહેનોને છથી ચાર મળ્યા હતા તેને પંદરમાં ગુણ્યા સાઠ થયા, દરેકને વીસ મળ્યા. અને મા જણી બેહેનને એક મળ્યો હતો તેને પંદરમાં ગુણ્યો પંદર થયા એ તેને મળ્યા. અને કાકાઓને એક મળ્યો હતો તેને પંદરમાં ગુણ્યો પંદર આવ્યા દરેકને ત્રણ મળ્યા.

ઉદાહરણ જો મૈયતનો ધણી, ત્રણ દીકરી, અને પાંચ દાદી હોય તો ધણીને ચતુર્થાંશ, દીકરીઓને બે તૃતીયાંશ. અને દાદીઓને એક ષષ્ટમાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતીના હિસ્સા સાથે મળવાથી મસલો બારથી થશે. ત્રણ ધણીને, આઠ દીકરીઓને, અને બે દાદીઓને મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ તેર થશે. હવે ત્રણ દીકરી ઉપર આઠ પૂરા ભગાતા નથી અને ત્રણમાં અને આઠમાં તબાયોન છે તેમ પાંચ દાદી ઉપર બે પૂરા ભગાતા નથી અને પાંચમાં અને બેમાં તબાયોન છે માટે ત્રણને પાંચમાં ગુણવાં પંદર થયા તેને મસલાના ઓલમાં ગુણ્યા એકસો પચાણું થયા આથી સઘળાઓના પૂરા હિસ્સા વહેંચાશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૩ તા૦ ૧૯૫

ધણી દીકરી. ૩ દાદી. ૫

૩/૪ ૮/૧૦ દર. ૪૦ ૩/૬ ૦ દર ૬

જ્યારે મસલાની તસહીહ એકસો પંચાણુંથી થઇ અને એ તેર ને પંદરમાં ગુણવાથી થઇ છે માટે તેરમાંથી ધણીને ત્રણ મળ્યા હતા તેને પંદરમા ગુણ્યા પીસતાલીસ થયા આ ધણીનો હિસ્સો છે. દીકરીઓને આઠ મળ્યા હતા તેને પંદરમાં ગુણ્યા એકસો વીસ થયા દરેકને ચાલીસ મળ્યા. દાદીઓને બે મળ્યા હતા તેને પંદરમાં ગુણ્યા ત્રીસ થયા દરેકને છ મળ્યા.

ઉદાહરણ જો મૈયતની બે બાયડી પાંચ સગી

બ્હેન અને સાત કાકા હોય તો બાયડીઓને ચતું-ર્થાંશ, સગી બ્હેનોને બે તૃતીયાંશ અને બાકીનો કાકાને મળશે. અને ચતુર્થાંશ બીજી જાતી સાથે મળ-વાથી મસલો બારથી થશે. ત્રણ બાયડીઓને આઠ સગી બ્હેનોને અને બાકીનો એક કાકાઓને મળશે. હવે બે બાયડીયો ઉપર ત્રણ પૂરા ભગાતા નથી અને બે તથા ત્રણમાં તબાયોન છે. તેમ પાંચ સગી બ્હેન ઉપર આઠ પૂરા ભગાતા નથી. અને પાંચ તથા આઠ-માં તબાયોન છે. એવીજ રીતે સાત કાકાઓ ઉપર એક પૂરો ભગાતો નથી અને બંનેમાં તબાયોન છે. અને બે, પાંચ, અને સાતમાંપણ તબાયોન છે. માટે બે ને પાંચમાં ગુણ્યા દશ થયા. તેમાં અને સાતમાં પણ તબાયોન છે. માટે તેને સાતમાં ગુણ્યા સિત્તેર થયા તેને મુળ મસઅલો બારમાં ગુણ્યા આઠસો ચાલીસ થયા આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ તા૦ ૮૪૦

ધણિયાણી ૨   સગી. ૫   કાકા.૭

૨૧૦ દર ૧૦૫   ૫૬૦ દર ૧૧૨   ૭૦ દર ૧૦

અને જ્યારે મસલાની તસહીહ આઠસો ચાલીસથી થઇ અને એ બારને સિત્તેરમાં ગુ-ણ્યાથી થઈ છે માટે બારમાંથી ધણિયાણીઓને ત્રણ મળ્યા હતા તેને સિત્તેરમાં ગુણ્યા બ-સો દસ થયા દરેકને એકસો પાંચ મળ્યા. અને સગી બ્હેનોને આઠ મળ્યા હતા તેને સિત્તેરમાં ગુણ્યાં પાનસો સાઠ થયા દરેકને એકસોબાર મળ્યા. અને કાકાઓને એક મળ્યો હતો તેને સિત્તેરમાં ગુણ્યો સિત્તેર થયા દરેકને દશ મળ્યા.

દાખલો. જો મૈયતની ચાર ધણિઆણી, સાત સગી બ્હેન અને પાંચ માજણી બ્હેન હોય તો ધણિયાણીઓને ચતુર્થાંશ, સગી બ્હેનોને બેતૃતીયાંશ, અને મા જણીયોને એક તૃતીયાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો બારથી થશે. ત્રણ ધણિયાણી ઓને આઠ સગી બ્હેનોને અને ચાર મા જણી બ્હેનોને મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ પંદર થશે. હવે ચાર ધણિયાણીપર ત્રણ પૂરા ભગાતા નથી, અને ચાર તથા ત્રણમાં તબાયોન છે. તેમ સાત બ્હેન પર આઠ ભગાતા નથી અને સાતમાં અને આઠમાં તબા-યોન છે. તેમને પાંચ માજણી બ્હેન ઉપર ચાર પૂરા ભગાતા નથી અને પાંચ તથા ચારમાં તબાયોન છે. અને હિસ્સા લેનારાઓની સં-ખ્યા ચાર, સાત, અને પાચમાં પણ તબાયોન છે માટે ચારને સાતમાં ગુણ્યા અઠાવીસ થયા. અને એમાં અને પાંચમાં પણ તબાયોન છે માટે પાંચમાં ગુણ્યા એકસો ચાલીસ થયા તેને ઓલ પંદરમાં ગુણ્યા બે હઝાર એકસો થયા આથી સઘળાઓના પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૫ તા૦ ૨૧૦૦

ધણીયાણી ૪   સગી ૭   મા જણી ૫

૪૨૦ દ. ૧૦૫   ૧૧૨૦ દ. ૧૬૦   ૫૬૦ દ. ૧૧૨

જ્યારે મસલાની તસહીહ બેહઝાર એક-સોથી થઇ અને એ પંદરને એકસો ચાલીસ માં ગુણ્યાથી થઇ છે. માટે ધણિયાણીને ત્રણ મળ્યા હતા તેને એકસો ચાલીસમાં ગુણ્યા ચારસો વીસ થયા દરેકને એકસો પાંચ મળ્યા. સગી બ્હેનોને આઠ મળ્યા હતા તેને એકસો ચા-લીસમાં ગુણ્યા એક હઝાર એકસો વીસ થયા દરેકને એકસો સાઠ મળ્યા. અને માજણી બ્હેનોને ચાર મળ્યા હતા તેને એકસો ચાલીસમાં ગુણ્યા પાનસો સાઠ થયા દરેકને એકસો બાર મળ્યા.

દાખલો. જો મૈયતની બે ધણિયાણી, ૭ દાદી દસ દીકરી અને સાત કાકા હોય તો ધણિયાણીયોને અષ્ટમાંશ, દાદીયોને ષષ્ટમાંશ, દીકરીઓને બે તૃતીયાંશ અને બાકીનો કાકાઓને મળશે. અને અષ્ટમાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો ચોવીશથી થશે. ત્રણ ધણિયાણીયોને, ચાર દાદી-ઓને સોળ દીકરીઓને અને બાકીનો એક કાકા-ઓને મળશે. હવે બે ધણિયાણી ઉપર ત્રણ પૂરા વહેંચાતા નથી તથા ૭ દાદી ઉપર ચાર પૂરા વહેંચાતા નથી પણ ચારમાં અને ૭માં તવાફોક બેથી છે. તો કલમ ૫૩ પ્રમાણે ૭ ને બે પર ભાગા તો ત્રણ આવ્યા. એવીજ રીતે દશ દીકરી ઉપર સોળ પૂરા ભગાતા નથી પણ દસમાં અને

ઓલમાં એથી તવાફોક છે માટે કલમ ૫૩ પ્રમાણે દસને પણ બે પર ભાગ્યા તો પાંચ આવ્યા. અને સાત કાકા ઉપર એક પૂરો ભગાતો નથી. અને બંનેમાં તબાયોન છે. અને બે, ત્રણ, પાંચ, અને સાતમાં પણ તબાયોન છે. માટે બેને ત્રણમાં ગુણ્યા છ થયા તેમાં અને પાંચમાં પણ તબાયોન છે માટે તેને પાંચમાં ગુણ્યા ત્રીસ થયા. અને ત્રીસમાં અને સાતમાં પણ તબાયોન છે માટે સાતમાં ગુણ્યા તો બસો દશ થયા. તેને અસલ મસલો ચોવીસમાં ગુણ્યા તો ગુણાકાર પાંચ હઝાર ચાલીસ આવ્યા. આથી સઘળા વારેસોને પૂરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૨૪ તા૦ ૫૦૪૦

ધણિયાણી ૨ દાદી ૬ દીકરી ૧૦ કાકા ૭

૨ ૧/૮ ૦ દ. ૩૧૫ ૬ ૧/૬ ૦ દ. ૧૪૦ ૧૦ ૨/૩ ૦ દ. ૩૩૬ ૭ ૧/૧ ૦ દ. ૩૦

જ્યારે મસલાની તસહીહ પાંચ હજાર ચાલીસથી થઇ અને એ ચોવીસને બસો દસમાં ગુણ્યાથી થઇ છે તો ધણિયાણીયોને ત્રણ મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા છસો ત્રીસ થયા દરેકને ત્રણસો પંદર મળ્યા. દાદીયોને ચાર મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા આઠસો ચાલીસ થયા દરેકને એકસો ચાલીસ મળ્યા. દીકરીઓને સોળ મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા ત્રણ હઝાર ત્રણસો સાઠ થયા. દરેકને ત્રણસો છત્રીસ મળ્યા. કાકાઓને એક મળ્યો હતો તેને બસો દશમાં ગુણ્યો બસો દશ આવ્યા દરેકને ત્રીસ મળ્યા.

દાખલો જો મૈયતની બે ધણિયાણી, ત્રણ દાદી, પાંચ મા જણી બેહેન અને સાત સગી બેહેન હોય તો ધણિયાણીયોને ચતુર્થાંશ, દાદીયોને ષષ્ટમાંશ, માજણી બેહેનોને એક તૃતીયાંશ, અને સગી બેહેનોને બે તૃતીયાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો બારથી થશે. ત્રણ ધણિયાણીયોને, બે દાદીયોને, ચાર માજણી બેહેનોને, અને આઠ સગી બેહેનોને મળશે. અને છેદ સંકોચાયાથી ઓલ સત્તર થશે. હવે બે ધણિયાણી ઉપર ત્રણ પૂરા વહેંચાતા નથી. અને ત્રણમાં અને બેમાં તબાયોન છે. તથા ત્રણ દાદી ઉપર બે પૂરા વહેંચાતા નથી અને ત્રણમાં અને બેમાં તબાયોન છે. તથા પાંચ માજણી બેહેન પર ચાર પૂરા વહેંચાતા નથી અને પાંચમાં અને ચારમાં તબાયોન છે. અને સાત સગી બેહેન પર આઠ વહેંચાતા નથી. અને સાત અને આઠમાં તબાયોન છે. અને હિસ્સા લેનારની સંખ્યા બે, ત્રણ, પાંચ, અને સાતમાં પણ આપસમાં તબાયોન છે. માટે બેને ત્રણમાં ગુણ્યા છ થયા. છને પાંચમા ગુણ્યા ત્રીસ થયા તેને સાતમાં ગુણ્યા બસો દસ થયા તેને મસલાનો ઓલ સત્તર ઉપર ગુણ્યા ત્રણ હઝાર પાનસો સિત્તેર થયા આથી સઘળાઓના હિસ્સા પૂરા વહેંચાશે.

મૈ મ૦ ૧૨ ઓ૦ ૧૭ તા૦ ૩૫૭૦

ધણિયાણી ૨ દાદી ૩ માજણી ૫ સગી ૭

૨ ૩/૧૭ ૦ દ. ૩૧૫ ૩ ૨/૧૭ ૦ દ. ૧૪૦ ૫ ૪/૧૭ ૦ દ. ૧૬૮ ૭ ૮/૧૭ ૦ દ. ૨૪૦

જ્યારે મસલાની તસહીહ ત્રણ હઝાર પાનસો સિત્તેરથી થઇ અને એ સત્તરને બસો દસમાં ગુણ્યાથી થઇ છે માટે સત્તરથી ધણિયાણીને ત્રણ મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા છસો ત્રીસ થયા દરેકને ત્રણસો પંદર મળ્યા. અને દાદીયોને બે મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા ચારસો વીસ થયા, દરેકને એકસો ચાલીસ મળ્યા. અને માજણી બેહેનોને ચાર મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા આઠસો ચાલીસ થયા, દરેકને એકસો અડસઠ મળ્યા. અને સગી બેહેનોને આઠ મળ્યા હતા તેને બસો દસમાં ગુણ્યા સોળસો એંસી થયા, દરેકને બસો ચાલીસ મળ્યા.

૫૯ તસહીહની સંખ્યામાંથી કોઇ પણ ટોળાનો હિસ્સો જાણવા માટે મસલામાં અથવા ઓલમાં જે સંખ્યાને ગુણી હોય તેમાં તે ટોળાને મળેલા હિસ્સાની સંખ્યાને ગુણે તેનો ગુણાકાર તેજ તે ટોળાનો હિસ્સો છે. અને જો તે ગુણાકાર ટોળાના માણસોની સંખ્યાપર ભગાશે તેનો જે ભાગાકાર તેજ તે દરેક શખ્સનો હિસ્સો છે.

ખોલાસો.

ઉપલા દાખલામાં ઓલમાં બસો દસની સંખ્યાને ગુણી છે માટે જે ટોળાનો હિસ્સો જાણવો હોય તેને મળેલી સંખ્યાને એમાં ગુણે જે ગુણાકાર આવશે તેજ એ ટોળાનો હિસ્સો છે. અને તે ગુણાકારને ટોળાની ગણતરી ઉપર ભાગતાં જે ભાગાકાર આવે તે તે ટોળાના દરેક શખ્સનો હિસ્સો છે. દાખલા તરીકે ઉપલા દાખલામાં ધણિ-

ધણીઓને ત્રણ મળ્યા છે તેને બસો દશમાં ગુણશો તો ગુણાકાર છસો ત્રીસ આવશે એજ એ ટોળાનો હિસ્સો છે. અને એ સંખ્યાને ધણિયાણીની ગણતરી બેપર ભાગશો તો ત્રણસો પંદર આવશે એ દરેક ધણિયાણીનો હિસ્સો છે. એવીજ રીતે દાદીના ટોળાંને, માજણી બહેનોના ટોળાને, તથા સગી બહેનોના ટોળાને સમજો, ઉપરના દાખલાઓમાં ઘણીવાર બયાન થયા છે. દરેક શખ્સનો હિસ્સો ત્રીરાસીથી પણ સારી રીતે નીકળશે. દાખલા તરીકે ઉપલા દાખલામાં આવી રીતે કરે કે ઓલના સત્તર પર ત્રણ હજાર પાનસો સિત્તેર તો ધણિયાણીઓનો હિસ્સો ત્રણને કેટલા? તોજે જવાબ આવે તે એ ટોળાનો હિસ્સો છે. અને જ્યારે ટોળાનો હિસ્સો જણાય તેને તે ટોળાના માણસોની ગણતરીપર ભાગતાં જે આવે તે દરેક શખ્સનો હિસ્સો છે. **વળી** કોઇ પણ ટોળાના એક સખ્સનો હિસ્સો જાણવો હોય તો તે ટોળાને જે હિસ્સો મસલાથી અથવા ઓલથી મળ્યો હોય તેને તે ટોળાના માણસો ઉપર ભાગે ફરી જે ભાગાકાર આવે તેને મસલામાં અથવા ઓલમાં ગુણાયલી સંખ્યામાં ગુણે ફરી જે ગુણાકાર આવે તેજ તે ટોળાના દરેક શખ્સનો હિસ્સો છે. ઉપલા દાખલામાં બે ઓરતોના ટોળાને ત્રણ મળ્યા છે તેને બેપર ભાગા તો દોઢ આવ્યો તેને બસો દસમાં ગુણ્યા ત્રણસો પંદર આવ્યા એજ એક ધણિયાણીનો હિસ્સો છે **વળી** આ રીતે પણ થઇ શકે છે કે મસલા અથવા ઓલ સાથે જે સંખ્યાને ગુણી હોય તેને તે ટોળા ઉપર ભાગે ફરી જે ભાગાકાર આવે તે ટોળાને અસલ મસલાથી અથવા ઓલથી મળેલી સંખ્યામાં ગુણે જે ગુણાકાર આવે તેજ તે ટોળાના દરેક શખસને મળશે. ઉપલા દાખલામાં ઓલમાં ગુણાયલી સંખ્યા બસો દસને ધણિયાણીઓની સંખ્યા બેપર ભાગ્યા એકસો પાંચ આવ્યા અને ઓલથી મળેલી સંખ્યા ત્રણમાં ગુણ્યા ત્રણસો પંદર આવ્યા એજ દરેક ધણિયાણીનો હિસ્સો છે. એ વગર બીજી રીતે પણ થઇ શકે છે પણ લંબાણ થવાને લીધે અજાણ ગુચવાડામાં પડે માટે આટલા પર ટુક કરૂં છું. અને વિચાર કરનારને તો કલમ ૫૯ની જરૂરતજ નથી કારણ કે ઉપરના દાખલાઓમાં દરેક ટોળાના તથા દરેક ટોળાના દરેક માણસના હિસ્સા કાઢવાની રીત હું બતાવતો આવ્યો છું. પણ જેમ બીજા ફરાએજ વાળાઓએ કલમ ૫૯નો મજમુન જુદો લખ્યો છે તેમ મેં પણ ચેતવણી તરીકે જુદો લખ્યો છે.

રદનું વર્ણન

૬૦ નિયમિત હિસ્સા વાળાઓના હિસ્સા આપવા બાદ જે બચેલો હોય તેને લેનાર કોઇ નહીં હોય તે બચેલાને ધણી ધણિયાણી વગર બીજા નિયમિત હિસ્સાવાળાઓને તેઓના હિસ્સાના પ્રમાણમાં આપવું એ રદ છે.

ખોલાસો

રદ એ ખરૂં જોતાં ઓલથી ઉલટું છે * ઓલમા છેદ સંકોચાય છે અને હિસ્સા વધારે હોય છે. પણ રદમાં નિયમિત હિસ્સા આપતાં બચી રહે છે જેથી છેદને ટુક કરવું પડે છે. અને આ ઓલ જવીલ ફુરૂજ નસબીમાંજ થાય છે. એટલે ધણિ ધણિયાણી અગર જો જવીલ ફેરૂજ છે પણ તે સબબી છે એટલે નિકાહને લીધે છે માટે તેને રદમાંથી કશું મળતું નથી. પણ જો જવીલ ફુરૂજ નસબી તથા અસબા નહીં હોય તો ધણિ ધણિયાણીના આપવા બાદ જે રહે તેને લેવાને લાએક જવીલ અરહામ છે. જેમકે સિરાજીના વારેસોના અનુક્રમથી તથા શેખુલ ઇસ્લામથી જણાય છે. પણ જવીલ અરહામ નહીં હોય તેમ તે પછીના મૌલવ મોવાલાત, મોકર્ર લહુ, તથા સઘળા માલની વસીયત કરેલો શખ્સ નહીં હોય તો જોવાનું છે કે બૈતુલ માલ મુસલમાનોનું એટલે ઇસલામી હાકેમની તીજોરી છે કે નહીં. અને છે તો તે કાયદાસર ચાલે છે કે નહીં. જો ઇસલામી રાજ્યની તીજોરી હોય અને કાયદેસર ચાલતી હોય તો તે બચેલો તેમાં આપીશું. પણ જો ઇસલામી રાજ્યની તીજોરી હોયજ નહીં અથવા હોય પણ કાયદાસર ચાલતી નહીં હોય તો આ વખ્તે

* એજ માટે જે મસલામાં ઓલ હશે ત્યાં રદ નથી અને જેમાં રદ હશે તેમાં ઓલ નથી. તેમજ જે સુરતમાં ઓલ હોય ત્યાં અસબા થઇ શકતો નથી તેવીજ રીતે જ્યાં રદ હોય ત્યાં પણ અસબા થઇ શકતો નથી. ગું. મો.

ધણિ ધણિયાણી ઉપર પર રદ્દ થાય છે. જેમકે રદ્દે મોહતાર વગેરેથી સમજાય છે. અને વારેસોના અનુક્રમમાં લખી આવ્યો છું કે નિયમિત હિસ્સા વાળાના હિસ્સા પછી જે રહે તેને અસબા નસબી લેનાર છે. માટે જો અસબા નસબી હશે તો આ રદ્દ થશે નહીં. અને અસબા નસબી નહીં હશે તો અસબા સબબીને મળે છે. અને એ સબબથી મતલબ આઝાદ કરવું છે. હવે જો કોઇએ મૈયતને એક તૃતીયાંશ આજાદ કર્યો હોય તો આજાદ કરવાથી તે અસબા તો થશે પણ એના અસબા પણું એક તૃતીયાંશનું છે. જો મૈયતની એક ધણિયાણી એક દીકરી અને એક તૃતીયાંશ આઝાદ કરનાર હોય તો મસલો આઠથી થશે ધણિયાણીને એક, દીકરીને ચાર, રહ્યા ત્રણ એ અસબાનો વારસો છે પણ આ જગ્યા અસબા સબબી છે અને તે પણ આઝાદ કરવાના પ્રમાણમાં એક તૃતીયાંશ લેનાર છે માટે બચેલામાંથી એક એને મળશે અને બે બીજીવાર દીકરીને ૬૦ના કાયદાથી અપાશે રહીકે મખતુમ. આથી તમો સમજી શકશો કે જે કિતાબોમાં એવું લખાયું છે કે અસબા હોવા છતાં રદ્દ લાગુ પડતું નથી એ અસબાથી મતલબ અસબા નસબી તથા પુરો અઝાદ કર્તા અસબા સબબી છે. અને હિસ્સાના પ્રમાણમાં રદ્દ થાય એટલે નિયમિત હિસ્સા લેનારાઓની ગણતરી જોવાની નથી પણ તેઓને જે નિયમિત હિસ્સા મળ્યા હોય તેને જોવું જોઇએ. જો એકને ત્રણ મળ્યા હોય અને એકને એક તો બચેલો માલ ચાર ભાગ ઉપર ભગાશે જેને ત્રણ મળ્યા હતા તેને ત્રણ અને જેને એક મળ્યો હતો તેને એક મળશે. જેમકે આગળના દાખલાઓથી સારી રીતે સમજાશે

૬૧ જે જગ્યા નિયમિત હિસ્સાવાળાઓના હિસ્સા આપ્યા પછી કંઇ બચે અને તેને રદ્દનો કાયદો લાગુ પડે તો તેની ચાર તરેહ છે. યા તો (૧) નિયમિત હિસ્સા લેનારામાં રદ્દ થતું હોય તે એક જાતના હોય અને તેની સાથે ધણિ ધણિયાણીમાંથી કોઇ નહીં હોય અથવા (૨) તેઓની સાથે ધણી ધણિયાણીમાંથી કોઇ હોય. અથવા (૩) તે બે કે બેથી વધુ જાતના હોય અને તેઓની સાથે ધણી કે ધણિયાણી નહીં હોય અથવા (૪) તેઓની સાથે એમાંનું કોઇ હોય આ ચાર તરેહ ચાર કાયદામાં બયાન થશે. સિરાજી. રહીકે મખતુમ વગેરે.

૬૨ નિયમિત હિસ્સો લેનાર એક જાતના હોય અને તેઓની સાથે ધણી કે ધણિયાણીમાંથી કોઇ નહીં હોય તો તે નિયમિત હિસ્સો લેનારાઓની ગણતરીએ મસલો નીકળશે. સિરાજી. રહીકે મખતુમ વગેરે.

દાખલો જો મૈયતની બે દીકરી કે બે સગી બેહેનો હોય તો મસલો બેથી થશે. બે દીકરીનો નિયમિત હિસ્સો બે તૃતીયાંશ છે એક એક તૃતીયાંશ તેઓનો મુળ હિસ્સો અને એક તૃતીયાંશ વધ્યો તે ફરી તેઓપર ભગાયો તો એક ષષ્ટમાંશ દરેકને આવ્યો. તૃતીયાંશ અને ષષ્ટમાંશ મળી અડધો દરેકને મળ્યો. અને અડધાનો છેદ બે છે માટે બેથી મસલો થયો. એવીજ રીતે બે બેહેનનો હાલ સમજો. જો મૈયતની ત્રણ દીકરી કે ત્રણ બેહેન હોય તો ત્રણથી મસલો થશે અને ચાર હોય તો ચારથી મસલો થશે એને માટે કોઈ સંખ્યા નિયમિત નથી. જેટલા માણસ તેટલાથી મસલો. જો કોઇની વીસ દીકરી હશે તો મસલો વીસથી થશે. તેઓનો મુળ હિસ્સો બે તૃતીયાંશ અને એક તૃતીયાંશ રદ્દના કાયદાથી મળશે.

૬૩ નિયમિત હિસ્સો લેનાર એક જાતના હોય અને તેઓની સાથે ધણી અથવા ધણિયાણી હોય તો પ્રથમ તે ધણી અથવા ધણિયાણીને તેઓનો નિયમિત હિસ્સો નાનામાં નાના છેદથી આપવો ફરી જે રહે તે રદ્દ થઇ શકે તેઓપર પૂરા વહેંચાય તો ઠીક છે. નહીં તો તેને જોવું જોઇએ કે એ રદ્દ લેનારની સંખ્યામાં અને ધણી ધણિયાણીને આપતા રહેલી સંખ્યામાં તવાફોક હોય તો રદ્દ લેનારાઓની ગણતરીના વફકને તે છેદમાં ગુણે જે ગુણાકાર આવશે તેથી મસલાની તસહીહ છે તેથી દરેકને પૂરા હિસ્સા મળશે. અને જો તેઓની ગણતરીમાં અને બચેલા હિસ્સાની સંખ્યામાં તબાયોન હોય તો રદ્દ લેનારાઓની સંખ્યાને તે છેદમાં ગુણે જે ગુણાકાર આવશે તેથી મસલાની તસહીહ છે તેથી દરેકને પૂરા હિસ્સા મળશે

ઉદાહરણ જો મૈયતનો ધણી અને ત્રણ દીકરી હોય તો ધણીને ચતુર્થાંશ અને દીકરીઓને બે તૃતીયાંશ મળશે. અને ચતુર્થાંશ બીજી જાતીથી મળ્યાથી મસલો બારથી થશે ત્રણ ધણીને અને આઠ દીકરીઓને અને એક વધે છે તેને દીકરીઓ પર રદ્દ કરવાનો છે. માટે કલમ ૬૩ પ્રમાણે ધણીનો હિસ્સો નાનામાં નાના છેદથી નીકળી શકે તે ચાર છે. ચારથી મસલો કર્યો એક ધણીને છે અને બચેલા ત્રણ ત્રણ દીકરી પર પૂરા વહેંચાય છે. અને દરેકને એક મળે છે.

મૈ મ૦૧૨ રદ્દ ૪

ધણી   દીકરી. ૩

૧   ૩ દર. ૧

દાખલો એવીજ રીતે જો મૈયતની ધણિયાણી અને સાત છોકરી હોય તો ધણિયાણીને અષ્ટમાંશ અને દીકરીઓને બે તૃતીયાંશ મળશે. અને અષ્ટમાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો ચોવીસથી થાય છે. તેમાંથી ધણીયાણીને ત્રણ અને દીકરીઓને સોળ અને પાંચ બચ્યા જેથી જણાયું કે આ મસલામાં રદ્દ છે માટે કલમ ૬૩ પરમાણે નાનામાં નાના છેદ થી ધણિયાણીનો હિસ્સો નીકળી શકે એ આઠ છે. તેથી મસલો કર્યો. એક ધણીયાણીને આપ્યો અને બચેલા સાત સાત છોકરીઓ ઉપર પૂરા ભગાય છે. અને દરેકને એક મળશે.

મૈ મ૦૨૪ રદ્દ ૮

ધણિઆણી ૧   દીકરી ૭

૧   ૭ દર. ૧

દાખલો જો મૈયતનો ધણી હોએ અને ૭ દીકરી હોય તો એમાં રદ્દ હોવાથી નાનામાં નાનું છેદ જેથી ધણીનો હિસ્સો નીકળી શકે તે ચાર છે તેથી મસલો કર્યો ધણીને એક આપ્યો અને બાકીના ત્રણમાં અને દીકરીઓની ગણતરી છમાં તવાફોક * બેથી છે. માટે ત્રણ પર છ ભાગતાં બે આવ્યા એને ચારથી ગુણ્યા આઠ થયા. આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. ધણીને બે અને બાકીના છ છ દીકરીને દરેક દીકરીને એક.

મૈ મ૦ ૪ તા૦ ૮

ધણિ.   દીકરી. ૬

૧/૪   ૩/૪ દર. ૧

દાખલો જો મૈયતની એક ધણિયાણી અને નવ દાદી હોય તો એમાં રદ્દ છે * માટે નાનામાં નાનું છેદ જેથી ધણિયાણી નો હિસ્સો નીકળી શકે તે ચાર છે તેથી મસલો બનાવ્યો એક ધણિયાણીને આપ્યો બકીના ત્રણ નવ દાદી ઉપર પૂરા વહેંચાતા નથી અને બાકીના ત્રણમાં અને દાદીઓની સંખ્યામાં તાવાફોક ત્રણથી છે માટે ત્રણને અસલ મસલામાં ગુણ્યા બાર થયા આથી દરેકને પૂરા હિસ્સા મળશે. ધણિયાણીને ત્રણ અને બાકીના નવ નવ દાદીને, દરેકને એક.

મૈ મ૦૪ તા૦ ૧૨

ધણિયાણી ૧   દાદી ૯

૧/૪   ૩/૪ દર. ૧

દાખલો જો મૈયતનો ધણી હોય અને સાત દીકરી હોયતો આ મસલામાં રદ્દ છે માટે નાનામાં નાનું છેદ જેથી ધણીનો હિસ્સો નીકળી શકે તે ચાર છે, તેથી મસલો બનાવ્યો. એક ધણીને આપ્યો, બાકીના ત્રણ સાત છોકરી ઉપર પૂરા ભગાતા નથી અને સાતમાં અને ત્રણમાં તબાયોન છે માટે સાતને અસલ મસલો ચારમાં ગુણ્યા અઠાવીસ થયા એમાંથી ધણીને સાત, અને દરેક દીકરીઓને ત્રણ મળશે.

મૈ મ૦૪ તા૦ ૨૮

ધણી   દીકરી. ૭

૧/૪   ૩/૪ દર. ૩

દાખલો જો મૈયતની એક ધણિયાણી અને ત્રણ દીકરીઓ હોય તો આ મસલામાં રદ્દ

* છમાં અને ત્રણમાં તદાખોલ છે પણ તસ્હીહ ના કાયદામાં તે તવાફોક ગણાય છે; ગુ૦ મો૦

* કારણકે ધણિયાણી નો હિસ્સો ચતુર્થાંશ છે અને દાદીઓનો ષષ્ટમાંશ અને ચતુર્થાંશ ષષ્ટમાંશ સાથે ભેગો થવાથી મસલો બાર થાય છે. ત્રણ ધણિયાણીને અને બે દાદીઓને મળશે અને સાત બચશે એવીજ રીતે દરેક દાખલામાં કરવું ફરી કંઇ બચેતો રદ્દ જાણવું ગુ૦ મો૦

હોવાથી નાનામાં નાનું છેદ જેથી ધણિયાણીનો હિસ્સો નીકળી શકે તે આઠ છે એમાંથી અષ્ટમાંશ એક ધણિયાણીને આપ્યો. બાકીના સાતમાં અને દીકરીઓની સંખ્યા ત્રણમાં તબાયોન છે. માટે ત્રણને મુળ મસલા આઠમાં ગુણ્યા ચોવીસ થયા. આથી દરેકના પુરા હિસ્સા નિકળશે. ધણિયાણીને ત્રણ અને બાકીના એકવીસ ત્રણ દીકરીઓમાં દરેકને સાત મળશે.

મે મ૦ ૮ તા૦ ૨૪

ધણિયાણી ૧ દીકરી ૩

૩ ૨૧ દર. ૭

૬૪ નિયમિત હિસ્સો લેનાર (જવીલ ફરૂઝ) બે કે બેથી વધુ જાતના હોએ અને તેઓની સાથે ધણી અથવા ધણિયાણી કોઇ નહીં હોય તો મસલામાંથી જે હિસ્સા તેઓને મળ્યા હોય તે હિસ્સાઓની ગણતરીએ રદ્દનો મસલો બનાવવો.

ખોલાસો

જો મસલાથી બે ષષ્ટમાંશ મળતા હોય તો રદ્દનો મસલો બેથી થશે. જો એક તૃતીયાંશ અને એક ષષ્ટમાંશ મળતા હોય તો મસલો ત્રણથી થશે, જો એક ષષ્ટમાંશ અને અડધો મળતો હોય તો મસલો ચારથી થશે. જો બે તૃતીયાંશ અને એક ષષ્ટમાંશ મળતા હોય, અથવા બે ષષ્ટમાંશ અને અડધો મળતા હોય, અથવા એક તૃતીયાંશ અને અડધો મળતા હોય તો મસલો પાંચથી થશે. દાખલા તરીકે જો મરનારની એક સગી બેહેન અને બે મા જણ્યા ભાઇ હોય તો સગી બેહેનને અડધો મળશે અને બે મા જણ્યા ભાઇને એક તૃતીયાંશ મળશે. અને અડધો બીજી જાતી સાથે મળવાથી મસલો છથી થશે. ત્રણ સગી બેહેનને, અને બે મા જણ્યા ભાઇયોને મળશે. અને ત્રણ તથા બે મળી પાંચ થાય છે માટે રદ્દનો મસલો પાંચથી થશે. એટલે એક વધેલો એવી રીતે પાંચ ભાગે વહેંચાઇ જશે. ત્રણ વાળીને ત્રણના પ્રમાણમાં મળશે અને બે વાળાઓને બેના પ્રમાણમાં મળશે.

મે મ૦ ૬ રદ્દ ૫

સગી બેહેન ૧ માજણ્યા ૨

૩ ૨ દર. ૧

દાખલો જો મૈયતની એક દીકરી. એક પોત્રી અને મા હોય તો દીકરીને અડધો, પોત્રીને ષષ્ટમાંશ અને માને ષષ્ટમાંશ મળશે. અને અડધો બીજી જાતી સાથે મળવાથી મસલો છથી થશે. ત્રણ દીકરીને એક પોત્રીને અને એક માને મળે છે. અને ત્રણ, એક, અને એક મળી પાંચ થાય છે. માટે રદ્દનો મસલો પાંચથી થશે. અને બાકીનો એક તેઓના હિસ્સાના પ્રમાણમાં તેઓપર વહેંચાઇ જશે.

મે મ૦ ૬ રદ્દ ૫

દીકરી ૧ પોત્રી ૧ મા.

૩ ૧ ૧

દાખલો જો મૈયતની બે સગી બેહેન અને મા હોય તો સગી બેહેનોને બે તૃતીયાંશ અને માને એક ષષ્ટમાંશ મળશે. અને મસલો છથી થશે બેહેનોને ચાર અને માને એક મળશે. અને ચારને એક પાંચ થાય છે માટે રદ્દનો મસલો પાંચથી થશે.

મે મ૦ ૬ રદ્દ ૫

સગી બેહેન. ૨ મા.

૪ દર. ૨ ૧

દાખલો જો મૈયતની એક દીકરી અને મા હોય તો દીકરીને અડધો અને માને ષષ્ટમાંશ મળશે. અને અડધો બીજી જાતી સાથે મળવાથી મસલો છથી થશે. ત્રણ દીકરીને અને એક માને મળશે. અને ત્રણને એક ચાર થાય છે. માટે રદ્દનો મસલો ચારથી થશે.

મે મ૦ ૬ રદ્દ૦ ૪

મા. દીકરી.

૧ ૩

દાખલો જો મૈયતના બે માજણ્યા ભાઇ અને નાની હોય તો માજણ્યાઓને એક તૃતીયાંશ અને નાનીને એક ષષ્ટમાંશ મળશે. અને મસલો છથી થશે. બે માજણ્યાઓને અને એક નાનીને મળશે. અને બેને એક ત્રણ થાય છે. માટે રદ્દનો મસલો ત્રણથી થશે.

મે મ૦ ૬ રદ્દ ૩

નાની. ૧ માજણ્યા. ૨

૧ ૨ દર. ૧

૬૫ નિયમિત હિસ્સો લેનાર બે કે બેથી વધુ

જાતના હોય અને તેઓની સાથે ધણી કે ધણિયાણી હોય તો તે ધણી કે ધણિયાણીને નાનામાં નાની સંખ્યા કે જેથી તેઓનો હિસ્સો નીકળી શકે તેને છેદ કરી તેમાંથી તેઓનો હિસ્સો આપે. ફરી જે બચેલો છે તેને રદ્દ લેનારાઓનાં હિસ્સાઓપર વહેંચે. * જો વહેંચાય તો ઠીક છે નહીં તો એઓના હિસ્સાઓની ગણતરીને તે છેદમાં ગુણે. જે ગુણાકાર આવે તે રદ્દ લેનાર ટોળાનો તથા ધણી કે ધણિયાણીનો છેદ થશે. ફરી તે ટોળાઓના હિસ્સા જાણવા માટે ધણી અથવા ધણિયાણીના હિસ્સાને જેઓપર રદ્દ થાય છે તેઓના હિસ્સામાં ગુણે આથી ધણી અથવા ધણિયાણીનો હિસ્સો નીકળશે. અને ધણી અથવા ધણિયાણીને દેતાં જે બચેલા હોય તેમાં રદ્દ લેનારાઓના હિસ્સાની સંખ્યાને ગુણવાથી તે રદ્દ લેનારાઓના હિસ્સા નીકશે.

દાખલો જો મૈયતની એક ધણિયાણી, એક નાની, અને બે માજણા ભાઇ હોય તો ચતુર્થાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો બારથી થશે પણ એમાં રદ્દ છે માટે નાનામાં નાની સંખ્યા જેથી ધણિયાણીનો હિસ્સો નીકળી શકે તે ચાર છે એથી મસલો બનાવ્યો, અને તેણીને એક આપ્યો. બાકી ત્રણ રહ્યા એ રદ્દ લેનાર ઉપર પૂરા વહેંચાય છે. કારણ કે ના. ૬૪ ના ખોલાસામાં વર્ણ્યા પ્રમાણે નાનીનો ષષ્ટમાંશ અને માજણા ભાઇયોનો એક તૃતીયાંશ મળ્યાથી મસલો ત્રણથી થાય છે એટલે બચેલા ત્રણ એ ત્રણ ઉપર પૂરા વહેંચાશે. એક નાનીને અને બે માજણા ભાઇઓને.

મૈ મ૦ ૧૨ રદ્દ૦ ૪

ધણિયાણી. ૧	નાની.	માજણા. ૨
૧	૧	૨ દર. ૧

દાખલો જો મૈયતની એક ધણિયાણી ચાર નાની અને છ માજણી બેહેન હોય તો ચતુર્થાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો બારથી થવો જોઇએ. પણ એમાં રદ્દ છે માટે નાનામાં નાના છેદ ચારથી ધણિયાણીનો હિસ્સો નીકળી શકે છે તેથી તેને એક આપ્યો. બાકી ત્રણ રહ્યા. અને નાનીઓનો હિસ્સો એક ષષ્ટમાંશ છે અને માજણીઓનો એક તૃતીયાંશ છે. અને કલમ ૬૪ ના ખોલાસા પ્રમાણે ષષ્ટમાંશ અને તૃતીયાંશ ભેગા થાય તો મસલો ત્રણથી થાય છે અને એ ત્રણ ઉપર બાકી રહેલા ત્રણ પૂરા વેહેંચાય છે માટે નાનીના ટોળાને એક અને માજણીઓના ટોળાને બે આપ્યા. પણ નાનીના ટોળામાં ચાર નાની છે તે પર એક વહેંચાતો નથી અને એકમાં અને ચારમાં તબાયોન છે. તેમ માજણીના ટોળામાં છ માજણી બેહેન છે તેઓપર બે વહેંચાતા નથી. અને છમાં અને બેમાં તવાફોક બેથી છે માટે છનો વફક ત્રણ લીધા. હવે ત્રણમાં અને ચારમાં તબાયોન છે માટે ત્રણને ચારમાં ગુણ્યા બાર થયા બારને અસલ મસલો ચારમાં ગુણ્યા ઉડતાલીસ થયાં. આથી દરેક શખ્સને પુરા હિસ્સા મળશે.

મૈ મ૦ ૧૨ રદ્દ ૪ ત૦ ૪૮

ધણિયાણી. ૧	નાની. ૪	માજણી. ૬
૧/૧૨	૧/૧૨ દર. ૩	૨/૨૪ દર. ૪

અને જોકે મસલાની તસહીહ ચારને બારમાં ગુણ્યાથી થઇ છે. માટે ધણિયાણીને એક મળ્યો હતો તેને બારમાં ગુણ્યા બાર થયા તે તેણીને મળ્યા. અને નાનીઓને એક મળ્યો હતો તેને બારમાં ગુણ્યા બાર થયા એ નાનીઓને મળ્યા. દરેકને ત્રણ. અને માજણી બેહેનોને બે મળ્યા હતા તેને બારમાં ગુણ્યા ચોવીસ થયા દરેકને ચાર મળ્યા.

દાખલો જો મૈયતની ચાર ધણિયાણી, નવ દીકરી, અને છ દાદી હોય તો ધણિયાણીને અષ્ટમાંશ, દીકરીઓને બે તૃતીયાંશ, અને દાદીઓને ષષ્ટમાંશ મળશે. અને અષ્ટમાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો ચોવીસ થશે. પણ એમાં રદ્દ હોવાથી નાનામાં નાની સંખ્યા કે જેથી અષ્ટમાંશ નીકળી શકે તે આઠ છે એથી મસલો બનાવ્યો. અને એક ધણિયાણીયોને આપ્યો. બાકી રહ્યા સાત એ રદ્દ લેનારા ઉપર પૂરા વહેંચાતા નથી. કારણકે દીકરીઓનો હિસ્સો બે તૃતીયાંશ છે અને નાનીયોનો હિસ્સો એક ષષ્ટમાંશ છે. અને બે તૃતીયાંશ અને

* આ હિસ્સા લેનારાઓના હિસ્સાઓને કલમ ૬૪ પ્રમાણે લખે. ગ્રા. મો.

એક ષષ્ટમાંશ ભેગા થાય તો કલમ ૬૪ના ખોલાસા પ્રમાણે મસલો પાંચથી થાય છે એ પાંચ પર સાત વહેંચાતા નથી તો કલમ ૬૫ પ્રમાણે રદ્દ લેનારાઓના મસલા (૫) ને ધણીયાણીને જે છેદથી અષ્ટમાંશ આપ્યો તેમાં (૮માં) ગુણ્યા ચાલીસ થયા. આથી રદ્દ લેનાર અને રદ્દ નહીં લેનાર (ધણિયાણી) બંનેના હિસ્સા નીકળશે. અને આ ચાલીસ તે આઠને પાંચમાં ગુણ્યાથી થયા છે માટે ધણિયાણીને આઠમાંથી એક મળેલાને પાંચમાં ગુણ્યો પાંચ થયા એ ધણિયાણીઓના હિસ્સા છે અને બાકીના પાત્રીસ એ નાનીઓના તથા દીકરીઓના હિસ્સા છે અથવા એમ કહો કે ચાલીસ તે આઠને પાંચમાં ગુણ્યાથી થયા છે અને આઠમાંથી એક હિસ્સો ધણિયાણીઓનો પાંચમાં ગુણ્યો પાંચ થયા. તેમ નાનીઓનો તથા દીકરીઓના સાત એ પણ પાંચમાં ગુણાયા પાત્રીસ થયા. એ પાંચ ઉપર પૂરા વહેંચાય છે. નાનીયોને એક મળ્યો હતો તેઓને સાત મળ્યા અને દીકરીઓને ચાર મળ્યા હતા તેઓને અઠાવીસ મળ્યા. અથવા એમ કહો કે પાત્રીસ એ પાંચને સાતમાં ગુણ્યાથી થયા છે માટે આ પાંચમાંથી જેને એક મળ્યો તેને સાતમાં ગુણ્યો સાત થયા અને જેને ચાર મળ્યા હતા તેને સાતમાં ગુણ્યા અઠાવીસ થયા. હવે ચાર ધણિયાણીને પાંચ મળ્યા એ તેઓ પર પૂરા ભગાતા નથી અને ચારમાં અને પાંચમાં તબાયોન છે તેમ છ નાનીઓને સાત પૂરા ભગાતા નથી. અને છમાં અને સાતમાં તબાયોન છે અને નવ દીકરી ઉપર અઠાવીસ પૂરા ભગાતા નથી. અને નવમાં અને અઠાવીસમાં તબાયોન છે. આ જગ્યા હિસ્સા લેનારાઓની ગણતરી ચાર, છ, અને નવ છે એની તપાસ કરી તો જણાયું કે એમાં તવાફોક છે. ચાર અને છમાં તવાફોક એથી છે માટે છનો વફક ત્રણ લઇ ચારમાં ગુણ્યા બાર થયા. અને બારમાં અને નવમાં તવાફોક ત્રણથી છે બારનો વફક ચાર લઇ નવમાં ગુણ્યા છત્રીસ થયા તેને આગલી તસહીહ ચાલીસમાં ગુણ્યા એક હજાર ચારસો ચાલીસ થયા આથી દરેકના હિસ્સા પૂરા વહેંચાશે.

તા० ૧૪૪૦

મૈ મ० ૨૪૨૬૮ તા० ૪૦ કા० ૫

ધણિયાણી ૪ દાદી ૬ દીકરી. ૯

૧/૫ ૧૮૦ દર ૪૫ — ૧/૬ ૨૫૨ દર૪૨ — ૪/૯ ૧૦૦૮ દર૧૧૨

આ મસલાની તસહીહ એક હજાર ચારસો ચાલીસથી થઇ અને એ ચાલીસને છત્રીસમાં ગુણ્યાથી થઇ છે. માટે ચાલીસથી ધણિયાણીઓને પાંચ મળ્યા હતા તેને છત્રીસમાં ગુણ્યા એકસો એંસી થયા. દરેકને પીસતાલીસ મળ્યા. અને દાદીઓને સાત મળ્યા હતા તેને છત્રીસમાં ગુણ્યા બસો બાવન થયા દરેકને બેતાળીસ મળ્યા. અને દીકરીઓને અઠાવીસ મળ્યા હતા તેને છત્રીસમાં ગુણ્યા એક હજાર આઠ થયા દરેકને એકસો બાર મળ્યા.

દાખલો જો મૈયતની બે ધણિયાણી એક દીકરી ચાર પોત્રી અને બે નાની હોય તો ધણિયાણીઓને અષ્ટમાંશ, દીકરીને અડધો, પોત્રીઓને ષષ્ટમાંશ, અને નાનીયોને ષષ્ટમાંશ મળશે. અને અષ્ટમાંશ બીજી જાતી સાથે મળવાથી મસલો ચોવીસથી થશે પણ એમાં રદ્દ છે માટે નાનામાં નાના છેદથી અષ્ટમાંશ નીકળી શકે એ આઠ છે એથી એક ધણિયાણીઓને આપ્યો, બાકીના સાત દીકરી પોત્રીયો અને નાનીયો ઉપર પૂરા વહેંચાતા નથી. અને કલમ ૬૪ના ખોલાસાથી જણાય છે કે અડધો અને બે ષષ્ટમાંશ મળવાથી મસલો પાંચથી બને છે ત્રણ દીકરીને એક પોત્રીઓને અને એક નાનીયોને મળે છે એ પાંચને આઠમાં ગુણ્યા ચાલીસ થયા આથી ધણિયાણીઓનો હિસ્સો તથા બીજાઓનો હિસ્સો નીકળશે. ધણિયાણીઓને આઠથી એક મળ્યો હતો તેને પાંચમાં ગુણ્યો પાંચ થયા એ ધણિયાણીનો હિસ્સો છે. અને દીકરીને રદ્દ લેનારનો મસલો પાંચથી ત્રણ મળ્યા હતા તેને ધણિયાણીને આપતાં બચેલા સાતમાં ગુણ્યા એકવીસ થયા. અને પોત્રીઓને પાંચથી એક મળ્યો હતો તેને સાતમાં ગુણ્યો સાત થયા અને નાનીયોને પાંચથી એક મળ્યો હતો. તેને સાતમાં ગુણ્યો સાત થયા. પણ બે ધણિયાણી ઉપર પાંચ પૂરા વહેંચાતા નથી અને પાંચમાં ને બેમાં તબાયોન છે. અને ચાર પોત્રી

ઉપર સાત પૂરા વહેંચાતા નથી અને સાતમાં અને ચારમાં તબાયોન છે. અને બે નાની ઉપર સાત વહેંચાતા નથી અને સાતમાં અને બેમાં તબાયોન છે. હવે જે વારેસો ઉપર તેઓના હિસ્સા પૂરા વહેંચાતા નથી તેઓની સંખ્યા તપાસી તો બે, ચાર અને બે છે. અને ચારમાં બે દાખલ છે માટે ચારથી આગળી તસહીહ ચાલીસને ગુણી એકસો સાઠ થયા આથી દરેક વારેસનો પૂરો હિસ્સો મળશે.

તા૦ ૧૬૦

મૈ મ૦ ૨૪ રદ્દ ૮ તા૦ ૪૦ કા૦ ૫

ધણિયાણી ૨	દીકરી ૧	પોત્રી ૪	નાની ૨
૧/૮ ૫ ૨૦ દર ૧૦	૩ ૨૧ ૮૪	૧/૬ ૭ ૨૮ દર ૭	૧/૬ ૭ ૨૮ દર ૧૪

આ મસલાની તસહીહ એકસો સાઠથી થઇ અને એ ચાલીસને ચારમાં ગુણાથી થઇ છે માટે ધણિયાણીઓને ચાલીસથી પાંચ મળ્યા હતા. તેને ચારમાં ગુણ્યા વીસ થયા દરેકને દશ મળ્યા. અને દીકરીને એકવીસ મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા ચોરાસી થયા. અને પોત્રીઓને સાત મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા અઠાવીસ થયા દરેકને સાત મળ્યા. અને નાનીયોને સાત મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા અઠાવીસ થયા દરેકને ચઉદ મળ્યા. શરીફીયા વગેરે કેટલીક કિતાબોવાળાઓએ લખ્યું છે કે જે મસલામાં રદ્દ હોય તેમાં ચાર જાતના વારેસ થતાં નથી એ તેઓની શોધ કરવાની ખામી છે નહીં તો ઉપર લખેલો મસલો રદ્દનો છે અને એમાં ચાર જાતના વારેસ છે.

ચેતવણી જેવી રીતે આલના મસલામાં, તથા અસબાવાળા મસલામાં હિસ્સા લેનારાઓઉપર કદી તેઓના હિસ્સા પૂરા વહેંચાતા નથી અને તસહીહ કરવાની જરૂરત પડે છે તે તસહીહના કાયદા પ્રથમ ખુલાસાવાર લખાયા છે તે પ્રમાણે રદ્દના મસલામાં પણ કદી હિસ્સા લેનારાઓના હિસ્સા તેઓપર પૂરા વહેંચાતા નથી માટે તસહીહ કરવાની જરૂરત પડે છે જેમકે કલમ ૬૪ ના દાખલાઓમાં તસહીહના કાયદા ચાલુ કર્યાં છે. મસલાના શેર (હિસ્સા, સેહામ) કાઢવા તસહીહના કાયદા ઉપરજ અટકેલા છે માટે મસલો લખતાં તપાસવાનું છે કે હિસ્સો લેનારાઓના એક ટોળા ઉપર તેનો હિસ્સો પૂરો નહીં વહેંચાતો કે અનેક પર નહીં વહેંચા તો. જો એકપર નહીં વહેંચાતો હોય તો તેના હિસ્સાને અને તે હિસ્સા લેનારની સંખ્યાને જોવાનું છે જો બંનેમાં તદાખોલ અથવા તવાફોક હોય તો હિસ્સો લેનારાઓની સંખ્યાનો વફ્ક કાઢી અસલ મસલામાં અથવા આલમાં ગુણે. તે ગુણાકારથી દરેકના પૂરા હિસ્સા વહેંચાશે. અને જો બંનેની સંખ્યામાં તબાયોન હોય તો હિસ્સો લેનારની સંખ્યાને મસલામાં અથવા આલમાં ગુણે તે ગુણાકારથી દરેકના પૂરા હિસ્સા વહેંચાશે. જો અનેક ટોળાં પર તેઓના હિસ્સા નહીં વહેંચાતા હોય તો પ્રથમ તે દરેક ટોળાને તેઓના હિસ્સા સાથે જોવું. જો બંનેમાં તદાખોલ કે તવાફોક હોય તો હિસ્સો લેનાર ટોળાની સંખ્યાના વફ્કને ધ્યાનમાં રાખવી અને જો તબાયોન હોય તો તેજ સંખ્યાને ધ્યાનમાં રાખવી. એવી રીતે દરેક ટોળાને જોવું ફરી દરેક ટોળાની સંખ્યાને એક બીજા સાથે કેવો સંબંધ છે તે જોવું જો તદાખોલ હોય તો નાની સંખ્યાને રહેવા દેવી અને મોટી સંખ્યાને ધ્યાનમાં રાખવી ફરી ત્રીજા ટોળા સાથે પણ એવીજ રીતે જોવું. જો તદાખોલ હોય તો નાની સંખ્યા છેજ નહીં તેમ જાણવી. અને ચોથું ટોળું નહીં હોય તો એ મોટી સંખ્યાને મુળ મસલામાં ગુણવી એથી દરેક ભાગ પૂરા વહેંચાશે. અને જો ચોથું ટોળું હોય તેમાં પણ એવીજ રીતે જોવાનું છે. અને જો બે ટોળામાં તવાફોક હોય તો એકના વફ્કને લઇ બીજામાં ગુણવી ફરી તે ગુણાકારને ત્રીજા ટોળાની સંખ્યા સાથે જોવી જો તદાખોલ હોય તો નાની સંખ્યાને રહેવા દેવી અને મોટીને ધ્યાનમાં રાખવી પણ જો તવાફોક હોય તો એકના વફ્કને બીજામાં ગુણવી, ફરી તે ગુણાકારને અસલ મસલામાં અથવા આલમાં ગુણવી જે ભાગાકાર આવશે તેથી દરેકના પૂરા હિસ્સા વહેંચાશે. અને જો બંને ટોળામાં તબાયોન હોય તો એકને બીજામાં ગુણી તે ગુણાકારને અસલ મસલામાં અથવા આલમાં ગુણવી જે ગુણાકાર આવશે તેથી દરેકના પૂરા

હિસ્સા વહેંચાશે. જેટલા ટોળાં હોય દરેક સાથે એવી રીતે કરવાનું છે. આ તસહીહના કાયદાઓનો સાર છે. એ વિષેના ઘણા દાખલા આવી ગયા છે માટે અત્રે દાખલા લખવાની જરૂર નથી.

વારસાનો માલ (તરેકો) વહેંચવાનું તથા તે માલને માંગનારાઓમાં આપવાનું વર્ણન.

૬૬ જેટલા લેહેણદાર હોય તે સઘળાઓના લેહેણાનો સરવાળો કરે ફરી મૈયતના માલને જુએ જો બંનેમાં તબાયોન હોય તો દરેક લેહેણદારના લેહેણાને તરેકામાં ગુણે અને તે ગુણાકારને સઘળા લેહેણદારના લેહેણાના સરવાળા ઉપર ભાગે જે ભાગાકાર આવે તે તેનો હિસ્સો છે.

ખોલાસો.

આ કાયદાની જરૂરત ત્યારે પડે છે કે જ્યારે દેણ ઘણું હોય અને તરેકો ઓછો હોય. કારણ કે જો દેણથી વધુ તરેકો હશે તો દરેક લેહેણદાર પોતાના લેહેણા જેટલું પૂરેપુરૂં લેશે. જેના દશ હશે તે દશ લેશે વીસવાળો વીસ લેશે. એવીજ રીતે જો એકજ લેહેણદાર હોય ત્યાં પણ આ કાયદાની જરૂરત નથી. કારણ કે તરેકો જ્યારે દેણથી ઓછો છે તો જેટલો તરેકો હશે તે તે એકલો લેહેણદાર લેશે. આ ૬૬ માં કલમ પ્રમાણે માગનારાઓને આપવાને હિસ્સા રસદી કહે છે અને ગુજરાતીમાં ફાલે પડતો કહેવાય છે. અને આ કાયદાને અરબીમાં અરબા મોતનાસબા કહે છે અને ગુજરાતીમાં ત્રીરાસી. અને જ્યારે સઘળું દેણ તસહીહની જગ્યા થયું તો એક લેહેણદારનો હિસ્સો કાઢતાં આવી રીતે કહેવાશે કે જ્યારે આટલી સંખ્યા ઉપર આટલા રૂપીયા તો આટલી સંખ્યાના કેટલા. દાખલા તરીકે લેહેણદાર કાસિમના વીસ હોય મોહમ્મદના પાત્રીસ હોય ઓરતની મોહર નેવુ ની હોય અને લલ્લુભાઈ કરશનના પાંસઠ રૂપીયા હોય આ સઘળું દેણ બસો દસ થયું, એ તસહીહને ઠેકાણે છે. અને લેહેણદારનું લેહેણું તે હિસ્સા છે. અને મરનારનો તરેકો કુલ તે કફન દફનનો જરૂરી ખરચ જતાં એકસો સાડત્રીસ છે. હવે જો લેણદાર કાસમના રૂપીયા વીસનો પ્રાસો જાણવો હોય તો વીસને તે તરેકો એકસો સાડત્રીસમાં ગુણે અને જે ગુણાકાર આવે તેને તસહીહના બસો દસ પર ભાગે કાસિમનો હિસ્સો નીકળશે. જો ભાગતાં કંઈ રૂપીયા બચે તેના આના કરે ફરી બચે તો પૈસા કરે. એવીજ રીતે બીજા લેહેણદારનો હિસ્સો કાઢે ત્રીજાનો કાઢે વગેરે.

૬૭ જો તરેકામાં અને લેહેણદારના લેહેણાના સરવાળામાં તવાફોક હોય તો દરેક લેહેણદારના લેહેણાને તરેકાના વફકમાં ગુણે અને જે ગુણાકાર આવે તેને લેહેણાના સરવાળાના વફક ઉપર ભાગે જે ભાગાકાર આવે તે તેનો હિસ્સો છે.

ખોલાસો.

ફરાએજના કાયદા પ્રમાણે કલમ ૬૭ માત્ર ટુંક કરવા માટે છે જો કલમ ૬૬ પ્રમાણે હિસ્સો કાઢવામાં આવે તોએ કંઈ ફરક પડશે નહીં. કલમ ૬૬ના ખોલાસામાં લેહેણાનો સરવાળો બસો દશ લખવામાં આવ્યો છે તેને તેજ પ્રમાણે રહેવા દઈએ અને તરેકાની ગણતરી એકસો સાડત્રીસને બદલે એકસો પાંત્રીસ રાખીએ તો એકસો પાંત્રીસમાં અને બસો દશમાં પંદરથી તવાફોક છે. હવે જો કાસિમના વીસને પેટે બસો દશમાંથી કેટલા મળે છે તે જાણવું હોય તો તરેકા એકસો પાંત્રીસનો વફક નવમાં ગુણે* જે ગુણાકાર આવે તેને બસો દશના વફક ચઉદ ઉપર ભાગે જે ભાગાકાર આવે તેજ કાસિમનો હિસ્સો છે એવીજ રીતે બીજાઓના હિસ્સા કાઢે.

૬૮ વારસોના હિસ્સાઓની તસહીહમાં અને તરેકામાં તબાયોન હોય તો તસહીહમાંથી મળેલા દરેક વારસના હિસ્સાને તરેકામાં ગુણે ફરી જે ગુણાકાર આવે તેને તસહીહની સંખ્યા ઉપર ભાગે જે ભાગાકાર આવે તે તે વારસનો હિસ્સો છે.

૬૯ જો તસહીહમાં અને તરેકામાં તવાફોક હોય તો તરેકાનો વફક કાઢી તેમાં દરેક વારસના હિસ્સાને ગુણે અને ગુણાકારને તસહીહના વફક

---

* જ્યારે એકસો પાંત્રીસમાં અને બસો દશમાં પંદરથી તવાફોક છે તો એકસો પાંત્રીસને પંદર ઉપર ભાગતાં નવ ભાગાકાર આવે છે એ એનો વફક થયો. એવીજ રીતે બસો દશને પંદર ઉપર ભાગતાં ચઉદ આવે છે. એ બસો દશનો વફક છે. ગુ. મો.

ઉપર ભાગે જે ભાગાકાર આવે તે તે વારેસનો હિસ્સો છે.

ખોલાસો

કલમ ૬૮, ૬૯નું વર્ણન કલમ ૬૬, ૬૭ના સરખું છે. માત્ર આટલોજ ફેર છે કે ૬૬, ૬૭માં સઘળી લેહેણાની સંખ્યાને તસહીહની જગ્યામાં રાખી છે અને કલમ ૬૮, ૬૯માં સઘળા વારેસોના હિસ્સાનો સરવાળો જે તસહીહ છે તે રાખવામાં આવી છે. વળી યાદ રાખવું જોઇએ કે કલમ ૬૬, ૬૭ પ્રમાણે લેહેણદારનો જે હિસ્સો નીકળશે તે તેના દેણથી હમેશ ઓછો નીકળશે. કારણકે લેહેણા કરતાં તરેકો ઓછો છે જેથી ત્રૈરાસી વાપરવી પડી છે. પણ કલમ ૬૮, ૬૯ પ્રમાણે વારેસોનો હિસ્સો કદી વધુ નીકળશે અને કદી ઓછો. હા જેટલી સંખ્યાની તસહીહ થઇ હોય તેટલોજ તરેકો હોય ત્યાં દરેક વારેસના શેરો (સેહામ)ની સંખ્યા જેટલોજ તરેકો મળશે તે હિસ્સાઓ કરતાં તે રૂપીઆ ઓછા વત્તા થશે નહીં. પણ એવી જગ્યામાં કલમ ૬૮–૬૯ના વાપરવાની પણ જરૂરત નથી.

તખારોજનું વર્ણન.

૭૦ વારેસોમાંથી કોઇને અથવા લેહેણદારોમાંથી કોઇને તરેકામાંથી કંઇ અમુક વસ્તુ આપી તેને વારસામાંથી કાઢવું એનું નામ તખારોજ છે. રદ્દીક મખતુમ.

ખોલાસો.

સિરાજી શરીફીયા વગેરે કેટલીક કિતાબોમાં તખારોજનું વર્ણન માત્ર વારેસોથી કર્યું છે. પણ રદ્દી કે મખતુમ વગેરે કેટલીક કિતાબોમાં વારેસોની સાથે લેહેણદારોને પણ વર્ણવ્યા છે. તખારોજનો કાયદો ખરૂં જોતાં એ સુલહનો તથા પતાવવાનો કાયદો છે તેનું સંપૂર્ણ બયાન તો કિતાબે સોલહમાંજ થાય છે. અતરે માત્ર તેના હિસ્સાનો ઉપયોગ કેમ કરવો તેજ બયાન થાય છે. કલમ ૭૦ માં કહેવાયું કે "તરેકામાંથી કંઇ અમુક વસ્તુ" એટલે જો તરેકામાંથી કંઇ અપાયું હોય અને એક વારેસ સાથે પતાવટ કરી હોય તોજ આ કલમ પ્રમાણે તખારોજ છે. તથા જે શખસ સાથે પતાવટ થઇ છે તેનો હિસ્સો બાકીના સઘળા વારેસોમાં તેઓના હિસ્સાના પ્રમાણમાં વહેંચાશે. પણ જો વારેસોમાંનો કોઇ એક કે બે શખસને કોઇ વારેસ પોતાનો માલ આપી તેનું ચુકવે (પતાવટ કરે) તો તે આ કાયદામાં નથી તે વેચાણના કાયદામાં દાખલ છે તેનો હિસ્સો સઘળા વારેસોમાં નહીં પણ જેઓએ પોતાનો માલ આપી સુલહ કરી છે તેઓ તે હિસ્સાના માલિક છે.

૭૧ જે શખ્સ તરેકામાંથી કંઇ વસ્તુ લઇ વારેસો સાથે સુલહ કરે તેનો હિસ્સો મસઅલાની તસહીહ કર્યા પછી બાદ કરે તે પછી બાકીના વારેસોના હિસ્સા ઉપર બાકીનો તરેકો વહેંચે. સિરાજી.

ઉદાહરણ જો મૈયતનો ધણી, મા, અને કાકો હોય તો ધણીને અર્ધો, માને તૃતીયાંશ અને બાકીનો કાકાને મળશે. અને અર્ધો બીજી જાતી સાથે મળવાથી મસલો છથી થશે. ત્રણ ધણીને બે માને અને એક કાકાને મળશે. હવે જો ધણીને માથે મરનારીની મોહોર આપવાની હોય તેટલા ઉપર વારેસોથી તે સુલહ કરે અથવા કંઇ લઇને સુલહ કરે કે હું મોહોર આપું નહીં અને વારસામાંથી કંઇ લઉં નહીં અને બાકીના વારેસો રાજી થાય તો તેના હિસ્સાના ત્રણ છમાંથી બાદ કરી બાકીના ત્રણ ઉપર માલને વહેચે અને બે ભાગ માને અને એક કાકાને આપે.

મૈ મ૦ ૬ સ૦ ૩

ધણી	મા.	કાકો
|૩| સ	૨	૧

આ જગ્યા ધણીની નીચે જે નીશાન કરી છે અને "સ" લખ્યો છે એ બતાવે છે કે આ શખ્સનો હિસ્સો સુલહના કાયદા પ્રમાણે પતાવવામાં આવ્યો છે અને એનો હિસ્સો મા તથા કાકાને મળશે. એજ દાખલામાં જો કાકાને તરેકામાંથી કંઇ આપી પતાવટ થતે તો પણ મસલો છથીજ થતે અને તેનો હિસ્સો એક છથી બાદ કરી બાકીનો તરેકો પાંચ ભાગ ઉપર વહેંચાશે. અને કાકાનો હિસ્સો બાકીનાઓને મળશે.

મૈ	મ૦ ૬	સ૦ ૫
ધણી	મા.	કાકા.
૩	૨	|૧| સ

અને જો એજ દાખલામાં માને વારસાના માલમાંથી કંઇ આપી તેને વારસામાંથી કાઢે તો પણ મસલો છથી થશે. અને તેણીનો હિસ્સો બે છથી બાદ કરી બાકીનો માલ ચાર પર વહેંચાશે. એટલે માનો હિસ્સો એઓનામાં આવી જશે.

મૈ	મ૦ ૬	સ૦ ૪
ધણી	મા.	કાકા.
૩	|૨| સ	૧

ઉદાહરણ જો મૈયતની એક ધણિયાણી અને ચાર દીકરા હોય તો ધણિયાણીને અષ્ટમાંશ અને બાકીનો દીકરાઓને મળશે. અને મસલો આઠથી થશે. એક ધણિયાણીને અને સાત દીકરાઓને, પણ ચાર દીકરા ઉપર બાકીના સાત પૂરા વહેંચાતા નથી. અને સાતમાં અને ચારમાં તબાયોન છે માટે દીકરાઓની સંખ્યાને અસલ મસલો આઠમાં ગુણ્યા બત્રીસ થયા, અને આઠથી ધણિયાણીને એક મળ્યો હતો તેને ચારમાં ગુણ્યો ચાર થયા, અને દીકરાઓને સાત મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા અઠાવીશ થયા. દરેક દીકરાને સાત મળ્યા. હવે જો એમાંનો એક દીકરો તરેકામાંથી કંઇ લઇ નીકળી જાય તો તેનો હિસ્સો સાતને બત્રીસમાંથી બાદ કરી બાકીનો માલ પચીસ ભાગે વહેંચાશે.

મૈ મ૦ ૮	તા૦ ૩૨	સ૦ ૨૫			
ધણિયાણી.		રે.	રે.	રે.	રે.
૧/૪		|૭| સ	૭	૭	૭

એવી રીતે કર્યાથી સલહ કરી નીકળેલા માણસનો હિસ્સો બાકીના વારેસોમાં તેઓના હિસ્સાના પ્રમાણમાં વહેંચાશે. આ દાખલામાં બત્રીસથી ચાર ધણિયાણીને મળ્યા હતા એટલે તે એક અષ્ટમાંશ થયું. પણ જ્યારે સલહ કરી નીકળેલા દીકરાના હિસ્સામાંથી પણ મળ્યું તો તેણીનો હિસ્સો વધી ગયો, કારણ કે હવે પચીસથી ચાર મળ્યા જે અષ્ટમાંશથી પણ વધુ છે.

ચેતવણી. જે શખ્સ તરેકામાંથી કંઇ લઇ નીકળી જાય છે, તેને મસલો કાઢવામાં જરૂર લખવો જોઇએ. અને જેવી રીતે બીજાઓના હિસ્સા નીકલ્યા તેમ કાઢવા જોઇએ. અને મસલો તૈયાર થયા પછી તેનો હિસ્સો બાદ કરી બાકીના હિસ્સાઓ પર વારસાનો માલ વહેંચવાનો છે. જેથી બાકીના વારેસોમાં તે હિસ્સો હિસ્સાઓના પ્રમાણમાં વહેંચાશે. જો સલહ કરી નીકળી જનારને હતોજ નહિં એવી રીતે સમજી મસલો કાઢવામાં નહીં લખશો તો કેટલીક જગ્યામાં તે સલહ કરી ખારેજ થયલાનો હિસ્સો બાકીના દરેક વારેસ ઉપર તેઓના હિસાના પ્રમાણમાં વહેંચાતો નથી. દાખલા તરીકે કલમ ૭૧ના પ્રથમ ઉદાહરણમાં ધણીને વારસાના માલથી કંઇ આપી ખારેજ કરીએ અને તેને મસલો કાઢતા લખીએજ નહીં તો મૈયતની મા અને કાકા રહ્યા, માને તૃતીયાંશ મળશે અને બાકીનો કાકાને. અને મસલો ત્રણથી થશે એક માને અને બે કાકાને મળશે. ધણીને કાયમ રાખી મસલો કાઢવામાં તો બે માને મળે છે અને એક કાકાને મળે છે. આ તદન ઉલટું થયું. વળી ધણીએ સલહ નહીં કરી હોત તોએ માને એક તૃતીયાંશ મળતો હતો, અને જ્યારે ધણી વારસાનો માલ લઇ ખારેજ થયો તોએ તેણીને તૃતીયાંશ, એમાં તેને શો લાભ થયો. અને માત્ર કાકાને લાભ થાય એનું કોઇ કારણ નથી. તો સિદ્ધ થયું કે વારેસોમાંથી જે નીકળી જાય તેનો હિસ્સો મસલો કાઢવામાં લખવો જોઇએ. ફરી તેને મસલામાંથી બાદ કરે. એવીજ રીતે કલમ ૭૧ના બીજા ઉદાહરણમાં એક છોકરો વારસાના માલ (તરેકા)માંથી કંઇ લઇ સલહ કરે અને તે હતોજ નહીં એવી રીતે સમજી જો મસલો કઢાશે તો ધણિયાણીને એક અષ્ટમાંશ મળશે, અને બાકીનો માલ ત્રણ ભાયોમાં વહેંચાશે ત્યારે વારસાથી કંઇ લઇ નીકળેલા દીકરાના હિસ્સાથી આ ધણિયાણીને શો લાભ થયો? જો તે ખારેજ થનારો રહેતે તોએ એને એક અષ્ટમાંશ મળતે.

૭૨ કેટલાક લેહેણુદારોમાંથી એક લેહેણુદાર તરેકામાંથી કંઇ લઇ રાજી થઇ સલાહ કરી નીકળી જાય તો તેનો હિસ્સો કાઢી બાકીનો માલ બાકીના લેહેણુદારોના હિસ્સા ઉપર કલમ ૬૬,૭ પ્રમાણે વહેંચે.

ખોલાસો.

આ જગ્યા લેહેણુદારોના હિસ્સાઓ સાથે ખારેજ થયલાનો હિસ્સો લખી ફરી બાદ કરો, અથવા તે હતોજ નહીં અને તેનો હિસ્સો શરૂથી લખોજ નહીં બંને બરાબર છે. જરાએ ફેર પડતો નથી. પણ વારેસના મામલામાં તેમ કરી શકાય નહીં. દાખલા તરીકે એક માણસનું લેહેણું મૈયત ઉપર વીસ રૂપીયાનું હોય, બીજાનું પંદરનું ત્રીજાનું બારનું, અને ચોથાનું સત્તરનું તો આ કુલ લેહેણું ચોસઠનું થયું. હવે મૈયતનો માલ એક લાકડી અને ચાલીસ રૂપીયા કફન દફનના ખરચ બાદ રહ્યા હોય અને રૂપીયા વીસનો લેહેણુદાર માત્ર તે લાકડી લઇ લેણામાંથી પોતાનો હાથ ઉપાડે તો તે ચાલીસ રૂપીયા બાકીના લેણુદારના ચુમ્માલીશ હિસ્સા ઉપર કલમ ૬૬,૭ પ્રમાણે વહેંચાશે. સલાહ કરનારના વીસ રૂપીયાના વીસ હિસ્સા બીજાઓની સાથે લેખા ચોસઠથી વીસ બાદ કરો તો ચુમ્માલીશ રહેશે અને તે વીસને શરૂથી લખોજ નહીં અને બીજા લેણુદારનું લેણું લખો તોએ ચુમ્માલીશ થશે.

મોનાસખહ.

૭૩ વારેસ અથવા વારેસોના હિસ્સાને વહેંચવા પહેલાં હિસ્સાવાળાના મરવાથી વારસાના હક્દાર તેના પાછલવાળા તરફ તે હિસ્સા આપવાને મોનાસખહ કહે છે.

ખોલાસો.

એક વારેસ હોય તેને હજુ વારસો નહીં મળ્યો એટલામાં તેનું મૃત્યુ થયું એટલે તેનો હિસ્સો આ બીજા મરનારના વારેસ લેશે. તેમજ હજુ તે વારસો નહીં વહેંચાયો હતો કે એટલામાં ત્રીજો મર્યો તો તેનો હિસ્સો તેના વારેસોને અપાશે. આથી તમો સમજ્યા હશો કે ઓછામાં ઓછા મોનાસખહમાં આગળ પાછળ બે મૈયત થવા જોઇએ. અને વધુની કંઇ હદ નથી. જેમ વારેસો વહેંચતાં વાર લાગશે તેમ મોનાસખહ લાંબો થતો જશે. અને બખેડો વધતો જશે. મોનાસખહમાં પ્રથમ મૈયતને મુરેસે આલા કહેવાય છે. પ્રથમના વારેસનો હિસ્સો નહાં મળ્યો હતો એટલામાં કોઇનું મરણ થાય તો તેનો હિસ્સો તેના પાછલવાળા વારેસોને આપવામાં આવે છે. પણ પાછળાઓને આપવામાં પ્રથમ આ વિચારવાનું છે કે આ બીજા મૈયતના વારેસ તે મુરેસે આલાના વારેસો લેનારાજ છે કે જૂદા છે. ફરી જો તેજ વારસો લેનાર હોય તો ફરી વિચારવાનું છે કે આ બીજી વાર વારસો લેનારાઓને બીજી વાર વારસો લેવામાં ઓછુ વતુ થાય છે કે પ્રથમના વારસામાંથી લીધા તે પ્રમાણેજ લે છે. જો પ્રથમના વારસામાં લીધા તે પ્રમાણે લેતા હોય તો મુનાસખહના કાયદા વાપરવાની કશી જરૂર નથી બેફાયદા લંબાણુ થશે. પ્રથમના મૈયતનો મસલો જે નીકળ્યો છે તેજ કાયમ રાખે. અને બીજો મૈયત હતોજ નહીં તેમ જાણે. દાખલા તરીકે એક શખ્સ મરી ગયો અને તેના પાંચ દીકરા એકજ ધણિયાણીથી હોય તો તેનો માલ પાંચ ભાગે વહેંચાશે. ફરી તે પાંચમાંથી એક દીકરો મરે અને આ ચાર ભાયો વારેસ હોય તો એ ભાઇના વારસા માટે મસલો કાઢવાની તથા મોનાસખહના કાયદા વાપરવાની કંઇ જરૂર નથી નકામુ લંબાણુ થશે. પણ એમ સમજે કે શરૂથીજ ચાર દીકરા હતા ચારનો મસલો પ્રથમથીજ કાઢે. એવીજ રીતે કદી ત્રણ મૈયત થાય છે છતાં ત્યાં મોનાસખહના કાયદાની કશી જરૂરત નથી દાખલા તરીકે એક શખસ મરી ગયો તેના ત્રણ દીકરા, ચાર દીકરી, અને એક ધણિયાણી તો ધણિયાણીને અષ્ટમાંશ મળશે અને બાકીના ત્રણ દીકરા અને ચાર દીકરીને મળશે. અને મસલો આઠથી થશે. એક ધણિયાણીને અને સાત બાકીના દીકરા તથા દીકરીઓને મળશે પણ ત્રણ દીકરા ૭ દીકરી બરાબર છે તે તથા ચાર દીકરા મળી દશ થયા તેઓપર સાત વહેંચાતા નથી અને સાતમાં અને દશમાં તબાયોન છે માટે હિસ્સા લેનારની ગણુતરી દશને લઇ અસલ મસલો આઠમાં

ગુણ્યા એંસી થયા આથી દરેકને પૂરો હિસ્સો મળશે.

મૈ	મ૦ ૮	તા૦ ૮૦			
	ધણિયાણી	૧	દીકરા ૩	દીકરી ૪	
	૧/૦	૪૨	૬૨-૧૪	૨૮	૬૨-૭

જ્યારે મસલાની તસહીહ એંસીથી થઇ અને આઠને દશમાં ગુણ્યાથી થઇ છે તો આઠમાંથી ધણિયાણીને એક મળ્યો હતો તેને દશમાં ગુણ્યો દશ થયા. અને દીકરા—દીકરીને સાત મળ્યા હતા તેને દશમાં ગુણ્યા સિતેર થયા. દરેક દીકરાને ચઉદ અને દરેક દીકરીને સાત મળ્યા. હવે જો ધણિયાણી મરે અને આ દીકરા દીકરીઓ વગર એનું બીજું કોઇ વારેસ નહીં હોય તો મોનાસખહના કાયદા ચલાવવાની કશી જરૂરત નથી. તે હતીજ નહીં એમ સમજી એંસીમાંથી તેણીનો હિસ્સો બાદ કરી સિતેર ઉપર વારસાનો માલ વહેંચીશું અથવા સિતેરનું ટુક દશ કરી દરેક દીકરાને બે અને દરેક દીકરીને એક આપી તે માલને દશ ઉપર વહેંચીશું. એવીજ રીતે ફરી જો એમાંથી એક દીકરો મરે અને તેના વારેસ માત્ર આ ભાઇ બહેનોજ હોય તોએ મુનાસખહના કાયદા વાપરવાની કશી જરૂરત નથી સિતેરમાંથી દીકરાનો હિસ્સો ચઉદ બાદ કરી છપ્પન ઉપર અથવા ટુક કરેલા દશમાંથી દીકરાનો હિસ્સો બે બાદ કરી આઠ ઉપર તરેકો વહેંચવાથી દયેકને પૂરો હિસ્સો મળશે.

૭૪ મોનાસખહમાં મુળ મૈયત જેનો માલ વહેંચાય છે તેને મુરેસે આલા કહે છે, અને પેહેલું મૈયત. અને તેના વારેસને પેહેલું બતન (કોઠો) કહે છે. અને બીજું મૈયત અને તેના વારેસોનું બીજું બતન કહે છે. એવીજ રીતે ત્રીજું બતન ચોથું બતન વગેરે કહે છે. બીજા મૈયતને આગલા મસલામાંથી જે શેરો (હિસ્સા) મળ્યા હોય તેને મારીલયદ (હાથમાં) કહે છે અને તે ઉર્દુ અરબીમાં બીજા મૈયતની સાથે ડાબી તરફ લખાય છે. પણ ગુજરાતી ઇંગ્રેજીમાં બીજા મૈયતના નામ સાથે જમણી તરફ લખાય છે. એવીજ રીતે ત્રીજા ચોથા, પાંચમા વગેરે, મૈયતને ઉપરથી જે જે જગ્યાથી હિસ્સા મળ્યા હોય તેનો સરવાળો કરી મૈયતના નામ સાથે લખાય છે.

ચેતવણી. મૈયતને જેટલી જગ્યાથી વારસો મળ્યો હોય તે સઘળાનો સરવાળો કરવાની જરૂર છે. જો એક પણ હિસ્સો રહી જશે અને તેને છોડી મારીલયદ લખશો તો મસલો કદી ખરો પડશે નહીં. એવીજ રીતે મુરેસેઆલાનું નામ નહીં ખબર હોય તો મોનાસખહ કાઢવામાં જરાએ અડચણ પડતી નથી પણ તે મુરેસેઆલા પુરૂષ હતો કે સ્ત્રી હતી એ જાણવું અગત્યનું છે. દાખલા તરીકે જો એક મૈયતના મા બાપ અને બે દીકરી હોય ફરી એક દીકરી મરી હોય તેના સગાં માત્ર પ્રથમ મૈયતના મા બાપ અને સગી બહેન હોય તે વગર બીજું કોઇ નહીં હોય તો હવે જો પ્રથમ મૈયત સ્ત્રી છે તો તેનો બાપ આ છોકરીનો નાનો થશે અને તે વારેસ થશે નહીં. અને જો તે પુરૂષ છે તો તેનો બાપ આ છોકરીનો દાદો થશે અને તે વારેસ થવાનો. આ મસલાને તનવીરૂસસેરાજમાં મામુનીયા નામ આપ્યું છે.

૭૫ પ્રથમ મૈયત મુરેસે આલાનો મસલો પ્રથમ વર્ણવેલા કાયદાઓ પ્રમાણે લખે. ફરી જો વારેસોના કોઇ ટોલા ઉપર તેઓનો હિસ્સો પૂરો નહીં વહેંચાતો હોય તો તસહીહના કાયદાઓ પ્રમાણે તેની તસહીહ કરે. અને દરેક વારેસને તસહીહમાંથી તેનો હિસ્સો આપે. ફરી બીજા મૈયતના મસલાને કાઢે જો તેમાં તસહીહ કરવાની જરૂરત પડે તો તસહીહ કરે. ફરી પ્રથમ મસલાથી જે મારીલયદ છે તેને જુએ કે આ બીજી તસહીહમાં અને મારીલયદમાં કયી નીસબત છે. જો બંનેમાં તમાસોલ (સમ સંખ્યા) હોય અથવા તદાખોલ હોય અને મારીલયદ મોટી સંખ્યા હોય તો આ જગ્યા ઉપરની પ્રથમ તસહીહમાં ગુણાકારની કશી જરૂરત નથી. પણ જો મારીલયદમાં અને બીજી તસહીહમાં તવાફોક હોય અથવા તદાખોલ હોય અને મારીલયદની સંખ્યા નાની હોય તો તસહીહનો વફક કાઢીને પ્રથમની તસહીહમાં ગુણે. જે ગુણાકાર આવે તેથી બંને તસહીહના વારેસોના હિસ્સા નીકળશે. અને જો મારીલયદમાં અને બીજી તસ-

હીહમાં તબાયોન યોહ તો બીજી તસહીહ પૂરેપૂરી ને પ્રથમની તસહીહમાં ગુણે જે ગુણાકાર આવે તેથી બંને તસહીહના વારેસોના હિસ્સા નીકળશે.

હવે દરેક વારેસનાં હિસ્સા જાણુવા માટે જો માફીલયદમાં અને બીજી તસહીહમાં તદાખોલ હતી અને માફીલયદની સંખ્યા બીજી તસહીહથી નાની હતી તો અથવા માફીલયદમાં અને બીજી તસહીહમાં તવાફોક હતી તો બીજી તસહીહનો વફક કાઢી પ્રથમ બતનના સઘળા જીવતા વારેસોના હિસ્સા ગુણે. જે ગુણાકાર આવે તે તે વારેસનો હિસ્સો છે. અને જો માફીલયદમાં અને બીજી તસહીહમાં તબાયોન હતી તો પૂરેપૂરી બીજી તસહીહને પ્રથમ મૈયતના દરેક જીવતા વારેસોના હિસ્સામાં ગુણે જે ગુણાકાર આવે તે તે વારેસોનો હિસ્સો છે * અને બીજા બતનના વારેસો માટે આ કાયદો છે કે જો બીજી તસહીહમાં અને માફીલયદમાં તદાખોલ હતી અને માફીલયદની સંખ્યા મોટી હતી તો તે માફીલયદની સંખ્યાના વફકને બીજા બતનના સઘળા વારેસોના હિસ્સામાં ગુણે † જે ગુણાકાર આવે તેજ તે વારેસનો હિસ્સો છે. અને જો નાની હોય તો ગુણવાની કંઇ જરૂર નથી. અને જો માફીલયદમાં અને બીજી તસહીહમાં તવાફોક હતી તો માફીલયદનો વફક કાઢી બીજા બતનના સઘળા વારેસોના હિસ્સામાં ગુણે જે ગુણાકાર આવે તે તે વારેસોના હિસ્સા છે. અને જો માફીલયદમાં અને બીજી તસહીહમાં તબાયોન હતી તો માફીલયદની સંખ્યાને બીજા બતનના સઘળા વારેસોના હિસ્સામાં ગુણે જે ગુણાકાર આવે તે વારેસોના હિસ્સા છે. અને જો માફીલયદમાં અને બીજી તસહીહમાં તમાસોલ હોય તો પ્રથમ બતનના કે બીજા બતનના વારેસાના હિસ્સામાં ગુણાકાર કરવાનું નથી.

૭૬ જો ત્રીજો વારેસ પણ મરે તો આ ત્રીજા મૈયતને બીજા મૈયતના જેવો સમજવો અને પેહેલા તથા બીજાને પહેલા જેવો સમજવો. એવીજ રીતે જો ચોથો મરે તો તે ચોથાને બીજાના જેવો સમજવો અને ત્રીજો બીજો અને પેહેલો એ પેહેલાના જેવો સમજવો.

ખોલાસો.

જ્યારે પેહેલા મૈયતની તસહીહને બીજા મૈયતની તસહીહના વફકથી અથવા પૂરેપૂરી બીજી તસહીહથી ગુણી અને જે ગુણાકાર આવ્યો તેથી પેહેલા બતનના તથા બીજા બતનના સઘળા વારેસોનો હિસ્સો નીકળે છે તો એ બંને એક મૈયતના જેવા થયા. અને ત્રીજા મૈયતની તસહીહને અને તેના માફીલયદને તપાસવાનું છે ફરી જો તદાખોલ હોય કે તવાફોક હોય કે તબાયોન હોય જે હોય તેને બીજા મૈયતના તસહીહમાં અને માફીલયદમાં જે કાયદો હતો તે અત્રે ચલાવવાનો છે. માટે આ ત્રીજું મૈયત બીજાની જગ્યા છે. અને જ્યારે તે કાયદા પ્રમાણે ત્રીજા મૈયતની તસહીહના વફકથી કે તે પૂરેપૂરીથી પ્રથમ મૈયતની તસહીહ ગુણાઇ અને તે ગુણાકારથી પ્રથમ મૈયતના બીજા મૈયતના અને ત્રીજા મૈયતના સઘળા વારેસોનો હિસ્સો નીકળે છે તો તે ત્રણે એક મૈયતના જેવા થયા. અને હવે ચોથું મૈયત બીજાના જેવું થશે. એવીજ રીતે પાંચમું છઠું સાતમું મૈયતને સમજો.

ચેતવણી મૈયતોના અનુક્રમનો સારી રીતે ખ્યાલ રાખવો જોઇએ એટલે જે પ્રથમ મર્યો હોય તેનો મસલો પ્રથમ કાઢવો, ફરી જે બીજું મૈયત હોય તેનો બીજો, ત્રીજાનો ત્રીજો, કારણ કે આગળ પાછળ લખવામાં મોનાસખહ ઘણું કરીને ખોટો થાય છે.

ઉદાહરણ જો મૈયત રૂકાયાનો ધણી ઝેદ દીકરી કરીમા અને મા અજીમા હોય, ફરી ધણી ઝેદ મરે તેની ધણિયાણી હલીમા, બાપ અમર. અને મા રહીમા હોય. ફરી દીકરી કરીમાં મરે તેની એક દીકરી રકીબા, બે દીકરા ખાલિદ તથા અબદુલ્લાહ

* મતલબ કે પ્રથમ તસહીહમાં બીજી તસહીહના વફકથી ગુણ્યા હોય તો પ્રથમ બતનના સઘળા વારેસોને તે વફકમાં ગુણે અને જો પ્રથમ તસહીહમાં પૂરેપૂરી બીજી તસહીહને ગુણી હોય તો પ્રથમ બતનના સઘળા વારેસોને બીજી તસહીહની સંખ્યામાં ગુણે. ગુ. મો.

† અથવા એમ કહો કે માફીલયદને મસલા ઉપર ભાગે જે ભાગાકાર આવે તેથી દરેક વારેસના હિસ્સાને ગુણે જે ગુણાકાર આવે તે તેનો હિસ્સો છે. ગુ. મો.

અને નાની અજીમા હોય, ફરી મા અજીમા મરે તેનો ધણી અબ્દુર રહમાન, અને બે ભાઇ અબ્દુલ કરીમ તથા અબ્દુર રહીમ હોય તો મોનાસખહ આવી રીતે થશે *

૪ તા૦ ૧૨૮
૨ તા૦ ૩૨

મૈ મ૦૧૨૨૬૪ તા૦ ૧૬ કા૦ ૪ રૂકીયા

ધણી	દીકરી	મા
ઝેદ	કરીમા	અજીમા
૧/૪	૯	૩/૪

મૈ મ૦ ૪ મુસ્તકીમ મારી. ૪ ઝેદ

ધણિયાણી	બાપ	મા
હલીમા	અમર	રહીમા
૧/૪ ૮	૨/૪ ૧૬	૧/૪ ૮

મૈ મ૦ ૬ તવા૦ ૩ મારી. ૯ કરીમા.

દીકરી	દીકરો	દીકરો	નાની
રકીબા	ખાલિદ	અબ્દુલ્લાહ	અજીમા
૧/૬ ૧૨	૨/૬ ૨૪	૨/૬ ૨૪	૧/૬

મૈ મ૦ ૨ તા૦ ૪ તબાયેન મારી. ૯ અજીમા

ધણી	ભાઇ	ભાઇ
અબ્દુર રહમાન	અબ્દુર રહીમ	અબ્દુલ કરીમ
૧/૨ ૧૮	૧/૪	૧/૪

અહયા ૧૨૮

હલીમા	અમર	રહીમા	રકીબા	ખાલિદ	અબ્દુલ્લાહ
૮	૧૬	૮	૧૨	૨૪	૨૪

અબ્દુર રહમાન	અબ્દુર રહીમ	અબ્દુલ કરીમ
૧૮	૯	૯

ખોલાસો.

પ્રથમ બતનમાં ધણી, દીકરી અને મા છે. ધણીને ચતુર્થાંશ દીકરીને અડધો અને માને ષષ્ટમાંશ મળશે. અને ચતુર્થાંશ ષષ્ટમાંશ સાથે મળવાથી મસલો બારથી થશે. ત્રણ ધણીને છ દીકરીને અને બે માને. અને એક વધ્યો તો જણાઇ ગયું કે આ મસલો રદ્દનો છે. અને રદ્દ લેનાર તથા નહીં લેનાર બંને આ જગ્યા ભેગા છે માટે કલમ ૬૫ પ્રમાણે નાનામા નાનું છેદ કે જેથી રદ્દ નહીં લેનાર ધણીનો હિસ્સો નીકળી શકે છે જે ચાર છે તેથી તેનો હિસ્સો આપ્યો. અને બાકીના ત્રણ એ દીકરી તથા મા ઉપર પુર્ણાંકથી વહેંચાતા નથી કારણ કે ક૦ ૬૪ ના ખોલાસા પ્રમાણે અડધો અને ષષ્ટમાંશ મળે તો ચાર ભાગ થાય છે અથવા બારમાં છ લેનાર અને બે લેનાર ભેગા થયા માટે અડધો કે છ લેનારને ત્રણ મળવા જોઇએ અને ષષ્ટમાંશ અથવા બે લેનારને એક મળવો જોઇએ. જેથી આ ચાર ભાગને છેદ ચારમાં ગુણ્યા સોળ થયા. આથી દરેકને પૂરા હિસ્સા મળશે. સોળનો ચતુર્થાંશ ચાર ધણીને અને બાકીના બારના ત્રણ ભાગ નવ દીકરીને અને એક ભાગ ત્રણ માને મળે છે.

બીજા બતનમાં ઝેદ મર્યો છે એના મારીલ યદ અથવા પ્રથમ બતનથી મળેલા ચાર ભાગ છે. એની એક ધણિયાણી, બાપ અને મા છે. ધણિયાણીને ચતુર્થાંશ, માને બચેલામાંનો તૃતીયાંશ એટલે પૂરા માલનો ચતુર્થાંશ. અને બાકીનો બાપને મળે છે. અને આ મસઅલો ચારથી થશે એક ધણિયાણીને અને બાકીના ત્રણનો એક તૃતીયાંશ એક માને, અને બે બાપને મળે છે. અને મારીલ યદ પણ ચારજ હતા એટલે તે આ ચાર ભાગ ઉપર પૂરા વહેંચાયા. (મુસ્તકીમ છે)

ત્રીજા બતનમાં કરીમા મરી છે. એના મારીલ યદ નવ છે. એટલે પ્રથમ બતનમાંથી એને નવ ભાગ મળ્યા છે એની એક દીકરી, બે દીકરા અને નાની છે. એમાંથી નિયમિત હિસ્સો લેનાર માત્ર નાની છે અને ષષ્ટમાંશ મળે છે માટે મસલો છથી થયો. એક નાનીને અને બાકીના પાંચમાંથી દરેક દીકરાને બે અને દીકરીને એક મળે છે. હવે મારીલયદ નવ

---

* આ ચાર બતનનો મોનાસખહ છે બીજા બતનમાં ઇસ્તેકામત છે. ત્રીજા બતનમાં તવાફોક છે. અને ચોથામાં તબાયેન છે. એટલે મોનાસખહના સઘળા કાયદાઓ એમાં આવી જાય છે. ગુ. મો.

છે અને મસલો ૭ છે. નવ ૭ ઉપર પુર્ણાંકથી વહેંચાતા નથી અને નવ તથા ૭માં ત્રણથી તવાફોક છે માટે મસલાનો વફક બે કાઢી પ્રથમ બતનની તસહીહ સોળમાં ગુણ્યા બત્રીસ થયા. આથી દરેકને પૂરા હિસ્સા મળશે. અને પ્રથમ બતનમાં અજીમા જીવતી છે તેને સોળમાંથી ત્રણ મળ્યા હતા માટે તેને પણ બેમાં ગુણ્યા છ થયા. અને કરીમા તથા ઝૈદના હિસ્સાઓ ગુણ્યા નહીં કારણકે તેઓ મરેલાં છે તેઓના વારસોના હિસ્સા ગુણાશે. એવીજ રીતે બીજા બતનના સઘળા વારસોના હિસ્સાઓને પણ બેમાં ગુણ્યા. અને ત્રીજા બતન માટે મારીલયદ નવનો વફક કાઢ્યો ત્રણ આવ્યા આથી ત્રીજા બતનના દરેક વારસના હિસ્સાને ગુણ્યા. જે ગુણાકાર આવ્યો તે તેઓના હિસ્સા છે *

ચોથા બતનમાં અજીમા મરી ગઈ અને પ્રથમ બતનમાંથી છ અને ત્રીજા બતનમાંથી ત્રણ મળે છે. માટે એના મારીલયદ નવ થયા. એનો એક ધણી અને બે ભાઈ છે. ધણીને અડધો મળે છે. અને નિયમિત હિસ્સો લેનાર માત્ર ધણીજ છે માટે મસલો બેથી બનાવ્યો અને ધણીને એક આપ્યો. બાકીનો એક બે ભાયો ઉપર પુર્ણાંકથી વહેંચાતો નથી માટે હિસ્સો લેનાર બે ભાયોની ગણતરીને મસલાની ગણતરી બેમાં ગુણ્યા ચાર થયા. આથી દરેકને પૂરા હિસ્સા મળશે. અને આ ચાર તે બેને બેમાં ગુણ્યાથી થયાં છે માટે મસલાથી ધણીને એક મળ્યો હતો તેને પણ બેમાં ગુણ્યા બે થયા એ ધણીનો હિસ્સો છે અને બાકીના બેમાંથી દરેક ભાઈને એક મળ્યો. હવે તસ્હીહ ચાર અને મારીલયદ નવમાં તબાયોન છે માટે એ ચારને પ્રથમની તસ્હીહ બત્રીસમાં ગુણ્યા એકસો અઠાવીસ થયા આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. તે પછી પહેલા બતનમાં કોઈ જીવતુ નથી માટે તેમાં ગુણવાની જરૂરત નથી પણ બીજા બતનમાં જીવતાં છે તેમાં ગુણવાની જરૂરત છે. એમાં હલીમાને બત્રીસથી બે મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા આઠ થયા. તેમ અમરને ચાર મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા સોળ થયા. તેવીજ રીતે રહીમાને બે મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા આઠ થયા. એ પછી ત્રીજા બતનમાં જીવતાંઓમાંથી રહીમાને બત્રીસથી ત્રણ મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા બાર થયા. અને ખલિદને છ મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા ચોવીસ થયા. અને અબદુલ્લાહને છ મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા ચોવીસ થયા. એ પછી ચોથા બતનના વારસો માટે મારીલયદથી ગુણવાનું છે તો અબદુલ્લાહને બે મળ્યા હતા તેને નવમાં ગુણ્યા અરાઢ થયા અને અબદુલ રહીમને એક મળ્યો હતો તેને નવમાં ગુણ્યા નવ થયા. એવીજ રીતે અબદુલ કરીમને એક મળ્યો હતો તેને નવમાં ગુણ્યો નવ થયા. તે ડી અહયા એટલે જીવતા શબ્દની નીચે લાંબી લી ી છે તેની નીચે ચાર બતનમાંથી જેટલાં જીવતાં વારસ છે તેઓને ઉતારવામાં આવ્યાં છે. અને તેઓની નીચે તેઓને જે જે બતનથી જે શેર મળ્યા છે તેનો સરવાળો છે, અને એ સરવાળો ઉપલી તસહીહના સરવાળાની બરાબર છે. જે મોનાસખો ખરા થવાની નિશાની છે.

* ત્રીજા બતનનો મરનાર ઝૈદ છે. તે ને પ્રથમ બતનથી નવ મળ્યા છે તેને પણ બીજાઓના ભાગોની માફક બેમાં ગુણતે અરાઢ થને. અને ત્યાં નહીં ગુણ્યા અને ત્રીજા બતનના વારસોને મારીલયદના વફકમાં ગુણ્યા તોએ અરાઢ થયા. ગુ. મો.

મોનાસખાનો ૨ જો દાખલો.

તo ૧૦૦૮

તo ૧૬૮

મ૦ ૨૪ બાકી ૧૭ — અબદુલ કરીમ.

ધણિયાણી	મા	દીકરો	દીકરો	દીકરી	દીકરી	દીકરી
હિન્દા	ફાતમા	અમર	બકર	ઝૈનબ	રાઝીયા	કુલસુમ
૩ / ૧૨૬	૪ / ૩૨ / ૧૨૮	૩૬ / ૨૦૪	૩૪	૧૭ / ૧૦૨	૧૭ / ૧૦૨	૧૭ / ૧૦૨

તા० ૧૨

મે મ० ૬	બાકી ૫		તવા. ૨			માફી. ૩૪	બકર
મા	દીકરો	દીકરો	દાદી	ભાઇ	બેહેન	બેહેન	બેહેન
હિન્દા	ખાલિદ	વલીદ	ફાતમા	અમર	ઝૈનબ	રોકીયા	કુલસુમ
૨ / ૩૪	૫ / ૮૫	૫ / ૮૫	०	०	०	०	०

મે મ० ૫	મસ્તકીમ *		માફી. ૧૬० હિન્દા
દીકરો	દીકરી	દીકરી	દીકરી
અમર	ઝૈનબ	રોકીયા	કુલસુમ
૬૪	૩૨	૩૨	૩૨

અહયા ૧૦०૮

ફાતમા	અમર	ઝૈનબ	રોકીયા	કુલસુમ	ખાલિદ	વલીદ
૧૬૮	૨૬૮	૧૩૪	૧૩૪	૧૩૪	૮૫	૮૫

ખોલાસો.

આ ત્રણ બતનનો મોનાસખહ છે એમાંથી પ્રથમ બતનનો મસલો કાઢ્યો એની તસહીહ એકસો અડસટથી થઇ એથી સર્વને પુર્ણાંકથી હિસ્સા મળ્યા. તે પછી બકર મર્યો એનું બીજું બતન થયું. બીજા બતનની તસહીહ બારથી થઇ છે, એથી સઘળાઓને પુર્ણાંકથી હિસ્સા મળ્યા. બીજા બતનના મરનાર બકરને પ્રથમ બતનથી ચોત્રીસ હિસ્સા મળ્યા છે જે તેના નામની સાથે લખ્યા છે. એમાં અને તસહીહ બારમાં તવાફોક બેથી છે. માટે બારને બે પર ભાગતાં છ આવ્યાં. એથી પ્રથમ તસહીહ એકસો અડસટને ગુણી એક હજાર આઠ આવ્યા આથી સઘળાઓને પુરા હિસ્સા મળશે. ફરી તેજ છથી પ્રથમ બતનના સઘળાં જીવતાં વારેસોના હિસ્સાને પણ ગુણ્યા. જે ગુણાકાર આવ્યો તેજ તેઓના હિસ્સા છે. તે પછી માફીલયદ ચોત્રીસને બે પર ભાગ્યા સત્તર આવ્યા તેથી એ બતનના દરેક શખ્સના હિસ્સાને ગુણ્યા, જે ગુણાકાર આવ્યો તેજ તેઓના હિસ્સા છે. તે પછી હિન્દા મરી એનું ત્રીજું બતન થયું. એ હિન્દાને પ્રથમ બતનથી એકસો છવ્વીસ હિસ્સા અને બીજા બતનથી ચોત્રીસ મળ્યા છે એટલે એના માફીલયદ એકસો સાઠ છે. જે તેના નામની સાથે જમણી બાજુએ લખ્યા છે અને એ બતનનો મસલો પાંચથી છે. અને પાંચ ઉપર એકસો સાઠ પુર્ણાંકથી વહેંચાય છે જેથી એમાં ગુણાકારની કશી જરૂરત નથી. એ પછી **અહયા** શબ્દની નીચે લાંબી લીટી દોરી સઘળા જીવતા વારેસોના નામ લખી તે નામોની નીચે તેઓને જે જે બતનથી હિસ્સા મળ્યા હતા તેનો સરવાળો છે. અને એ સઘળા વારેસોના હિસ્સાનો સરવાળો લીટીના ઉપર છે. જે તસહીહની સંખ્યાની બરાબર છે.

* મુસ્તકીમ એટલે એ બતનના માફીલયદ હિસ્સા એ બતનના મસલા ઉપર પુરા વહેંચાય છે. એ બે રીતે થાય છે. (૧) જેટલી સંખ્યાનો મસલો હોય તેટલીજ સંખ્યા માફીલયદની હોય. (૨) માફીલયદની સંખ્યા મસલાથી ઘણી હોય અને બંનેમાં તદાખોલ હોય. જ્યારે બીજી રીતે હોય ત્યારે માફીલયદને મસલા ઉપર ભાગતાં જે ભાગાકાર આવે તેથી તે બતનમાં નીચે દરેક વારેસના હિસ્સાને ગુણવું. અને જો મસલાની સંખ્યા માફીલયદથી ઘણી હોય અને બંનેમાં તદાખોલ હોય તો મસલાની સંખ્યાને માફીલયદ ઉપર ભાગી જે ભાગાકાર આવે તેથી પ્રથમ તસહીહને તથા ઉપરના બતનના સઘળા વારેસોના હિસ્સાને ગુણાકાર કરવું. નીચે ગુણાકાર કરવાનું નથી. ગુ. બે.

મોનાસખાનો ૩ જો દાખલો.

તા૦ ૩૦૭૨
તા૦ ૧૫૩૬
તા૦ ૧૯૨
તા૦ ૨૪

મૈ મ૦ ૮ બાકી ૭ ઝૈદ

ધણિયાણી	દીકરી	દીકરી	દીકરી
હિન્દા	ઝૈનબ	ફાતેમા	કુલસુમ
૧/૮ ૩ ૨૪ [illegible] ૩૮૪	૭	૭ ૫૬ ૪૪૮ ૮૯૬	૭ ૫૬ ૪૪૮ ૮૯૬

મૈ મ૦ ૬ ઓ૦ ૮ તબા૦ મારી. ૭ ઝૈનબ

ધણી	મા	બેહેન	બેહેન
બકર	હિન્દા	ફાતેમા	કુલસુમ
[illegible]	૧ [illegible] ૫૬ [illegible]	૨ [illegible] ૨૨૪	૨ [illegible] ૨૨૪

મૈ મ૦ ૮ તબા૦ માફી. ૨૧ બકર

ધણિયાણી	દીકરો	દીકરો	દીકરો	દીકરી
આયેશા	મસઊદ	મહમદ	વલીદ	ખદીજા
[illegible]	૨ [illegible] ૮૪	૨ [illegible] ૮૪	૨ [illegible] ૮૪	૧ [illegible] ૪૨

તા૦ ૪૨

મૈ મ૦ ૬ બાકી ૪ તબા૦ ૨ માફી ૨૧ આયેશા

મા	બાપ	દીકરો	દીકરો	દીકરો	દીકરી
રોકીયા	ખાલિદ	મસઊદ	મહમૂદ	વલીદ	ખદીજા
૧/૬	૧/૬	૮	૮	૮	૪

અહયા ૩૦૭૨

હિન્દા	ફાતેમા	કુલસમ	મસઊદ	મહમૂદ	વલીદ	ખદીજા	રોકીયા	ખાલિદ
૪૯૬	૧૧૨૦	૧૧૨૦	૯૨	૯૨	૯૨	૪૬	૭	૭

ખોલાસો.

આ ચાર બતનનો મોનાસખહ છે. એમાંથી પ્રથમ બતનની તસહીહ ચોવીસથી થઇ એથી સર્વને પુર્ણાંકથી હિસ્સા મળ્યા. તે પછી ઝૈનબ મરી એનું બીજું બતન થયું. એ બતનનો મસલો ઓલનો છે. ઓલ આઠ થયો. એથી સર્વને પુર્ણાંકથી હિસ્સા મળ્યા. બીજા બતનની મરનારીને આગલા બતનથી સાત મળ્યા જે તેના નામની સાથ છે, તેમાં અને આઠમાં તબાયોન છે માટે આઠને પ્રથમ તસહીહ ચોવીસમાં ગુણ્યા એકસો બાણું થયા. આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. તે પછી આગલા બતનના દરેક વારેસના હિસ્સાઓને પણ આઠથી ગુણ્યા. જે ગુણાકાર આવ્યો તેજ તેઓના હિસ્સા છે. તે પછી મારીદીયદ સાતને બીજા બતનના સઘળા વારેસોના હિસ્સામાં ગુણ્યા જે ગુણાકાર આવ્યો તેજ તેઓનો હિસ્સો છે. તે પછી બકર મર્યો. એનું ત્રીજું બતન થયું. ફરી એનો મસલો પણ આઠથી

થયો. તેથી ત્રીજા બતનના સઘળા વારેસોને પૂરા હિસ્સા મળશે. ત્રીજા બતનના મરનારને બીજા બતનમાંથી એકવીસ મળ્યા છે. આ માફીલવદમાં અને આદમાં તબાયોન છે. માટે ત્રીજા બતનના આદથી પ્રથમ બતનની તસહીહ એકસો બાણુંમાં ગુણ્યા એક હજાર બાનરો છત્રીસ થયા. આથી સઘળાં વારેસોને પૂરા હિસ્સા મળશે. તે પછી પ્રથમ બતનના તેમ બીજા બતનના વારેસોના હિસ્સાઓને પણ આદમાં [illegible] ગુણાકાર આવ્યો તેજ તેઓનો હિસ્સો છે. તે પછી [illegible] બતનના માફીલવદ એકવીસને બીજા બતનના વારેસોના હિસ્સામાં ગુણ્યા જે ગુણાકાર આવ્યો તેજ તેઓના હિસ્સા છે એ [illegible] આએલા મરી ગયું ચોથું બતન થયું. એ બતનનો મસલો [illegible] થયો. અને એને ત્રીજા બતનથી [illegible] મળ્યા છે. હવે એકવીસમાં અને બેતાલીસમાં તદાખુલ છે જે તવાફુકના કાયદામાં છે એનો વફક હોય ! માટે મોટી સંખ્ય બેતાલીસ ને નાની સંખ્યા એકવીસ ઉપર ભાગતા બે આવ્યા એજ એનો વફક છે. એ વફક એથી પ્રથમ તસહીહ એક હજાર બાનરો છત્રીસને ગુણ્યા ત્રણ હજાર બોતેર થયા આથી [illegible] હિસ્સા મળશે. તે પછી પહેલા બીજા અને ત્રીજા બતનના સઘળા વારેસોના હિસ્સાઓને બેથી ગુણ્યા જે ગુણાકાર આવ્યો તેજ તેઓનો હિસ્સો છે. અને ચોથા બતનના માફીલવદની સંખ્યા તેની તસહીહની સંખ્યાથી નાની [illegible] બતન [illegible] વારેસોના હિસ્સામાં ગુણાકાર કરવાનું નથી. તે પછી અહયા એટલે જીવતાંના શબ્દની સાથે લાંબી લાઈન દોરી તેની નીચે ઉપલા ચારે બતનના જીવતાં વારેસોને લખ્યાં અને તે દરેકને જે જે બતનમાંથી જેટલા હિસ્સા મળ્યા તેનો સરવાળો લખ્યો છે આ જીવતાં નવ વારેસોના હિસ્સાઓના સરવાળા કર્યા તો ત્રણ હજાર બોતેર આવ્યા અને પ્રથમ તસહીહની સંખ્યા પણ ત્રણ હજાર બોતેર છે તો જણાયું કે મસલો ખરો છે.

જવીલ અરહામનું વર્ણન.

૭૭ જવીલ અરહામ તે સગાંઓને કહે છે કે જેઓનો નિયમિત હિસ્સો નહીં હોય તેમ તેઓ અસબા પણ નહીં હોય. સિરાજી, રદીક. વગેરે.

ખોલાસો.

જે સગાઇથી જવીલ અરહામ હોય તે સગાઇથી તેનો હિસ્સો નિયમિત નહીં હોય તેમ તે અસબા નહીં હોય. હવે જો કોઇ સ્ત્રી પોતાના મામાના છોકરા સાથે પરણી હોય અને તે મરે તો તેણીનો ધણી નિયમિત હિસ્સો લેનાર છે અને તે જવીલ અરહામ પણ છે. માટે તે પોતાનો નિયમિત હસ્સો લેશે. ફરી જો તેણીનો કોઇ બીજો નિયમિત હિસ્સો લેનાર કે અસબા નહીં હશે તો તે જવીલ અરહામપણાનો પણ લેશે પણ તેનો નિયમિત હિસ્સો નિકાહના સબબથી છે. જવીલ અરહામની સગાઇથી નથી.

૭૮ જવીલ અરહામની ચાર કિસમ (જાતી) છે (૧) મૈયતની ઓલાદ જેમકે નવાસા નવાસી, પોત્રીનો છોકરો છોકરી, પોત્રનો નવાસો નવાસી વગેરે (૨) મૈયતની અસલ જેમકે મૈયતનો નાનો, નાનાની મા, નાનાની નાની વગેરે (૩) મૈયતના માબાપની ઓલાદ જેમકે મૈયતની બેહેનની ઓલાદ, ભાઇની છોકરી, ભાઇની પોત્રી, માજણા ભાઇના દીકરા દીકરી વગેરે અને (૪) નાના દાદાની તથા નાની દાદીની ઓલાદ જેમકે ફોઇઓ, માજણા કાકા, મામા, ખાલાઓ અને એઓની ઓલાદ. સિરાજી. રદીક મ તુમ.

ખોલાસો.

સામટી રીતે બયાન કરતાં આ ચાર તરેહ નીકળે છે. અને દરેક ફરાએજવાળા પણ ચારજ તરેહ લખે છે પણ તફસીલ કરતાં ચઉદ કિસમ થાય છે (૧) દીકરીઓની ઓલાદ અગરજે નીચેના દરજાની હોય જેમકે નવાસાના દીકરાદીકરી પોત્ર પોત્રી વગેરે (૨) પોત્રીની ઓલાદ અગર જો નીચેના દરજાની હોય (૩) નાનાઓ. (૪) નહીં વારેસ થનારી નાનીયો તથા દાદીઓ જેમકે નાનાની મા નાનાની નાની વગેરે તથા બાપના નાનાની મા વગેરે (૫) સગી બેહેનની ઓલાદ (૬) બાપ જણી બેહેનની ઓલાદ (૭) મા જણી બેહેનની ઓલાદ (૮) સગા ભાઇની દીકરી (ભતરીજી) ની ઓલાદ (૯) બાપ જણા ભાઇની દીકરીની ઓલાદ (૧૦) માજણા ભાઇની ઓલાદ (૧૧) ફોઇઓ

તથા તેઓની ઓલાદ (૧૨) મા જણ્યા કાકા (બાપના માજણ્યા ભાઇ) તથા તેઓની ઓલાદ (૧૩) મામા તથા તેઓની ઓલાદ અને (૧૪) ખાલાઓ તથા તેણીની ઓલાદ. શરહ ફાજેલ બેહેશતી.

૭૯ આ ચાર જાતી (કિસમ)થી વારસો લેવાનો પ્રથમ હક્ક પેહેલી જાતિનો છે. તે નહીં હોય તો બીજીનો અને તે નહીં હોય તો ત્રીજીનો અને તે નહીં હોય તો ચોથાનો છે. અસબાને અનુક્રમ એનો પણ અનુક્રમ (તરતીબ) છે. સિરાજી.

પેહેલી કિસમનું બયાન.

૮૦ મરનારની સગાઇમાં જે ઘણું પાસે હોય તે વારસો લેવામાં શ્રેષ્ઠ છે. જેમકે નવાસી એ દીકરાની નવાસી કરતાં શ્રેષ્ઠ છે. સિરાજી. સ્ટીક. કારણ કે મૈયતના સગાઇમાં અની વચ્ચે એક માણસ છે અને દીકરાની નવાસી વચ્ચે બે માણસ છે.

૮૧ જો તેઓ સગાઇમાં સરખા દરજાના હોય તો જે જવીલ અરહામ વારેસની ઓલાદ નહીં હશે તે કરતાં જે જવીલ અરહામ વારેસની ઓલાદ * હશે તે શ્રેષ્ઠ છે. જેમકે પોત્રાની દીકરી એ નવાસીના દીકરા કરતાં વધુ હકદાર છે. સિરાજી. કારણ કે પોત્રાની દીકરી તે જવીલ ફોરૂજની દીકરી છે અને નવાસીનો દીકરો તે જવીલ અરહામનો દીકરો છે.

૮૨ જો તેઓ સગાઇમા સરખા દરજાના હોય અને તેઓમાં કોઇ વારેસની ઓલાદ નહીં હોય અથવા સઘળા વારેસની ઓલાદ હોય તો તે સઘળા વારેસો લેશે. સિરાજી.

૮૩ જવીલ અરહામની વહેંચણી અસબાની વહેંચણી સરખી છે. એટલે એક પુરૂષને એક સ્ત્રીથી બેવડું મળે છે. અથવા એમ કહો કે બે સ્ત્રી એક પુરૂષની બરાબર છે. પણ આ બેવડું તથા એકવડું આપતી વેળા ઉપરની પેઢીમાં જોવાનું છે. જો ઉપર સઘળા જવીલ અરહામની પેઢીમાં સરખા રીતે પુરૂષ અથવા સ્ત્રી છે તો તે વારસો લેનાર જવીલ અરહામમાં પુરૂષને બેવડું અને સ્ત્રીને એકવડું મળશે. અને જો ઉપર સરખા નહીં હોય પણ એકની પેઢીમાં પુરૂષ હોય અને બીજીમાં સ્ત્રી હોય તો હવે વારસો લેનાર જવીલ અરહામને જોઇ બેવડું એકવડું આપવાનું નથી પણ ઉપર પેઢીમાં જ્યાં સ્ત્રી પુરૂષનો ફેર પડ્યો છે તેને જોઈ બેવડું એકવડું આપવાનું છે. તો ઉપરના પુરૂષનો બેવડો હિસ્સો વારસો લેનાર જવીલ અરહામને મળશે અગરજો તે સ્ત્રી હશે. અને ઉપરની સ્ત્રીનો એકવડો હિસ્સો વારસો લેનાર જવીલ અરહામને મળશે અગરજો તે પુરૂષ હશે.

---

* વારેસની ઓલાદ એટલે જવીલ ફોરૂજની અથવા અસબાની ઓલાદ. ગ્રા. મે.

દાખલો.

મૈ મ૦ ૩

દીકરી	દીકરી
|	|
દીકરી	દીકરી
|	|
દીકરી	દીકરો
૧	૨

આ મસલામાં મૈયતની નવાસીનો એક દીકરો છે. અને બીજી નવાસીની એક દીકરી છે અને ઉપર પેઢીમાં સઘળા સ્ત્રીજ છે માટે નીચે વારસો લેનારાઓને જોઇ પુરૂષને બેવડું અને સ્ત્રીને એકવડુંના કાયદા પ્રમાણે મસલો ત્રણથી કર્યો, અને નવાસીના દીકરાને બે અને નવાસીની દીકરીને એક આપ્યા.

મૈ મ૦ ૨

દીકરી	દીકરી
|	|
દીકરો	દીકરો
|	|
દીકરી	દીકરી
૧	૧

આ મસલામાં મૈયતના એક નવાસાની એક દીકરી છે અને બીજા નવાસાની એક દીકરી છે. એ મસલો બેથી બન્યો હરેક નવાસાની દીકરીને એક મળે છે. આ બંને દીકરીની પેઢીમાં વચ્ચે દીકરા આવ્યા છે. અને તે સરખા રીતે છે એટલે મૈયતના સરખા દરજાના નવાસા છે. જેથી વારસો લેનારી જવીલ અરહામને સરખો ભાગ મળ્યો.

મૈ મ૦ ૩

દીકરી	દીકરી
દીકરો	દીકરી
દીકરો	દીકરી
૨	૧

આ મસલામાં મૈયતના નવાસાનો એક દીકરો છે અને બીજી નવાસીની એક દીકરી છે. અને ઉપર બીજા બતનમાં એકની પેઢીમાં પુરૂષ છે અને બીજાની પેઢીમાં સ્ત્રી છે. માટે જે પેઢામાં ફેર પડ્યો છે તે ધ્યાનમાં લઇ પુરૂષની આલાદને બેવડું અને સ્ત્રીની ઓલાદને એકવડું મળશે અને મસલો ત્રણથી થશે, નવાસાના દીકરાને બે અને નવાસીની દીકરીને એક મળશે. નવાસાના દીકરાને બે મળ્યા છે તે પોતે પુરૂષ છે તેથી બે મળ્યા નથી પણ ઉપલી પેઢામાં પુરૂષ છે તેથી બે મળ્યા છે. જો એની જગ્યા છોકરી હતે તોએ તેણીને બે મળતે. જેમકે નીચેના દાખલાથી સારી રીતે સમજાશે.

મૈ મ૦ ૩

દીકરી	દીકરી
દીકરો	દીકરી
દીકરી	દીકરો
૨	૧

આ મસલામાં મૈયતના નવાસાની દીકરી છે અને નવાસીનો એક દીકરો છે. એ મસલો પણ ત્રણથી થશે. અને નવાસાની દીકરીને બે અને નવાસીના દીકરાને એક મળશે. કારણ કે એઓને ઉપલી પેઢી ઉપર ધ્યાન દઇ વારસો લેવાનો છે. અને ઉપર એકની પેઢીમાં દીકરો છે તેનો બેવડો હિસ્સો નીચે દીકરીને મળ્યો. અને બીજાની પેઢીમાં ઉપર પુરૂષના મુકાબલામાં સ્ત્રી છે તેનો એકવડો હિસ્સો નીચે દીકરાને મળ્યો.

૮૪ જ્યારે દીકરીઓની ઓલાદના બતનોમાં ફેરફાર હોય એટલે નર નારી ભેલસેલ હોય તો જીવતા જવીલ અરહામને ધ્યાનમાં નહીં રાખતાં ઉપલી પેઢીમાં જ્યાં પ્રથમ ફેરફાર થયો છે ત્યાં વેહેંચણી કરી શું, પુરૂષને બે અને સ્ત્રીને એક પ્રમાણે ફરી પુરૂષનું એક ટોળું અને સ્ત્રીનું એક ટોળું કરી શું, ફરી પુરૂષોના ટોળાને જે હિસ્સા મળ્યા છે તેનો સરવાળો કરી તેઓની ઓલાદમાં પુરૂષને બે અને સ્ત્રીને એક પ્રમાણે નીચેની પેઢીમાં જેમાં ફેર પડશે ત્યાં વેહેંચી શું, અને જો નહીં પડે તો તેજ હિસ્સા આપી શું. એવીજ રીતે સ્ત્રીના ટોળાને જે હિસ્સા મળ્યા છે તેનો સરવાળો કરી તેઓની ઓલાદમાં પુરૂષને બે અને સ્ત્રીને એક પ્રમાણે નીચેની પેઢીમાં જ્યાં ફેર પડશે ત્યાં વેહેંચી શું અને જો ફેર નહીં પડે તો તેજ હિસ્સા આપીશું. સિરાજી શરીફ.

દાખલો.

તા૦ ૧૮
મૈ મ૦ ૬

બતન ૧	દીકરી	દીકરી	દીકરો	દીકરો
... ૨	દીકરી	દીકરો	દીકરી	દીકરી
... ૩	દીકરો	દીકરો	દીકરો	દીકરી
... ૪	દીકરી	દીકરો	દીકરી	દીકરો
	૨	૪	૮	૪

આ મસલામાં મૈયતની એક દીકરીના નવાસાની દીકરી હયાત છે. અને બીજી દીકરીના પોત્રનો દીકરો હયાત છે. અને ત્રીજા દીકરાના નવાસાની દીકરી હયાત છે. અને ચોથા દીકરાની નવાસીનો દીકરો છે. હવે હયાત જવીલ અરહામને જોઇ હિસ્સા વહેંચવાના હતે તો મસલો છથી થતે અને દરેક પુરૂષને બે અને સ્ત્રીને એક મળતે પણ તેમ કરવાનું નથી. એઓની પેઢીમાં જ્યાં પ્રથમ ઇખતેલાફ (ફેર) થયો હોય ત્યાં વહેંચવાનું છે. તો એઓની પેઢીમાં જોતાં પ્રથમ બતનમાં ઇખતેલાફ છે. ત્યાં બે પુરૂષ છે અને બે સ્ત્રી છે તો પુરૂષના બે અને સ્ત્રીનો એક પ્રમાણે મસલો છથી થશે. અને પુરૂષના ટોળાને ચાર મળ્યા તે યાદ રાખ્યા. ફરી એઓના વંશમાં બીજા બતનમાં જોયું તો તેમાં બે દીકરી છે ઇખતેલાફ નથી. ફરી ત્રીજા બતનને જોયું તો તેમાં

ફેર છે એક દીકરો અને એક દીકરી છે. હવે દીકરાને બેવડું અને દીકરીને એકવડું મળે છે એટલે ત્રણ ભાગ થવા જોઇએ. પણ ઉપરથી મળેલા ચાર તે ત્રણ ઉપર પુર્ણાંકથી વહેંચાતા નથી અને ત્રણ અને ચારમાં તબાયોન છે માટે કા. ૫૪ પ્રમાણે ત્રણને મસલા છમાં ગુણ્યા અરાઢ થયા. આથી સઘળાઓને પુરા હિસ્સા મળશે. અને જયારે ચાર છમાંથી મળ્યા હતા માટે તે ચારને પણ ત્રણમાં ગુણ્યા બાર આવ્યા. એમાંથી ત્રીજા બતનમાં દીકરાને આઠ અને દીકરીને ચાર મળ્યા. આ જગ્યાથી પુરૂષનું ટોળું જુદું પડયું જેથી ત્રીજા બતનના પુરૂષનો હિસ્સો આઠ તેની દીકરીને મળ્યા. અને ત્રીજા બતનની સ્ત્રીનો હિસ્સો ચાર તેના દીકરાને મળ્યા. ફરી દીકરીના ટોળાને બે મળેલા હતા તે છથી મળેલા હતા માટે તેને પણ ત્રણમાં ગુણ્યા છ થયા તેને ધ્યાનમાં રાખ્યા ફરી તેઓના વંશમાં બીજા બતનને જોયું તો તેમાં એક પુરૂષ અને એક સ્ત્રી છે. પુરૂષને ચાર અને સ્ત્રીને બે મળ્યા અને એ ટોળું જુદું પડયું. અને એ પુરૂષ અને સ્ત્રી એક એક જુદા છે ટોળું નથી એટલે પુરૂષના હિસ્સા ચારને તેના પોત્રને આપ્યા. અને સ્ત્રીના હિસ્સા બેને તેની પોત્રીને આપ્યા.

દાખલો.

તા૦ ૩૫

મૈ મ૦ ૭

બતન ૧	દીકરી	દીકરો	દીકરો	દીકરો
... ૨	દીકરો	દીકરી	દીકરી	દીકરી
... ૩	દીકરો	દીકરી	દીકરો	દીકરો
... ૪	દીકરો	દીકરો	દીકરો	દીકરી
... ૫	દીકરો	દીકરો	દીકરી	દીકરો
	કાસિમ	યુસોફ	મરયમ	ખાલિદ
	૫	૬	૧૬	૮

આ મસલામાં મૈયતની એક દીકરીના પોત્રનો પોત્ર હયાત છે. અને એક દીકરાની નવાસીનો પોત્રી હયાત છે. અને બીજા દીકરાના નવાસાની પોત્રી હયાત છે. અને ત્રીજા દીકરાના નવાસાનો નવાસો છે. હવે હયાત જવીલ અરહામ ઉપર વહેંચવાનું હતે તો મસલો સાતથી બનતે અને ત્રણ પુરૂપ છે તે દરેકને બે મલતે અને એક સ્ત્રીને મળતે, પણ તેમ કરવાનું નથી એઓની પેઢીમાં જ્યાં પ્રથમ ઇખતેલાફ થયો હોય ત્યાં વેંહેચવાનું છે. તો એઓની પેઢીમાં પ્રથમ બતનમાં ઇખતેલાફ છે. ત્યાં મૈયતના ત્રણ દીકરા અને એક દીકરી છે તો મસલો સાતથી થયો. ફરી દીકરી જુદી પડી. તે એકલી છે તેનું ટોળું નથી માટે તેનો હિસ્સો એક તેના વંશના કાસિમને મળ્યો. અને દીકરા ત્રણ છે તેઓનું ટોળું થયું અને તેઓના હિસ્સાઓનો સરવાળો છ થયો તેને ધ્યાનમાં રાખી બીજા બતનને જોયું ત્યાં ત્રણે દીકરી છે ઇખતેલાફ નથી માટે ત્રીજા બતનને જોયું ત્યાં એક દીકરી અને બે દીકરા છે. અને એક દીકરો બે દીકરીની બરાબર છે તો એઓના હિસ્સા પાંચ થવા જોઇએ. અને એ ટોળાને ઉપરથી છ મળેલા છે. અને છમાં અને પાંચમાં તબાયોત છે માટે કલમ ૫૪ પ્રમાણે પાંચને ઉપરના મસલા સાતમાં ગુણ્યા પાંત્રીસ થયા. અને કાસિમને સાતમાંથી એક મળ્યો હતો તેને પણ પાંચમાં ગુણી તેને પાંચ આપ્યા. અને આ એક દીકરી અને બે દીકરા વચ્ચે સાતમાંથી છ મળેલા હતા તેને પણ પાંચમાં ગુણ્યા ત્રીસ થયા. તેના પાંચમા ભાગ છ દીકરીને મળ્યા અને તે એકલી છે તેનું ટોળું નથી માટે તેનો હિસ્સો છ તેના વંશના યુસોફને મળ્યા. અને બે છોકરાનું ટોળું થયું તેઓના સિસ્સા ચોવીસ છે ફરી ચોથા બતનને જોયું તો ત્યાં એ ટોળામાં ફેર પડયો છે. એક દીકરો અને એક દીકરી છે. અને દીકરો બે દીકરીની બરાબર છે માટે ચોવીસથી તેને સોળ મળ્યા અને એ એકલો છે ટોળું નથી માટે એનો હિસ્સો સોળ એના વંશની મરયમને મળ્યા. અને દીકરીને આઠ મળ્યા અને એ એકલી છે ટોળું નથી માટે એનો હિસ્સો આઠ એના વંશના ખાલિદને મળ્યા.

૮૫ વારેસની ઓલાદના જવીલ અરહામના નરંનારીના ગુણો પોતાનાં લેવાતા નથી પણ ઉપર

પેઢીમાં જ્યાં પ્રથમ ફેર પડયો હોય ત્યાંથી લેવામાં આવે છે છતાં ગણુતરી હયાત વારેસોથી લેવામાં આવે છે. સિરાજી.

દાખલો.

તા૦ ૨૮

મૈ મ૦ ૭

બતન ૧	દીકરી	દીકરી	દીકરી
,, ૨	દીકરી	દીકરી	દીકરો
,, ૩	દીકરી	દીકરો	દીકરી
,, ૪	દીકરા. ૨	દીકરી. ૧	દીકરી. ૨
	૬ દર ૩	૬	૬ દર ૮

આ મસલામાં મૈયતની પ્રથમ દીકરીની નવાસીના બે દીકરા છે. અને બીજી દીકરીના નવાસાની એક દીકરી હયાત છે. અને ત્રીજી દીકરીની પોત્રીની બે દીકરી હયાત છે. હવે જો હયાત જવીલ અરહામને જેમઃ વારસો આપવાનું હતે તો મસલો સાતથી થતે પ્રથમ દીકરીના વંશના બે દીકરાને ચાર, બીજી દીકરીના વંશની દીકરીને એક, અને ત્રીજી દીકરીના વંશની બે દીકરીને બે મળતે પણ તેમ નથી. નર નારીનો ગુણ કલમ ૮૪ પ્રમાણે ઉપર જોવાનો છે. અને કલમ ૫ પ્રમાણે ગણુતરી નીચેથી લેવાની છે. માટે ઉપર તપાસ કરવાની જરૂરત પડી તો પ્રથમ બતનમાં જોતાં તેમાં કંઇ ઇખતેલાફ નથી. ફરી બીજા બતનમાં જોતું તો ત્યાં ઇખતેલાફ છે. બે દીકરી અને એક દીકરો છે એમાં દીકરાની શાખામાં બે દીકરી છે તે ગણુતરી લેતાં બે દીકરા થયા. તેમ એક દીકરીની શાખામાં બે દીકરા છે તે ગણુતરી લેતાં બે દીકરી થઇ. અને બીજી દીકરીની શાખામાં એક દીકરી છે તો કુલે ત્રણુ દીકરી અને બે દીકરા થયા. અને બે દીકા ચાર દીકરીની ગણુતરીમાં છે એટલે સાત દીકરી થઇ અને મસલો સાતથી થયો. હવે દીકરો એકલો છે ટોળું નથી માટે તેનો હિસ્સો ચાર નીચે બે દીકરીઓને આપ્યા. અને બે દીકરીઓનું ટોળું થયું અને તેઓના હિસ્સા ત્રણુ છે તે ધ્યાનમાં રાખી ત્રીજા બતનને જોયું તો તેમાં એક દીકરો અને એક દીકરી છે. અને ગણુતરી નીચેથી લેવામાં આવે છે એટલે બે દીકરી બે દીકરી ગણાશે અને દીકરો બે દીકરીને ઠેકાણે છે એટલે ચાર દીકરી થઇ. એઓને ઉપરથી ત્રણ મળ્યા છે તે તેઓ પર પુર્ણાંકથી વેહેંચાતા નથી અને ત્રણ તથા ચારમાં તબાયોન છે. માટે ચારને મસલા સાતમાં ગુણ્યા અઠાવીસ થયા આથી સર્વને પૂરા હિસ્સા મળશે. અને પ્રથમ બે દીકરીઓને ચાર આપ્યા છે એ સાતમાંના ચાર છે માટે તેને પણ ચારમા ગુણ્યા સોળ થયા. આ તે દીકરીઓનો હીસ્સો છે દરેક દીકરીને આઠ મલશે. અને એઓના ત્રણને પણ ચારમાં ગુણ્યા બાર આવ્યા તેમાંથી દીકરાને છ આપ્યા તે તેની દીકરીને ચોથા બતનમાં મલ્યા. અને દીકરીને છ આપ્યા જે તેની બે દીકરીને ચોથા બતનમાં મળ્યા. દરેકને ત્રણ.

દાખલો.

તા૦ ૧૭

મૈ મ૦ ૧૪

બતન ૧	દીકરી	દીકરો	દીકરો	દીકરો
,, ૨	દીકરો	દીકરી	દીકરો	દીકરો
,, ૩	દીકરો	દીકરો	દીકરી	દીકરી
,, ૪	દીકરો	દીકરી	દીકરી	દીકરો
,, ૫	રો રો	રો રો	રી રી	રી રી
	૭ ૭	૬ ૬	૮ ૮	૧૬ ૧૬

આ મસલામાં પ્રથમ બતનમાં ઇખતેલાફ છે એમાં ત્રણુ દીકરા અને એક દીકરી છે. એ દરેકના વંશમાં બે બે ઓલાદ હયાત છે. એટલે ત્યાંથી ગણુતરી લેતાં બે દીકરી અને છ દીકરા થયા. અને મસઅલો ચઉદથી કર્યો. દીકરી એકલી છે તેથી તેનો હિસ્સો બે તેના વંશના બે દીકરાઓને એક એક આપ્યો અને ત્રણુ દીકરાઓનું ટોળું થયું અને તેઓના હિસ્સા બાર ધ્યાનમાં રાખી

બીજા બતનને જોયું તો તેમાં ઇખતેલાફ છે, એક દીકરી અને બે દીકરા છે. એઓના વંશની હયાત ઓલાદની ગણતરી લેતાં ચાર દીકરા અને બે દીકરી થઇ. અને એક દીકરો બે દીકરીની બરાબર છે એટલે એઓના હિસ્સા દસ થવા જોઇએ. પણ એઓને ઉપરથી બાર મળ્યા છે, જે દસ ઉપર પૂર્ણાંકથી વેહેંચાતા નથી. અને બારમાં અને દસમાં બેથી તવાફોક છે માટે કલમ ૫૩ પ્રમાણે દસને બે ઉપર ભાગતાં પાંચ આવ્યા એ દસનો વફક છે. એથી અસલ મસલો ચઊદને ગુણ્યા સિત્તેર થયા આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. અને દીકરીને ચઊદથી બે મળ્યા હતા તેને પણ પાંચમાં ગુણ્યા દસ થયા. એના વંશના બે દિકરા હયાત છે તેને તે દસ આપ્યા દરેકને પાંચ મળ્યા. બીજા બતનમાં એક દીકરી અને બે દીકરાના ટોળાને બાર મળ્યા હતા તેને પાંચમાં ગુણ્યા સાઠ થયા, તેમાંથી દીકરીને બાર આપ્યા તે એકલી છે એટલે તેનો હિસ્સો બાર તેના વંશના બે દીકરાઓને મળ્યા દરેકને છ. ફરી આ બે દીકરાઓનું ટોળું થયું અને તેઓના હિસ્સા ઉડતાલીસને ધ્યાનમાં રાખી ત્રીજા બતનને જોયું તેમાં ફેર નથી માટે ચોથા બતનમાં જોયું તેમાં એક દીકરી અને એક દીકરો છે. એઓની હયાત ઓલાદની ગણતરી લેતાં બે દીકરી અને બે દીકરા થયા. તેઓના હિસ્સા છ થયા. અને છ ઉપર ઉડતાલીસ પૂર્ણાંકથી વહેંચાય છે એટલે દીકરીને સોળ મળ્યા તે તેની બંને દીકરીઓને આઠ આઠ આપ્યા. અને દીકરાને બતરીસ મળ્યા હતા તે તેની બંને દીકરીઓને સોળ સોળ આપ્યા.

૮૬ વારેસ ઓલાદ જવીલ અરહામની ગણુતરી હયાત ઓલાદથી લેવાય છે તેઓમાંનું કોઇ બે તરફ સગાઇ રાખતું હશે તો તેની ગણુતરી બેવડી લેવાશે. સિરાજી. રહીક.

દાખલો.

તા૦ ૨૮

મે મ૦ ૭

બતન ૧	દીકરી	દીકરી	દીકરી
... ૨	દીકરી	દીકરો	દીકરી
... ૩	(રીકરી. ૨)		દીકરો
	૬ + ૧૬=૨૨ દર. ૧૧		૬

૮

આ મસલામાં મૈયતની એક નવાસીની બે દીકરી છે અને બીજા નવાસાની પણ તે દીકરીઓ થાય છે. અને ત્રીજી નવાસીનો એક દીકરો હયાત છે. હવે પ્રથમ બતનમાં જોયું તો તેમાં કંઇ ઇખતેલાફ નથી પણ બીજા બતનમાં ઇખતેલાફ છે. તેમાં એક દીકરો અને બે દીકરી છે. હવે ગણુતરી નીચેથી લેતાં પ્રથમ દીકરી બે ગણાઇ તેમ દીકરો પણ બે ગણાયો. અને બીજી એક દીકરી. હવે બે દીકરાને ચાર દીકરીની જગ્યાએ ગણુતાં સાત થઇ. અને મસલો સાતથી થયો. દીકરાને તેનો હિસ્સો ચાર આપ્યા તે એકલો છે ટોળું નથી માટે તે જૂદો પડયો, અને તેનો હિસ્સો તેની બંને દીકરીઓને મળ્યો. અને પ્રથમ દીકરી જે બે ગણાઇ છે તે અને બીજી દીકરી મળી ત્રણ દીકરી અને તેઓના હિસ્સા ત્રણને ધ્યાનમાં રાખી તેઓની ઓલાદને જોઇ તો ત્યાં ફેર પડયો, પ્રથમ દીકરીની બે દીકરી અને બીજી દીકરીનો એક દીકરો છે. અને દીકરો બે દીકરીની બરોબર થાય છે, એટલે ચાર દીકરી થઇ. એઓપર ત્રણ પૂર્ણાંકથી વહેંચાતા નથી. અને ત્રણમાં અને ચારમાં તબાયોન છે માટે વારેસની ગણુતરી ચારથી ઉપર મસલો સાતને ગુણ્યા અઠાવીસ થયા, આથી સર્વને પૂરા હિસ્સા મળશે. અને બે દિકરીઓને બાપ તરફથી ચાર મળ્યા હતા એ સાતમાંના ચાર છે માટે એને પણ ચારમાં ગુણ્યા સોળ થયા. આ તેણીનો હિસ્સો છે. અને બાકીના બારમાંથી * દીકરાને છ મળ્યા. અને બંને દીકરીઓને છ મળ્યા. બે દીકરીને બાપ તરફથી શોળ અને મા તરફથી છ મળી બાવીસ મળ્યા, દરેકને અગિયાર અને દીકરાને છ મળ્યા.

* અથવા એમ કહો કે દીકરીના ટોળાને ત્રણ મળ્યા હતા તે પણ સાતમાંના ત્રણ હતા તેને પણ ચારમાં ગુણ્યા બાર થયા. જેમાંથી દીકરો જે બે દીકરી બરાબર છે તેને છ આપ્યા. અને છ બે દીકરીઓને આપ્યા. દરેકને ત્રણ. ગુ. મો.

જવીલ અરહામની બીજી જાતી. *

૮૭ મૈયતથી સગાઇમાં જે નજદીક હશે તે વારસો લેવામાં શ્રેષ્ઠ છે સિરાજી. તો નાનો નાનીના બાપ કરતાં નજદીક હોવાને લીધે શ્રેષ્ઠ છે. તનવીર.

૮૮ જ્યારે એઓ સરખા દરજાના હોય તેઓમાંના કોઇને જવીલ ફોરૂજ અથવા અસબાની તરફથી સગાઇ હોવાથી તે શ્રેષ્ઠ ગણાશે નહીં. † આલમગીરીયા, રદ્દે મોહતાર (શામી). રહીકે મખતૂમ વગેરે. તો નાનીનો બાપ તથા નાનાનો બાપ વારેસ થવામાં સરખા છે. નાની જવીલ ફોરૂજમાંથી છે અને નાનો જવીલ ફોરૂજમાંથી નથી, છતાં તેણીના બાપને તેના બાપ ઉપર કંઇ શ્રેષ્ઠતા નથી.

૮૯ જ્યારે તેઓ સરખા દરજાના હોય અને ફકત મા તરફના હોય અથવા બાપ તરફના હોય તો તે જવીલ અરહામની ગણુતરીએ પુરૂષને બે અને સ્ત્રીને એક તે પ્રમાણે વહેંચાશે. અને જો બાપ તરફના અને મા તરફના ભેગાં હોય તો બાપ તરફવાળાંઓને બે તૃતીયાંશ અને મા તરફવાળાંઓને એક તૃતીયાંશ મળાશે. ફરી બાપ તરફવાળાંઓનું એક ટોળું ગણાશે અને એઓને મળેલા હિસ્સાને ધ્યાનમાં રાખ્યા પછી એઓના વંશમાં ઉપર જ્યાં પ્રથમ ઇખતેલાફ હશે ત્યાં જવીલ અરહામની પ્રથમ જાતીની વહેંચણી પ્રમાણે પુરૂષને બે અને સ્ત્રીને એક પ્રમાણે વહેંચાઇ તે હિસ્સો નીચે અપાશે. એવીજ તરેહ મા તરફવાળાંઓનું એક ટોળું ગણાશે અને તેઓને મળેલા હિસ્સાનો સરવાળો ધ્યાનમાં રાખ્યા પછી તેઓના વંશમાં ઉપર જ્યાં પ્રથમ ઇખતેલાફ હશે ત્યાં પુરૂષને બે અને સ્ત્રીને એક પ્રમાણે વહેંચાઇ તે હિસ્સો નીચે અપાશે. આલમગીરી. રહીકે મખતુમ. રદ્દે મોહતાર. વગેરે.

દાખલો.

મૈ મ૦ ૩

મા	મા
|	|
બાપ	બાપ
|	|
મા	બાપ
૧	૨

આ મસલામાં મૈયતના નાનાનો બાપ તથા તેની મા હયાત છે, એ બંને મા તરફના સગાં છે અને ઉપર કેથે ફેર પડેલો નથી માટે એઓના ઉપર વહેંચણી થઇ. મસઅલો ત્રણથી કર્યો અને નાનાના બાપને બે અને નાનાની માને એક મળ્યા છે.

દાખલો.

મૈ મ૦ ૩

બાપ	મા
|	|
મા	મા
|	|
બાપ	બાપ
૨	૧

આ મસલામાં એક મૈયતની દાદીનો બાપ છે અને બીજો નાનીનો બાપ છે. એટલે એક મા તરફનો સગો છે અને બીજો બાપ તરફનો સગો છે. માટે મસલો ત્રણથી થયો અને બાપ તરફના સગાને બે અને મા તરફના સગાને એક આપ્યા.

---

* આ બીજી જાતીમાં ચાર ટોળાં સમાઇલાં છે. (૧) દાદા અસલ્બા નહિ થનાર (૨) દાદીઓ નિયમિત હિસ્સો નહીં લેનારી (૩) નાનાઓ અને (૪) નાનીઓ નિયમિત હિસ્સો નહીં લેનાર. ગુ. મો.

† આ મસઅલામાં ઓલમાનો ઇખતેલાફ છે. પણ મજબૂત આજ વાત છે. રદ્દે મોહતાર જી. ૫ પૃષ્ટ ૭૭૭ માં છે કે "આજ વાત ખરી છે જેમકે ઇખત્યાર, સબફુલ અનહોર વગેરેમાં છે. અને રૂહુરશોરૂહમાં છે કે રિવાયતો એ વિષે શાક્ષી થાય છે." રહીકે મખતુમ પૃષ્ટ ૬૭ માં એજ મતને "અસહહ" (ઘણોજ સહી) કહ્યો છે. આલમગીરીયા જી. ૭ પૃષ્ટ ૨૯૭માં પણ એજ મતને અસહહ કહ્યો છે. ફોસૂલે હમાદીથી પણ એજ મતને ટેકો મળે છે. બહરૂર રાએક જી. ૮ પૃષ્ટ ૫૯૦ માં છે કે "કાજી ઈમામ શહીદ અબદુલ વાહેદ એજ મત પ્રમાણે ફતવો આપતા હતા." કેટલાકો એ વિષે ભૂલમાં પડે છે માટે ચેતવણી તરીકે મેં આ નોટ લખી છે. અલ્લાહ સારી રીતે જાણનાર છે. ગુ. મો.

તાં૦ ૯

મૈ મ૦ ૩

બાપ	બાપ	મા	મા
|	|	|	|
બાપ	મા	બાપ	મા
|	|	|	|
મા	બાપ	મા	બાપ
|	|	|	|
બાપ	બાપ	બાપ	બાપ
૪	૨	૨	૧

આ મસલામાં મરનારના દાદાનો નાનો છે તથા દાદીનો દાદો છે, આ બંને બાપ તરફના સગા છે. અને નાનાનો નાનો છે તથા નાનીનો દાદો છે, આ બંને મા તરફના સગા છે. માટે મસલો ત્રણથી કરી બાપ તરફના સગાઓને બે તૃતીયાંશ આપ્યા અને મા તરફના સગાઓને એક તૃતીયાંશ આપ્યો. ફરી બાપ તરફનું ટોળું અને મા તરફનું ટોળું જુદા પડયાં. ફરી તપાસતાં જણાયું કે મૈયતના બાપ તરફના સગાંઓમાં બીજી પેઢીએ ઇખતેલાફ થયો છે ત્યાં પુરૂષને બે અને સ્ત્રીને એકના કાયદા પ્રમાણે મૈયતના દાદાને બે અને દાદીને એક મલવો જોઇએ. પણ બાપના સગાંઓને બે મળ્યા છે જે ત્રણ ભાગે પૂર્ણાંકથી વહેંચાતા નથી અને આ ત્રણમાં અને બેમાં તબાયેન છે જેથી ઉપર મસલો ત્રણમાં ત્રણ ગુણ્યા નવ થયા, આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. બાપના સગાંઓને ત્રણથી બે મળ્યા હતા તેને પણ ત્રણમાં ગુણ્યા છ થયા એમાંથી દાદાને ચાર મળ્યા જે તેના નાનાને આપ્યા. અને બે દાદીને આપ્યા જે તેના દાદાને મળ્યા. અને માના સગાંઓને ત્રણથી એક મળ્યો હતો તેને પણ ત્રણમાં ગુણ્યો ત્રણ થયા તે ધ્યાનમાં રાખી તપાસતાં જણાયું કે એમાં પણ ઇખતેલાફ છે. એટલે બીજી પેઢીએ મૈયતનો એક નાનો છે અને એક નાની છે તો તે ત્રણમાંથી નાનાને બે મળ્યા જે તેના નાનાને આપ્યા અને એક નાનીને મળ્યો જે તેના દાદાને આપ્યો.

જવીલ અરહામની ત્રીજી જાતી*

૯૦ આ જાતવાળાઓમાં પેહેલી જાતીની જેમ જે મૈયતથી સગાઇમાં પાસે તે વારસો લેવામાં શ્રેષ્ઠ છે. સિરાજી, આલમગીરીયા, રહીક મખતૂમ. તો ભાણજી (બેહેનની દીકરી) ફરી તે સગી બેહેનની કે સાવકી બેહેનની કે મા જણી બેહેનની હોય તે ભતરીજાની દીકરી કરતાં શ્રેષ્ઠ છે. કારણ કે તે નજદીકની છે.

૯૧ જો તેઓ દરજામાં સરખાં હોય તો તેઓમાંથી જે અસબાની ઓલાદ હશે તે જવીલ અરહામની ઓલાદથી શ્રેષ્ઠ છે જેમ કે ભતરીજાની દીકરી તે ભાણજીના દીકરાથી શ્રેષ્ઠ છે. સિરાજી. સઘળો માલ ભતરીજાની દીકરીને મળશે. કારણ કે ભતરીજો અસબા છે તેની તે દીકરી છે. તે બંને સગા ભાઇ બેહેનની ઓલાદ હોય અથવા સાવકાના હોય અથવા બેમાનું એક સાવકાનું હોય.

૯૨ જો માજણા ભાઇ અથવા બેહેનની ઓલાદ હોય અથવા માજણા ભાઇ બેહેન બંનેની ઓલાદ હોય તેઓમાં સરખી રીતે હિસ્સા અપાશે. સિરાજી. એમાં પુરૂષને સ્ત્રીથી બેવડું મળતું નથી. તો માજણા ભાઇની પોત્રી તે માંજણી બેહેનના નવાસાને સરખી છે. બંને અડધો અડધો હિસ્સો લ્યે.

૯૩ જો તેઓ સગાઇમાં સરખા હોય અને તેઓમાં અસબાની ઓલાદ કોઇ નહીં હોય, અથવા સઘળા અસબાની ઓલાદ હોય, અથવા કોઇ અસબાની ઓલાદ હોય અને કોઇ જવીલ ફેરૂજની ઓલાદ હોય તો તેઓની ઓલાદની ગણતરી તથા તે કોના તરફથી છે † તે પ્રમાણે તે ભાઇ બેહેનો ઉપર માલની વહેંચામણી થશે. સિરાજી.

* ત્રીજી જાતીમાં ૧૦ ટોળાં સમાઇલાં છે. (૧) સગી બેહેનના છોકરા (૨) સગી બેહેનની છોકરીઓ (૩) સાવકી બેહેનના છોકરા (૪) સાવકી બેહેનની છોકરીઓ (૫) મા જણી બેહેનના છોકરા (૬) મા જણી બેહેનની છોકરીઓ. (૭) સગા ભાઇની દીકરીઓ (૮) સાવકા ભાઇની દીકરીઓ (૯) મા જણા ભાઇની દીકરીઓ. (૧૦) મા જણા ભાઇના દીકરા. રહીક મખતુમ ગુ. મો.

† કોના તરફથી (જેહત) એટલે ભાઇ બેહેન બેની સગાઇનો છે કે એકની સગાઇનો. જો બેના તરફથી સગાઇ હશે તો બે ગણાશે જેમકે પેહેલી જાતીમાં તેં જણ્યું છે, ગુ. મો.

દાખલો.

તા૦ ૯

મૈ૦ મ૦ ૩

ભ. સ.	ભ. સા	ભ. મા.	બે. સ.	બે. સા.	બે. મા.
દીકરી	દીકરી	દીકરી	દી. રી.	દી. રી.	દી. રી.
૩	૦	૧	૨ ૧	૦ ૦	૧ ૧

આ મસલામાં જુદા જુદા ત્રણ એટલે સગો ભાઇ સાવકો ભાઇ અને માજણો ભાઇની ત્રણ દીકરી છે. તથા સગી બેહેન સાવકી બેહેન અને માજણી બેહેન દરેકના એક દીકરા તથા એક દીકરી છે. હવેજો માત્ર સગાઇની મજબુતાઇથી આપવાનું હતે તો સગા ભાઇ તથા સગી બેહેનની ઓલાદને વારસો મળતે. પણ તેમ નથી પ્રથમ ભાઉ બેહેનો ઉપર તેઓની ઓલાદની ગણતરીએ વહેંચવાનું છે. અને કલમ ૨૩ માં લખી આવ્યો છું કે સગા ભાઇ છતાં સાવકો ભાઇ બેહેન વારસ થતાં નથી, તો આ મસલામાં તેઓની ઓલાદને કંઇ મળશે નહીં. અને માજણા ભાઇ બેહેનને સગા ભાઇ છતાં મળે છે માટે તેઓની ઓલાદને મળશે. કા. ૧૭ પ્રમાણે માજણા ભાઇ કે બેહેનને એકથી વધુ હોય તો તૃતીયાંશ મળે છે અને તેઓમાં સરખો રીતે વેહેંચાય છે. માટે મસલો ત્રણથી કરી એક તેઓની ઓલાદને આપ્યો. એ તેઓની ઓલાદ બે દીકરી અને એક દીકરો ત્રણ ઉપર સરખી રીતે પૂર્ણાંકથી વહેંચાતો નથી માટે ત્રણ ને ઉપર મસલો ત્રણમાં ગુણ્યા નવ થયા, આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. એઓને નવમાંથી ત્રણ મળ્યા તો દરેકને એક એક આપ્યો. અમે ગણતરી નીચેથી લેતાં એક સગો ભાઇ અને બે સગી બેહેનો થાય છે તેઓમાં બાકીના છ ને વહેંચ્યા. સગા ભાઇનો હિસ્સો ત્રણ તેની દીકરીને આપ્યા. અને ત્રણ સગી બેહેનને મળ્યા તેમાંથી તેના દીકરાને બે અને દીકરીને એક આપ્યા.

દાખલો.

તા૦ ૨૪

મૈ૦ મ૦ ૬

સા. ભાઇ	સા. બેહેન	સ. બેહેન	માજણી બેહેન
દીકરી	દીકરો	દીકરી	દીકરો
દીકરો	(દીકરી ૨)		દીકરી
૨		૨+૪/૬=૧૮ દર ૯	૪/૬

આ મસલામાં મયતના સાવકા ભાઇનો નવાસો છે. અને બીજી સાવકી બેહેનની બે પોત્રી છે. અને તેજ પોત્રીઓ સગી બેહેનની નવાસીઓ થાય છે. એટલે એ બે તરફથી સગાઇ રાખે છે. અને માજણી બેહેનની પોત્રી છે. એઓની ગણતરી ઉપર એઓના મુળ (આસૂલ) માં હિસ્સો વેહેંચવાનો છે તો નિચેથી ગણતરી લેતાં એક સાવકો ભાઇ બે સાવકી બેહન બે સગી બેહેન અને એક માજણી બેહેન થઇ. માજણી બેહેનને એક ષષ્ટમાંશ મળે છે એટલે મસલો છથી બનાવી તેણીને એક આપ્યો જે તેની પોત્રીને મળ્યો. અને સગી બેહેન બે ગણાઇ છે માટે તેણીને બે તૃતીયાંશ ચાર આપ્યા. અને બાકી રહેલો એક સાવકો ભાઇ અને સાવકી બેહેનમાં રહ્યો. પણ સાવકો ભાઇ બે બેહેનને ઠેકાણે છે અને સાવકી બેહેનને દીકરીઓની ગણતરીએ બે ગણી છે. એ ચાર ઉપર પુર્ણાંકથી એક વેહેંચાતો નથી. અને એકમાં અને ચારમાં તબાયોન છે. માટે ચારને ઉપર મસલા (૬)માં ગુણ્યા ચોવીસ થયા. આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. અને માજણી બેહેનને છથી એક મળ્યો હતો માટે તેને પણ ચારમાં ગુણ્યો ચાર આવ્યા એ તેણીનો હિસ્સો છે. અને સગી બેહેનને ચાર મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા સોળ થયા. આ તેણીનો હિસ્સો છે જે તેણીની બંને છોકરીને આપ્યા. દરેકને આઠ. બાકીના ચારમાં સાવકા ભાઇને બે આપ્યા જે તેના છોકરાને મળ્યા. અને સાવકી બેહેનને બે મળ્યા જે તેણીની બંને છોકરીને આપ્યા દરેકને એક મળ્યો. તો સગી બેહેનની બંને દીકરીઓને સોળ નાની તરફથી અને બે દાદી તરફથી મળી અરાઢ મળ્યા દરેકને નવ નવ. શરીકીયા.

દાખલો.

૨૬. ૫

મૈ૦ મ૦ ૬

સગી બેહેન	સાવકી બેહેન	માજણી બેહેન
દીકરી	દીકરી	દીકરી
૩	૧	૧

આ મસલામાં સગી બેહેનની એક દીકરી, સાવકી બેહેનની એક દીકરી. અને માજણી બેહેનની એક દીકરી છે. હવે એઓના ઓસૂલને જોતા માજણી એક બેહેનને ષષ્ટમાંશ છે માટે મસલો છથી થયો. સગી બેહેનને અડધો એટલે ત્રણ આપ્યા. સાવકી બેહેનને બે તૃતિયાંશ પૂરા કરવા એક આપ્યો, અને માજણી બેહેનને એક ષષ્ટમાંશ આપ્યો અને તેઓની દીકરીઓને તે મળ્યા. અને એક વધ્યો તેને તેઓ પર રદ્દ કર્યો અને કલમ ૬૪ના ખોલાસા પ્રમાણે અડધો અને બે ષષ્ટમાંશ ભેગા થાય તો રદ્દ પાંચથી થાય છે માટે મસલો છને રદ્દ કરી પાંચ કર્યો. આલમગીરીયા.

દાખલો.

મૈ મ૰ ૬

સગો ભાઇ	સાવકો ભાઇ	માજણો ભાઇ
દીકરી	દીકરી	દીકરી
૫	૦	૧

આ મસલામાં સગા ભાઇની એક દીકરી, સાવકા ભાઇની એક દીકરી અને માજણા ભાઇની એક દીકરી છે. હવે એઓના ઓસુલને જોતાં સગા ભાઇ છતાં સાવકા ભાઇને કંઇ મળતું નથી માટે તેની દીકરીને સુન મળ્યું. અને માજણા ભાઇને ષષ્ટમાંશ મળે છે માટે મસલો છથી કર્યો તેમાંથી એક ષષ્ટમાંશ માજણા ભાઇને આપ્યો જે તેની દીકરીને મળ્યો અને બાકીના પાંચ ષષ્ટમાંશ સગા ભાઇને આપ્યા જે તેની દીકરીને આપ્યા. આલમીગીરીયા.

દાખલો.

મૈ મ૰ ૧

સગો. ભા.	સાવકો ભા.	માજણો ભા.
દીકરો	દીકરો	દીકરો
દીકરી	દીકરી	દીકરો
૧	૦	૦

આ મસલામાં સગા ભાઇની એક પોત્રી સાવકા ભાઇની એક પોત્રી, અને મા જણા ભાઇનો એક પોત્ર છે. આ ત્રણેમાં આગળા બે અસબાની ઓલાદ છે અને ત્રીજો જવીલ અરહામની ઓલાદ છે, માટે અસબાની ઓલાદ છતાં તેને કશું મળે નહીં. અને અસબાની બે ઓલાદોમાં સગા ભાઇની દીકરી સાવકા ભાઇની દીકરીથી સગાઇમાં મજબુત છે માટે સઘળો માલ સગા ભાઇની દીકરીને મળશે અને સાવકા ભાઇની દીકરી પણ અભાગ્ય રહેશે સિરાજી.

જવીલ અરહામની ચોથી જાતી*

૯૪ આ જાતીમાં કોઇ પણ એકલો હશે અને તેની સાથે બીજું સગું નહીં હશે તો તે એકલો સઘળો માલ લેશે. સિરાજી. આલમગીરીયા.

૯૫ આ જાતીમાં જો ઘણાં હોય અને તેઓ એકજ તરફના સગાં હોય એટલે માત્ર બાપ તરફના સગાં હોય જેમ કે ફોઇઓ મા જણા કાકા અથવા મા તરફના સગાં હોય જેમ કે મામા માસીઓ તો એમાંથી જેની સગાઇ મજબૂત હશે તે શ્રેષ્ઠ છે, ફરી તે નર હોય કે નારી હોય. દાખલા તરીકે સગી ફોઇ તે સાવકીથી શ્રેષ્ઠ છે. અને સાવકી ફોઇ તે માજણી ફોઇથી શ્રેષ્ઠ છે. સિરાજી, આલમગીરીયા, રહીકે મખતુમ. એવીજ રીતે સગી ફોઇ તે મા જણા કાકાથી શ્રેષ્ઠ છે. મા તરફના સગાઓમાં પણ એવીજ રીતે છે સગી ખાલા તે સાવકા તથા મા જણા મામાથી શ્રેષ્ઠ છે. અલવી.

૯૬ જ્યારે એઓની સગાઇ સરખા દરજાની હોય તેમ સગાઇની મજબુતાઇમાં પણ સરખા હોય અને પુરૂષ સ્ત્રી ભેગાં હોય તો પુરૂષને બે સ્ત્રી સરખો હિસ્સો છે. જેમ કે મા જણો કાકો તથા મા જણી ફોઇ હોય તો મસલો ત્રણથી થશે, બે કાકાને અને એક ફોઇને. અથવા સગો મામો અને સગી માસી હોય, અથવા સાવકો મામો અને સાવકી માસી હોય અથવા એ બંને મા જણા હોય તો પણ મસલો ત્રણથી થશે. બે મામાને અને એક માસીને મળશે. સિરાજી.

---

* આ જાતીમાં દસ ટોળાનો સમાસ થાય છે. સગી ફોઇયો. ૨ સાવકી ફોઇયો. ૩ મા જણી ફોઇઓ. ૪ સગા મામા. ૫ સાવકા મામા. ૬ મા જણા મામા. ૭ સગી ખાલા. સાવકી ખાલા. ૯ મા જણી ખાલા. અને ૧૦ મા જણા કાકા. રહીકે મખતુમ. ગુ. મો.

૯૭ પણ જો તેઓ અનેક હોય અને કોઇ મા તરફનું સગું હોય અને કોઇ બાપ તરફનું હોય તો બાપ તરફનાને બે તૃતીયાંશ અને મા તરફનાને એક તૃતીયાંશ મળશે. ફરી જે કંઇ બાપ તરફના સગાંઓને મળ્યું છે તેને તેઓ પોતામાં કલમ ૯૬ પ્રમાણે વહેંચી લયે. એવીજ રીતે મા તરફના સગાંઓને જે મળ્યું છે તેને તેઓ પોતામાં કલમ ૯૬ પ્રમાણે વહેંચી લયે. મા તરફના સગાં અને બાપ તરફનાં સગાં ભેગાં હોય અને તે બેમાંથી એક તરફના સાવકાં હોય અને બીજી તરફના સગાઇમાં મજબુત હોય જેમકે સગી ફોઇ અને સાવકી ખાલા હોય અથવા માજણી ફોઇ અને સગી ખાલા હોય તો એથી એકને બીજા ઉપર શ્રેષ્ઠતા નથી. સિરાજી.

દાખલો.

તા૦ ૯

મૈ મ૦ ૩

સગી ફો.	માજણો કા.	મા. મામો	મા. ખા.
૬	૦	૨	૧

આ મસલામાં મૈયતની એક સગી ફોઇ તથા માજણો કાકો છે. અને માજણો મામો તથા માજણી માસી છે. બાપ તરફના સગાંઓને બે તૃતીયાંશ અને મા તરફના સગાઓને એક તૃતીયાંશ મળશે, માટે મસલો ત્રણથી થયો. અને તેમાંથી સગી ફોઇને બે આપ્યા. અને માજણો કાકો સગાઇની મજબુતાઇમાં સગી ફોઇથી ઘટેલો છે માટે તેને સુન મળ્યું. (અભાગ્યો રહ્યો) અને એક તૃતીયાંશ મા તરફના સગાંઓને મળ્યો છે તે પૂર્ણાંકથી વહેંચાતો નથી. કારણ કે મા તરફના સગાંઓનો મામો બે ખાલાની બરાબર અને એક ખાલા મળી ત્રણ થયાં, માટે ત્રણ ને અસલ મસલો ત્રણમાં ગુણ્યા નવ થયા. આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. અને ફોઇને ત્રણમાંથી બે મળ્યા છે માટે તેને પણ ત્રણમાં ગુણ્યા છ થયા આ ફોઇનો હિસ્સો છે. અને મા તરફના સગાઓને એક મળ્યો હતો તેને ત્રણમાં ગુણ્યો ત્રણ થયા તેમાથી બે મામાને અને એક ખાલાને મળ્યા.

ચોથી જાતીની ઓલાદનું વર્ણન.

૯૮ ચોથી જાતીની ઓલાદનો કાયદો વારસો લેવામાં પેહેલી જાતીના સરખો છે. એટલે ગમે તે તરફની સગાઇહોય મા તરફની અથવા બાપ તરફની મૈયતની સગાઇમાં જે પાસે હશે તે શ્રેષ્ઠ છે. સિરાજી. તો ખાલાની દીકરી તે ફોઇના પોત્ર કરતાં શ્રેષ્ઠ છે. એવીજ રીતે માજણા કાકાની દીકરી તે સગા કાકાની નવાસી કરતાં શ્રેષ્ટ છે. તનવીરૂલ સિરાજ.


૯૯ જો તેઓ સગાઇમાં સરખાં હોય, અને તેઓની સગાઇ એકજ તરફની હોય એટલે સઘળાં મા તરફની સગાઇનાં હોય અથવા બાપ તરફની સગાઇનાં હોય તો તેમાંથી જેની સગાઇ મજબુત હશે તે શ્રેષ્ઠ છે. સિરાજી. તો સગી ફોઇની દીકરી તે બાપજણી અથવા માજણી ફોઇના દીકરાથી શ્રેષ્ઠ છે. એવીજ રીતે સગી ખાલાની દીકરી તે સાવકી ખાલા કે માજણી ખાલાની દીકરીથી શ્રેષ્ટ છે. બસીત.

૧૦૦ જો તેઓ સગાઇમાં સરખાં હોય અને તેઓની સગાઇ એકજ તરફની હોય અને સગાઇની મજબૂતાઇમાં પણ સરખાં હોય તો તેમાં જે અસબાની ઓલાદ હશે તે શ્રેષ્ઠ છે. દાખલા તરીકે સગા કાકાની દીકરી તથા સગી ફોઇનો દીકરો હોય અથવા સાવકા કાકાની દીકરી તથા સાવકી ફોઇનો દીકરો હોય તો સઘળો માલ કાકાની દીકરીને મળશે કારણ કે તે અસબાની દીકરી છે. સિરાજી.

ચેતવણી જો એક તરફની સગાઇ ધરાવનારી ચોથી જાતીની ઓલાદમાં કોઇ સગાઇમાં મજબૂત હોય અને કોઇ સગાઇમાં મજબૂત તો નહીં હોય પણ તે અસબાની ઓલાદ હોય તો સગાઇમાં મજબૂતાઇવાળી ઓલાદ શ્રેષ્ઠ છે. એજ જાહેર રિવાયત છે સિરાજી. એજ વાત ઉપર ફતવો છે. રદીકે મખતૂમ. તો જો સગી ફોઇની દીકરી હશે અને સાવકા કાકાની દીકરી હશે તો સઘળો માલ સગી ફોઇની દીકરીને મળશે. કારણકે તે સાવકા કાકાની દીકરી કરતાં સગાઇમાં મજબૂત છે. અને કાકાની દીકરીનું અસબાની ઓલાદ થવું લાભકારક થશે નહીં.

૧૦૧. જો તેઓ સગાઇમાં સરખા દરજાના હોય પણ જુદી જુદી તરફના હોય દાખલા તરીકે કોઇ મા તરફનું સગું હોય જેમકે મામા માસીની ઓલાદ તથા કોઇ બાપ તરફનું હોય જેમકે કાકા ફોઇની ઓલાદ તો એમાં સગાઇની મજબૂતાઇ તથા અસબાની ઓલાદ થવું લાભકારક નથી. તો સગી ફોઇની દીકરી તે સાવકી ખાલાની દીકરીથી શ્રેષ્ઠ ગણાશે નહીં. પણ આટલું છે કે બાપ તરફની સગાઇવાળાંને બે તૃતીયાંશ અને મા તરફની સગાઇવાળાંને એક તૃતીયાંશ મળશે. ફરી બાપ તરફની સગાઇવાળાંમાં સગાઇની મજબુતાઇ જોવાશે ફરી અસબાની ઓલાદ થવું જોવાશે. એટલે બાપની સગાઇવાળાંમાં જે સગાઇમાં મજબૂતાઇ ધરાવશે અને અસબાની ઓલાદ હશે તેને મળશે અને જો અસબાની ઓલાદ નહીં હશે તો સગાઇમાં મજબુતાઇવાળાં સઘળાંઓને મળશે. એવીજ રીતે મા તરફની સગાઇવાળાઓમાં પણ સગાઇની મજબૂતાઇ જોવામાં આવશે, ફરી જે મજબૂત હશે તેને મળશે. પણ તેની વહેંચણીનો કાયદો પેહેલી જાતીના જવીલ અરહામ પ્રમાણે છે. એટલે ઓલાદની ગણતરી તથા તેઓ કોના કોના તરફથી સગાઇ ધરાવે છે તે ગણતરી તેઓના મુળમાં કરી ફરી માલ વહેંચાશે.

દાખલો.



આં મસલામાં મૈયતની એક સાવકી ફોઇની દીકરીના બે દીકરા છે. અને બીજી ફોઇના દીકરાની બે દીકરી છે. અને તેજ દીકરીઓ સાવકા કાકાની દીકરીની પણ દીકરીઓ થાય છે. અને એક સગી ખાલાના દીકરાની બે દીકરીઓ હયાત છે. અને એક સાવકી ખાલાના દીકરાના બે દીકરા છે ને બીજી સાવકી ખાલાની દીકરીના પણ તેઓ દીકરા થાય છે. એઓમાં બાપ તરફની સગાઇવાળાંઓને બે તૃતીયાંશ અને મા તરફની સગાઇવાળાંઓને એક તૃતીયાંશ મળશે માટે મસલો ત્રણથી થયો. મા તરફની સગાઇવાળાંઓમાં સગી ખાલા સગાઇમાં શ્રેષ્ઠ છે માટે તે તૃતીયાંશ એકલી તેણીનીજ ઓલાદને મળશે, અને બીજી ખાલાની ઓલાદ મહરૂમ રહેશે જેથી તેઓની નીચે સુન મુકયું છે. અને બાપ તરફની સગાઇમાં સઘળાં સરખાં છે માટે બે તૃતીયાંશ તેઓમાં વહેંચાશે. હવે ગણતરી નીચેથી લેતાં ઉપર મુળમાં વહેંચણી કરવી જોઇએ તો સાવકો કાકો ઓલાદની ગણતરી પ્રમાણે બે કાકા સરખો થયો. અને એક સાવકી ફોઇ ઓલાદની ગણતરી પ્રમાણે બે ફોઇ ગણાઇ તેમ બીજી ફોઇ પણ બે ગણાઇ. અને બે કાકા અને ચાર ફોઇ બરાબર છે જેથી એક તૃતીયાંશ કાકાને આપ્યો. અને તે કાકો એકલો હતો ટોળું નથી માટે તે જુદો પડયો અને તેનો હિસ્સો તેની નવાસીને આપ્યો. અને બે ફોઇઓનું એક ટોળું થયું તેઓને એક મળ્યો તે ધ્યાનમાં રાખી નીચે જોયું તો બીજા બતનમાં એક ફોઇની દીકરી છે જે નીચેથી ગણતરી લેતાં બે દીકરીની બરાબર છે. અને બીજી ફોઇનો દીકરો છે જે નીચેથી ગણતરી લેતાં બે દીકરાની બરાબર છે અને બે દીકરી એક દીકરાની બરાબર અને બે દીકરા મળી ત્રણ થયા:

એઓપર એક વહેંચાતો નથી માટે ત્રણને અસલ મસલો ત્રણમાં ગુણ્યા નવ થયા. એનો તૃતીયાંશ ત્રણ ખાલાને મળ્યા. અને એક તૃતીયાંશ ત્રણ કાકાની ઓલાદને મળ્યા. અને ત્રણ ફોઇના ટોળા માટે રહ્યા. જેમાંથી ફોઇની દીકરીને એક મળ્યો તે તેના દીકરાને મળ્યો અને બીજી ફોઇના દીકરાને બે મળ્યા તે તેની દીકરીઓને મળ્યા. પણ ખાલાની બે પોત્રીઓ ઉપર ત્રણ વહેંચાતા નથી, તેમ ફોઇના બે નવાસા ઉપર એક વહેંચાતો નથી અપૂર્ણાંક અડધો લાગુ પડે છે તેમજ કાકાની બે નવાસી ઉપર પણ ત્રણ પૂર્ણાંકથી વહેંચાતા નથી અપૂર્ણાંક અડધો લાગુ પડે છે. અને અડધાનો છેદ બે છે એથી તસહીહ નવને ઉપર ગુણ્યા અઢાર થયા. આથી સર્વને પૂરા હિસ્સા મળશે. નવમાંથી ત્રણ ખાલાની પોત્રીઓને મળ્યા હતા તેને બેમાં ગુણ્યા છ થયા દરેકને ત્રણ મળ્યા. કાકાની નવાસીઓને નાના તરફથી ત્રણ મળ્યા હતા તેને બેમાં ગુણ્યા છ થયા અને દાદી તરફથી બે મળ્યા હતા તેને બેમાં ગુણ્યા ચાર થયા કુલે દસ દરેકને પાંચ આપ્યા. અને બીજી ફોઇના બે નવાસાને એક મળ્યો હતો તેને બેમાં ગુણ્યો બે થયા દરેકને એક એક મળ્યો.

દાખલો.

તા૦ ૬૦

તા૦ ૧૫

મૈ મ૦ ૩

સગી ફોઇ	સા. ફો.	સા. કા.	સા. મા.	સા. ખા.	સા. ખા.
દીકરો	દીકરો	દીકરી	દીકરી	દીકરો	દીકરો
દી. દી.	દીકરો	દીકરો	દીકરો		દી. દી.
૧/૫ ૩૦, ૧/૫ ૩૦	૦	૦	૬	+૬=૧૪ દર. ૭	૩ ૩

આ મસલામાં મૈયતના બાપ તરફના સગાંઓમાં સગી ફોઇના દીકરાના બે દીકરા છે. અને સાવકી ફોઇના દીકરાનો દીકરો છે અને સાવકા કાકાની દીકરીની દીકરી છે. અને મા તરફના સગાંઓમાં સાવકા મામાની દીકરીનો દીકરો છે અને સાવકી ખાલાના દીકરાનો દીકરો પણ તેજ થાય છે. અને બીજી સાવકી ખાલાના દીકરાની બે દીકરી છે. બાપ તરફના સગાઓને બે તૃતીયાંશ મળે છે. અને મા તરફનાં સગાંઓને એક તૃતીયાંશ મળે છે. માટે મસલો ત્રણથી કર્યો. ફરી બાપ તરફની સગાઇવાળાંઓમાં સગી ફોઇ સગાઇમાં મજબૂત છે માટે તે બે તૃતીયાંશ તેણીને મળ્યા જે તેના બંને પોત્રને એક એક મળ્યો. અને બાપ તરફના બીજા અભાગ્ય રહ્યા જેથી તેઓની નીચે સુન આપ્યું: અને મા તરફના સગાંઓમાં સઘળાં સગાઇની મજબૂતાઇમાં સરખાં છે. માટે એક તૃતીયાંશ તે સઘળાંઓમાં વહેંચાશે. હવે મામો બે ખાલાની બરાબર છે અને એક ખાલા તથા બીજી ખાલાની ઓલાદની ગણતરી લેતાં તે બે ગણાશે. તો કુલ્લે પાંચ ખાલા થઇ એઓ પર એક તૃતીયાંશ પૂર્ણાંકથી વહેંચાતો નથી માટે એઓની ગણતરી પાંચને ઉપર મસલા ત્રણમાં ગુણ્યા પંદર થયા. અને સગી ફોઇને ત્રણથી બે મળ્યા હતા તેને પણ પાંચમાં ગુણ્યા દશ થયા. દરેકને પાંચ મળ્યા. અને મા તરફ વાળાંઓને એક મળ્યો હતો તેને પાંચમાં ગુણ્યો પાંચ થયા તેમાંથી મામાને બે મળ્યા અને તે એકલો છે ટોળું નથી માટે તેના નવાસાને મળ્યા. અને એક ખાલા જે નીચેથી ઓલાદની ગણતરી લેતાં બે ગણાઇ છે તે તથા બીજી ખાલા મળી ત્રણ ખાલાનું ટોળું થયું. તેઓના હિસ્સા ત્રણને ધ્યાનમાં રાખી બીજા બતનમાં જોયું તો ત્યાં ઇખતેલાફ (ફેર) નથી બંનેની ઓલાદ દીકરા છે ફરી ત્રીજા બતનમાં જોયું તો ત્યાં ઇખતેલાફ છે

એક ખાલની ઓલાદમાં એક દીકરો છે જે બે દીકરી બરાબર છે અને બીજી ખાલાની બે દીકરી છે કુલ્લે ચાર દીકરી એઓપર ત્રણ પૂર્ણાંકથી વહેંચાતા નથી અને ત્રણમાં અને ચારમાં તબાયોન છે માટે ચારને ઉપર તસફીહ પંદરમાં ગુણ્યા સાઠ થયા. આથી સઘળાઓને પૂર્ણાંકથી હિસ્સા મળશે. સગી ફોઇના પોત્રાઓને પંદરથી દશ મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા ચાલીસ થયા દરેકને વીસ અને મામાના નવાસાને બે મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા આઠ થયા. અને બે ખાલા વચ્ચે ત્રણ મળ્યા હતા તેને ચારમાં ગુણ્યા બાર થયા તેમાંથી ખાલાના પોત્રને છ આપ્યા. અને બીજી ખાલાની દરેક દીકરીને ત્રણ આપ્યા. મામાના નવાસાને નાના તરફથી આઠ અને દાદી તરફથી છ મલી કુલ્લે ચઉદ મલ્યા છે.

દાખલો.

તા૦ ૩૬

તા૦ ૬

મૈ મ૦ ૩

સા. ફોઇ	સા. ફોઇ	સા. કાકો	સા. ખાલા	સા. ખાલા	સા. મામા
દીકરી	દીકરો	દીકરી	દીકરી	દીકરો	દીકરી
રો. રો.	(બે દીકરી)		રી. રી.	(બે દીકરા)	
૨ ૨	૮ +૧૨=૨૦ દર ૧૦		૧ ૧	૪ +૬=૧૦ દર ૫	

આ મસલામાં એક સાવકી ફોઇ છે તેના બે નવાસા છે અને બીજી સાવકી ફોઇના બે પોત્રીઓ છે અને તેજ પોત્રીઓ સાવકા કાકાની નવાસીઓ પણ થાય છે. અને એક સાવકી ખાલા છે તેની બે નવાસીઓ છે. અને બીજી સાવકી ખાલાના બે પોત્રા છે અને તેજ પોત્રા સાવકા મામાના નવાસા પણ થાય છે. બાપ તરફની સગાઇવાળાઓને બે તૃતીયાંશ અને મા તરફની સગાઇવાળાંઓને એક તૃતીયાંશ જો છે માટે મસલો ત્રણથી કર્યો. પણ જીવતી ઓલાદની ગણતરી નીચેથી લેતાં પેહલા ફોઇ બે ગણાશે તેમ બીજી ફોઇ પણ બે ગણાશે તેમ કાકો પણ બે ગણાશે. એટલે ચાર ફોઇ અને બે કાકા થયા. અને બે કાકા અને ચાર ફોઇ હિસ્સો લેવામાં સરખા છે માટે ટુંક કરવા માટે બે તૃતીયાંશમાંથી એક કાકાઓને અને એક ફોઇઓને આપ્યા. એવીજ રીતે મા તરફની સગાઇવાળાંઓમાં તેઓની ઓલાદની ગણતરી તથા કોના કોના તરફથી છે તે જોતાં પેહેલી ખાલા બે ગણાશે તેમ બીજી ખાલા પણ બે ગણાશે તેમ મામો પણ બે ગણાશે. તો બે મામા અને ચાર ખાલા હિસ્સો લેવામાં સરખાં છે તો ટુકમાં એક મામો અને એક મામા સરખી ચાર ખાલા થઇ. તેઓપર એક તૃતીયાંશ વહેંચાતો નથી તો આ બેની ગણતરીને મસલા ત્રણમાં ગુણ્યા છ થયા. અને બાપના ટોળાને ત્રણમાંથી બે મળ્યા હતા તેને પણ બે માં ગુણ્યા ચાર થયા. તેમાંથી કાકાને બે મળ્યા. અને તે એકલો છે ટોળું નથી માટે તે જુદો પડ્યો અને તેનો હિસ્સો તેની નવાસીઓને આપ્યા દરેકને એક મળ્યો. અને ફોઇઓને બે મળ્યા તેઓનું એક ટોળું થયું. એઓના હિસ્સા ધ્યાનમાં રાખી એઓની નીચે જોયું તો એક ફોઇનો દીકરો છે જે નીચેથી ગણતરી લેતાં બે દીકરાની બરાબર છે. અને બીજી ફોઇની દીકરી છે જે નીચેથી ગણતરી લેતાં બે દીકરીની બરાબર છે. અને ટુક માટે બે દીકરીને એક દીકરા બરાબર ગણી તો ત્રણ દીકરા થયા અને ત્રણ ઉપર ફોઇઓના બે પૂર્ણાંકથી વહેંચાતા નથી અને ત્રણમાં અને બેમાં તબાયોન છે. તે ધ્યાનમાં રાખી માના ટોળાને જોયું તેને છમાંથી બે મળ્યા છે તેમાંથી

મામાને એક આપ્યો અને તે જૂદો પડ્યો તેનો હિસ્સો તેના બે નવાસાને પોહોંચ્યો. પણ એક એના ઉપર પૂર્ણાંકથી વહેંચાતો નથી, તે એને ધ્યાનમાં રાખી ખાલાઓ ઉપર નજર કરી તેઓને એક મળ્યો છે. તેઓની નીચે તપાસ કરી તો એક ખાલાનો એક દીકરો છે જે નીચેથી ગણતરી લેતાં બે દીકરાની બરાબર છે. અને બીજી ખાલાની નીચે એક દીકરી છે જે નીચેથી ગણતરી લેતાં બે દીકરીની બરાબર છે તો ટુંક કરતાં ત્રણ દીકરા થયા. આ ત્રણ ઉપર એક વહેંચાતો નથી. તો ધ્યાનમાં રાખેલા ત્રણ બે અને ત્રણ થયા. અને આ ત્રણેમાં વિચારતાં બે ત્રણમાં તમાસોલ (સમ સંખ્યા) છે માટે એક ત્રણ લીધા. અને ત્રણમાં અને બેમાં તબાયોન છે જેથી ત્રણને બેમાં ગુણ્યા છ થયા. તે છ ને ઉપર મસલાની તસહીહમાં ગુણ્યા છત્રીસ થયા. આથી સઘળાઓને પૂરા હિસ્સા મળશે. બાપ તરફની સગાઇના ટોળાને છ માંથી ચાર મળ્યા હતા તેને છમાં ગુણ્યા ચોવીસ થયા તેમાંથી કાકાને બાર મળ્યા જે તેની બંને નવાસીને મળ્યા દરેકને છ. અને ફોઇઓને બાર મળ્યા. એક ફોઇનો દીકરો બે દીકરા બરાબર અને બીજીની દીકરી બે દીકરી બરાબર છે તેઓમાં વહેંચાયા. બે દીકરાને આઠ મળ્યા જે તેની બંને દીકરીને પોહોંચ્યા દરેકને ચાર. અને ચાર દીકરીને મળ્યા જે તેના બંને દીકરાને પોહોંચ્યા દરેકને બે. કાકાની નવાસીઓને કાકા તરફથી બાર અને ફોઇ તરફથી આઠ મળી વીસ થયા. દરેકને દસ. અને મા તરફની સગાઇવાળાને છત્રીસમાંથી બાર મળ્યા તેમાંથી મામાને છ મળ્યા જે તેના બંને નવાસાને પોહોંચ્યા દરેકને ત્રણ. અને બાકીના છ ખાલાઓને મળ્યા. એક ખાલાનો દીકરો બે દીકરા બરાબર અને બીજી ખાલાની દીકરી બે દીકરી બરાબર માટે તે છથી ખાલાના દીકરાને ચાર આપ્યા જે તેના બંને દીકરાને પોહોંચ્યા દરેકને બે. મામાના નવાસાને મામા તરફથી છ અને માસી તરફથી ચાર મળી દસ થયા દરેકને પાંચ મળ્યા. અને બીજી ખાલાની દીકરીને બે આપ્યા જે તેની બંને દીકરીને પોહોંચ્યા દરેકને એક. શરીફીયા. જસરૈર કરીને.

જવીલ અરહામના મસલામાં કંઇક લંબાણ કર્યું છે. કારણ કે એના સમજવામાં ઘણાઓ ભૂલ ખાય છે તેમ એ કાયદા મુશકેલ પણ છે. હું ધારૂં છું કે જવીલ અરહામની ચારે જાતીના વર્ણનમાં લખેલા દાખલાઓને ધ્યાન આપી જે શખ્સ વાંચશે અને તેને સમજશે તો ફરી તેને એ બાબતમાં કંઇ અડચણ પડશે નહી.

ખુન્સાનું વર્ણન.

૧૦૨ ખુન્સા તે છે કે જેને પુરૂષ સ્ત્રી બંનેની ઇંદ્રી હોય અથવા બેમાંની એકે નીશાની નહીં હોય. શરીફીયા. રહીકે મખતુમ. વગેરે. ફરી જો પુરૂષ કે સ્ત્રી બેમાંનું એક ઠેરવવાનું કારણ નહીં હોય તો તેને ખુન્સા મુશકલ કહે છે. શરીફીયા.

ખોલાસો.

પુરૂષ સ્ત્રી બંનેની નીશાન હોય તેને અરબીમાં ખુન્સા કહે છે અને ગુજરાતીમાં નપુંસક તથા નાન્યતર કહે છે. 'બંનેની નીશાની હોય' કહેવાથી હીજડો, બાગલો, અને નામરદ નીકળી ગયા. તેઓ ખુન્સાના કાયદામાં નથી. જ્યારે કોઇ શખ્સ એવું હોય તો તેને પુરૂષ કે સ્ત્રી બેમાંનું એક ઠેરવવાની ચીનહ જોવી. જો તે બેમાંથી એક માર્ગે પીશાબ કરે તો જે માર્ગથી પીશાબ કરશે તે તે ગણાશે. સ્ત્રીના માર્ગથી હશે તો સ્ત્રી અને પુરૂષના માર્ગથી હશે તો પુરૂષ. પણ જો બંને માર્ગથી પીશાબ કરે તો જોવાનું છે કે પ્રથમ કયા માર્ગથી નીકળે છે જે માર્ગથી પ્રથમ નીકળશે તે તે ગણાશે. પણ જો બંને માર્ગથી સાથે નીકળે તો તે ખુન્સા મુશકલ છે તે પુરૂષમાં નહીં તેમ સ્ત્રીમાં પણ નહી. એવીજ રીતે જો તેને દાઢી નીકળે અથવા પુરૂષની માફક એહતેલામ થાય અથવા તે સ્ત્રી મીલાપ કરી શકે અથવા તેની છાતીઓ સરખી હોય તો તે પુરૂષ છે. પણ જો સ્ત્રીની જેમ છાતીઓ નીકળી હોય અથવા હેજ આવે અથવા તેને દૂધ ઉતરે અથવા તેને ગર્ભ રહે અથવા તેના સ્ત્રીના માર્ગથી પુરૂષે ખાસ કામ કર્યું હોય તો તે સ્ત્રી છે. પણ જો બંને તરેહની ચીનહો એકબીજાની વિરૂદ્ધ હોય તો તે ખુન્સા

મુશ્કલ છે. અને તેને માટેજ આ પ્રકરણના કાયદા છે.

૧૦૩ ખુન્સા મુશકલને પુરૂષ સ્ત્રી બંનેના હિસ્સામાંથી જે નાનો હોય તે અપાય. સિરાજી.

ખોલાસો.

જો એક શખ્સ મરે અને તેનો એક દીકરો એક દીકરી અને એક ખુન્સા હોય તો મસલો ચારથી થશે બે દીકરાને એક દીકરીને અને એક ખુન્સાને. જો એને પુરૂષ ગણતે તો મસલો પાંચથી થતે બે દીકરાને બે ખુન્સાને અને એક દીકરીને. પણ ચતુર્થાંશ તે બેપચમાંશથી નાનો હિસ્સો છે માટે ખુન્સાને સ્ત્રી ગણી નાનો હિસ્સો આપ્યો. અને કોઇ સ્ત્રી મરે અને તેનો ધણી, મા, માજણી બેહેન અને બાપજણો ખુન્સા હોય અને તેને પુરૂષ ગણીએ તો મસલો આવી રીતે થશે.

મૈ ૬

ધણી	મા	માજણી બેહેન	ખુ. બાપજણો
૩	૧	૧	૧

આ મસલો ૭ થી થશે. ધણીને ત્રણ, માને એક, માજણી બેહેનને એક, અને ખુન્સા બાપજણાને એક. પણ જો ખુન્સાને સ્ત્રી ગણીએ તો મસલો આવી રીતે થશે.

મૈ ૬ ઓ. ૮

ધણી	મા.	માજણી બેહેન	ખુ. બાપજણી.
૩	૧	૧	૩

આ મસલો ૭ થી થયો અને છેદ સંકોચાયાથી ઓલ આઠનો થશે. જેમાંથી ધણીને ત્રણ, માને એક, માજણી બેહેનને એક, અને બાપજણી બેહેન ખુન્સાને ત્રણ. અને આ તો ખુલ્લું છે કે ત્રણ અષ્ટમાંશ એ એક ષષ્ટમાંશથી વધુ છે માટે તે ખુન્સાને પુરૂષ ગણી એક ષષ્ટમાંશ આપીશું.

૧૦૪ ખુન્સાને પુરૂષ કે સ્ત્રી બેમાંથી એક ગણતાં તે વારેસ થાય અને બીજી રીતે ગણતાં વારેસ નહીં થાય તો તેને આ બીજી રીતે ગણવો.

ખોલાસો.

જો મૈયતનો ધણી સગી બેહેન અને બાપજણો ખુન્સા હોય, હવે જો એને સ્ત્રી ગણીએ તો તે બાપજણી બેહેન થઇ, અને તેનો મસલો આવી રીતે થશે.

મૈ મ૦ ૬ ઓ. ૭

ધણી	સગી બેહેન	બાપજણી બે. ખુન્સા
૩	૩	૧

આ મસલો ૭થી થયો અને છેદ સંકોચાયાથી ઓલ સાત થશે. ત્રણ ધણીને, ત્રણ સગી બેહેનને અને એક બાપજણી બેહેન ખુન્સાને મળશે. પણ જો ખુન્સાને નર ગણીએ તો તે અસબા થશે, અને તેને કંઇ મળશે નહીં. મસલો બેથી થશે એક ધણીને અને એક સગી બેહેનને મળશે.

હમેલનું વર્ણન.

૧૦૫ હમેલની ઓછામાં ઓછી મુદ્દત ૭ મહિના છે અને વધુમાં વધુ બે વર્ષ છે. શરહ વકાયા, હિદાયા, વગેરે.

ખોલાસો.

એની આ મતલબ નથી કે ત્રણ ચાંર મહિના નુતફા (વીર્ય) રહ્યો હોય તેનું નામ હમેલ નથી. જો કોઇ શખ્સ મરે અથવા કોઇ પોતાની ઓરતને તલાક આપે અને તેની ઓરતને ત્રણ ચાર મહિનાનો ગર્ભ હશે તો કહીશું કે એની ઓરત હામેલા છે. જ્યાં સુધી તે હમેલ નહીં નીકળશે ત્યા સુધી એની ઇદ્દત છે. પણ એની મતલબ આ છે કે જો કોઇ શખ્સ કોઇ સ્ત્રીથી નિકાહ કર્યા અને પંદર વીસ દિવસમાં તે મરી ગયો અને તેની સ્ત્રી તે પછી ચાર મહિને જણી તો નિકાહની મુદ્દતથી હજુ ૭ મહિના થયા નથી માટે એ હમેલ મરનારનું ગણાશે નહીં અને તે વારેસ થશે નહીં.

૧૦૬ મરનારની ધણિયાણી હમેલવાળી હશે અને તે ૭ મહિનાથી ઓછામાં જણશે અથવા બે વર્ષ પૂરા થતાં સુધીમાં જણશે અને તેની માએ ઇદ્દત પૂરી થવાનો ઇકરાર કર્યો નહીં હશે તો તે બચ્ચું જીવતું નીકળાથી વારેસ થશે. અને જીવતું નીકળા પછી તે મરે તો તેનો વારસો તેના સગાં લેશે. અને જો બે વર્ષ પછી જણશે તો તે વારેસ થશે નહીં. સિરાજી.

૧૦૭ અને જો મૈયતની કોઇ સગી હમેલ-

વાળી હશે જેમકે તેની મા અથવા દાદી અથવા બીજું કોઇ કે જેનું બચ્ચું વારેસ થતું હોય તે. તે છ મહિનામાં * અથવા એથી ઓછામાં જીવતુ જણશે તો તે વારેસ થશે અને ફરી તે મરશે તો તેનો વારસો તેના સગાં લેશે. સિરાજી.

ખોલાસો.

જીવતું નીકળવાની આ મતલબ છે કે પેદા થતાં એવી કોઇ વસ્તુ તેનાથી જણાય કે જેથી તેની હયાતી સિદ્ધ થાય. દાખલા તરીકે તે અવાજ કરે અથવા છીંક ખાય, અથવા રડે અથવા કોઈ અવયવને હલાવે. શરીફીયા. અને જીવતું જણવાની આ મતલબ નથી કે સઘળું જીવતું નીકળે પણ મોટો ભાગ જીવતો નીકળ્યાથી જીવતું ગણાશે. અને થોડો ભાગ નીકળે ત્યાં સુધી જીવતું હોય ને ફરી મરે તો તે વારેસ થશે નહીં. થોડો ભાગ અને ઘણો ભાગ જાણવા માટે આવી રીતે તપાસવાનું છે: જો બચ્ચું સીધું નીકળ્યું એટલે માથા તરફથી નીકળ્યું તો સઘળી છાતી નીકળવાથી તે ઘણું નીકળ્યું. અને તેથી ઓછું હોય તો થોડું નીકળ્યું. અને જો ઊંધું નીકળ્યું હોય એટલે પગ પ્રથમ નીકળ્યા હોય તો નાભી નીકળવાથી તે ઘણું નીકળ્યું અને એથી ઓછું હોય તો થોડું નીકળ્યું. સિરાજીયા. રદીઉલ મખતુમ.

૧૦૮ ઇમામ અબુ યુસોફના રિવાયત ઉપર ફતવો છે કે હમેલ માટે એક દીકરાનો અથવા એક દીકરીનો હિસ્સો એમાંથી જે વધુ થતો હોય તે રોકી રખાય. અને બીજા વારેસોને હિસ્સો આપતાં જામીન લેવાય. દુર્રે મુખ્તાર.

૧૦૯ દીકરો કે દીકરી એમાંથી એકને વધુ હિસ્સો મળવાની જાણ માટે આ કાયદો છે કે પ્રથમ સઘળાં વારેસોને લખી તેની સાથે હમેલને પુરૂષ ગણી મસલો કહાડે, અને જો તસહીહ કરવાની જરૂરત પડે તો તસહીહ કરે. ફરી સઘળાં વારેસોની સાથે હમેલને સ્ત્રી ગણીને મસલો લખે અને તસહીહ કરવાની જરૂરત પડે તો તસહીહ કરે. ફરી બંને મસલાને જુએ. જો બંનેમાં તવાફોક હોય તો એકનો વફક કાઢી બીજામાં ગુણે. જે ગુણાકાર આવે તે બંને મસલાની તસહીહ છે. અને જો બંને તબાયેન હોય તો એક મસલાની તસહીહ બીજામાં ગુણે. જે ગુણાકાર આવે તે બંને મસલાની તસહીહ છે. ફરી વારેસોમાંથી જે પુરૂષના મસલામાંથી જે હિસ્સા મળ્યા છે તેને જો તવાફોક હોય તો સ્ત્રીના મસલાના વફકમાં ગુણે જે ગુણાકાર આવે તે તે વારેસનો હિસ્સો છે. એવીજ રીતે સ્ત્રીના મસલામાંથી જે હિસ્સા મળ્યા છે તેને પણ જો તવાફોક હોય તો પુરૂષના મસલાના વફકમાં ગુણે. જે ગુણાકાર આવે તે તે વારેસનો હિસ્સો છે ફરી બંને ગુણાકારને તપાસવાનું છે કે ઓછો કયો છે જે ઓછો હોય તે વારેસોને અપાય. અને જેટલો વધારો છે તે જમા રખાય. અને જો તબાયેન હોય તો પુરૂષના મસલાના દરેક વારેસના હિસ્સાને સ્ત્રીના મસલામાં ગુણે. તેમ સ્ત્રીના મસલાના દરેક વારેસના હિસ્સાને પુરૂષના મસલામાં ગુણે. જે ગુણાકાર આવે તે તે વારેસનો હિસ્સો છે. ફરી બંને ગુણાકારને તપાસે કે ઓછો કયો છે. જે ઓછો હોય તે વારેસને અપાય. ફરી જ્યારે હમેલ જાહેર થાય એટલે બચ્ચુ જન્મે અને જેટલું રોકેલુ છે તે સઘળાનો હક્કદાર તે બચ્ચું છે તો ઠીક છે. નહીં તો દરેક વારેસમાંથી રોકેલા હિસ્સા તે દરેક વારેસને અપાય. સિરાજીયા. દુર્રે મુખતાર. રદીઉલ મખતુમ.

દાખલો.

જો મયતની એક ધણિયાણી એક દીકરી અને મા બાપ હોય અને ધણિયાણીને હમેલ હોય તો હમેલને પુરૂષ ગણી એક મસલો આવી રીતે કહાડે.

તo ૭૨

મે મo ૨૪ બાકી ૧૩

ધણિયાણી	બાપ	મા	હમેલપુ.	દીકરી
[illegible]	[illegible]	[illegible]	૨૬	૧૩

* આ છ મહિનાની મુદ્દત મયતના મરણના દિવસથી છે. અને જો તે હમેલવાળી ઇદ્દતમાં હોય અને પોતાની ઇદ્દત પૂરી થવાનો ઇકરાર પણ કર્યો નહીં હોય અથવા વારેસોએ તે હમેલનો ઇકરાર કર્યો હોય તો તો છ મહિના પછી પણ જીવતું નીકળવાથી વારેસ થશે. શામી. જી. ૫ પૃષ્ટ ૬૮૪ ગા. મેo

અને હમેલને સ્ત્રી ગણી મસલે। આવી રીતે કહાડે.

એ૦ ૭

મૈ મ૦ ૨૪

ધણિયાણી	બાપ.	મા.	હમેલ. સ્ત્રી	દીકરી
૩	૪	૪	૮	૮

આ બંને મસલામાં નવથી તવાફોક છે. હવે જોઇએ બોતેરને નવ ઉપ ભાગી વફક આઠ કાઢો સત્તાવીસમાં ગુણશે। અથવા સત્તાવીસને નવ ઉપર ભાગી વફક ત્રણ કાઢી બોતેરમાં ગુણશે। બંને રીતે ગુણાકાર બસો સોળ થશે. ફરી પુરૂષવાળા મસલાના દરેક વારસના હિસ્સાને સ્ત્રીના મસઅલાના વફક ત્રણમાં ગુણવા અને સ્ત્રીવાળા મસલાના દરેક વારેસના હિસ્સાને પુરૂષના મસઅલાના વફક આઠમાં ગુણવા તો દરેકના હિસ્સા આવી રીતે થશે.

ત૦ ૭૨

મૈ મ૦ ૨૪ ૭૨×૩=૨૧૬

૧	ધણિયાણી	બાપ.	મા.	હમેલ.પુ.	દીકરી
	૩/૨૭	૪/૩૬	૪/૩૬	૨૬/૭૮	૧૩/૩૯

એ૦ ૨૭

મૈ મ૦ ૨૪ ૨૭×૮=૨૧૬

૨	ધણિયાણી	બાપ	મા.	હમલ.સ્ત્રી	દીકરી
	૩/૨૪	૪/૩૨	૪/૩૨	૮/૬૪	૮/૬૪

આ બંને મસલાના છેદ સરખા બસોસોળ થયા એમાં પેહેલા મસલા પ્રમાણે ધણિયાણીને સત્તાવીસ મળે છે અને બીજામાંથી ચોવીસ. માટે તેણીને ચોવીસ અપાશે. અને ત્રણ જમા રહેશે. બાપને પ્રથમથી છંત્રીસ મળે છે અને બીજાથી બત્રીસ માટે બત્રીસ અપાશે અને ચાર જમા રહેશે. એવીજ રીતે માને પ્રથમથી છત્રીસ અને બીજાથી બત્રીસ મળ્યા છે માટે બત્રીસ અપાશે અને ચાર જમા રહેશે. અને દીકરીને પ્રથમથી ઓગણચાલીસ મળે છે અને બીજાથી ચોંસઠ માટે ઓગણચાલીશ અપાશે. અને હમેલને પ્રથમથી ઇઠોતેર મળે છે અને બીજાથી ચોસઠ એમાં વધુ ઇઠોતેર છે માટે હમેલ માટે ઇઠોતેર જમા રહેશે. અને પ્રથમના અગિયાર સાથે મળી નેવયાસી થશે. હવે જો તે હમેલ પુરૂષ થશે તો ધણિયાણી મા બાપના જે અગ્યાર હિસ્સાં જમા રાખ્યા છે તે તેઓને પાછા અપાશે. અને જો તે સ્ત્રી થશે તો બીજા મસલામાંથી દીકરીના હિસ્સાના પચ્ચીસ નહીં અપાયલા તે નેવયાસીમાંથી અપાશે એટલે દીકરી અને હમેલ સરખા થશે અને દરેકને ચોંસઠ મળશે. પણ જો તે હમેલ મરેલું જન્મે તો દીકરીને અડધો માલ મલવો જોઇએ જેથી તેને નેવયાસીમાંથી અગનોતેર અપાશે એટલે તેને એકસો આઠ થશે જે બસોસોળના અરધા છે. અને ધણિયાણીના જમા રાખેલા પાછા અપાશે એટલે તેનો હિસ્સો અષ્ટમાંશ પૂરો થશે. તેમ માના જમા રાખેલા ચાર પણ પાછા અપાશે કે તેણીનો ષષ્ટમાંશ હિસ્સો પૂરો થાય. રહ્યા તેર તે બાપને અપાશે તેનો હિસ્સો ષષ્ટમાંશ પૂરો કરવા ચાર અને બાકીના નવ અસબા પણાને લીધે. રદ્દે મોહતાર (શામી)

ચેતવણી હમેલના બે મસલા કાઢી તેમાં તવાફોક છે કે તદાખોલ છે. જે હોય તેના કાયદા રદ્દે મોહતાર સિ.૧૭ વગેરેમાં લખ્યા છે. પણ જો બેમાં તમાસોલ કે તદાખોલ હોય તેના કાયદા આસાન હોવાને લીધે લખ્યા નથી. તે આવી રીતે છે કે જ્યારે બંને મસલામાં તમાસોલ હોય તો મસલાથી મળેલા હિસ્સાઓના ઓછા વત્તા જાણવા માટે ગુણાકારની કશી જરૂરત પડતી નથી. અને જો બે મસલામાં તદાખોલ હોય તો મોટા મસલાની સંખ્યા રાખવી અને નાના મસલા ઉપર મોટાને ભાગતાં જે ભાગાકાર આવે તેથી નાના મસલાના વારેસોના હિસ્સા ગુણવા. આથી હિસ્સાઓનું ઓછા વત્તું જણાઇ આવશે.

૧૧૦ હમેલને પુરૂષ ધારીએ અથવા સ્ત્રી ધારીએ બંને રીતે જેના હિસ્સામાં કંઇ વધ ઘટ થતું નહીં હોય તેનો પૂરેપૂરો હિસ્સો અપાય. દાખલા તરીકે જો મરનારની ધણિયાણી, દાદી અને હમેલ હોય. તો હમેલ પુરૂષ નીકળે કે સ્ત્રી નીકળે બંને સૂરતમાં દાદીને ષષ્ટમાંશ અને ધણિયાણીને અષ્ટમાંશ મળે છે. માટે એઓનો હિસ્સો અપાય. રદ્દે મોહતાર.

૧૧૧ હમેલની સાથે કોઇ એવો વારેસ હોય કે હમેલને પુરૂષ ગણીએ તો તેને કંઇ વારસો નહીં મળે અને સ્ત્રી ગણીએ તો વારસો મળે. એવા વારેસને કંઇ અપાય નહીં. દાખલા તરીકે મૈયતની ધણિયાણી ગર્ભવતી હોય અને કાકો હોય તો હમેલ પુરૂષ નીકળાથી કાકાને કંઇ મળતું નથી અને સ્ત્રી નીકળાથી મળે છે. માટે ધણિયાણીને અષ્ટમાંશ આપી સઘળો માલ જમા રખાય. અને કાકાને કંઇ અપાય નહીં. ફરી જો હમેલ પુરૂષ નીકળે તો સઘળો જમા માલ તેનો છે. અને જો સ્ત્રી નીકળી તો સાત અષ્ટમાંશ માલ જમા હતો તેમાંથી ચાર અષ્ટમાંશ દીકરીને અને ત્રણ અષ્ટમાંશ કાકાને મળશે. રદ્દે મોહતાર.

૧૧૨ જો હમેલને પુરૂષ કે સ્ત્રી બેમાંથી એક તરેહ ગણતાં તે વારેસ થાય અને બીજી રીતે ગણતાં નહીં વારેસ થાય તો તેને વારેસ થઇ શકે તે પ્રમાણે ગણી તેનો વારસો જમા રાખવો. દાખલા તરીકે જો મૈયતની ધણિયાણી, કાકો, અને ભાઇની ધણિયાણી હમેલવાળી હોય તો ધણિયાણીને ચતુર્થાંશ અપાશે. અને ભાઇનું હમેલ જો પુરૂષ નીકળે તો તે વારેસ થાય છે અને જો સ્ત્રી નીકળે તો કાકો વારેસ થાય છે. માટે ત્રણ ચતુર્થાંશ જમા રખાશે. ફરી જો તે પુરૂષ નીકળ્યો તો જમા રાખેલો લેશે નહીં તો કાકો લેશે. રદ્દે મોહતાર.

ચેતવણી મરનારી સ્ત્રી હમેલવાળી હોય અને પેટમાં હમેલ જીવતું જણાતું હોય તો મરનારીને પાંસલી તરફથી ચીરીને બચ્ચાને કાઢવું ફરજ છે. ફરી જો જીવતું નીકળશે તો તે વારેસ થશે.

મફકુદનું વર્ણન.

૧૧૩ મફકુદ તે ગેબ થનાર છે કે જેની ખબર કંઇ પડતી નહીં હોય કે તે જીવે છે કે મરે છે. શરીફીયા રહીકે મખતુમ.

૧૧૪ મફકુદ પોતાના માલ વિષે જીવતાની ગણતરીમાં છે જેથી તેના માલમાં કોઇ વારેસ થશે નહીં. અને બીજાઓના માલ વિષે તે મૈયત સરખો છે જેથી તે કોઇના માલમાં વારેસ થશે નહીં. સિરાજી.

૧૧૫ તેનું મૃત્યુ સિદ્ધ થાય ત્યાં સૂધી અને નહીં તો નેવું વર્ષ થાય ત્યાં સૂધી તેનો માલ રોકી રખાય તેમ તેના સગાંઓમાંથી કોઇ મરે અને એનો વારસો પડતો હોય તો તે હિસ્સો પણ હમેલના કાયદા પ્રમાણે એ મુદ્દત સૂધી રોકી રખાય. સિરાજી.

ખોલાસો.

આ નેવુ વર્ષની મુદ્દત લખાઇ છે એની ગણતરી ગાએબ થવાના વખતથી નથી પણ તેની પેદાએશ વખતથી છે. રદીકે મખતુમ. તો જો કોઇ એંસી વર્ષનો પુરૂષ ગેબ થાય એવી રીતે કે તેને મળવાની આશા રહે નહીં તો દસ વર્ષ પછી મફકુદ ગણાશે.

૧૧૬ પારકાના માલથી મફકુદ માટે હિસ્સો કાઢવાનો કાયદો હમેલના કાયદા પ્રમાણે છે. એના પણ બે મસલા કાઢવાના છે. એક મસલો એને મૈયત ગણીને કાઢવાનો અને બીજો એને જીવતો ગણીને છે. ફરી જો બંને મસલામાં તવાફોક હોય તો એકનો વફક કાઢી બીજા મસલામાં ગુણે અને જો બંનેમાં તબાયોન હોય તો એક મસલાને બીજામાં ગુણે જે ગુણાકાર આવે તે બંને મસલાની તસહીહ છે. ફરી વફાતના મસલામાંથી જેને હિસ્સા મળ્યા છે તેને જો તવાફોક હતી તો જીવતાના મસલાના વફકમાં અને જો તબાયોન હતી તો જીવતાના પૂરા મસલામાં ગુણે જે ગુણાકાર આવે તે તે વારેસના હિસ્સા છે. એવીજ રીતે જીવતાના મસલામાંથી જેને હિસ્સા મળ્યા છે તેને જો તવાફોક હતી તો વફાતના મસલાના વફકમાં અને જો તબાયોન હતી તો વફાતના પૂરા મસલામાં ગુણે જે ગુણાકાર આવે તે તે વારેસના હિસ્સા છે ફરી બંને મસલામાંથી દરેક હાજર વારેસને જે ઓછો ભાગ હોય તે અપાએ અને વધારો જમા રહેશે. શરીફીયા.

દાખલો.

જો કોઇ મૈયતનો ધણી બે સગી બેહેન હાજર હોય અને એક સગો ભાઇ મફકુદ હોય અને મફકુદને મૈત ગણીએ તો મસલો છથી થશે. અને તેમાંથી ધણીને ત્રણ અને બંને બેહેનોને ચાર મળશે. અને

છેદ સંક્રોચાયાથી ઓલ સાત થશે. અને જો મફ્કુદને જીવતો ગણીએ તો મસલો બેથી થશે. એક ધણીને અને એકમાં બે બેહેન અને એક ભાઇ મળી ચાર છે. એઓપર એક પૂર્ણાંકથી વહેંચાતો નથી માટે ચારને મસલો બેમાં ગુણ્યા આઠ થયા. અને બેમાંથી ધણીને એક મળ્યો હતો તેને પણ ચારમાં ગુણ્યો ચાર થયા એ ધણીનો હિસ્સો છે. અને બાકીના ચારમાંથી મફ્કુદને બે અને દરેક બેહેનને એક મળે છે, આવી રીતે.

મે મ૦ ૬ ઓ૦ ૭

ધણી	બેહેન	બેહેન	મફ્. મે.
૩	૨	૨	૦

તા૦ ૮

મે મ૦ ૨

ધણી	બેહેન	બેહેન	મફ્. જીવતો
૧/૪	૧	૧	૨

આ બંને મસલામાં તબાયોન છે* માટે સાતને આઠમાં ગુણ્યા છપન થયા. આ બંને મસલાની તસહીહ છે. ફરી પ્રથમ મસલાના દરેક વારેસના હિસ્સાને બીજા મસલાની તસહીહમાં ગુણ્યા તો અનુક્રમે ચોવીસ, સોળ, અને સોળ થયા. એ પ્રથમ મસલાના વારેસોના હિસ્સા છે. અને બીજા મસલાના વારેસોના હિસાઓને પ્રથમ મસલાના ઓલમાં ગુણ્યા તો અનુક્રમે અઠાવીસ, સાત, સાત અને ચઊદ થયા. તે આવી રીતે.

મે મ૦ ૬ ઓ. ૭ ત૦ ૭×૮=૫૬

ધણી	બેહેન	બેહેન	મફ્. મે
૩/૨૪	૨/૧૬	૨/૧૬	૦

ત૦ ૮

મે મ૦ ૨ ત૦ ૮×૭=૫૬

ધણી	બેહેન	બેહેન	મફ્. જીવ.
૧/૪ ૨૮	૧/૭	૧/૭	૨/૧૪

* હમેલના મસઅલાનો દાખલો તવાફોકનો છે અને મફ્કુદનો દાખલો તબાયોનનો છે એટલે હમેલના તબાયોનના દાખલાને મફ્કુદના મસઅલા ઉપર વાંચનાર તોલ કરે. અને મફ્કુદના તદાખોલના મસઅલાને હમેલના તબાયોનના મસઅલા ઉપર તોલ કરે. ગુ. મો.

ધણીને પ્રથમ મસલાથી ચોવીસ મળે છે અને બીજાથી અઠાવીસ મળે છે અને આ તો ખુલ્લું છે કે ૨૪/૫૬ કરતાં ૨૮/૫૬ વધારે છે તો તેને ચોવીસ આપ્યા. બેહેનને પ્રથમથી સોળ મળે છે અને બીજાથી સાત તો તેને સાત આપ્યા. એવીજ રીતે બીજી બેહેનને પણ સાત આપ્યા. તો છપનમાંથી કુલ્લે આડત્રીસ અપાયા અને અરાઢ જમા રહ્યા. હવે જો તે એટલી મુદ્દતમાં જીવતો જણાય તો તેને અરાઢમાંથી ચઉદ અપાશે અને બાકીના ચાર ધણીને અપાશે એટલે ધણીને ચોવીસને ચાર મળી અઠાવીસ થશે જે છપનના અડધા છે. અને જો મુદ્દત નેવુંની પુરી થવાથી તેને મરેલો ગણીશું તો અરાઢમાંથી નવ નવ દરેક બહેનને આપીશું, એટલે તેઓને સાતની સાથે સોળ સોળ થશે.

ચેતવણી કલમ ૧૧૪થી કોઇને શંકા આવતી હશે કે જ્યારે મફ્કુદ પારકાના માલ વિષે મૈયત છે તો તેને માટે હિસ્સો રાખવાની શી જરૂર, તો તેનો ખોલાસો આ છે કે નેવુ વર્ષ વીતા પછી તેને મૈયત ગણીશું અને કહીશું કે તે પોતાના માલ માટે આજે જ મર્યો છે અને પારકાના માલ માટે તે ગુમ થયો ત્યારથીજ મરેલો છે. અને નેવું વર્ષ વીતા પેહેલા આ હુકમ લાગ્યો નથી માટે પારકાના માલથી તેનો હિસ્સો જમા રખાય છે. દુર્રે મુખ્તાર. વળી નેવું વર્ષ થયેથી તેને મરેલો ગણીએ છીએ પણ થઇ શકે છે કે એક માણસની ઉમર નેવુથી વધારે હોય અને તે જીવતો આવે તો તેનો માલ તેને પાછો અપાશે તેમ તેના સગામાંથી જે આગળ મરેલા હશે તેનો વારેસ પણ થશે.

૧૧૭ મફ્કુદના જીવતા રહેવાથી જે વારેસ મહજૂબ થતો હશે એટલે હિસ્સો લેતાં અટકેલો હશે તેને કંઇ અપાય નહીં. હમેલના કાયદા પ્રમાણે. તેમ જે વારેસનો હિસ્સો મફ્કુદના જીવતાં અને મરતાં સરખો રહેતો હોય વધારે ઘટારે થતો નહીં હોય તેનો હિસ્સો પૂરેપૂરો અપાય. બાહરૂર રાએક. રહીકે મખતુમ.

મુરતદનું વર્ણન.

૧૧૮ જે શખ્સ ઇસલામી ધર્મ છોડે એ

મુરતદ્દ છે. અને એ કુફર કલેમો કહેવાથી થાય છે: અલ્લાહ તેના ફેજલથી સંભાળે.

૧૧૯ મુરતદ્દ ઇસ્લામ છોડવાની હાલતમાં મરે, અથવા તે કતલ થાય અથવા તે દારૂલ હરબમાં જતો રહે અને ઇસ્લામી હાકેમે દારૂલ હરબમાં જવાનો હુકમ લગાડીઓ હોય તો તેનો જેટલો માલ ઇસ્લામની કમાઇનો છે તે તેના મુસલમાન વારેસો માટે છે. અને મુરતદ્દપણામાં જે કમાયો તે બૈતુલ માલમાં રખાશે. સિરાજી. કનજ.

૧૨૦ સ્ત્રી જો મુરતદ્દ થાય તો તેનો માલ ઇસલામી વખત નો તથા મુરતદ્દપણાનો બંને મુસલમાન વારેસ માટે છે.

ખોલાસો.

પુરૂષ મુરતદ્દ થવાથી તેની શંકા દુર કરવામાં આવે છતાં જો તે મુરતદ્દ રહે તો તે કતલ કરવામાં આવે છે. અને જ્યારે તેના જાનની સંભાળ નહીં રહી તો તેના માલની સંભાળ શેની રહે? માટે તેના મુરતદ્દપણાની કમાઇ બૈતુલ માલમાં રહેશે. પણ સ્ત્રી મુરતદ્દ થવાથી કતલ થતી નથી. અને જ્યારે તેના જાનની સંભાળ થાય છે તો તેના માલની પણ સંભાળ થાય છે માટે તેણીનો માલ તેના મુસલમાન સગાઇના વારેસો માટે છે. નીકાહનો વારેસ ધણીને વારસો મળશે નહીં. કારણકે તેના નિકાહ મુરતદ્દ થવાથી બાતેલ થાય છે. શરીફીયા. બહર. વગેરે.

૧૨૧ અને મુરતદ્દ પુરૂષ કે સ્ત્રી બંનેમાંથી કોઇ કોઇના વારેસ થતાં નથી સિરાજી.

કેદીનું વર્ણન.

૧૨૨ જો મુસલમાન પારકા રાજ્યમં કેદ થયો હોય અને તે ઇસ્લામપરજ હોય તો તેનો માલ મુસલમાનના માલ સરખો છે. તેના મર્યાથી મુસલમાનો વારેસ થશે અને તે મુસલમાનોનો વારેસ થશે. અને જો ઇસ્લામ છોડે તો તે મુરતદ્દના કાયદામાં છે અને જો તેનું મોત કે જીન્દગી નહીં જણાય તો તે મફકુદના કાયદામાં છે. સિરાજી.

ડુબેલા, દબાયલા, અને બળેલાઓનું બયાન.

૧૨૩ જ્યારે એક ટોળું વહાણમાં એકી વખતે ડુબી મરે અથવા ઘર કે દીવાર પડવાથી એકી વખતે દબાઇ મરે અથવા આગ લાગવાથી એકી વખતે બળી મરે અથવા લડાઇના મેદાનમાં કતલ થાય અને આ સઘળાઓમાં પ્રથમ કોણ મર્યું અને ફરી કોણ મર્યું તે જણાયું નહીં હોય તો તેઓ સાથે મરેલાંના કાયદામાં છે તેમાંનું કોઇ બીજાનું વારેસ થશે નહીં. અને તેઓનો માલ તેઓનાં જીવતાં વારેસો માટે છે. સિરાજી.

તા. ૧૪મી સફર સને ૧૩૨૮ હિજરી વાર જુમઆના નવ કલાકે મારી કલમે આ કિતાબ લખવાથી રાહત લીધી છે. અને અલ્લાહે ખૈરની સાથે સમાપ્ત કરાવી એ વિશે સર્વ સ્તુતી તેનેજ માટે છે.

સમાપ્ત.

તસહીહના સવાલો ના. ૧

૧ જો મરનારની ૪ ધણિયાણી ૫ દીકરા, ૬ દીકરી, હોય તો તસહીહ કેવી રીતે થશે.
૨ જો મયતના ૨. ધણિયાણી, ૫ નાની ૩ દીકરા, ૨ દીકરી, ૫ ભાઇ, ૨ બેહેન, હોય તો તેનો મસલો કેટલે થશે.
૩ જો મૈયતને ધણી બાપ મા, ૭ દીકરા, ૩ સાવકી બેહેન, ૩ માજણી બેહેન હોય તો તેનો મસલો કેટલે થશે.
૪ ૧ દાદી. ૧ નાની, ૫ દીકરી, ૪ સગી બેહેન, ૨ સાવકી બેહેન હોય તો તેનો મસલો કેટલે થશે.
૫ ૩ ધણીયાણી, ૪ નાની. ૫ દીકરી હોય તો તેની તસહીહ કેટલે થશે.
૬ બાપ, મા. ૧ ધણિયાણી, ૯ દીકરા, ૧ દીકરી હોય તો તેનો મસલો કેટલે થશે.
૭ ધણી, ૭ સગી બેહેન, ૫ સાવકા ભાઇ હોય તો.
૮ ધણી, ૩ સગી બેહેન, ૩ માજણા ભાઇ, અને ૨ માજણી બેહેન હોય
૯ ૪ ધણિયાણી. ૬ દીકરી, મા, અને બાપ હોય.
૧૦ ૨ દીકરી, ૫ પોત્રી, ૪ પોત્ર, ૨ માજણા ભાઇ હોય.
૧૧ ૫ દીકરી અને મા હોય તો
૧૨ ૪ ધણિયાણી, મા અને ૫ માજણી બેહેન હોય.
૧૩ ૪ દીકરી, ૩ ભત્રીજા અને ૨ ભત્રીજી તેની વહેંચણી કેવી રીતે થશે.
૧૪ ૩ દીકરી, ૪ પોત્રા, અને ૨ પોત્ર હોય તો.
૧૫ ૪ ધણિયાણી, ૧૫ નાની, ૧૧ દીકરા, અને ૧૩ દીકરી હોય તો.
૧૬ ૨ ધણિયાણી ૧૫ દીકરા, અને ૩ દીકરી હોય તો.
૧૭ ૩ ધણિયાણી અને ૯ દીકરી હોય તો કેવી રીતે તસહીહ થશે.

ખુન્સાના સવાલો ના૦ ૨.

૧ જો મૈયતના ૪ દીકરા, ૩ દીકરી અને ખુનસા હોય તો તેનો મસલો કેટલાથી થાય છે.
૨ ૩ ધણિયાણી, ૩ દીકરી, ૧ ખુનસા, મા અને બાપ હોય તો.
૩ ૩ ધણિયાણી, મા, ૫ માજણી બેહેન અને સગો ખુન્સા હોય.
૪ ૧ ધણિયાણી, ૩ દીકરા અને ખુન્સા હોય તો કેવી રીતે મસલો બને છે.
૫ ૩ ધણિયાણી, ૪ દીકરા, અને ૬ ખુન્સા હોય તો.

હમેલના સવાલો ના૦ ૩.

૧ જો મૈયતની ૧ ધણિયાણી, ૪ દીકરા, ૨ દીકરી, અને ૧ હમેલ હોય તો મસલો કેવી રીતે થશે.
૨ ૪ ધણિયાણી, ૨ દીકરા, ૧ દીકરી અને ૩ હમેલ હોય એટલે ૩ સ્ત્રી હમલવાળી હોય.
૩ ૨ ધણિયાણી, ૧ દીકરો, ૧ દીકરી, ૧ ખુન્સા અને ૧ હમેલ વાળી સ્ત્રી હોય તો.
૪ ૪ ધણિયાણી, ૫ દાદી, ૨ દીકરા, ૩ દીકરી, અને ચારે સ્ત્રી હમેલવાળી હોય તો.

મફકુદના સવાલો ના૦ ૪.

૧ જો મૈયતની ૧ ધણિયાણી ૨ દીકરા ૧ દીકરો ગુમ થયલો અને ૪ દીકરી હોય તો તે મસલો કેવી રીતે થશે.

૨ બાપ ગુમ થઇલો (મફ્કુદ) મા, ૩ દીકરા, અને ૪ દીકરી હોય તો.
૩ ૧ ધણિયાણી, ૨ દીકરી, ૧ દીકરો મફ્કુદ, એક ખુન્સા અને હમેલ હોય તો.
૪ બે દીકરી, ૧ સગો ભાઇ મફ્કુદ, ૧ સગી બ્હેન અને બે ભત્રીજા હોય તો.
૫ ૫ દીકરી, એક દીકરો મફ્કુદ ૨ ધણિયાણી. તેમાંથી એક ધણિયાણીએ કંઇ લઇ સલહ કરી ખારેજ થઇ.

તસહીહના સવાલોના જવાબો નાં૦ ૧

તo ૧૨૮
૧ મૈ મ૦ ૮ બાકી ૭

૪ ધણિયાણી. ૫ દીકરા. ૬ દીકરી.
૧૬ દર ૪ ૭૦ દર ૧૪ ૪૨ દર ૭

તo ૯૬૦
૨ મૈ મ૦ ૨૪ બાકી ૧૭

૨ ધણીયાણી ૫ નાની ૩ દીકરા ૨ દીકરી ૫ ભાઇ ૨ બ્હેન
૧૨૦ દર ૬૦ ૧૬૦ દર ૩૨ ૫૧૦ દર ૧૭૦ ૧૭૦ દર ૮૫ ૦ ૦ દીકરો હોવાથી.

તo ૮૪
૩ મૈ મ૦ ૧૨ બાકી ૫

ધણી બાપ મા ૭ દીકરા ૩ સાવકી બે. ૩ માજણી બે.
૨૧ ૧૪ ૧૪ ૩૫ દર ૫ ૦ ૦ દીકરો હોવાથી.

તાo ૧૨૦
૪ મૈ મ૦ ૬

૧ દાદી ૧ નાની ૫ દીકરી ૪ સગી બે. ૨ સાવકી બે.
૧૨ ૧૨ ૮૦ દર ૧૬ ૧૬ દર ૪ ૦ સગી બ્હેન હોવાથી.

તo ૨૪૦૦
તo ૪૦
૨૬ ૮ બાકી ૭
૫ મૈ મ૦ ૨૪ કાચો. ૫

૩ ધણિયાણી. ૪ નાની. ૫ દીકરી.
૩૦૦ દર ૧૦૦ ૪૨૦ દર ૧૦૫ ૧૬૮૦ દર ૩૩૬

તo ૪૫૬
૬ મૈ મ૦ ૨૪ બાકી ૧૩

૧ ધણિયાણી બાપ મા ૯ દીકરા ૧ દીકરી
૫૭ ૭૬ ૭૬ ૨૩૪ દર ૨૬ ૧૩

તo ૪૯
ઓo ૭
૭ મૈ મ૦ ૬

ધણી ૭ સગી બ્હેન ૫ સાવકા ભાઇ
૨૧ ૨૮ દર ૪ ૦ ઓલવાળો મસલો હોવાથી.

ત૦ ૧૩૫

૮ મૈ મ૦ ૬ ઓ૦ ૯

ધણી ૩ સગી બેહેન ૩ માજણા ભાઇ ૨ માજણી બહેન

૩/૯ ૪/૯ દર ૨૦ ૧૮ દર ૬ ૧૨ દર ૬

ત૦ ૩૨૪

૯ મૈ મ૦ ૨૪ ઓ૦ ૨૭

૪ ધણિયાણી મા બાપ ૬ દીકરી

૩/૨૭ દર ૯ ૪/૨૭ ૪/૨૭ ૧૬/૨૭ દર ૩૨

ત૦ ૩૯

૧૦ મૈ મ૦ ૩ બાકી ૧

૨ દીકરી ૫ પોત્રી ૪ પોત્ર ૨ માજણા ભાઇ

૨/૩ દર ૧૩ ૫ દર ૧ ૮ દર ૨ ૦ પોત્રીઓને લીધે

ત૦ ૨૫

૧૧ મૈ મ૦ ૬ રદ્દ ૫

મા ૫ દીકરી

૧/૫ ૪/૫ દર ૪ એક વધો. તેથી રદ્દ

ત૦ ૮૦

રદ્દ ૪

૧૨ મૈ મ૦ ૧૨

૪ ધણિયાણી માં ૫ માજણી બેહેન

૩/૧૩ દર ૫ ૨/૧૩ ૮/૧૩ દર ૮ ત્રણ વધા તેથી રદ્દ

ત૦ ૧૮

૧૩ મૈ મ૦ ૩

૪ દીકરી ૩ ભત્રીજા ૨ ભત્રીજી

૨/૩ દર ૩ ૧/૩ દર ૨ ૦ અસબા હોવાથી

ત૦ ૭૨

૧૪ મૈ મ૦ ૩ બાકી ૧

૩ દીકરી ૨ પોત્ર ૪ પોત્રી

૨/૩ દર ૧૬ ૧૨ દર ૬ ૧૨ દર ૩

૪૨ ત૦ ૧૦૦૮૦

૧૫ મૈ મ૦ ૨૪ બાકી ૧૭

૪ ધણિયાણી ૧૫ નાની ૧૧ દીકરા ૧૩ દીકરી

૧૨૬૦ દર ૩૧૫ ૧૬૮૦ દર ૧૧૨ ૪૪૮૮ દર ૪૦૮ ૨૬૫૨ દર ૨૦૪

૬૬ ત૦ ૫૨૮

૧૬ મૈ મ૦ ૮ બાકી ૭

૨ ધણિયાણી ૧૫ દીકરા ૩ દીકરી

૬૬ દર ૩૩ ૪૨૦ દર ૨૮ ૪૨ દર ૧૪

તા૦ ૧૭

૨૬ ૮

૧૭ મૈ મ૦ ૨૪

૩ ધણિયાણી ૯ દીકરી

૩ ૧૬ પાંચ બાકી તેથી ૨૬.

૩/૨૬ ૧૭/૨૬ દર ૧૭

ખુન્સાના સવાલોના જવાબો નાં. ૨.

૧ મૈ મ૦ ૧૨ ખુન્સાને દીકરી ગણી.

૪ દીકરા ૩ દીકરી ૧ ખુન્સા

૮ દર ૨ ૩ ૧

૨ મૈ મ૦ ૨૪ ઔ૦ ૨૭ ખુન્સાને દીકરી ગણી.

૩ ધણિયાણી મા બાપ ૩ દીકરી ૧ ખુન્સા

૩ ૪ ૪ ૧૬ દર ૪

તા૦ ૬૦

૩ મૈ મ૦ ૧૨ ખુન્સાને બાપ ગણ્યો છે.

૩ ધણિયાણી મા ૫ માજણી બેન ૧ ખુન્સા સગો બાપ

૩/૧૫ દર ૫ ૨/૧૦ ૪/૨૦ દર ૪ [illegible]

૪ મૈ મ૦ ૮ ખુન્સાને દીકરી ગણી છે.

૧ ધણિયાણી ૩ દીકરા ૧ ખુન્સા

૧ ૬ દર ૨ ૧

તા૦ ૩૩૬

૫ મૈ મ૦ ૮ બાકી ૭ ખુન્સાને દીકરી ગણી છે

૧ ધણિયાણી ૪ દીકરા ૧ ખુન્સા

૧/૮ ૧૬૮ દર ૪૨ ૧૨૬ દર ૨૧

હમેલના સવાલોના જવાબ નાં. ૩.

તા૦ ૯૬×૧૧=૧૦૫૬

૧ મૈ મ૦ ૮ બાકી ૭ તવા. ૮ હમેલને પુરૂષ ગણ્યું છે.

૧ ધણિયાણી ૪ દીકરા ૨ દીકરી ૧ હમેલ

૧/૮ [illegible] દર ૧૫૪ [illegible] દર ૭૭ [illegible]

તા૦ ૮૮×૮=૭૦૪

૨ મૈ મ૦ ૮ બાકી ૭ તવા. ૮ હમેલને પુરૂષ ગણ્યું છે.

૪ ધણિયાણી ૨ દીકરા ૧ દીકરી ૩ હમેલ

૧/૮ [illegible] દર ૨૨ [illegible] દર ૧૧૨ [illegible] [illegible] દર [illegible]